હાસ્યરસિક ગ્રંથમાળા

હાસ્ય કુંજ

લેખકઃ—"એકાર"

પ્રકાશક—મુ. ઇબ્રાહીમ દાદાભાઈ પટેલ.
એકાર ઓફીસ—રાંદેર.

આવૃત્તિ ૧ કીમત રૂા. ૧-૪-૦ [પ્રત ૧૦૦૦

મુસ્લિમ-ગુજરાત પ્રેસ, સુરત.

લેખકનું નિવેદન.

દરેક શુભ કાર્યમાં પ્રથમ પ્રભુ પ્રાર્થના થાય છે તો આપણે પણ જગતની હાય વોયમાંથી એકાદ બે મિનિટ બચાવી પ્રભુ પ્રાર્થના કરીએ:

પ્રાર્થું હું તે પ્રભુને જેણે ગર્ધવ બનાવ્યો;
સુરૂપ ને સુરીલો, સત્યાગ્રહી બનાવ્યો !

પ્રથમ હું તે પ્રભુનું સ્મરણ કરૂં છું કે જેણે ગાંધર્વોને મ્હાત કરવા ગર્ધવો અને ગર્ધવોને મ્હાત કરવા પ્રજાપત સરજ્યા ! સંસારિઓને મ્હાત કરવા સાંઈ ફકીરો સરજ્યા, ઋષિઓને મ્હાત કરવા અપ્સરાઓ સરજી, મુરીદોને મ્હાત કરવા પીરો, વેપારીઓને મ્હાત કરવા કસ્ટમ અને ઇન્કમટેક્ષ એફીસરો, ખેડુતોને માટે પટેલ તલાટીઓ, સાક્ષરો, ને કવિઓ અને ટીકાકારો, પેપરો માટે મફતીયા વાંચકો, હિંદીઓ માટે ઓડવાયરો, યુરોપ માટે કૈસરો સરજ્યા કે સરજાવ્યા, હાસ્ય સાહિત્યમાં પડેલો બકએનો ખાડો પુરવા મ્હારે હાથે દસબાર ઢેફાં નાખવાનું સામર્થ્ય અર્પવા બદલ હું તેનો સાદો નાહ પણ ચક્રવર્તી ઉપકાર માનું છું ! સાથે સાથે બીજા નંબરે મ્હારા હાસ્ય શીરોમણી દિલે દિલ ઉસ્તાદ રા. જાગીરદાર તે 'ફઇબા–કાકી'ના ભત્રીજા અને 'ઉંધીયું' રાંધનાર જાણીતા રસોઇઆ કે જેમણે કડછીને બદલે કલમ વાપરી ગાંઠના કાગળ ને ગાંઠની શાહીથી દીબાચો લખી આપ્યો તેમનો ઉપકાર માનું છું. અંગ્રેજી આવડતું નથી નહિ તો 'થેંકયુ' કહ્યું હોત !

ત્રીજા નંબરે બાંટવાનાં મુંગા કોમી સેવક અને સાહિત્યના રસિક વાંચક, સાદાઇના ચાહક અને નામનાની જરાએ પરવા ન રાખનાર મ્હારા હાસ્ય સાહિત્યના એક ઉત્તેજક અને ભાવનાવાદી યુવાન મિત્ર સુલેમાન હાજી અહમદ (બાંટવા) હાલ [illegible] ઉપકાર માનું છું. બીજા બાંટવાના મ્હારા જાણીતા ઉમંગી મિત્રો પંજા "લતીફ" ભાઇઓનો પણ એહસાન માનું છું કે જેઓ મ્હારૂં હાસ્ય સાહિત્ય વધુ વંચાતું જોવાને હમેશાં આતુર રહે છે. વર્તમાન કાળમાં આટલો એહસાનોનો વરસાદ વરસાવ્યા પછી ભવિષ્યમાં હાસ્યકુંજના ગ્રાહક થનારાઓનો અત્યારથીજ એહસાન માની થોભી જાઉં છું.

એકાર ઓરીસ.
રાંદેર તા. ૩૧–૩–૩૦

હાસ્યસાહિત્યનો નમ્ર સેવક
"એકાર"

દીબાચો

અગમ નિગમનને આરે ' હાસ્યકુંજ ' રૂપ લતાગૃહેથી ભમ્મ દઈને ભૂસ્કો મારતાં—હા આટ છીં—અને ઠીક થયું કે છીંક આવી જતાં ઉંઘ ઉડી ગઈ નહિ તો બિરાદર 'બેકાર'ની ' હાસ્યકુંજે ' તો મને એવા તરંગે ચઢાવી દીધેલો કે એને સ્વપ્ન સૃષ્ટિ કહો કે તરંગ સૃષ્ટિ તેમાં હું તરવરતો થઈ ગયલો !

કુંજનો એક અર્થ હાથીદાંત થાય છે; પણ ' હાસ્યકુંજ ' નો હાસ્યરસ હાથીદાંત જેવો જડમાં તોડ નથી. એતો સરળતાથી સહેજે પરખાય એવા લીંબુના રસ જેવો છે, એટલે એ અર્થ અહીંઆ ઘટે એમ નથી. એનો બીજો અર્થ લતાગૃહ થાય છે. શાંત સરોવરને તીરે ધીર સમીરે કોઈ વૃક્ષના નૈસર્ગિક લતા મંડપમાં બેસી થાક વીતાડતા હઈએ એવી મંદ મંદ શીતળતા ' હાસ્યકુંજ'નો હાસ્યરસ આપે એમ નથી. એનું હાસ્ય તો તોફાને ચઢેલા ગેરસપ્પાના ખળખળાટ વહેતા પાણીના ધુઘવતા અનિયંત્રિત ધોધ જેવું છે ! એટલે ચૌદમી સદીના કોઈ શીખાઉ ભદ્રંભદ્રની સલાહથી બિરાદર ' બેકારે ' પોતાના લેખ સંગ્રહનું પાડેલું નામ મારે હિસાબે સાર્થક થતું નથી ! હાસ્યરસના લેખોનાં, એમાં આવતાં પત્રોનાં અને સ્થળોનાં નામો વીસમીસદીના જમાના ખાધેલાં કોઈ ડોસીઆ પાડે તો હાસ્યની રમઝટ સારી ઝામે એવો મારો નમ્રમત છે, એટલે ' પ્રથમ ગ્રાસેજ મક્ષિકા ' આવી જતાં મારાથી આમ છીંકાઈ પડાયું એ ખરૂં પણ ' શુક્રે ઇલાહી ' કે મને ઉલટી ના થઈ! ઉલટું એ લેખ સંગ્રહ હું જેમ જેમ ફેંદતો ગયો તેમ તેમ મારી સ્વસ્થતા વધતી ચાલી, કારણ બિરાદર ' બેકારે ' ' હાસ્યકુંજ 'ના પ્રત્યેક લેખનું મથાળું તથા તેમાં ભાગ ભજવતા પાત્રોનાં તથા સ્થળોનાં નામો એવા તો ' ધકનિયા કલાસ ' પસંદ કીધાં છે કે હાસ્યરસનું વાતાવરણ, સહેજે ઝામે. 'રંગીલદાસ' કે ' વીજળી બેન ' ને બદલે ' વિનોદરાય ' કે " સૌદામિની " બંને નામો હાસ્યરસમાં વધારે પડતાં ગંભીર છે

એટલુંજ નહિ પણ હાસ્યની દૃષ્ટિએ ક્ષતિકર છે; અને તેથીજ કોઈ કોઈવાર સાક્ષરી ભાષામાં લખાતા હાસ્યરસના લેખો વધારે પડતા 'શિષ્ટ' થવા જતાં ઉલટા 'ક્લિષ્ટ' થઇ જાય છે અને એમાં ઉછળતી હાસ્યાર્ણવની 'છોળો' પંડિતોનાં 'ડાચાં' ભલે ભીંજવતી હોય પણ મારા જેવા હાસ્ય માટે ટળવળતા આમ વર્ગનાં માણસોનાં 'ચાડાં' તો સુકકાં તાટજ રહી જાય છે! હા, નામોની મશ્કરી કરવા ખાતરજ એ નામો વપરાયા હોય તો વળી જુદી વાત છે.

ભાઇ 'બેકાર'નો હાસ્યરસ કોઇ કોઇવાર વધારે પડતો સ્થૂલ થઇ જાય છે એ ખરૂં પણ પૂરપાટ વહેતા ઘોડાની લગામ કુશળ ઘોડેસ્વારના હાથમાં જેમ સલામત છે તેમ ખડખડાટ હસાવતો એમનો હાસ્યરસ એમના કાબુમાં છે; 'હુ તુતુ'ની રમત ખેલતો કુશળ ખેલાડી પોતાની મર્યાદા છોડી સામા પક્ષની હદમાં ધસી જઇ 'આઉટ' થયા સિવાય પોતાનું કાર્ય સાધી પાછો ફરી શકે છે તેમ એ ભાઇ પણ પોતાને હાથ ચઢી ગયલા કોઇ 'ભોળા શિકારને આબાદ લપડાક લગાવી પોતાની હદમાં ખેમને કુશળ પાછા ફરી શકે છે; આ કથનની ઝાંખી આપણને 'અપ ટુ ડેટ કરણઘેલો'માં થાય છે. કોઇ ડુંગરાળ જમીનપર ઉપરને ઉપર ધસ્યું જતું 'એનજીન' પાટા પરથી ઉતરી પડી તેને જોડાયલા ડબ્બાઓને કયારેક ઉંધા મારશે એવો ભય છતાં નિશ્ચિંત મને બસી રહેનાર મુસાફરોને પોતાના કામમાં હોશિયાર 'એનજીન ડ્રાઇવર' ધારેલે સ્થળે સહીસલામત પહોંચાડે છે તેવું ભાઇ 'બેકાર'ની કેટલીક વાતો માટે લાગ્યા વગર રહેતું નથી. ઘણી વખત એમની ગાડી પાટા પરથી 'ઓ ઉતરી' એમ લાગે છે છતાં ધીરજ રાખી આપણે આગળ વધીએ છીએ તો એ ભાઇ બડી સીફતથી પોતાના લક્ષ્યસ્થાને આપણને પહોંચાડી દે છે! અલબત્ત એટલું ખરૂં કે હસાવવાના આવા અટપટા માર્ગોને લીધે 'Brevity is the soul of humour' એ અંગ્રેજી સૂત્રનો ભંગ થતાં એમની વાતોમાં નકામું અને સાર વગરનું પીંજણ ઘણું આવી જાય છે; આના અંતિમ દૃષ્ટાંતો તમને 'આવી અને ગઈ' તેમજ 'આગળ ધપો'માં જડશે.

એમના લેખોમાં છાપ ભૂલને લીધે કે શાથી અન્વય દોષો પણ ધ્યાન ખેંચાય એટલા રહી ગયા છે. પણ પ્રશ્ન નીકળ્યો છે તો વચ્ચે જરા ભાષણ ભરડી લઉં !

હાસ્યરસની વાર્તાનાં હાસ્યપૂર્ણ વાતાવરણ માટે એ રસને અનુકુળ શબ્દો અને વાકયોની જરૂર છે એ ખરૂં પણ તે સાથે એની વસ્તુ ગુંથણી સુંદર અને એનો હેતુ ઉદાર અને અર્થપૂર્ણ ના હોય તો એ વાર્તા અમર થઇ શકતી નથી; બહુ બહુતો આત્મા વિનાના હાડપિંજર સમાન થોડો સમય લોકોનું કુતૂહલ સંતોષવા જેટલોજ એનો ઉપયોગ રહે. આજ વર્ષો થયા ગુજરાતના આમવર્ગના લોકોને હાસ્યરસના નીચોડ રૂપે સંગ્રહી રખાયલી કહેવતો તેમજ કિસ્સા કહાણીઓ હસાવે છે અને ફરી ફરી હસાવે છે એટલુંજ નહિ પણ ગુજરાત હાસ્યવિહોણું કદીએ હતું નહિ એની સાખ પૂરે છે તે એના શબ્દોનાં હાડપિંજરને લીધે નહિ પણ એના અર્થ પૂર્ણ સારરૂપ આત્માને લીધે. ‘ પુંજીઆની માએ ગોત્રાટ ઉજવ્યો ’ ‘ કંકોરીમાં કીરાપરા ને લોઢું તો સુવા ખાઇ ગયા ’ ‘ મુસાભાઇના વાને પાણી ’ ‘ આપરે તોબા બોઇઆયે નથી ને ચાઇઆયે નથી ’ ઇત્યાદિ કહેવત રૂપ થઇ ગયલી વાર્તાઓ આના ઉદાહરણ રૂપે ચીંધી શકાય.

આમ છતાં નિખાલસ દિલથી ખડખડાટ હસાવનાર એ ભાઇનો ‘ અપરાધમ્ ’ ‘ હાઇઓ દૂસરી બખત ઐસા મત કરો ’ એટલો ‘ ઉપદેશમ્ ’ આપી આપણે માફ કરી શકીશું !

‘ ઇન્સ્પેકટરની આફત ’ અને ‘ મોટા થવામાં માલ નથી ’ એ બે લેખો મને ઠીક પસંદ પડયા છે. ભાઇ ‘ બેકાર ’ કોઇ નિશાળના પંતુજીની વાત આવે છે ત્યારે એટલા બધા ‘ ચગે છે ’ કે એ પોતે નહિ તો એમના બાવાજી, બપાવાજી, ચાચાજી કે છેવટે એમના કોઇ મિત્ર પાડોશી જરૂર કોઇ. ‘ મદ્રસા ’ ના પંતુજી હોવા જોઇએ એમ લાગ્યા વગર રહેતું નથી.

‘ પગારની તારીખ ’ અને ‘ સ્કુલ લાઇફમાં વાઇફ ’ વાળા લેખોમાં હાસ્યરસ અને કરૂણ રસ વચ્ચે, આગળ આવવાની હરીફાઇ ચાલે છે; ઇનામ કોને આપવું એનો નિર્ણય વાચક ઉપર હું છોડીશ.

કહે છે કે એ ભાઈ અંગ્રેજી ભણેલા નથી. એમ હોય તો ઓર બહેતર ! કારણ નહિ તો અંગ્રેજી વસ્તુની આખીને આખી તફડમચી ગુજરાતી સાહિત્યના ‘ ચોકીદારો ’ એમની કોઇ વાર્તામાં ‘ સુંઘી ’ કાઢયા વગર રહેતે નહિ ! પણ એમની વાર્તાઓ ઉપરથી એટલું તો સહજ લાગે છે કે ‘ આસપાસ આકાશમાં અને અંતરમાં ’ ઉઘાડી આંખે ફરતા માણુસને અંગ્રેજી જાણ્યા સિવાય પણ હાસ્યરસ માટે પુષ્કળ ખોરાક મળી રહે છે. નજીવી વસ્તુમાંથી મોટું ‘મહાભારત’ ઉપજાવી કાઢી હસાવવાની શકિત એમનામાં ઠીક ઠીક ખીલી છે. મદારીના ‘ રતન ચમેલી ’ ના ખેલથી માંડીને ‘ ઝટદે પટ મરેગા ! કરદે હુકમઃ દે દે હુકમ ! એક પૈસા લુંગા ઔર સો ગાલી દુંગા’ ઇત્યાદિ ગોળા ગબડાવતો કોઇ ‘ હટો કટ્ટો કટ્ટો મુસ્ટંડો ’ ફકીર એમની નઝર બહાર થતો નથી પણ યોગ્ય વખતે અને યોગ્ય સ્થળે એ એનો ઉપયોગ કરી લેછે, ‘ ચ્યમ ’ કરતાં ‘ ચોંઇઆ ’ની બોલી એમને હાથ આબાદ ચઢી ગઇ છે. ‘ કાંય કાંય ’ કરતો પારસી એ ઠીક ઠીક બોલાવી જાણે છે. પણ ‘ ટમે અહીં કાંસી ! ’ કરતો ‘ ટાલા કુંચી ’ વાળો સાલેહભાઇ કોઇ ‘ શરમાળ બાળા ’ની માફક એમની આગળથી ઉતાવળે પસાર થઇ જાય એ મને ગમ્યું નથી ? કારણ હું તો માનું છું કે બ્રહ્માજીએ હાસ્યરસ માટે વહોરાજીની બોલી ઘડી હાથ ધોઇ નાંખ્યા છે ! અને ‘ આટો, વલ્લા આપના ઘરનો કીસબ પરો ’ પણ જવા દોની કોઇ જાણી જશે કે ભાઇ ‘ બેકાર ’ તો ખુદબ ખુદ ઇબ્રાહીમ દાદાભાઇ પટેલ નામના કોઇ રાંદેરી ‘ બોર ’—નહિ—‘બોરી’ (નહિ—પણ કા નમીઆ બોરા છે.) છે તો એ ભાઇને વળી આ લેખ સંગ્રહના પ્રકાશકનું નામ ફેરવવાની લામણાં કૂટમાં કદાચ પડવું પડે !

'નિજ બાળમાં માતા તણા સંસ્કાર કહો ક્યાંથી રહે !
'જ્યાં દુધ ડબ્બાનું અને તાલીમ સરકારી મળે !

અને

તેરી અબરૂને જો એક તીરે નઝ્ઝારા મારા
ઝરકે લગતેહી ઝીગર હો ગયા પા પારા

—ઇત્યાદિ. બયતો અને કહેતનો, યોગ્ય સ્થળે અને યોગ્ય સમયે વપરાયલી હોઇ એમની એ શકિત માટે આપણે સાનંદાશ્ચર્ય પમાડે છે. પણ જેમ પુષ્પની પાંખડીઓ—નહિ આ શૃંગાર રસ નથી; હાસ્યરસ છે માટે—કાંદાનાં પડો ઉખેડી તેને છૂટા કરી નાંખ્વાથી કાંદાની 'સુગંધ' વેડફાઇ જવાનો સંભવ છે તેમ ભાઇ 'બેકાર' ની 'હાસ્યકુંજ ની લતાઓની એક એક વેલનો છૂટો છૂટો આસ્વાદ લેવા જતાં એની મઝાહ મરી જવાનો ભય છે. કાંદાની 'સુગંધ લેવાની ઇચ્છ રાખનારાઓએ સમગ્ર કાંદોજ સુંઘવો જોઇએ તેમ ભાઇ 'બેકાર'ની 'હાસ્યકુંજ'ની મોજ માણવા માટે એ પૂરે પૂરી વાંચી નાંખવી જોઇએ.

આ લખી રહ્યો છું તે ઘડી સુધી ભાઇ 'બેકાર 'ને અંગત રીતે ઓળખવાનું કે નઝરે જોવાનું માન મને નથી એટલે એમનો પરિચય કરાવતાં, મિયાં સલેમાનની માફક ગાલ્લી હંકાઇ જવાનો ભય રહેતો હોવાથી તે હું આ પાનાં ઉપર 'બાંધી ' શકયો નથી. પણ 'કા'ના કાકાના કુળદીપક' મારા 'સરનેઇમ સાશિ ' જાગીરદારે 'બેઘડી મોજ ' દ્વારા એમને મારી સાથ પ્રથમ 'ઇન્ટ્રોડ્યુસ ' કરેલા એટલું ખરૂં. એ 'ભાગ્યશાળી ' કુળદીપક એમને ઇનામમાં દશ જુતિયાં—નહિ. ચલણી રૂપિયા અપાવી 'બે ઘડી મોજ' માણતા કરેલા એમ પણ મને યાદ છે. વળી એ કા'ના કાકાના કચરા ભાઇએ મને અને મારાને બેઘડી ઠીક રમુજ આપેલી, એ પણ સાથે સાથે કહી દઉં. એ ભાઇ મને વિદ્વાન લાગ્યા છે. એક વકીલ સામા પક્ષના વકીલને 'મારા વિદ્વાન મિત્ર ' કહી સંબોધે છે એ અર્થમાં નહિ—કારણ ઘણી વખત વકીલો એ સંબોધન 'અક્કલ વગરનો ગધેડો' કે 'ડોબો ' ના અર્થમાં વાપરે છે !

તેમ सा विद्याया मुक्तये મુક્તિ અપાવે તે વિદ્યા અને એ મુક્તિ અપાવનાર વિદ્યાને જે જાણે તે વિદ્વાન એ અર્થમાંયે નહિ; પરંતુ વસ્તુસ્થિતિને સમગ્ર દૃષ્ટિથી અવલોકી તેનું હુબહુ ચિત્ર પોતાની લાક્ષણિક રીતે રજુ કરવાની કળામાં વિદ્વત્તાની જરૂર હોય અને એ કળા જાણનાર વિદ્વાન કહેવાય તો એ અર્થમાં એ જરૂર વિદ્વાન છે. ઇતિહાસ ભુગોળનું એમનું જ્ઞાન 'ધોળકાં' સુધીનું નહિ પણ 'ધંધુકા'ને સામે કાંઠે આવેલી માસ્ડંનની 'હીસ્ટરી ઓ......' સુધીનું છે, એટલે 'ઇનીસ પેક્ટર' મી. અમથાલાલ અક્કડ પાસે એ ભાઇ ઇતિહાસ ભુગોળના એવા સવાલો પૂછાવે છે અને વિદ્યાર્થી માસ્ટર ઘેલાભાઇ ધનચક્કર પાસે એવા જવાબો અપાવે છે કે બસ જાણે 'માર ડાલા'!

કોણ કહેતું હતું કે એ ભાઇ શરમાળ છે? ઉંહું! એમની 'પહેલા કે બીજા ખોળાની' ચોપડી નામે 'રસનાં ચટકાં'નું મૂલ્ય રૂા. ૧। અંકે એક પૂર્ણાંક એક ચતૂર્થાંસ રૂપિયો જોતાં મને તો ઉલટું એમ લાગેલું કે એ ભાઇ મોંઢેથી માંગીલે એવા મળતાવડા સ્વભાવના હોવા જોઇએ! કદાચ એમાં આવેલાં સુંદર અને ભાવવાહી ચિત્રોએ એમનું શરમાળપણું છોડાવ્યું હોય તો કાંઇ કહેવાય નહિ! આટલા અંતિમ શબ્દો સાથે ભાઇ 'બેકાર' ઉર્ફે હાસ્યરસના 'છોટા ઇજારદાર'ની, અજીરણ વિકાર તેમજ 'મેલેન કોલીઆ'થી પીડાતાં દર્દીઓ માટેની કલેજાં તેમજ પાંસળાં ઉથલાવી ઢીલાં કરી નાંખનાર 'હાસ્યકુંજ' નામની 'અસ્પિતાલ' હીઝ હાઇનેસ ધી મહારાજા ઓફ 'વગર ગામ'ની મદદથી ખુલ્લી મુકાયલી 'અમે' જાહેર કરીએ 'છીએ;' તેનો લાભ 'મોંહ્ય હાજા હોકો' લીએ એમ 'અમે' ઇચ્છીએ 'છીએ,' અને એના બદલામાં અમારાં 'સ્ટેટની' 'ફરતી લાઇબ્રેરી'ના હાંદેસા ખમી શકે એવી 'ખડતલ બાંધાની' સોનેરી 'હાસ્યકુંજ' અમને 'નજર' થશે. એવી આશા સાથે 'અમે' અહિંયાજ વિરમીએ 'છીએ'. હરિ ઓમ્ તત્સત્! ઇતિ શુભમ્!

મુંબાઇ; પાપ મોચની એકાદશી ૧૯૮૬ — છોટાલાલ ડાહ્યાભાઇ જાગીરદાર
સહી દા. પોતે!

અનુક્રમણિકા

(૧)	મોટા થવામાં માલ નથી !	૧
(૨)	સોટીનું સામ્રાજ્ય !	૧૩
(૩)	અપટુડેટ કરણઘેલો	૨૭
(૪)	પગારની તારીખ	૫૭
(૫)	આવી અને ગઇ !	૬૭
(૬)	લાલ લુગડાનો ચમત્કાર	૮૨
(૭)	કાળી બૈરીમાં નૈસર્ગિક સૌંદર્ય	૯૧
(૮)	ઇન્સપેક્ટરની આફત કે પરીક્ષાની પીડા	૧૦૭
(૯)	આગળ ધપો !	૧૨૫
(૧૦)	સ્કુલ લાઇફમાં હોય જો વાઇફ......?	૧૪૭
(૧૧)	ચલણી રૂપીઓ	૧૫૯

સાદિક


તે

મુસ્લિમ જગતનું અણમોલું અજોડ માસિક, ધાર્મિક, ઇતિહાસિક, સામાજીક તેમજ હાસ્ય રસિક લેખોથી દર ઇસ્લામી માસની ૧લી તારીખે બહાર પડે છે. ૦–૫–૦ની ટીકીટ મોકલાવી નમુનો મંગાવી ખાત્રી કરો. વાર્ષિક લવાઝમ રૂા. ૩–૦–૦ પરદેશ ૬ શિ. અથવા રૂા. ૪–૦–૦ લાઇફ્‌મેમ્બર ફીના રૂા. ૨૫–૦–૦ પરદેશી લાઇફ્‌મેમ્બરના રા પાઉંડ, શિક્ષકોને માટે ખાસ રૂા. રા

લખો:—

મેનેજરઃ સાદિક

રાંદેર (સુરત)



હાજી અબ્દુલ લતીફ હાજી હુસેન-(આંટવા)

ને

જરા આનંદી અને વધુ ઉત્સાહી, મુસ્લિમ ગુર્જર સાહિત્યના વિકાસના ઉત્તેજનમાં રસ લેનાર, અને તેમાંએ ખાસ હાસ્યરસના રસિક ગ્રાહક અને પ્રોત્સાહક મારા યુવાન મિત્રને

આ મારી અલ્પ કૃતિ માન સહિત અર્પણ

કરતાં સગર્વ આનંદ લઉં છું.

હાસ્ય સાહિત્યનો નમ્ર સેવક,

"બેકાર"

હાસ્યકુંજ

[૧]

મોટા થવામાં માલ નથી!

મોટા એટલે ઉંચા કે જાડા નહિ. જો કે ઉંચા કે જાડા થવામાં પણ માલતો નથી જ એ દેખીતી વાત છે. છતાં વખતે સળેખમ થયું હોય ને નાક ખંખેરવાની ધમાલમાં વિચાર કરવાનો તમને અવકાશ જ ન મળતો હોય તો ટુંકાણમાં સમજી લ્યો કે ભોગજોગે ભલા ભગવાને તમને ઉંટના બીબામાં ગોઠવીને ઘડી કાઢ્યા તો કાપડીઆ અને દરજીનું બીલ ચુકવતાં તમારા પેટમાં ચુંક થવાની! વળી પેલા નાદાનો કહેશે કે "ઉંચામાં અક્કલ થોડી." અમારા સ્નેહી એક નીમ મોલ્વી પણ કહે છે, કે "તુલુન તવીલુન અહમકુન" ઘણાખરા લાંબા માણસો બેવકુફ હોય છે, હોય એતો "દુનિયાને ઉંધા ચશ્મા ડાહ્યા

દીવાના લાગે." હું તો માથું અને છાતી કુટીને કહી શકું છું કે જગતમાં ઉંચાઓની ખાસ અગત્ય છે. નાના છાપરાંઓને ટેકો દેવો હોય તો ઉંચા ભાઇ એક હાથે છાપરૂં ટેકવી બીજા હાથે ટેકો દઇ શકે. પણ નાના છાપરામાં નળરાજની જેમ વાંકા વળ્યા વગર "ઘર પ્રવેશ" કરે તો પછી એમના મસ્તક પર ભલે ડુંગરાળ પ્રદેશ ઉત્પન્ન થાય તેની વીમા કંપનીઓ જોખમદાર નથી!

કદાચ જો ઉંચા ભાઇ સદ્‌ભાગ્યે નાટકની ઓરચેટ્રામાં દાખલ થયા હોય તો પીટ કલાસવાળાઓને અંતરાય રૂપ થવાથી,

"એય માસ્ટર જરા માથું નીચે નમાવો, એય ઉંટરાજ દબાઇને બેસ!" એવા એવા કેટલાએ અલંકારો ને ઉત્તમ ભાષાના સર્ટીફીકેટો વગર માગ્યે મળી જાય, તે તરફ આંખ આડા કાન કરવા પડે. મદારીનો ખેલ જોવાની સુગમતા તો પડે પણ પાછળના પ્રેક્ષકોનાં વાગબાણો સહન કરવાં પડે. બોલ્યું યુરોપમાં મહાભારત યુધ્ધ જાગ્યું હતું એવું કંઇ ન કરે નારાયણને પાછું જાગે તો સરકારની મહેરબાનીનો લાભ ઉંચા ભાઇઓને પ્રથમ મળે એટલે કે રીક્રુટ તરીકે ધસડાવું પડે. આટલું ટુંકાણમાં જ સમજાવું છું; કારણ કે "તેજીને તુંકારો જ" બસ છે.

× × ×

હવે મોટાનો અર્થ જાડા લઇએ તો જાડા થવામાં કેવી કેવી વિટંબણાઓ નડે છે તેતો સદ્‌ભાગ્યે અનુભવ્યું હોય તે જ જાણે. કાપડીઆ ને દરજીને મુંઝવણ નડે એતો નક્કી જ. પછી દાદર ચઢતાં કે વધુ ઝડપથી ચાલતાં પેટની ધમણ ઉંચી નીચી થાય, જાંઘો છોલાય ને સૌભાગ્યવંતી "ગર્ભવંતી"ની જેમ "ભારે પગે" ચાલવાનું સૌભાગ્ય સાંપડે તે જુદું, કદાચ ભોગજોગે દાંડાવાળી સાંકડી ખુરસીમાં બેસવાનું થાય તો જોરજુલમથી બેસતાં ખુરસી ભાંગી જાય અથવા ઉઠતી વેળા ખુરસી અપૂર્વ હેતથી ચોંટી રહી, સાથે આવવાનો પ્રયત્ન કરે! રેલ્વેના બારણામાં ફસાઇ રહેવાની ચિંતા થાય! ભુંડની જેમ

તાત્કાળિક વાંકા વળાય નહિ કે જલ્દી ઉઠ બેસ થાય નહિ! ચોમાસાના દિવસમાં દારૂની પીપની જેમ ગમે તેમ ગબડી જવાનો ભય રહે! ટુંકાણમાં જાડા થવાના લાભાલાભ જણાવી હવે ગાડું આગળ હાંકીએ.

× × ×

હવે વિષયના ખાસ મુદ્દા પર આવીએ છીએ કે મોટા એટલે ઉંચા કે જાડા નહિ પણ જગની નજરે ભારે ગણાતા ઇન્સાનો, જેવા કે લીડર, પ્લીડર, બૅરિષ્ટર, સોલિસીટર, ખાનસાહેબ, ખાન બહાદુર નાઇટ, બેરોનેટ, રાવ સાહેબ.
ઇત્યાદિ ઇત્યાદિ.

ધારો કે તમારા વડવાઓની લાખોની દોલત સદ્‌ભાગ્યે તમારા હાથમાં આવી પછી તમે તેનો સદુપયોગ કરવા માંડો એટલે તમને ચારે તરફથી અનેક વિશેષણો અને ટાઇટલો મળવા માંડે એટલે તમે ધીમે ધીમે મોટા માણુસ તરીકે ઠસી જાઓ. એક એવા મોટા માણુસના જીવનની કેટલીક ગુંચો તમારી આંખો આગળ રજુ કરીશ જેથી સ્પષ્ટ સમજી શકશો કે **મોટા થવામાં માલ છે કે નહિ?**

× × ×

મિયાં છજ્જુભાઇના પિતાશ્રી નથ્થુભાઇ (આવાં વિચિત્ર નામો પુત્રો લાંબી ઉમરના થાય માટે રાખવામાં આવે છે.) મ્યુનિસીપાલીટીના ડેપો તથા કચરાપટ્ટી તથા ટોલના નાકાનો કોન્ટ્રાક્ટ રાખતા હતા. ધીમે ધીમે કરકસરથી કેટલાક વર્ષને અંતે સારી રકમ એકઠી કરી તે પોતાના પુત્ર છજ્જુમીયાંને સોંપીને જન્નત નશીન થયા. ત્યારપછી ઉજળા વિચારના અપ–ટુ–ડેટ છજ્જુમીયાંએ પિતાના વખતના પુરાણા છાપરાને તોડી પાડી રુપીઆ વીસ પચ્ચીસ હજાર ખર્ચી એક સારો બંગલો બંધાવ્યો એટલે ગાડી વસાવવી પડી ને ગાડીને લીધે નોકરો વસાવવા પડયા. દિન પ્રતિદિન ખરચ વધવા લાગ્યો, સરકારી મોટા મોટા અમલદારોની વારંવાર મુલાકાતો વધવા માંડી. ખાન સાહેબનો ખિતાબ પણ મળ્યો એટલે હવે પુછવું જ શું? ટીપાર્ટીઓ અને ગાર્ડનપાર્ટીઓની પરંપરા ચાલી.

"જુઓ ખાન સાહેબ ! તા. ૩૩–૫–૩૪ ના રોજ નામદાર ગવર્નર સાહેબ આપણા નગરમાં પધારવાના છે માટે તે પ્રસંગે આપના તરફથી તેમને માનપત્ર આપવું જ જોઇએ." એક ઉંચા હોદ્દાના અમલદાર ખાન સાહેબ પ્રત્યે બોલ્યા.

"ઇન્સપેક્ટર સાહબ, એસા અચ્છા મૌકા હાથસે જાને દું એસા તો મેં નાદાન નહિં ! મગર માનપત્ર તો એક બલા હય, યેહ લિખેગા કૌન ?" ખાનસાહેબે પેટ પર હાથ ફેરવતાં ફરમાવ્યું.

તેનો બંદોબસ્ત અમે કરી લઇશું. આપને તો ફક્ત મેલાવડાનો ને માનપત્રની છપાઇનો તથા સોનાની કાસ્કેટ બનાવવાનો જ ખર્ચ કરવો પડશે."

"કિત્ના ખર્ચ હોગા ? ઉસ્કા અંદાજ્જાબીતો હોના ચાહીયેના ?"

"અરે ! એમાં શું બહુ તો હજાર રૂપીઆ થશે, પણ આપનું નામ આખા મુંબઇ ઇલાકામાં ગવાશે, અને ઈંગ્લાંડ સુધી આપની વાહવાહ થશે."

"હાં વોહ તો ઠીક મગર ઇસ્સે કુછ કમ ખર્ચ હો સકતા હે યા નહિ ?

"નહિ, એવડા મોટા સાહેબને માન આપવાનું તેમાં કંઇ કંજુસાઇ ચાલે ?"

"અચ્છા જબ બંદોબસ્ત કરો."

× × ×

આ પ્રમાણે હઝારેક પર પાણી કર્યું કે એકાદ બીજી આફત વંટોળીઆની જેમ ખાન સાહેબ પર આવી પડી.

"દેખીયે ખાન સાહબ, સંદલશા વલી દાતારકા મઝાર તૂટ ગયા હય, ઉસ્કો દુરસ્ત કરનેકે લિયે માઅકુલ ચંદેકી ઝુરૂરત હય. આપ જૈસે મોઅતેબર શખ્સકા નામ પહેલાહી આના ચાહીએ યેહ ખ્યાલ કરકે હમ આયે હે."

સંદલશાવલીની દરગાહના અલમસ્ત મુજાવરે પોતાના બેચાર ગોઠીયાઓના ટેકા સહિત ચંદાનો ફંદો આગળ કર્યો. ખાન સાહેબ વિચારમાં પડયા એટલે મુજાવર સાહેબે આગળ લંબાવ્યું,

"જનાબ બળે બળે અમલદાર ઔર રઇસોંકી મજલીસોં મેં આપ હઝારોં રૂપે ખર્ચ કરતે હો ઓર યેહ કારે ખયરમેં સોચ કરતે હો!"

"તુમ્હારી બાત ઠીક હય; મગર ઉસ્મેં તો સરકારસે ઇઝઝત ઔર ખિતાબ મિલ્તે હૈં યેહ કામ મેં કયા મિલેગા?"

"યેહ સરકારમેં નહિ તો વોહ સરકારમેં ઝુરૂર ઇસકા ઇવજ મિલેગા." અંતે કેટલી ખેંચા ખેંચી પછી તે ચંદામાં સો રૂપીઆની રકમ માંડી એટલે મુજાવર સાહેબ તપ્યાઃ

"અજી કયા! કલ્લુ ઘસીયારાભી સો રૂપે દે સકતા હય, નન્નુ ભઠીયારાભી દેઢસો રૂપે દેનેકો તૈયાર હય ઔર આપ માશાઅલ્લાહ બળે રઇસ હોકર ફકત સો રૂપે!"

"તો કયા અખ્ખી જાઇદાદ આપકો લિખદું?' રીસ ચઢાવીને મુજાવર સાહેબ ચાલ્યા ગયા.

× × ×

ખાન સાહેબ છુટકારાનો દમ લઇ સીગરેટ સળગાવી આમતેમ આંટા મારી રહ્યા હતા એટલામાં ચાર પાંચ મનુષ્યોનું ડેપ્યુટેશન હાજર થયું. ખાન સાહેબે તેમને અધીરાઇથી પૂછયુંઃ

"આપ લોગ કિસ લીયે આયે હો? ઔર કહાંસે આયે હો?"

"જનાબ, અમોં સગલે મહીકાંઠા તરફસે આયલે હેં અમારે ગામમેં અમે અટ્ઠુ મુસલમાન હેં મગર નામકે મુસલમાન હેં. મેજતકા (મસ્જીદકા) ભી કુછ ઠેકાણા નઇ હે. તમારે જેસે સખા મુસલમાન ભાઇઓંકી મદતસે યેહ કારે ખેર હો જાવે તો અચ્છી બાત હે. અમને અંદાવાદ, બડોદા, ભડોંચ એ સગલે શહેરાંમેં ફીર ફીરકે પાંચ હઝાર રૂપીયે એકઠે કિયે હેં મગર અબી બીજે દસ હઝારકી ખાએશ હે, સાં કે ઇતને ઓછે પૈસોંમેં મેજત (મસ્જીદ) અચ્છી રૂપાલી નહિ બનેગી ઐસા વો હનિબ માસ્તરીતો કેતાથા."

"પાંચ હઝારમેં તો ખાસી અચ્છી સાદી સુદી મસ્જીદ બન જાએગી, ઝિયાદાકી અબ ઝુરરતહી કયા હય ?"

"મગર આજકાલકે અપટૂડેટ ફેશનવાલે સુધરેલે જવાન સાદી મેજતમેં નમાજ પળને નહિ આવતે હેં. જરા રૂપાલા રંગ રોગાન હોવે, ચમક દમક હોવે તદયે મેજતમેં આવે. વલી દુસરી બાત યે હે કે મેજતકા રોબ તાબ દેખકર બીજે ધરમવાલોંપર**ભી** અસર પડે !" ડેપ્યુટેશનની અંદરના એક સભ્યે વધુ ટેકો આપતાં કહ્યું કે,

"અસર ચ્યોં ના પડે ! અપને '**સાદી**' ચાચા ફટેલે તુટેલે કપડે પહેનકે મિજલસમેં ગએલે તો સઘલોંને બિચારે ડોસેકુ જુતોં આગલ બિઠાયા. મગર ફિર રૂપાલે કપડે પંહનકે ગએ તો અચ્છી જગે બીઠાએ. એ તો પહેલેભી ને આજભી ભપકેકુ માન હય."

"ચંદે કે પેસેસે મસ્જીદકી શાનો શૌકત બળાના ઉસ્સે તો સાદી મસ્જીદ બનાનાહી ઠીક હય ! કયા સાદી મસ્જીદમેં ખુદા નહિ મિલ્તા હય ?"

"ભાઇસાબ, જો ધ્યાનમેં આવે વો દેદો અમે તો તમોંકા બળા નામ સુણકે આઇલે હે !"

"અચ્છા તો મેં પચાસ રૂપે દેતા હું."

"અમોકું તો પાંચસોકી ઉમેદથી ઓર તમોને તો પચાસ રૂપલડી લિખવઇ !"

"લો ભાઇ, જબ સો રૂપે તુમ્હારી ખાતિરસે લિખતા હું. જબરન સવાબ હાસિલ કરાનેકા યેહ અજીબ તરીકા હય !"

અંતે તે ડેપ્યુટેશન સો રૂપીઆ લેતાં પણ નારાજ થઇને ગયું.

* * *

હવે ખાન સાહેબ પણ કંટાળીને ડુમસ તરફ હવા ખાવા માટે ગાડી જોડાવી તૈયાર થયા ત્યાં તો એમના પુરાણા મિત્ર રંગીલદાસ રાવસાહેબ હેટ ઉતારી સલામ કરતા પ્રવેશ્યા.

" ગુડમોર્નિંગ સર ! ખાનસાહેબ આપતો કંઇ બહાર જતા હોય એમ દેખાય છે ને શું ? "

"હાજી, જરા ડુમસ તરફ એક લટાર મારી આવવાનો વિચાર છે.

" ગાડીમાં તો આપ એકલાજ હશો જેથી વાતચીત કરનાર કોઇ ન હોવાથી આપનું મન મુંઝાસે માટે ચાલો હું પણ સાથેજ આવું છું."

" હા, ઘણીજ ખુશીથી ચાલો. " પટપટ, પટપટ, કરતો ઘોડો હાલ્યો ને ગાડીમાં વાતોના તડાકા મારતા સાહેબો પણ ખેંચાયા, વાતવાતમાં રાવ સાહેબે ખિસ્સામાંથી એક કાગળ ખેંચ્યો ને ખાનસાહેબનું ડાચું રકું રકું થઇ ગયું કે " રબેને કંઇ બલા ન હોય ! " હતુ પણ તેમજ. જાણે ઘરવાળી મીઠા સ્વરે સાડી પોલકાંની માગણી કરતી હોય એવી અદાથી રાવસાહેબ બોલ્યા,

" જુઓ ખાનસાહેબ ! મેં જાણે એક અપટુડેટ ન્યુ ફેશનની કલબ કાઢવાનો પ્લાન તૈયાર કર્યો છે.

" આપણુને એ પ્લાન બ્લાનમાં કંઇ સમજ ન પડે, " ખાન સાહેબે વચ્ચે માથું માર્યું.

" આમા લાંબી સમજની કંઇ જરૂર નથી. જુઓને જાણે એક મોટા પાયા પર કલબ સ્થાપવી તેમાં મોટા મોટા હોદ્દેદારો અને ખિતાબોવાળા મોટા મોટા માણસોનેજ મેમ્બર બનાવવા, ક્રીકેટ, ટેનીસ, બીલીયર્ડ, પીંગપોંગ, બીઝીક વગેરે ગેઇમો રમાવી જોઇએ. ગીલ્લી દંડા. ગેડીદડા કે સાત હાથ જેવી દેશી રમતોને સ્થાન ન આપવું."

" પણ એ બધું ધાંધલ ઉભું કરવાની જરૂરતજ શી છે ? "

" જેમ ઉઘાડા પગોથી અમદાવાદીઓને ઉઘાડા માથાથી બંગાલીઓ ઓળખી શકાય છે, તેમ આજકાલના મોટા માણુસો એ પાર્ટીઓ અને રમતોથીજ ઓળખાય છે. "

" તો એના કરતાં "અમે મોટા માણસ છીએ " એવા બિલ્લા કોતરાવીને છાતીએ લટકાવીએ તો શું ખોટું ? "

" એ મશ્કરીની વાતો જવા દયો. જુઓ જેકીશનદાસ જે. પી. નટવરલાલ નાઇટ, રેવાભાઇ રાવબહાદુર, દોલતરામ દીવાનબહાદુર, શમશુદીન શમશેર બહાદુર ઇત્યાદિએ આ બાબતમાં પોતાની ખુશી બતાવી છે. હવે ફક્ત તમારીજ હાએહાની વાર છે."

" તો જાઓ આપણી પણ હા."

" ત્યારે આપના મુબારક હાથે કંઇ આંકડો પ્રથમ મુકાવો જોઇએ."

" ઘરમાં હતો ત્યાં પણ આંકડા અને હવે બહાર નીકળ્યો તો ત્યાં પણ મુબારક હાથના આંકડા મુકવાના બાકી રહ્યા !"

" ત્યારે કંઇ ફોકટમાં " મોટા માણસ થવાય."

" અરે ! રાવ સાહેબ, બળી એ મોટાઇ ! મોટાઇમાં ને મોટાઇમાં તો તિજોરીનું તળીઉં સાફ થવા આવ્યું."

" અરે ! ખાનસાહેબ, કીર્તિ અમુલ્ય વસ્તુ છે. પૈસાતો હાથનો મેલ છે. તમે સાંભળ્યું નથી કે ઇજ્જત ખાતર ઠીકરામાં ખાવું પડે છે."

" તો જાઓ એ મોટાઇના નામ પર ધુળ વાળી બસો લખું છું.'

" તે કંઇ બને ! તમારા જેવા હાતિમ દિલ સખી વજુદ પાસેથી' તો ઓછામાં ઓછા પાંચસોની આશા રાખી શકાય !"

" પણ કુવામાં હોય તો હવાડામાં આવે ને ?

" હવે એ બધા બહાનાં જવા દયો નહિતર બીજા મોટા માણસોને વચ્ચે નાખવા પડશે."

" જાઓ તમારી આ બે આંખોની શરમને લીધે પચાસ વધારે લખું છું. બસ હવે તો આવી બાબતોથી નાકમાં દમ આવ્યો છે."

અંતે એ સાહેબો ડુમસના ઝાડામાં હવા ખાવા ગયા. ખાન સાહેબ તો હવે મોટાઇમાં સાવ મુંઝાઇ ગયા હતા.

" જો મેં ઉંચું ઘર બાંધ્યું ન હોત અને આ ખાનસાહેબનું પુછડું વળગાડયું ન હોત; તો આ બધી બલાઓ ન વળગત." વિચારમાં ને વિચારમાં રેતીમાં બેસેલા એક સદ્‌ગ્રહસ્થ સાથે અથડાઇ પડયા. તેણે આંખ ફેરવી, " સાહેબ દેખાતું નથી ?"

"માફ કરજો." ખાન સાહેબે માફી માંગી. ગૃહસ્થાઇ બતાવી. રાવ સાહેબે તે અજાણ્યા માણુસને કહ્યું.

"એ તો સુરતવાળા ખાન સાહેબ છે. એવા મોટા માણુસની તો તમારે માફી માગવી જોઇએ."

"આપ જેવા મોટા માણુસની બેઅદબી કર્યા બદલ હું માફી ચાહું છું." અજાણ્યા ઇન્સાને માફી માગી.

"કંઇ નહિ, હોય માણુસની ભુલ થાય છે. પણ આપની ઓળખાણ આપશો." ખાનસાહેબે મોટાઇ બતાવવા માંડી.

"મહાશય, હું એક દેશ સેવક છું. સોનાપુર વિધવા આશ્રમનો સેક્રેટરી છું. ઘણા શ્રીમંતો આ સ્થળે હવા ખાવા માટે આવે છે તેમની પાસેથી વિધવા આશ્રમ જેવા પરોપકારી ખાતાને નીભાવવાની મદદ લેવા માટે અત્રે આવ્યો છું. મ્હારા અહોભાગ્ય કે આપ જેવા મોટા માણુસનો અચાનક ભેટો થયો.

"તે વિધવાઓને આશ્રમમાં ગોંધી રાખવા કરતાં પુનર્લગ્ન કરાવો તો શું ખોટું ?" ખાનસાહેબે સરળ રસ્તો બતાવ્યો.

"અમે એ પ્રશ્ન જ્ઞાતિ પરિષદોમાં ત્રણ વર્ષથી ચર્ચીએ છીએ પણ હજુ સુધી નિવેડો આવ્યો નથી. વળી પુનર્લગ્ન પસંદ કરે એટલી વિધવાઓ પણ કેળવાઇ નથી ત્યાં સુધી એવા આશ્રમોને નિભાવી રાખવાની જરૂર તો છેજ. મુસ્લિમો સખાવત માટે આગળ પડતા છે તો અમારા પર પણ આપની કૃપાદ્રષ્ટિ થવી જોઇએ."

"વધુ ટેકામાં રાવસાહેબે ખાનસાહેબના કાનમાં ફુંક મારી જેથી પચાસનો આંકડો કચવાતે મને ખાનસાહેબને માંડવો પડયો. પેલા એક કવિએ પોતાના કમનસીબ ભાગ્ય વિષે લખ્યું છે તે બરાબર ખાનસાહેબને બંધબેસતું આવ્યું."

"અભાગીયા તું જઇશ મા બેસી રહેજે ભારમાં,
હું પહોંચીશ રેલમાં તો હું પહોંચીશ તારમાં !"

" યાને કે નસીબ બે ડગલાં આગળને આગળ રહે છે." હવે ખાનસાહેબે મનમાં ચોક્કસ ઇરાદો કર્યો કે " પાંચ છ મહીના બહાર ઉપડી જાઉં કે જેથી આ સુધરેલા ભીખારીઓની આપદાથી છુટું " એવામાં તાર આવ્યો. ભોગ લાગ્યા ! તાર યતીમખાનાના સેક્રેટરીનો હતો તેમાં એટલું જ લખ્યું હતું કે,

" યતીમખાનાની નવી ઇમારતનો પાયો આપના મુબારક હસ્તે નંખાવવાનો અમારી કમીટીએ ઠરાવ કર્યો છે, આપ એ મંજુર રાખશોજ એવી આશાથી તે બાબતના કાર્ડ પણ છપાવીને પ્રગટ કરી દીધા છે." ખાનસાહેબે સેંટહેલીનામાં કેદ થએલા નેપોલીઅન જેટલી મુંઝવણથી તાર કર્યો.

" આઇ એમ વેરી સોરી ! હું ઘણોજ દીલગીર છું કે એવા શુભ અને પરોપકારી કાર્યમાં ભાગ લઇ શકું એવી સ્થીતીમાં નથી. " તાર મળતાં યતીમખાનાના સેક્રેટરીએ જાણ્યું કે " ખાનસાહેબની તબીઅત સારી નહિ હોય. " એવી વાત કરી જેથી કેટલાક મેમ્બરો સહિત હકીમ ચીચીને બોલાવીને તેઓની સ્વારી ખાનસાહેબને બંગલે આવી લાગી. તેજ વેળા ખાનસાહેબ મુસાફરીએ જવાને માટે બહાર પડયા. આંગણામાંજ આ વરઘોડાનો ભેટો થયો.

" આપકી દિલગીરીકા બાઅસ કોઇ બીમારી હોગી યે જાનકે હમને તો હકીમ સાહબકોભી તકલીફ દી; મગર માશાઅલ્લાહ આપ તો ખુશો ખુર્રમ હેં, આપકે મુબારક હાથસે એસા મોકા હમ કયું જાનેદે ? " સેક્રેટરી સાહેબે બંબગોળો માર્યો.

" મગર મુજે પુને જાનેકી ખાસ ઝુરૂરત હય. અભી દેહલીની સાહબકા તાર આયા હે ઇસ લિયે ફોરન જનાહી પડેગા." ખાનસાહેબે બચાવ કર્યો.

" ખયર, તો દોતીન ઘંટે ઠેર જાઇએ. રાતકી નવકી લોકલમેં આપ જા સકતે હેં " બધા મેમ્બરોના અતીશય આગ્રહથી ખાન

સાહેબને રોકાવું પડયું. નવા કાર્ડો છપાવી બે કલાકમાં તો સેક્રેટરીએ મેળાવડો ઉભો કર્યો. ખાનસાહેબના મુબારક હાથે યતીમખાનાની નવી ઇમારતનો પાયો પણ નંખાયો. (મને એ વિચાર ઘણીવાર જુલાબ લીધેલો હોય ત્યારે આવે છે કે ઘણા મુબારક હાથોથી જાહેર ઇમારતો, ગાર્ડનો, પુલ, હોસ્પીટલો, લાયબ્રેરીઓ, ઇત્યાદિના પાયા જાહેર મેળાવડાઓમાં ધામધુમથી નંખાય છે પણ કોઇ મુબારક હાથથી સરકારી જાજરૂઓના પાયા કેમ ધામધુમથી નંખાતા નથી જો કે એ પણ અતી ઉપયોગી પબ્લીક ધામ તો છેજ !) સારા સારા વક્તાઓના માખણીયાં ભાષણો થયાં, ખાનસાહેબની તારીફમાં કવિતાઓ પણ ગવાઇ, એક વક્તાએ તો એમને "સેકંડ હાતમતાઇ"નો ખિતાબ પણ અર્પણ કર્યો એ બધાના ઉત્તરમાં એમને કચવાતા મને અંતરમાં હોળી છતાં મુખ પર દિવાળીનાં દર્શન કરાવી, દિલમાં મોહર્રમ છતાં મોઢા પર ઇદની ખુશાલી પ્રગટ કરી યતીમ ખાનાને પાંચસોનો આંકડો ભેટ ધરવો પડયો.

* * *

જેમ પ્લેગની બીમારીથી ઉંદરો નાસે તેમ આ જોર જુલમની સખાવતથી ખાન સાહેબ દૂર નાસવા લાગ્યા. પણ નસીબતો ચાર ડગલાં આગળનું આગળજ પહોંચતું, રેસની સીઝનમાં પોતે હવા ફેર માટે પુને પહોંચ્યા ત્યાંના મોટા માણસોમાં ધીમે ધીમે ભમવા લાગ્યા. એક દિવસ ગવર્નર સાહેબની લેવીમાં જવાનો પણ ચાન્સ મળ્યો. ખાણી પીણીને અંતે લેકચરો થયાં. તેમાંથી આંખ, નાક, ને કાનના દરદોની નવિન હોસ્પીટલ ઉઘાડવાનો ગવરનર સાહેબે વિચાર જણાવતાં ચારે તરફથી તે વિચારને અનુમોદન મળ્યું. દરેકે પોત પોતાની લાયકાત પ્રમાણે આંકડા મુકયા. ખાનસાહેબના મનમાંતો જવાળા મુખી હતો છતાં હસતા મોઢે એકસો એકાવનનો આંકડો મુકયો !

"મ્હારા કયાં ભોગ લાગ્યા કે હું મોટો માણુસ થયો। જો બાપ દાદાના વખતનું છાપરૂં રહેવા દઇને બેસી રહ્યો હોત તો સુખે રોટલો રળી ખાત" ખાન સાહેબ હવે તંગીમાં આવી ગયા હતા.

"**નો એડમીશન વિધાઉટ પરમીશન**"નું પાટીઉં બ્હાર ટાંગ્યું હતું છતાં અનેક રીતે આવનારાઓ લાગ સાંધી આવી જતા,

"અજમેરકી ટીકીટ દિલવાઓ. મીરાં દાતાર કે ઉર્સ જનેકા કિરાયા દિલાઓ" એવું કહેનારા તો અનેક આવતા તેમને ન છુટકે આઠ બારઆના આપી પતવતા. વળી કેટલાક સત્યાગ્રહી યોધ્ધાઓતો ઘરની સામે અડંગો નાખીને પડયા રહેતા ને "કરદે હુકમ દેદે હુકમ" ના પોકાર કરતા. મોટાઇમાં ને મોટાઇમાં "ખાન સાહેબનુ નળીઉં સાફ થયું હતું; જેથી બંગલો વેચી કાઢી એક નાના ઘરમાં રહેવા ગયા. "ખાનસાહેબ" ના ખિતાબને ખુણામાં ઢાંકી મુકયો અને બાપીકો ધંધો કચરા પટીનું કોન્ટ્રાકટ રાખવાને મેદાને પડયા. એ વખતને આજે બે ત્રણ વર્ષ વીતી ગયાં છે. હવે કોઇ એમને ફાયર કરતું નથી. જાહેર મેળાવડામાં કોઇ બોલાવતુંએ નથી ! અને એવણ જાતે પણ એવા મેળાવડાઓને દૂરથીજ "નવગજના નમસ્કાર" કરી પોતાને ધંધે વળગે છે.

કોઇ એમને એ વિષે પૂછે તો ઉત્તરમાં એટલુંજ કહે છે કે "**મોટા થવામાં માલ નથી**" માટે અમને તો અંધારા ખુણામાંજ પડયા રહેવાદો, જેને પ્રકાશમાં આવવું હોય તે ભલે આવે !"

[૨]

સોટીનું સામ્રાજ્ય !

હેસ્ટીંગ્સની સોટાથી સારાએ હિંદનો ભણેલો વર્ગ અજ્ઞાત નહિજ હોય; તેમ અમારા ગુરૂ ગોકળદાસની દોઢ હાથ ને ચાર આંગળની નેતરની સોટી અને ઉર્દુમાં કહીએ તો બેત તથા અંગ્રેજીમાં વદીએ તો Cane અમારી પ્રાથમિક શાળાના સામ્રાજ્યમાં સર્વવ્યાપિ હતી અને છે. અમારી શાળામાં આચાર્યશ્રી ગોકળદાસનું આગમન થયું તે આદિ સમયથી અંત પર્યંત એટલે કે ભુતથી તે ચુડેલ......અરે ભુલ્યો ! વર્તમાન સુધી એ સોટીના ચમત્કારને નમસ્કાર ન કર્યા હોય એવું કોઇક જ કમભાગ્ય પ્રાણી હશે ! સાંદિપન ઋષિના સમયના

" રમાડતો ગોકુળ માકડાં ગુરુને ઘેર લાવતો લાકડાં,
તે જઇ બેઠા સિંહાસન ચઢી મા'રે તૂમડીને લાકડી ! "

–નું સ્મરણ કરાવનાર શ્રીકૃષ્ણ અને સુદામા જેવી ગુરુભક્તિ તો અમે કયાંથી લાવીએ? કારણ કે તે પ્રાચીન સમયમાં તો ઋષિની પર્ણ–કુટિઓજ છાત્રલય (બોર્ડીંગ) તરીકે વપરાતી, અને વિદ્યાના આરંભથી અંત સુધી એક જ ગુરુનું શિષ્યપદ સ્વીકારીને ત્યાંના ત્યાં જ (ભિક્ષાવૃત્તિથી)

ખાઇપીને અલમસ્ત બની બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ કરતા. જેથી કૃષ્ણ સુદામા જેવી ગુરુભકિત કર્યા વગર છુટકો જ કયાં હતો? જો તે સમયમાં ગુરુભકિત ન કરે તો ભુખે મરવું પડે એમ હતું ! તે પુરાણ સમયના શિષ્યોની ગુરુભકિત કેવા ઉત્તમ પ્રકારની હતી તે આજકાલના ઉદ્ધત વિદ્યાર્થીઓને કાનમાં સાંભળી ધ્યાનમાં ઉતારવા જેવી છે.

* * *

ઇ. સ...પુર્વે અને વિક્રમ સંવતની પશ્ચિમે કઇ સાલમાં તે વંચાયું નથી કારણ કે તંબાકુના પાંદડાપર સંસ્કૃત ભાષામાં લખેલું (મારા ધારવા પ્રમાણે તમાલપત્ર હશે પણ ભૂલથી તંબાકુ લખાઇ ગયું છે !) આ દ્રષ્ટાંત વાંચ્યું હતું; તેમાં જે જગ્યાએ સાલ લખેલી હતી તેટલું પાંદડું કોરાઇ ગએલું હતું તે ઉપરથી સાબિત થાય છે કે દરેક ધર્મશાસ્ત્રમાં તો "બીડી પીવાની સખ્ત મનાઇ છે; છતાં જે પીશે તેને પોલીસને સ્વાધીન કરવામાં આવશે !" એવું લખ્યું છે તો પણ કોઇ યોગીરાજ તે લેખવાળા પાંદડામાંથી સાલવાળો થોડોક ભાગ ધુમ્રપાન મહા ધર્મ કરી ગયો હશે ! ટુંકાણમાં લખવાનું કે,

આચાર્યશ્રી ગંભીરાનંદજીના આશ્રમમાં ઘણા શિષ્યો હતા પણ તેમની ચરણ સેવા કરવાનું સદ્ભાગ્ય તો તેમના રામુ અને જામુ નામના પટ્ટ શિષ્યોનાજ કપાળમાં લખાએલું હતું. આ બે શિષ્યોની ગુરુભલિકત અજોડ હતી ! એક સમયે રામુ અને જામુ ગુરૂનું ચરણ સેવન કરી રહયા હતા. રામુ જમણા પગનું અને જામુ ડાબા પગનું ચરણ સેવન કરી રહયો હતો. સંસ્કારી ભાષામાં કહીએ તો દક્ષિણ પાદનું સ્વામીત્વ રામુના હસ્તમાં હતું અને ઉત્તર પાદનું આધિપત્ય જામુના કરકમળમાં હતું. ગુરુએ જરા પાસું બદલ્યું અને ડાબા પગ પર જમણો પગ મુકયો એટલે જામુ રામુપર ક્રોધે ભરાયો—

"શું મા'રા અધિકારના પગપર તા'રા અધિકારનો પગ ચઢી બેસે?" એમ કહી એક ડીકૂણું લાવીને ગુરુભકિતના

આવેશમાં જમણા પગમાં ઠોકયું એટલે ગુરુએ ડાબો પગ જમણા પગપર ધરી દીધો જેથી રામુએ પણ એક ડીફણું જમુના અધિકારવાળા ડાબા પગપર ઠોકયું,

"ત્યારે શું મારા અધિકારવાળા પગપર ત્હારા અધિકારવાળો પગ ચઢી બેસે ?" પરિણામે ગુરુએ ઘણીએ રાડો પાડી પણ તે ગુરુચરણનું સેવન કરવા પવિત્ર કાર્યમાં પ્રવૃત્ત થએલા એકના બે ન થયા ! ક્ષણવારમાં તો ગુરુના વળીના દાંડા જેવા પાતળા પગોએ હસ્તિના (હાથીના) પગોનું રૂપ ધારણ કર્યું ! ઉપર્યુકત બીના પ્રાકૃતના 'કપોલ કલ્પિત' નામના ગ્રંથમાં પણ નોંધાએલી નજરે પડે છે. અસ્તુ.

× × ×

સમય પલટાયો છે.

અત્યારે તો દસ વરસમાં દોઢસો ગુરુઓ પાસે અધ્યયન કરવાનું રહ્યું પછી એક જીવ તે કેટલા ગુરુઓની ભકિત કરે ? વળી હાલાન વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબના ઢંઢેરામાં પણ "ગુરુઓની ભકિત કરવી નહિ" એમ લખ્યું છે. કારણ કે પૂર્વના ગુરુઓ પ્રમાણે વર્તમાન ગુરુઓ ભિક્ષાવૃત્તિપર જીવન ગુજારતા નથી. મહીનો પૂર્ણ થતાં પહેલાં રૂ. ૧૫) અંકે રૂપીઆ પંદર રોકડા મુંબઇગરાનું બીલ આકારીને મોકલાવે છે. પછી ભલેને તે બીલનાં નાણાં બે મહીને મળે ! પણ મુદ્દાની વાત આમ છે કે ગુરુઓની સેવા બારોબાર સરકાર માબાપ કરી લે છે માટે આજના શિષ્યો તે તરફ દુર્લક્ષ થયા હોય તો તે વાસ્તવિક છે.

તમે જાણોજ છોને કે સમય બદલાયો છે. દિવેલનાં કોડીઆંની જગ્યા ઇલેકટ્રીક લાઇટે લીધી છે ! ખટારાની જગાએ મોટર ઠસી છે ! કાષ્ટના ઘોડાને ઝેપ્લીને પદભ્રષ્ટ કર્યાં છે ! ચોબગલાને ઠેકાણે હાફકોટ અને પાઘડીને બદલે હેટ વસી ગઇ છે ! કસુંબાની જગ્યાએ ચાહ અને ચલમની જગ્યાએ સિગરેટ ! માતાના સ્તનપાનને બદલે બાટલીનું દૂધ

અને ડોંગરેનું બાલામૃત કે મેલીન્સ ફૂડ વસ્યું છે! પછી તમે કહો છો કે,

નિજ બાળમાં માતા તણા સંસ્કાર કહો ક્યાંથી રહે ?
જ્યાં દૂધ ડબ્બાનું અને તાલીમ સરકારી મળે !

—મતલબ કે "સમય પલટાય છે જ્યારે બધું પલટાય જાએ છે." એટલે કે પહેલાં શિષ્યોને ગુરુભક્તિ કરવી પડતી હતી; પણ હવે ગુરૂઓને ઓછા પગારને પ્રતાપે પેટનો એક્કો પૂર્ણ થતો ન હોવાથી ટ્યુશન મેળવવા કાજે શિષ્યભક્તિ કરવી પડે છે. મારૂં ન માનો તો પૂછો અમારા પાડોશી પંતુજી તુકારામને!

× × ×

ગુરૂગોકુલદાસનો દોર.

વાંચક બિરાદર! મુદ્દાના વિષયથી કંઈક આડો અવળો ચાલી ગયો હોઉં એમ ભાસ થાય છે. હું પણ શું કરૂં! વરસાદ અને વાવા ઝોડાના તોફાનથી રેલના પાટાઓ પણ ઉખડીને ઝાડપર જઈ પડયા તો આપણે સ્હેજ ખસી જઈએ એમાં શું નવાઈ? મોટા મોટા ફર્સ્ટ કલાસ વકતાઓ અને લેખકો પણ મુખ્ય વિષયને પડતો મૂકી આડા અવળા ભટકી જાય છે; તો મ્હારા જેવો થર્ડ કલાસ લેખક સરીયામ રોડપરથી સ્હેજ ખસી જાય તેમાં શું થઈ ગયું? એક તો આજ કાલ સડકોમાં મોટા મોટા ખાડા પડી ગયા છે અને વળી મેઘ-રાજાની મ્હેર, પવનની લ્હેર તથા અમાવાસ્યાનું અંધારૂં અને ઇલેક-ટ્રીકનું બીયાબારૂં! પછી હું ધોરી રસ્તેથી વેગળો ગયો હોઉં એમાં આશ્ચર્ય પણ શું? જુઓને કવિવર નાનાલાલ કાકા જેવા ગગનવિહારી કવિનો પગ પકડીને નીચે ખેંચી લાવવા કેટલા સાક્ષરો પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે કેટલાક એમને કૈલાસની ટોચે શિવના મસ્તક ઉપર બેસાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે! કેટલાક કનુમુન્શીને 'ચમચરકો' લગાડે છે; તો કેટલાક મુન્શીનું નામ આવતાં ક્વિનાઇનની ગોળી

ગળવા જેવું કરે છે! આ પ્રમાણે અનેક ભાડભુંજાઓ સાહિત્યની ભટ્ટીમાં મનસ્વી પણે ચણા, મમરા ને ધાણી ફોડી રહ્યા છે, તો આપણે પણ એક ખૂણે ઉભા ઉભા પૌંઆ ખાંડીએ !

આપણી નવલકથાની નાયિકા નેતરની સોટી છે માટે તેને બરાબર પકડી રાખીશું. એક દિવસે લેસન લેતાં ગુરુ ગોકળદાસે મને પૂછ્યું:—

" હાડકાંમાંથી શું નીકળે છે ? "

" સાહેબ, હાડકાંની વાત હાડવૈદ જાણે " આટલું બોલતાંમાં તો બે ઝપાટા લાગ્યા. હવે મગનશેઠના છગનનો વારો આવ્યો.

" અલ્યા છગના બોલ, ભૂગોળ શા માટે શીખવવામાં આવે છે ? " છગન પણ અમારી ક્લાસમાં બીરબલ જેવો હાજર જવાબી વિદ્યાર્થી હતો તેણે એકદમ જવાબ ઠોકયો,

" પરીક્ષાની વેઠ ઉતારવા. " ગુરુજી ક્રોધથી નસ્કોરાં ફુલાવતા હાથમાં રણચંડીકા અરે ! ભૂલ્યો ! આપણી વાર્તાની નાયિકાનો સહકાર કરીને છેક છગનની પીઠ નીકટ પધાર્યા અને નાયિકાનો ભેટો એવો કરાવ્યો કે ક્ષણવારમાં તો છગનની પીઠના સપાટ પ્રદેશપર સાતપૂડા અને વિંધ્યાચળ જેવા બે ઉચ્ચ પ્રદેશની રેખાઓ ઉપસ્થિત થઇ ! (સોળ પડયા.)

આચાર્યશ્રી ગોકળદાસ તાડન વિધિના શ્રમથી શ્રમિત થઇને પેટની ધમણ હલાવતા પ્રસ્વેદબીંદુ લુછી રહયા હતા એટલામાં છગનનો પાડોસી ગગન બોલી ઉઠયો,

" સાહેબ ભૂગોળ ગામો, શહેરો, નદીઓ વિગેરે જોવા અને ગોખી ગોખીને ગળું સુકવી દેવા શીખવવામાં આવે છે. "

" બેસ, બેસ વાંઝણીના ! " કહી ગુરૂએ તેને પણ ભરચી ગુંદરપાક જમાડયો જેથી કેટલીક પળો સુધી શાળામાં સ્મશાનવત શાંતિ પ્રસરી ! આ પ્રમાણે જરાપણ લેસન ન આવડતાં કે ઘેરથી શાળામાં આવતાં જરા મોડું થતા ગુરુ ગોકળદાસ કાળભૈરવનું સ્વરૂપ ધારણ કરી

અમારાપર તૂટી પડતા ને શાળાને ક્ષણવારમાં લકડી પટાનો અખાડો બનાવી દેતા ! અમારા બરડા પણ સોટીના પ્રહારોથી રીઢા ઢાલ જેવા થઇ ગયા હતા.

× × ×

વિદ્યાર્થીઓનાં પરાક્રમ.

એક દીવસનો પ્રસંગ ખાસ નોંધવા જેવો હોવાથી અત્રે રજુ કરવાનું સાહસ કરૂં છું. બપોરના ગાળે, અમારા ગુરુજી એક તરફ રૂપાની તૂટેલી દાંડીપર દોરી વીંટાળેલી ફ્રેમવાળા ચશ્માને નાકની દાંડીપર ઠેરવીને પાઘડું ખુંટીએ ભેરવી, પગને લેખન પીઠના (મેજ) ઉચ્ચ પ્રદેશપર ઠેસવી ખુરસીમાં ધાંસડી વળાઇ જઇને નિત્ય નિયમ પ્રમાણે જરા વામકુક્ષિ કરી રહ્યા હતા. એટલે કે નાસિકાદ્વારા ૐ જેવો ઉચ્ચાર કરતાં નિદ્રાદેવીની આરાધના કરતાં ખુરસીમાંજ સમાધી ચઢાવી રહ્યા હતા, એવા કટોકટીના પ્રસંગે હું મોનિટર હોવાથી મ્હારે ગુરુની સમાધીમાં ખલેલ ન પડે તેટલા સારૂ બીજા વિદ્યાર્થીઓને એકડે એકથી એક ઉઠેઉઠા સુધી આંક લખાવવાનું જહાંગીરશાહી ફરમાન દુઃખી જીગરે કરવું પડતું !

ટીખળી છોકરાઓ આ અમોલી તકનો સુંદર લાભ લેતા. અમારા વર્ગમાં એદલજી અડસટ્ટે નામનો એક પારસી પોરીઓ મહા ટીખળી હતો તે છાનોમાનો ગુરુની પાઘડી પોતાના મસ્તકે ઓઢવીને ઉંદર પ્રમાણે ધીરતા અને ચપળતાથી ગુરુની નાકની દાંડી પરથી ચશ્મા લેવાની પેરવી કરી રહ્યો હતો. નાગની મણી લેવા જેવું દુષ્કર કાર્ય હતું; તો પણ એદલજી અડસટ્ટે એવા કામમા પાછો પડે એમ ન હતો. (ગુરુની કુંભકરણીયા નિદ્રાને પ્રતાપે) તે સાહસ કરી રહ્યો હતો. એવામાં મ્હારી દ્રષ્ટિ તેનાપર પડી. મેં તેની પાસેથી ચશ્મો ઝુંટાવી લેવાનો પ્રયત્ન કર્યો પણ અમારી ખેંચાખેંચીમાં ચશ્માની એક દાંડી રીસાઇ ગઇ અને એદલજીની કોણી ગુરુના કપાળ પ્રદેશને ભેટી પડી ! એટલે પછી પુછવુંજ શું !

એકસામટા બેચાર સાંઢ બરાડી ઉઠે એમ ગુરુજીએ ત્રાડ પાડી! શું જાણે ભાદરવાનું વાદળ ગાજ્યું ! એમની ચોટલી નહિ પણ ચોટલો હવામાં ઉછળી રહી અસ્તવ્યસ્ત થઇ ગયો હતો, કોટિલ્ય નીતિ વિશારદ અને અર્થશાસ્ત્ર પ્રવર્તક ગુરુ ચાણક્ય પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા જાણે નંદનો નાશ કરવાને શીખાબંધન કર્યા વગર ધસી આવતા હોય; તેમ જોયા ભાળ્યા વગર દ્રાઇવરથી તે ગાર્ડ સુધી દરેકની પીઠપર જુવારનો પોંક વગર મોસમે પાડવા લાગ્યા. ગુરુજીને તાડનવિધિ કરવાનો અસાધ્ય રોગ લાગુ પડ્યો હતો તે મટાડવાને અમારી શાળાના સર્વે શિષ્યોએ નિશાળ ઉઘડવાના સમય પહેલાં ઓટલાપર બેસીને સર્વાનુમતે ઠરાવ પ્રસાર કર્યો હતો. તે ઠરાવને અમલમાં મુકવા સારૂ અમારી તે દિવસની સભાના પ્રમુખ નવાબ અકકલબાઝખાંના અનૌરસ પૌત્ર મિયાં અબ્દુલકરીમે ખાસ રઘા પટેલની વાડીમાંથી 'કવચ' લાવીને ગુરુજીના આસને (સાડાત્રણ પાયાવાળી ખુરસી પર) ભેટ ચઢાવી હતી. બધું શિષ્યમંડળ હર્ષાવેશમાં આવી ગયું હતું, પણ 'એકને પાપે વહાણ ડુબે;' તેમ કોઇ ચાડીઆ છોકરાએ અમારા પ્રોગ્રામ વિષે ગુરુજીને આગળથી ચેતાવી દીધા હતા, એટલે જેમ લંડનની પાર્લામેન્ટને ઉડાવી દેવાનો ગાય ફોક્સનો 'ગનપાઉડર પ્લોટ ' નો પ્રોગ્રામ જાહેર થતાં તે અને તેના સાથીઓને ફાંસી મળી હતી; તેમ મિયાં અબ્દુલકરીમ અને અમારા મંડળના બધા સભ્યોને દોઢ હાથવાળી રણચંડિકાનો ફરી ફરીને પુન: ભેટો થયો ! આખી શાળામાં કરૂણતાનું સામ્રાજ્ય વ્યાપ્યું. રા. ખેંગાર મરાતાં જુનાગઢમાં જે શોક પ્રસર્યો હતો અને કરણઘેલો પલાયન થતાં પાટણમાં જે દિલગીરી ફેલાઇ હતી તે કરતાં પણ અમારો શોક સહસ્ત્ર ઘણો હશે ! પણ–

" સુખ દુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથેરે ઘડીઆં "

નામની ચોથી ચોપડીમાંથી ગોખીને ગળું સુકાઇ ગયેલું તે નરસિંહ મહેતાની કવિતા અમારી જીવ્હાગ્રે હોવાથી અમે ક્ષણવારમાં જ શોકને વિસરી ગયા ! મતલબ કે સોટીઓનો સહકાર કરીને પણ ગુરૂ ગોકુળ-

દાસની શાળામાં અભ્યાસ કરીને સર્વ શાસ્ત્રમાં પારંગત થયા હોઇએ એમ ગર્વ ધારણ કરીને અંતે સમયાનુસાર ગૃહસ્થાશ્રમમાં પડયા ! કેટલાક બ્રહ્મચારી પણ રહ્યા !

× × ×

સોટીનાં રૂપાંતર

જેમ કિશોરીમાંથી મુગ્ધા, અને મુગ્ધામાંથી યુવા, અને યુવામાંથી પ્રૌઢા. તથા પ્રૌઢામાંથી વૃદ્ધા એમ અનેક સ્વરૂપો સ્ત્રી જાતિમાં બદલાય છે; તેમ ગુરૂગોકુળદાસની સોટીનું રૂપાંતર થયું, અને તેના અધિકાર પ્રમાણે જુદાં જુદાં લાકડી, ધોકો, લઠ્ઠ, ડીફણું, ડંડો, ડાંગ, ગદા ઇત્યાદિ ઇત્યાદિ નામ પડયાં ! જોકે સોટીથી વિદ્યાર્થીઓને તો ફાયદોજ થયો છે; પણ બીજા લોકોને શું લાભાલાભ થાય છે તે તપાસીએ. જ્યારે એ સોટી કોઇ પોલિસ જમાદાર કે ફોજદારને હાથ ચઢે છે; ત્યારે ગુનેહગાર ન હોય તેને પણ ગુનેહગાર બનાવવાની પરાણે ફરજ પાડે છે. પ્રજાસત્તાક નહિ પણ રાજાસત્તાક રાજ્ય ચલાવવાને સોટી ખાસ ઉપયોગી છે. એ સોટીની સત્તાને પેલા અસહકારીઓ પશુબળ કહે છે. એજ સોટીનો પિતા ડંડો, જ્યારે એક સાધારણ "સપઇના હાથમેં આવી ઝાઇસ ઇ ટાંણે" પ્રજાનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરવાનું વિશેષ કાર્ય કરે છે ! શું કરે ? બિચારી પોલિસ સિપાઇ તરિકે નોકરી કરનાર વ્યકિતઓ પણ પ્રચંડકાય હોય છે. તેમને ટંકે ત્રણ શેર અનાજ ખાવા જોઇએ તે આવા મોંઘવારીના સમયમાં વીસ, રૂપરડીમાંથી શી રીતે પુરૂં કરી શકે ?

"તમેજ કે'ઓને ? જરા દેમાગને સરાનપર ચ'રાવીને ભેજું કસી જોસો; તો બધું આપોઆપ રોશન થશે !" કે ઢેડ, દુબળા, વાઘરી ઇ૦ અંત્યજ વર્ગને લુખ્ખો દમ ભરાવીને એ બિચારા સિપાઇદાદા ચાહપાણીનાં એક બે દેઢીયાં કઢાવે તો એમાં એમનોએ શો દોષ ? એ પણ જગતનો ન્યાય છે કે મોટા અમલદારો ઓકાવે તે ભેટ કે

નજરાણું કહેવાય અને નાના અમલદારો પૈસા કઢાવે તે લાંચ !" "ગરીબકી જોરૂ સબકી ભાવજ !" હશે આપણે શું ? 'કરશે તે ભરશે' ને 'ફરશે ને ચરશે' વળી 'બાંધ્યું ભૂખે મરશે !'

પણ એ મા'રા બપ્પાવાના બપ્પાવા ! એ ડંડાએ જ્યાં લોકોના સલામત ભેજાં ચોક્કસ રીતે કસવા માંડયાં કે ગમે તેવા ઉશ્કેરાયલા હિંદુ, મુસલમાનો હુલ્લડ કરવું પડતુ મૂકી 'તેરીબી ચૂપ' કરવાના ! એ ડંડો જ્યારે વીફરે છે, ત્યારે કેરકેર સત્યાનાશ વાળી દે છે. જલીયાન વાલા બાગમાં કોઇ ડાયર નામના પ્રાણીએ એ ડંડો ઉછાળ્યો હતો, તે એવો ઉછાળ્યો કે ત્રણસો વરસથી ઉંઘી રહેલા તેત્રીસ કરોડ કુંભકરણોને એકે સપાટે જગાડી દીધા ! અને હવે ભવિષ્યમાં એવા ડંડા ન પડે એટલા માટે ખોપરીઓને મજબુત કરવા જાડી ખાદીની ટોપીઓ પહેરીને સ્વરાજ્ય મેળવવા ઘોંઘાટ કરવા લાગ્યા પણ આપણા ગોરા માવતરોની ભુમિમાં ઉત્પન્ન થએલા કોઇ લોઇડ જ્યોર્જ નામના મહર્ષિના તપનો એ ઘોંઘાટથી ભંગ થયો જેથી તે ઋષિરાજે ટાઇમ્સના પુલ પર ઉભા રહીને, ચીરૂટનો દમ લગાવતાં, એક હાથ પાટલુનના ખિસ્સામાં ઘાલીને શ્રાપ આપ્યો કે,

"લાયક થશો ત્યારે સ્વરાજ આપીશું ! હજુ તો તમારા દુધીયા દાંત ગણાય છે !" અને ખરેખર ! સ્વરાજની ધુનમાં અમને સળેખમ થઇ ગયું, છતાં તે તો ન મળ્યું ! પણ વાજા અને ગાયને બ્હાને અંદર અંદર લડી મરવાનું બ્હાનું જડ્યું ! ત્યાં પણ એ સોટીની માતા લાકડી અને પિતા ડંડાએ પોતાનું ધાર્યું કર્યું ! એમાં એ ડંડાની પણ કસુર નથી કારણ. કે એ પ્રથા તો ઇતિહાસમાં 'પીછેસે ચલી આતી હે' રામ રાવણમાં પણ ડંડા ઉછળ્યા હતા, પાંડવકૌરવમાં પણ ડંડા ઉછળ્યા હતા. ત્યારથી અત્યાર સુધી અનેકવાર હિંદમાં ડંડા ઉછળ્યા છે. પાણીપતના મેદાનમાં તો અનેકવાર દાંડીઆરાસ રમાયો છે. તો હવે એજ સાબિત થાય છે, કે ડંડો એ ઇતિહાસનો આત્માજ

છે! એ સર્વવ્યાપી ડંડો જ્યારે શહેનશાહોના હસ્તનો સત્કાર કરે છે ત્યારે રાજદંડ કહેવાય છે. એ રાજદંડ જેવા નિર્જીવ પ્રાણીમાં પણ એટલી શકિત હોય છે કે મોટાં રાજ્યનાં રાજ્ય પણ પાયમાલ કરી શકે છે! રાજા કૈસરને પુછ કે તારી મુછનું કયમ નીચું થયું ગુચ્છ? હશે, **એ વાત તો એટલેથીજ રહી ને ભીમગદાની શી ગત થઇ?**

× × ×

સાહેબો અને મડમો! જેમ પહેલાં વાંસ જેવા લાંબા મનુષ્ય હતા ને ઘસાઇ ઘસાઇને અત્રે આઠ વેંતના થઇ ગયા છે; (અખાએ કહ્યું છે કે આઠ વેંતનો હું જે ઘડયો; તે કયમ હરિથી અવળો રહ્યો?) તેમ ભીમની ગદા કાળક્રમે ઘસાઇ ઘસાઇને સંક્ષિપ્ત રૂપે રહી ગઇ છે. તેના પણ અત્રે બે પ્રકાર થયા છે. એક કેળવાએલાઓનાં સંસર્ગમાં રહેનારો અને બીજો અભણોના સહવાસમાં રહેનારો. કેળવાએલાઓના સહવાસમાં તે મગદળ રૂપે નિશાળના ખુણાને શોભાવે છે! ઉપયોગ થાય છે કે નહિ તેનો ભેદ તો જાણે અલ્લાહમિયાં! ઉપયોગ નહિજ થતો હોય, નહિતર પેલા લોકો કહે છે તેમઃ—

"મેટ્રિક તો માંદા થયા, બી. એ. બન્યા બેહાલ;
એમ. એ. મરણ પધારીએ. એ વિદ્યાના હાલ!"

લખવાની ફરજ કેમ પડી?

હશે! બીજો પ્રકાર ધોકાના નામથી ઓળખાય છે; તે બાગ-બગીચા અને મહેલ-હવેલીઓનું રક્ષણ કરનાર સીતારામ, રામપ્રસાદ ઇત્યાદિ ભૈયાઓનો સત્કાર કરે છે. કાંતો ટીંગ વેચનાર કે કેડ-બંગીઓને પૈસા મારનાર પેલા ગંગાસ્નાનમાં જંઘામબાં જેવા બાગાઓના હસ્તને શોભાવ છે!

ધોકાનો લઘુબંધુ ડીકણું, જે પ્રજાપતિ (કુંભાર)ની જંગમ મિલ્કત છે. કારણ કે તેમનો હાથી ગર્દભરાજ જ્યારે પાંચમણના બોજાસહિત સમાધી ચઢાવીને રસ્તામાંજ સ્થિર થઇ પ્રભુના ધ્યાનમાં એકતાન થાય છે; ત્યારે એજ ડીકણાને પ્રતાપે તેમાં ચૈતન્ય પ્રગટે છે! એ પાપી

ડીફ્ણું ખરરાજનું પરાપૂર્વનું વૈરી છે! એ ડીફ્ણારૂપી રાજદંડના પ્રતાપથીજ " સુખે સુએ સંસારમાં ભાગ્યવંત કુંભાર!" પણ એજ નામાંકિત ડીફ્ણું જ્યારે અબળાઓને હસ્તક ચઢે છે; ત્યારે મોટી મોટી વોશીંગ કંપનીઓને પણ મ્હાત કરે એવું મહાભારત કામ કરે છે! એકજ ડીફ્ણાથી ગમે તેવાં જાડાં કપડાં ધબ્બાક! ધબ્બાક! શું ને ધબ્બ દઇને ધોવાઇ જાય છે! રાવણને દશ મસ્તક હતાં. તેમ એ ડીફ્ણાને બે મસ્તક પ્રગટ થાય છે ત્યારે એ દેશોધ્ધારકનું રૂપ ધારણ કરે છે. એને નર્મગદ્યમાં **ગોટીલા**ના નામથી સંબોધ્યું છે. એ ગોટીલાના વાલીવારસો પીંજારા મહાશયના નામથી ઓળખાય છે. પીંજણના ધનુષ્ય પર એ ગોટીલો બાણરૂપે ગોઠવાય છે ત્યારે "ફ્રરરાગ ફ્ફ્!" શું ને રૂ પીંજાઇ જાય છે. રૂમાંથી સુતર થાય છે ને સુતરમાંથી કપડાં તૈયાર થાય છે. જેમ છેલ્લા યુરોપી વિગ્રહમાં લોઇડ જ્યોજ અને કરઝન બ્રિટનના મોટા સ્તંભો હતા! તેમ અસહકારની ચળવળના મુખ્ય પ્રધાનો **રેંટિઆ** અને **ગોટિલો** ગણાતા! એ મોઢાનો ગપગોળો નથી પણ યંગઇંડીઆનું વાક્ય છે!

*　　×　　*

ડીફ્ણાનાં સગાસંબંધીઓ.

ડીફ્ણાની સગી માસી **ડાંગ** જ્યારે ભરવાડોને હાથ ચઢે છે, ત્યારે મોટા મોટા મહારથીઓને પણ ભારે થઇ પડે છે! "મહારાજાધીરાજ" વાંચનાર કાકની ઘડીયાળી ડાંગથી અજાત નહિ જ હોય! અજાયબીની વાત એ છે; કે એ ડાંગના ટેકા પર ભરવાડો આખી રાત ઉભા ઉભા ઉંઘી શકે છે. ડાંગ પલંગની ગરજ સારે છે! જેમ બિલાડાનુ આગમન થતાં ઉંદરમામાને પલાયન થઇ જવાની ફરજ પડે છે; તેમ વર્તમાન યુગમાં **બંદુકડી**ની પધરામણી થતાં **ડાંગડી**ને નાસીપાસ થવું પડે છે! ભલું થજો પેલા બિચારા સ્કાઉટોનું કે તેમણે હિંદની પુરાણી જાહોજલાલીના સ્મારકરૂપ ડાંગનો અંગીકાર કર્યો છે પણ તેમનાં

માઇકાંગલા ખોળીયાં નિહાળીને મા'રા ડોળા આશ્ચર્યથી પહોળા થઇ જાય છે કે રખેને એ ડાંગ ઉંચકતાં એમનાં કઇ કાંડા ન ઉતરી જાય!

× × ×

ધોકો જ્યારે ખાઇપીને તાજો થએલો હોય છે ત્યારે લઠ્ઠ કહેવાય છે. "ઝટ દે પટ મરેગા! કરદે હુકમ દેદે હુકમ! એક પૈસા લુંગા ઔર સો ગાલી દુંગા!" ઇત્યાદિ વ્યર્થ બકવાટ કરી સંસારીઓને રંજાડનાર હટ્ટા, કટ્ટા. મુસ્ટંડા ફકીરો એ લઠ્ઠ ધારણ કરીને લઠ્ઠધારી બની દુનિઆને ભારરૂપ થઇ પડયા છે. ત્યારે "જય શંભો ભોળાનાથ ફટક ગીરધારી નહિ લોટા કે થાલી!" નો જયઘોષ કરનારા અને ગાંજાભાંગનો ભાવ ઉંચો ચઢાવી દેનારા એ લઠ્ઠધારી સાંઇ–ફકીરોના સગા પિતરાઇ પેલા અલમસ્ત આખલા જેવા બાવા ગોસાંઇઓ! પોતે તો બાવા બન્યા છે પણ બીજાઓને બાવા બનવાની ફરજ પાડી રહ્યા છે તે......એક કવિએ કહ્યું છે તેમઃ—

"જ્યાં ઘરમાં કંઈ થઇ ખટપટ; જઇ જોયો બાવાનો મઠ,
બાવાજીએ કાતર લઈને દાઢી મૂછો કાપી ઝટ!
હલકી તુમડી હાથ દઈને મોટો ભારી આપ્યો લઠ્ઠ,
બોધ કર્યો કે બેટા માંગો ભિક્ષા તજીદે સબ ઝંઝટ.
એમજ પોતાને હાથે નિજ હાથપગોને ભાંગ્યા છે,
ચોથે ભાગે ભારતવાસી ભીખ માગવા લાગ્યા છે!"

એ છપ્પન લાખ લઠ્ઠધારીઓ! ભારતમાં ભૂખમરાનો ચેપી રોગ ઉત્પન્ન કરનાર સંસાર ત્યાગીઓ! પબ્લીકમાં સંન્યાસી ગણાઇ પ્રાઇવેટમાં પીંઢારાનું કામ કરનાર મહાત્માઓ! થોડા અપવાદ સિવાય લઠ્ઠ ધારણ કરીને દેશનું દળદર ફીટાડવામાં કેવો સારો ફાળો આપી રહ્યા છે તે ગાંજાભાંગના લાઇસિન્સદારોને પૂછો! કાં તો આબકારી ખાતાના પ્રધાનને.

એ લકુનો સગો મામો કે જેને ધર્મશાસ્ત્રો 'મુશળ' ના નામથી ઓળખે છે. બળભદ્રે એ મુશળના પ્રભાવથી માયાવી વીર ગટોત્કચ્છને હરાવ્યો હતો, પણ પાછળથી એ મુશળને "વિનાશકાળે વિપરીત બુદ્ધિ" પ્રાપ્ત થઇ જેથી યાદવો મદીરાદેવીની મોહનીદ્રામાં સામસામે મુશળયુદ્ધ કરીને મરી ફીટયા. તેને ઇતિહાસે 'જાદવાસ્થળી' કહી છે! એ મુશળ ત્યાર પછી જેની બુદ્ધિ શાસ્ત્રકારોએ પગની પાનીએ કહી છે એવી અબળાઓના હાથમાં આવ્યું (આજકાલ બૈરાંની બુધ્ધિ પગની પાનીએ નહિ પણ બુટની એડીએ છે; કારણ કે પહેલાં સ્ત્રી ઉઘાડે પગે ફરતી હતી, અને હવે તો બુટ પહેરે છે!) પણ મુશળના ધબ્બકારાથી કંટાળેલા કોમળ મગજવાળા પુરૂષોએ સો મીલ્સ અને ફ્લોર ફેક્ટરીઓ કાઢીને સ્ત્રીઓ પાસેથી એ અમોલું હથિયાર પડાવી લીધું છે! હાલ તો એ બિચારૂં મુશળ દુઃખી જીગરે કોઇ નાના ગામડાના નાનકડા ઝુંપડાના એકાદ અંધારા ખુણામાં પડયું પડયું છેલ્લા શ્વાસો લઇ રહ્યું છે!

× ＊ ×

આપણે અત્યાર સુધી જેટલું વર્ણન કરી ગયા તે ફેશનથી બિલાફ છે। કારણ કે આજકાલના ફેશનેબલ અપટુડેટ યુવકો ધોકો, લકુ, ડીકણું, ડાંગ કે ડંડો ધારણ કરી શકતા નથી. પણ શરીરની શોભામાં વૃધ્ધિ કરવા કાજે ભપકાદાર રંગરોગાનવાળી નાજુક સ્ટીક ધારણ કરે છે! આંખ્યો પર માખ્યો ન બેસે માટે બેતાળાં આવ્યાં વગર સ્પેકટેકલ (ચશ્મા)નો અંગિકાર કર્યાથી કાંઇક ઢેકા ઢળીઆવાળી ભુમિને ભેટી ન પડાય માટે ટેકા તરીકે પણ તેનો ઉપયોગ થઇ શકે છે. "નબળો માટી બૈયર પર શુરો!" એ કહેવત પણ કેટલાક અર્ધદગ્ધ યુવકો સોટીથી સાબિત કરે છે! જેમ આજકાલ પરિષદો, કાઉન્સીલો કે મટીંગોમાં ઠરાવોને ગમે તેવો નબળો પણ ટેકો ન મળે તો તે ઠરાવ મબડી પડે છે; તેમ યુવાનો પણ સ્ટીકના ટેકા વગર ......? વળી અચાનક કુતરૂં

કરડી ન ખાય માટે બચાવના હથિઆર તરીકે પણ ઉપયોગ થઇ શકે ! અરે ! પણ મૂછકને મારી મૂછોપર હાથ ફેરવનાર (કિસનશેવ હોય તો પણ !) વીરનરો સિવાયના અપવાદરૂપે ગાંધીજીના મારા જેવા અહિંસાના ઉપાસકો અને જઇન બંધુઓને બાદ કરતાં આજકાલની ફૂટી નીકળેલી પેલી એડીપોલો સ્ટીકના સ્વામિઓ ! એટલે કે ચોરબજારના ચાલકો અને પ્લેહાઉસના પહેરેગીરો કે ખેતવાડીના ખાનગાગાઓ ! યાને કે મુંબઇના મવાલીઓ ! અને સુરતના શાહુકારો તે ગલેમંડીના ગર્ધવો કે ઝાંપાબજારના જાસુસોથી ચેતતા રહી ખિસાપાકીટ સમાલજો ! નહિતર ઘરની બ્હાર નીકળવાને બદલે ગોદરેજની તીજોરીમાં ભરાઇ રહેજો, કારણ કે આજકાલ કૌમી કડવાસનો ઝેરી રીમુમ ચોતરફ ફૂંકાઇ રહ્યો છે; તેમાં પાપડી સાથે ઇયળ પ્રમાણે બફાઇ ન જાઓ !

[૩]

અપટુડેટ કરણઘેલો !

[નોટઃ—રા. નંદશંકરભાઈના ચિતરેલાં છ સૈકાં પહેલાંના પાટણના છેલ્લા રજપુત રાજા કરણઘેલાને આજે પુનઃ રજુ કરીએ એટલે કે મહારાજા કરણ છસો વર્ષ મોડા વીસમી સદીમાં પૃથ્વી પર પધાર્યા હોત; તો કેવો ઈતિહાસ રચાત તેનું કંઈક ઝાંખું ચિત્ર તમારી આંખો આગળ રજુ કરવાનો અલ્પ પ્રયત્ન કરીશ. રા. નંદશંકર તો સાક્ષર હતા એટલે લાંબો લચ કરણઘેલો લખી ગયા પણ આપણે તો ટુંકો ટચ લખીશું. —બેકાર]

વિલાસ ભુવનમાં

શિઆળાની કકડતી ટાઢમાં કોઇ મનુષ્ય ગોદડામાંથી મોઢું કાઢવાનું પણ સાહસ ન કરે તે વખતે રોયલ ગાર્ડનમાં વિલાસ ભુવનના ત્રીજા માળ ઉપર પાટણપતિ મહારાજા કરણ હસ્તીસમાન ગંભીર ગતીથી આમતેમ આંટા મારી રહ્યા હતા. એમના શ્રીમુખમાંથી સીગરેટના ધૂમાડા સાથે કંઇક શબ્દો પણ નીકળતા હતા. થોડીકવાર કંઇક વિચાર કરી ચોક્કસ નિર્ણયપર આવી ગયા હોય તેમ ઉમંગમાં આવી ઓવરકોટના ખિસ્સામાંથી હાથ કાઢીને ચાંપ દબાવી એટલે

ટીરીરીંગ......ઘંટડી વાગતાં "ગુડ મોર્નિંગ છર !" કહેતો ખાકી સુટમાં સજ્જ થયેલો બોય હાજર થયો.

"અરે ! ગુડ મોર્નિંગના દીકરા ! સ્વીચ દબાવી જલ્દી ઇલેક્ટ્રીક ફેન ચાલુ કર, કારણ કે ગરમીથી મારૂં મગજ ભમી જાય છે !"

"અરે ! મહારાજા છાબ ! બડાં મનીખ ટો ટારમાં ઠરી ગીયાં છે ને આપને ટો ઉકલાટ થાય છે ?"

"ડેમ યુ ફુલ, જા જલ્દી ફેન ચાલુ કર અને કુકને (બટલર) જઇને કહે કે જલ્દી બે પ્લેટ આઇસક્રીમ તૈયાર કરીને લાવે !" નોકર સલામ કરી ચાલતો થયો એટલે મહારાજાએ ટેલીફોનનું ભુંગળું હાથમાં લીધું.

ટીરીરીંગ......ટીરીરીંગ ! એલાવ...નંબર ટુ નોટ ટુ (નં. ૨૦૨) એલાવ. "હુ આર યુ ?" સામેથી સવાલ થયો. "આઇ એમ ધ કિંગ ઓફ ગુજરાત ! હું ગાટણપતિ મહારાજા કરણ પોતે !" "આપ કોણ છો ?" "હું આપનો પ્રાઇવેટ સેક્રેટરી રણધીર."

"અહો ! મી. રણધીર તમે તાકીદે આવો ઘણુંજ જરૂરી કામ છે !"

"યસ સર ! હું ટેક્ષીમાં બેસીને તત્કાળ આવું છું." મહારાજા ગરમીથી ઘણાજ ગભરાઇ ગયા હતા જેથી શર્ટ અને પેન્ટ સિવાયનાં બધાં વસ્ત્રોને પદભ્રષ્ટ કર્યાં. ઇલેક્ટ્રીક ફેનથી હવા ચાલુ છતાં હેંડ કર ચીફ (રૂમાલ) વડે પ્રસ્વેદબીંદુ લુછી રહ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે બારીમાંથી ઠંડી હવાના સપાટા આવતા હતા, મસ્તક પર ઇલેક્ટ્રીક ફેન ચાલુ હતો છતાં મહારાજાને પ્રસ્વેદબીંદુ કેમ પ્રગટયાં ? "એ ભેદ તો જાણે અલાબિયાં !" એટલામાં ભોંભોં કરતી મોટર કંપાઉન્ડમાં આવી અને ઠસ્સાદાર રણધીર લીફ્ટમાં બેસી ત્રીજા માળના પ્રવેશદ્વાર પર આવી લાગ્યો, હેટ ઉતારી નમન કરતો કહેવા લાગ્યો, "મે આઇ ઈંટર સર !"

"યસ !" ના ઉચ્ચાર સાથે મહારાજાએ રૂમાલના સીગ્નલથી મી. રણધીરને અંદર આવવાની સંજ્ઞા કરી. શેકહેંડ કર્યા અને બાજુની ખુરસીપર સ્મિત હાસ્ય પ્રગટાવતા મી. રણધીર બેસી ગયા. એટલામાં આઇસક્રીમ લઇને બટલર હાજર થયો. "મી. રણધીર ! આપ પણ થોડી આઇસક્રીમ લેશો ?"

"આવી સખત ઠંડીમાં આઇસક્રીમ કેમ ખવાય ?" (મોઢાથી.)

"મી. કુક, જાઓ મી. રણધીર માટે એક કપ કોફી અને કેક લાવો." મહારાજાએ બટલરને ઓર્ડર કર્યો પછી મી. રણધીર તરફ મોઢું ફેરવી ઉચર્યા "મા. રણધીર, તમને પણ આજે આશ્ચર્ય લાગતું હશે કે આવી ઠંડી હવામાં મને આઇસક્રીમ ખાવાની કેમ સમજ પડી ? હું આજે વિરહના તાપે તપી ગએલો છું ! તે નવરાત્રિના દિવસે ગરબામાં પેલી મનહરણી મહિલાને નિરખી છે બસ તે દિવસથી ! હા ! તે દિવસથી હું મારા ટેનીસ રેકેટના સોગંદ ખાઇને કહું છું કે તેની યાદમાં કોલર નેકટાઇ છોડી નાખ્યા છતાં મારા ગળામાં કેક પણ ઉતરતો નથી ! જેથી ગરમાગરમ ચાહના ઘુંટડા ગળી જઇને ઉતારવા પડે છે ! વળી મને ભિષ્મપ્રાતજ્ઞા લેવાની ફરજ પડી છે કે જ્યાં સુધી એ લલિત લલનાને ન મેળવું; ત્યાં સુધી જળ લેવું હરામ છે ! બસ તેજ દિવસથી પાણી વગર એકલાં સોડા, લેમન કે ચાહ, કોફી અથવા વીમટો કે કોકોથીજ ચલાવી લઉં છું ! આજે હું તે તરૂણીના વીરહાગ્નિથી દુણાઇ દુણાઇને ઇધન (અડયુ) પ્રમાણે બળી રહયો છું."

મહારાજ વિરહના તાપથી તપીને લાલ ગાજર જેવા થઇ ગયા હતા તેમને શાંતવન આપતાં મી. રણધીર બોલ્યા, "મહારાજ ! ઉતાવલાસો બાવલા ઔર ધીરાસો ગંભીર !"

"અરે ! એ બાવલો તો પેલી મુમતાજના મોહમાં પડીને ભર બઝારે ગોળીથી વીંધાઈ ગયો ! તેનું અહીં શું કામ છે ?" મહારાજ અધીરા થતાં બોલ્યા.

"મહારાજ! મેં તો એક પ્રચલિત કહેવતનો ઉપયોગ કર્યો. મારે એવા યવનનું નામ લેવાની પણ શી જરૂર? હું તો એમ કહું છું કે ઉતાવળ કરવાની જરૂર નથી. કારણ કે આપણા જાણીતા જાસુસ મી. આર્નોલ્ડ ઉકાભાઇને તે રમણી કોણ છે? ક્યાં રહે છે? એ બાબતનો ઇતિહાસ જાણવા મોકલ્યો હતો; તેણે કહ્યું હતું કે તે રમણી રત્ન તો આપણા મૂખ્ય પ્રધાન મી. માધવદાસનાં ધર્મપત્નિ છે."

"હેં એં ..શું એવું રત્ન એ માધવ જેવા કાગડાની કોટે શોભે?"

"પણ મહારાજ! એ કોઇ સાધારણ પ્રજાજનની સ્ત્રી નથી! એ તો માધવ જેવા પોલિટિકલ પ્રધાનની સ્ત્રી છે!"

"તેથી આપણે શું? મારે તો માધવ જેવા પ્રધાન અને હરિઆ ઢેડ જેવા એક શુદ્ર મનુષ્યને પણ સમાનજ ગણવા જોઇએ. મારા જેવા ન્યાયપ્રિય રાજવીના રાજ્યમાં રંક અને રાય સર્વ સમાન દરજ્જાના લેખાય છે! વિલાયતમાં પણ લોઇડ જ્યોર્જ જેવા માજી પ્રધાન અને ડાસન જેવા મોચીને સરખાજ હકો છે!"

"પણ મહારાજ સાપના દરમાં હાથ ઘાલવા જેવું છે!"

"અરે! રણધીર તું ક્ષત્રીય થઇને આવો કાયર કેમ બને છે? એ સાપ છે તો હું નોળીઓ છું સમજ્યોને! એ બામણાના શા ભાર છે? એ ગમે તેવો તો પણ મારો તો ગુલામ છે ને?"

"મહારાજ ક્ષત્રીયપણું આવી અધમ બાબતમાં બતાવવાનું નથી!"

"મારે હવે વધુ ટકટક સાંભળવી નથી! જાઓ હું એક કાગળ લખી આપું છું તે આપણી ટાઇપીસ્ટગર્લને ટાઇપ કરવા આપો અને તૈયાર થાય કે મારી પાસે લાવો. રાખો પણ તે પહેલાં પ્રધાન માધવને મ્હારી પાસે મોકલો." "જેવો આપ નામદારનો હુકમ!" રણધીર રવાના થયો. અને મહારાજ મોર્નિંગ ડ્રેસ પહેરીને તૈયાર થઇ ગયા. એટલામાં પ્રધાન માધવે આવી નમસ્કાર કરતાં "શું આજ્ઞા છે, મહારાજ? બે હાથ જોડીને કહ્યું.

"આજ્ઞા એજ કે આપણે ત્યાં ઇસ્ટરના તહેવારોમાં પ્રિન્સ ઓફ વેલ્સની પધરામણી થવાની છે તે પ્રસગે ખાસ તેમને ભેટ આપવા સારૂ એક સારી પાણીદાર કાઠીઆવાડી ઘોડી સોરઠ જઇને ખરીદી લાવો. દસની એકસપ્રેસમાંજ તમારે ઘોડી લેવા ઉપડી જવું."

"મહારાજ ! ઇ લોકો તો મોટર, વિમાનમાં ફરનારા, તેમને ઘોડી ભેટ આપો તે શું કામની ?"

"પ્રધાનજી ! તમે ભુલો છો. ઘોડી તો રેસમાં કામ લાગે ! વિલાયતની રેસમાં કેટલાએ વખત પહેલે નંબરે આવનાર નામદાર આગાખાનની ઓલી "મુમતી" ઘોડીનાં એટલાં વખાણુ થાય છે કે શકુંતલાનાં વખાણુ કાળીદાસે પણુ એટલાં નહિં કર્યાં હોય ! ગોરાઓને ઘોડાઓનો ભારે શોખ હોય છે. માટે બસ આજેજ ! અરે ! હમણાંજ જાઓ અને એક અઠવાડિઆમાં ઘોડી લઇને પાછા હાજર થાઓ !"

"જેવી મહારાજની આજ્ઞા." નમસ્કાર કરીને પ્રધાન ચાલતો થયો એટલે કોટના ખિસ્સાપાંથી ફાઉન્ટનપેન કાઢીને મહારાજ પત્ર લખવા લાગ્યા.

પ્રેમપત્રિકા.

વિલાસભુવન,

તા......

મોહમાં મેડ થએલા જીવોને તારીખ, માસ કે સનનું ભાન કયાં હોય છે ? છતાંએ એટલું યાદ છે કે સ્ટા. ટા. ૯ વાગે કલમ ઉપાડી ૧૦ વાગે લખાણુ પૂર્ણ કર્યું.

સુવદન સુંદરી !

માધવમેન્શની અંધારી ઓરડીમાં પુરાએલી પ્રિય પંખીણી ! હું નવરાત્રિના ગરબામાંથી તારાં ગૌરવર્ણાં ગાત્રને દેખી માત્ર પાગલ બન્યો છું ! તું માધવ જેવા ઓર્થોડોક્ષના ઘરમાં રહેવાને લાયક ન હોવાથીજ દીર્ઘદૃષ્ટિવાળા પરમેશ્વરે તારાં દર્શનનો મને લાભ અપાવ્યો હતો. તું તારા ધણીની ચિંતા રાખીશ મા.

કારણકે તે તારો ધણી થવાને અયોગ્ય હોવાથી તેને કોઇ દાસી સાથે પરણાવી તને મ્હારી ગૃહરાજ્ઞી બનાવીશ. મ્હારી કમળાદેવી સુંદર તો છે છતાં હવે હું તેના રૂપથી ધરાઇ ગયો છું. જોને મોટરોને પણ વરસ દહાડે ટાયર બદલવા પડે છે, તો પછી હું એક સ્ત્રી પણ ન બદલી શકું ? ખરો રાજવંશી તે જ કહેવાય કે જેના રણવાસમાં અનેક રાણીઓની છાવણી હોય. ભગવાન શ્રીકૃષ્ણને ૧૬૦૦૦ સ્ત્રીઓ હતી! ભગવાન રામચંદ્રના પિતા દશરથને ત્રણ રાણીઓ હતી ! હૈદ્રાબાદના માજી નીઝામને ૩૦૦ બેગમો હતી; તો શું હું એકલી કમળાથી જ સંતોષ માની બેસી રહું ? બસ તને નિરખી છે ત્યારથી કમળાનું મોઢું જોતાં મને કમળો થઇ આવે છે ! માટે તું મ્હારી સેવામાં હાજર થઇ આ તપેલા જીગરને તારાં આઇસ (બરફ) રૂપિ દર્શનથી શાંત કર ! રાજભક્તિ કરવી એ દરેક પ્રજાજનનો મૂખ્ય ધર્મ છે. મૃગનયની ત્હારાં નયનશરથી હું ઘાયલ થયો છું ! તે ઘા અમારા ફેમીલી ડોકટરના મલમથી રૂઝાતો નથી ! માટે માઇ ડીયર રૂપસુંદરી ! **“ બેદરદી એ દરદ ન જાણે, પ્રેમની પીડા પ્રેમી પીછાણે ! ”** પ્લેગ, કોલેરો, કોગળીયું કે એન્ફ્લ્યુએન્ઝા કરતાં પણ એ પ્રેમનો રોગ બહુ બુરો છે ! હવે એનો એકજ ઉપાય છે અને તે એજ કેઃ—

“ શરણાગતે વસ્લ પિલા, માઇ ડીયર કમ ટુ મી ! ”

પ્રિય હંસી ! તું મ્હારા જેવા રાજહંસના સહવાસમાંજ શોભે ! ત્હારા જેવા રમણી રત્નની પરીક્ષા એ પાઇ પાઇનો હીસાબ ગણનાર કંજુસ બ્રાહ્મણ શું કરી શકે ? તું ત્હારા કુમકુમ પગલાંથી પધારીને મ્હારા વિલાસ ભુવનની શોભા વધારીશ; તો તને હીરાને મોતીના ઢગલામાં જીવતીને જીવતી દાટી દઇશ ! તું કહીશ તો ફુલનો ડુંગર બનાવી તેના શીખરપર તને બેસાડી તારી આરતી ઉતારીશ ! તું કહીશ તો તારા માટે ઓટોમોહીની કે ઓટોદિલબહારનાં તળાવ ભરાવી તેમાં સ્નાન કરાવીશ ! તું ચાહીશ તો કામનીઆ ઓઇલની સરિતા વ્હેવરાવી તેમાં



"અપટુડેટ કરણઘેલો" પાનું ૩૫

માધવના મહિલાએ એક એવો હૈડબાસાઈ ફાંસો લગાવ્યો કે......

ચંદનની હોડી બનાવી ત્હને સ્હેલ કરાવીશ ! તું કહીશ તો લંડનની હોટલોમાં મઝા ઉડાવવા અને રેસ જોવા લઇ જઇશ ! તું કહીશ તો તારી હજુરમાં આનાપાવલોવા, લોરાલાપ્લાન્ટા કે રોશનઆરા જેવી ડેન્સરો રજુ કરીશ ! શીવજી તો પાર્વતીને લઇને કૈલાસ શીખરપર બેઠા હતા પણ હું તો ત્હને લઇને બલુનમાં બેસી મંગળગ્રહ પાસે પહોંચી જવાની ઇચ્છા રાખું છું ! માટે માઇ ડીયર તું મ્હારી ટાઇપીસ્ટ ગર્લ સાથે મોટરમાં બેસી કમ હીયર ! પ્રેમીજનોના વિયોગમાં બીજા મનુષ્યોનાં દિલનો તલપાપડ થાય છે, પણ પ્રિયે તારા વિયોગમાં મારૂં દિલનો રાયતું કે મેથીયું કે અથાણું થઇ ગયું છે ! અને કલેજાનો તો કચુંબર બની ગયો છે. ત્યારે અફસોસની વાત છે કે દિલબર ત્હારી જુદાઇમાં રકતની રાસબરી બની ગઈ છે ! લોકો શ્વાસમાં હવા લઇને જીવે છે ત્યારે હું શ્વાસમાં તારૂં નામ ખેંચીને જીવી રહયો છું ! હું તાજાને તમતમતા રતાળુ જેવો હતો તે તારા વિયોગમાં સરગવાની સુકકી સીંગ જેવો થઈ ગયો છું ! માટે પદમણી તું જલ્દી પધાર અને મારા હ્રદયની રાણી બની ગુજરાતની પટરાણીની પદવી સ્વીકાર ! ક્ષત્રીયો કોઇની પાસે યાચના કરતા નથી છતાં ત્હારા પ્રેમની ભીખ માંગનો ભીખારી...

લી૦

હવેથી ત્હારો સદાનો સહવાસી
પાટણપતિ તેજ ધ કિંગ ઓફ ગુજરાત
વાઘેલા કુલાભુષણ મહારાજા શ્રી કરણદેવ.

તા. કઃ—જો મારી આ આમંત્રણ પત્રિકાને નહિ સ્વિકારવામાં આવે; તો મારો કોપ ત્હારા ધણીના ઘરના મોભારા ઉપર રહીને ઉતરશે ! મારી ભવિષ્યની શાણી રાણી તું જાણતી તો હશેજ કે રાજામાં ઇશ્વરનો અંશ હોય છે માટે રાજાનો કોપ વ્હોરી લેવો તે ઇશ્વરનો કોપ વ્હોરી લેવા સમાન છે ! માટે થોડું લખ્યું ઘણું કરી વાંચજે પણ જો કદાચ તને વાંચતા ન આવડતું હોય તો મારી ટાઇપીસ્ટ ગર્લ પત્ર વાંચી સંભળાવશે ! ”

લખેલો કાગળ પ્રાઇવેટ સેક્રેટરી મી. રણધીરને આપ્યો, અને કહ્યું કે " આ પત્ર આપણી ટાઇપીસ્ટ ગર્લને આપો અને સુચના કરો કે એને ગોલ્ડન ઇંકિયી ટાઈપ કરીને અપટુડેટ પૅકેટમાં પેક કરી મોટરમાં બેસી માધવની સ્ત્રીને પહોંચાડે અને તેને સમજાવીને પાછળના ગુપ્ત દ્વારથી લાવે. નહિંતર તે જે જવાબ આપે તે લઇને સત્વર હાજર થાય!"

સલામ કરી મી. રણધીર વિદાય થયા. નોકરે આવીને પ્રધાન માધવ ઘોડી લેવા દસની એક્ષપ્રેસમાં રવાના થઇ ગયાના સમાચાર પણ આપ્યા એટલે ખુશીમાં બેચાર રંગુની ચીરૂટના દમ લગાવી કબાટમાંથી " મીસીસ રોબીનસન " નો ૪૫ લાખના ચેકવાળો કિસ્સો વાંચવા લાગ્યા !

હેડંબાસાઈ ઠોંસો !

બીજી તરફ અર્ધા કલાકમાં તો ટાઇપ કરેલા કાગળસહિત લટકમટક ચાલે ચાલતી ટાઇપીસ્ટ ગર્લ મોટરમાંથી ઉતરી માધવના ઘરમાં ગઇ. માધવની સ્ત્રીએ તેને આદરસત્કાર આપતાં ગાલીચાપર બેસવા ફરમાવ્યું પણ ફ્રોકને કરચલીઓ પડવાના ભયથી ન બેઠી. માધવની સ્ત્રીએ કહ્યું " કેમ બ્હેન, આપ બેસતાં નથી ? આ ગાલીચો પસંદ ન હોય તો બીજું લાવી આપું ? "

" નો, નો ! મને બેસવાની ફુરસદ જ નથી. હું તો મહારાજનો ઉભો હુકમ (સ્ટેનિંગ ઓર્ડર) બજાવવા ઉભી ઉભી આ કાગળ આપવાજ આવી છું."

" પણ બ્હેન મને તો વાંચતાંએ આવડતું નથી ! આજે અમારા અહોભાગ્ય કે મહારાજનો કાગળ અમારે ત્યાં ! " " તો જુઓ હું વાંચી સંભળાવું છું. " કાગળ વંચાઇ રહેતાં માધવની સ્ત્રીના ડોળા ગુસ્સાથી લાલ, પીળા (અને વાદળી) થઇ ગયા ! " શું વાડ થઇને ચીભડાં ગળશે ? માળી જ પોતાની વાડી ઉજ્જડ કરશે ? રાજા પોતાની રૈયતની દીકરીઓ ઉપર પાપી દ્રષ્ટિ રાખશે ? પિતા જ પોતાની પુત્રિ

કે પુત્રવધુ ઉપર પાપી નજર નાખશે ? તો, તો જરૂર પૃથ્વી રસાતાળ જશે !" એક હિંદુ દેવીને છાજતા વિચારો માધવની મહિલાએ ક્રોધપૂર્ણ સ્વરે રજુ કર્યા એટલે ટાઇપીસ્ટ તેના કાન પાસે જઈને મક્કમતાથી પણ ધીમે અવાજે બોલવા લાગી:

"અરે ! સતયુગમાં સૃષ્ટિના ઉત્પાદક બ્રહ્મા પોતાની પુત્રી પર મોહિત થયા હતા, ત્યારે પૃથ્વી રસાતાળ ન ગઇ અને હવે આ હડહડતા કળિયુગમાં રસાતાળ થશે !"

મીસીસ માધવ અત્યંત આવેશથી વદયાં:

"જા, જા, નીચ નારી ! પાપી રાજાના ટુકડા ખાઇને ત્હારામાં પણ પાપી બુદ્ધિ પ્રગટી છે માટે અહીંથી જરા ચુંચાં કર્યા વગર ચાલતી થા ! નહિતર........."

"નહિતર તું શું ધાડ મારવાની હતી" ટાઇપીસ્ટ ગર્લનું વાક્ય પૂર્ણ થતામાં જ માધવની મહિલાએ એક એવો હેડંબાસાઇ ઠોંસો લગાવ્યો કે "અરે ! કોઇ આવો ! બચાવો !" ઇત્યાદી ભાષણ કરતી ભૂમિને ભેટી પડી ! ચશ્માના ચુરા થયા અને હેટ રગદોળાઇ ગઇ ! એટલામાં શોફર તેની મદદે આવી લાગ્યો, અને ટાઇપીસ્ટને ઉંચકીને કંઇ પણ બોલ્યા ચાલ્યા વગર મહારાજા કરણના મહેલ તરફ મોટર હંકારી ગયો.

રાજદ્રોહ !

મહારાજા ધુંવાપુંવા થતા બોલ્યા "શું એક અબળાએ મ્હારા આમંત્રણનું અપમાન કર્યું ? મ્હારી ટાઇપીસ્ટને હાલહવાલ કરી ! બસ હવે હું એનો કેવો બદલો લઉં છું, તે અય શોફર તું પણ જોજે ! અરે ! કોઇ છે કે ?" બે–ત્રણ ભૈયાઓ લાંબી ડાંગોસહિત હાજર થયા, તેમને ઉદ્દેશીને મહારાજા બોલ્યા. "રામપ્રસાદ ! જા હમણાંને હમણાં મી. રણધીરને બોલાવી લાવ." ભૈયાજી તો ભડકેલી ભેંસ પ્રમાણે દોડયા, "અને શૉફર તું જા હૉસ્પીટલમાં આ ટાઇપીસ્ટને મુકી આવ."

સલામ કરી શૉફર પણ હૉસ્પીટલ તરફ મોટર હંકારી ગયો. મી. રણધીર આવતાં મહારાજે તેના કાનમાં કહ્યું "આજે રાતના તમારે બેત્રણ ભૈયાઓને લઇને માધવના ઘેર જવું, અને બળાત્કારે તેની સ્ત્રીને ઉઠાવી લાવવી. વડી સરકારે હથીઆરબંધીનો કાયદો જાહેર કરેલો હોવાથી બીજી જ રીતે કાર્ય પાર પાડવું." કેટલીક સુચનાઓ આપી તેને વિદાય કર્યો. રણધીરે રાતના તૈયાર રહેવાનું પેલા ભૈયાઓને સુચવ્યું.

અહીં આમ બાબત હતી, ત્યારે પેલી તરફ ક્રીકેટના મહાભારત કાર્યથી પરવારીને પરસેવામાં રેબઝેબ થતો માધવનો ચંગર બ્રધર (નાનો ભાઇ) કેશવ હૅટનો પંખા તરીકે ઉપયોગ કરતો ઘરમાં પ્રવેશ્યો. ભાભીએ દીયરને કરણ મહારાજનો કાગળ બતાવ્યો, અને બધી અથ-ઇતિ કહી સંભળાવી. કેશવ બેપરવાઇથી હસ્તાં હસ્તાં બોલ્યો "એ અફીણને બદલે બ્લેક એન્ડ વાઇટની બાટલી પીનારૂં આજકાલનુ કરણીયું શું કરવાનું હતું ? મ્હારા બેટના એક જ ફટકાથી એને આઉટ કરી દઉં !" એમ કહીને બેધ્યાનપણે હાથમાંના બેટથી એક બાઉન્ડરી ઠોકી તે તેની ભાભીની પીઠ પર વાગી.

"અરે ! આ શું ? દીવાના દીયરજી, તમે તો આવેશમાંને આવેશમાં મ્હારો બરડો ભાંગી નાખ્યો !"

ખસીયાણું ડાચું કરીને ભાભીની પીઠ પર ટીંચર આઇડન લગાવતો મી. કેશવ બોલ્યો. "વેરી સૅારી ! માઇ ડીયર ભાભી, આઇ એમ વેરી સૅારી !" અંતે રાતનું વાળુ કરીને પરવાર્યા પછી કેશવ પોતાની પત્નિ સાથે બીઝીક રમતાં જ આરામચેરમાં ઉંઘાઇ ગયો, અને એની પતિ પરાયણ પત્નિ પણ પોતાના પતિનું ચરણ સેવન કરતી તેના પગો આગળજ આગ્રાની શેતરંજી પાથરીને પોઢી ગઇ. અને માધવની સ્ત્રી પતિના વિયોગમાં આમંગળ શંકાઓ કરતી ચિંતા અને ભયના વિચારોમાં ચટાઇ પરજ સુઇ રહી !

પાટણના **પ્રજાબાઈ ટાવરમાં** બારના ટકોરા પડ્યા. એકાએક ઇલેક્ટ્રીક લાઇટ ઓલવાઇ ગઇ. મશીન બગડયું હો કે પછી મહારાજાના હુકમથી હો તે તો ભગવાન જાણે ! પણ પાટણની શેરીઓમાં ઘોર અંધારૂં થતાંજ કુતરાંઓના ભોંભોં ભસવાના સ્વાગત સહિત કાળા બુરખામાં સજ્જ થએલા પાંચ આકારો માધવમેન્શન આગળ ફુટી નીકળ્યા. ભીષણ અંધકારમાં ઇલેક્ટ્રીક ટોર્ચથી અવલોકી દરવાજો ઉઘાડવાની પેરવી કરવા લાગ્યા. એટલામાં અંદરથી નોકરે અવાઝ દીધો "અલ્યા કુણસેએ ? બોંયણામોં ખડભડ ભડભડ કુણ કરોચ ?"

મી. રણધીરે માધવ જેવા બનાવટી સ્વરે કહ્યું "ભીમલા દરવાજો ઉઘાડ એ તો હું છું." ભીમલો દરવાજો ઉઘાડતાં બોલ્યો "અહો ! કુણ કારભારી બાપુ ? આવી મધરાતે ચોંથી આયવા ?" હજુ વાક્ય પૂર્ણ કરે છે એટલામાં તો મી. રણધીરે બેટરીના અજવાળામાં ભીમલાના મોઢા શામે છ આનાની પીસ્તોલ દેખાડી દમ ભરાવ્યો "જો જરાપણ ગડબડ કરી તો જાનથી જઇશ." ભીમલો તો બિચારો પવનના ઝપાટાથી વૃક્ષની ડાળીઓ ધ્રુજે તેમ ધ્રુજી ઉઠયો. "ભભ.. ભઇસાબ, નન...નઈં બોલું ! આટલા ખડખડાટથી ઘરનાં માણસો જાગી ઉઠયાં. કેશવે ઇલેક્ટ્રીક લાઇટની સ્વીચ દબાવી પણ પાવર ન હોવાથી લાઇટ ન સળગી. કેશવ વિચાર કરવા લાગ્યો કે "જુના જમાનાનું દિવેલનું કોડીઉં કે હમણાં થોડાજ વખત થયાં પદભ્રષ્ટ થએલો ઘાસલેટનો દિવો ઘરમાં હોત તો કેવો કામ લાગત !" એટલામાં તો મધ્યરાત્રિના અણનોતર્યા મહેમાનો ઉપર પધાર્યા. "વેલકમ !"ના આદરસત્કારની રાહ જોયા વગરજ પોતાના પિતાના ઘરમાં મહાલતા હોય તેમ નિશ્ચિંતપણે આમતેમ ફરવા લાગ્યા મીસીસ માધવને બદલે મીસીસ કેશવને ઉપાડી પણ તેણે કળાશોર કરવા માંડી જેથી ડિટેકટિવ મી. આર્નોલ્ડ ઉકાભાઇએ ચોર ફાનસના અજવાળામાં જોયું કે તે તો મીસીસ માધવ નથી. એટલે ફરીથી શોધખોળ ચલાવવા માંડી. બીજી રૂમમાંથી મીસીસ માધવને પકડી.

તેણે બુમ પાડવા મોઢું ઉઘાડયું એટલામાં તેના મોઢામાં ડુચો મારી એ માણસોએ તેને ઉઠાવી અને પાછલી બારીએથી દોરડું બાંધી ઉતારી. નીચે ઉભેલા બે માણસોએ તેને લઇને મોટરમાં નાંખી અને બે મિનીટમાં તો મોટર હંકારી ગયા.

સીનેમા સ્ક્રીન પ્રમાણે ક્ષણવારમાં અનેક બનાવો બનવા લાગ્યા. કેશવની સ્ત્રી કળાશોર કરવા લાગી. રણધીરે તેને ક્લોરોફાર્મ સુંઘાડી બેશુદ્ધ કરી. કેશવ, રણધીર પર આક્રમણ કરવાને ધસ્યો પણ રણધીરની પેલી છ આનાવાળી પીસ્તોલનાં દર્શન થતાં હેન્ડઝ અપનો અભિનય કરતો પલંગ પાસે જઇને ઉભો. પણ ક્ષણવારમાં રણધીરની નજર ચુકાવીને તેના પર ગોદડું ફેંકી દીધું. રણધીર ગોદડામાં ગુંચવાઇ ગયો. હવે કેશવ તેની પીઠ પર સ્વાર થઇને બોક્ષીંગના દાવ અજમાવવા લાગ્યો, એટલામાં તો રામપ્રસાદ ભૈયાએ પાછળથી આવીને જ્યુજીત્સુનો ૩૮મો દાવ અજમાવી કેશવને ગબડાવી પાડયો, પણ ચાલાક કેશવે પડતાં પડતાં પગની આંટીથી ભૈયાને ગબડાવ્યો. તે દરમિયાન ડિટેકટિવ આર્નોલ્ડ ઉકભાઇએ આવી ક્લોરોફોર્મથી કેશવને પણ બેભાન કર્યો અને પોતાના સાથીઓ સાથે ચાલતો થયો, જતાં જતાં દાદરને પણ ખસેડતો ગયો અને સાથે ભીમલાને પણ કેદી તરીકે ઉઠાવી ગયા કે જેથી પાછળથી ખરૂં રહસ્ય પ્રકાશમાં ન આવે!

હત્યાકાંડ !

મહેમાનો મહેમાની માણીને ચાલ્યા ગયા. પછી લગભગ ૦। કલાકે મી. કેશવ અને મીસીસ કેશવને શુદ્ધિ આવી. કેશવ મહેમાનોને મનાવવા દાદર તરફ જોરથી દોડયો પણ દાદર તો અગાઉથી તે અક્કલમંદોએ ખસેડી લીધો હતો જેથી તે બિચારો કેશવ ધબ્બાકશુંને વીસફુટ નીચે પત્થરની ફરશબંધી પર તૂટી પડયો. "ઓહ માઇ ગૉડ ઓ પ્રભુ!" એટલા ધ્વનિ સાથે એનો આત્મા આ લોકને ત્યાગી ગયો, એટલામાં આખા શહેરમાં લાઇટ ચાલુ થઇ. મીસીસ કેશવે પોતાના

પતિનો શોકમય ધ્વનિ જે તરફથી આવતો હતો તે તરફ અજવાળામાં જઈને જોયું તો દાદર ન હોવાથી પગ ડાંફો પડવાને લીધે કેશવ ગબડી ગયો છે એમ એને ખાતરી થઇ. પોતે દોરડું બાંધીને નીચે ઉતરી. આવીને જોયું તો કેશવનું ખોળીયું નિશ:પ્રાણ દેખાયું. એણે રડારોડ ચાલુ કરી " અરેરે! પ્રભુ આ એકાએક કોપ કેવો? ઓ વિભુ તને આ શું સુઝ્યું? કે પાંચ મીનીટમાંતો મારા પતિ પરલોકમાં પહોંચી ગયા! ઓ! વ્હાલા પતિ તમે ગયા પણ આ અભાગણીને કેમ ન લેતા ગયા? એટલી બધી શું ઉતાવળ હતી કે તમારી અર્ધાંગનાને ત્યાગિ વાયરલેસના વેગે સ્વર્ગે સિધાવી ગયા" મીસીસ કેશવના કરૂણ વિલાપથી આડોશી પાડોશીઓ આવી પડયાં અને A ડીવીઝનના પોલિસ સબ ઇન્સ્પેકટર સાહેબ પણ પોતાના બે ત્રણ કોન્સટેબલો સહિત આવી લગ્યા. વસ્તુસ્થિતિ તપાસી પંચકેસ કર્યો. કેશવની સતી સ્ત્રી અનેક તર્ક વિતર્ક કરતી મોંફાટ રડી રહી હતી, પોતાની જેઠાણીની શોધ કરી પણ તેનો પત્તો ન લાગ્યો તે ઉપરથી એણે કલ્પી લીધું કે આ કારસ્તાન કરણરાજનુંજ છે. પોતે રાજા કારણને શ્રાપ દેવા લાગી "હે! કામાંધ રાજા, તેં તારી પાપી મનોવાસનાને પોષવા સારૂં અમારૂં ઘર પાયમાલ કર્યું છે તો થોડાજ વખતમાં ત્હારૂં રાજ અને તાજ તારાજ થશે!" સબ ઇન્સપેકટર બોલ્યો "બાઇ, આપ આ શું બોલો છો? પ્રાત:સ્મરણીય મહારાજાને દોષ દેવો એ વ્યાજબી નથી."

"ફોજદાર સાહેબ, એ તમારા નીચ રાજાનુંજ આ કારસ્તાન છે. થોડા દિવસમાં આપોઆપ એ પાપ પ્રકાશમાં આવશેજ. મારી જેઠાણીને લઇ જવાજ તેણે આ કાવતરૂં રચ્યું હશે.! ; ઓ માનવના રૂપમાં વસી રહેલા દાનવ કરણ, તું પ્રજાની વહુ દીકરીઓનું આમ હરણ કરે છે, તો યાદ રાખજે તારી વહુ દીકરીઓનું પણ હરણ (જંગલમાં ફરનારૂં હરણ નહિ) થશેજ. એ યાદ રાખજે કે સતીના બોલ નિષ્ફળ જતા નથી!" આટલું બોલીને મનમાં વિચાર કરવા

લાગી કે સતી થવાનો રિવાજ તો લોર્ડ વીલીયમ બેન્ટીંકના વખતથી બંધ કરવામાં આવ્યો છે; ત્યારે હું શી રીતે સતી થઇશ ? એના વિચારોને કુદરતે અનુમોદન અર્પ્યું. કારણ કે ફોજદાર સાહેબે એક સળગતી સીગરેટ ફેંકી હતી, તે એક ખુણામાં પડેલી વેસ્ટપેપર બાસ્કેટમાં પડી તેમાં ભડકો થતાં બાજુનું કબાટ સળગ્યું. પોલીસોએ આગ હોલવવાની પેરવી કરી, અને બંબાવાળાઓને ટેલીફોન કર્યો એટલામાં આગે ભયંકર રૂપ પકડ્યું. મીસીસ કેશવે જાણ્યું કે સતી થવાનો લાગ ઠીક હાથ લાગ્યો છે, એમ વિચારી પોતાના પતિના શબને લઇ આગમાં ધસી પડી. પોલીસો તો ઘુવડ જેવું ડાચું કરીને એ દ્રશ્ય નિહાળી જ રહ્યા. બંબાવાળા આવતાં પહેલાં તે બંને પતિ પત્નિના દેહો બળીને રાખ થઇ ગયા હતા. અહીં આમ હોળીનો સીન રજુ થયો હતો.

રાજહઠ !

ત્યારે વિલાસ ભુવનમાં વિલાસી કરણ કંઇ ઓર રંગમાં દેખાતો હતો. પોતાની મનમાનીતી માશુક હાથ લાગી જેથી ખુશીમાં તેના કોટના બટન પણ તુટી ગયા હતા. દિવાનખાનાના દરવાજાને બંધ કરીને તે કામાંધ કરણે માનુનીને મનાવવા પ્રયત્ન કરવા માંડયાં.

"રસીલી નાગણ ! તું ગમે તેટલી છંછેડાઇ છે છતાં આ મદારીની મોરલી આગળ ત્હારે નમતું આપ્યે જ છુટકો થવાનો."

"મહારાજ ! આપે ખરૂંજ કહ્યું છે નાગણ તે નાગણજ છે, તેના દંશનું ઝેર તમને એવું ચઢશે કે આત્મહત્યા કર્યે પણ તમારા આત્માને શાંતિ નહિ વળે !"

"હિંદુ નારીઓની "સ્ત્રી હઠ" જગ વિખ્યાત છે, તેમ રજપુતોની શૌર્યતા અને અડગતા પણ જગ વિખ્યાત છે. માટે નાગણી તું તો મદારીના કંડીઆમાંજ શોભે ! માધવ જેવા મુષકના દરમાં નહિ !"

"તેમને માટે એક પણ અપશબ્દ બોલશો મા. તે ગમે તેવા તો પણ મારા કંથ છે !"

"તો સમજી લે કે હવે તેને માટે સદાએ ખુલ્લો અરણ્યનો પંથ છે !" (ભલે બાવો બને !)

"મહારાજ ! આપ મોનીંહદ્રામાં ભાન ભુલ્યા છો !"

"ભુલ્યો ત્યાંથી ફરીથી ગણાવનાર ત્હારા જેવી નાગરાણી મ્હારી સહવાસી થશે પછી શી ચિંતા ?"

"એ ચિંતામાં ને ચિંતામાં એક દિવસ ચિતામાં સુવું પડશે !"

"જન્મે છે તે મરે છેજ પછી એવા ઉપદેશની શી જરૂર ?"

"આપ તો મ્હારા પિતા સમાન છો..."

"એટલે એમજને કે એ બામણો મ્હારો જમાઇ ! કેમ યૉર પિતા !"

"બાપુ, રૈયતની વહુ..."

"સૌંદર્યવાન હોય તો રાજાની વહુ !"

"રાજન ! ખરે ! વિનાશ કાળે વિપરીત બુધ્ધિ સુઝે !"

"ત્હારા પ્રેમમાં પડ્યો છું ત્યારથી શુદ્ધિ ને બુદ્ધિ પલાયન થઇ ગઇ છે !" એટલામાં ગુપ્ત દ્વારમાંથી રાણી કમળાદેવીએ પ્રવેશ કર્યો.

"પલાયન થઇ ગએલી બુધ્ધિ અને બુદ્ધને પકડવા આપની પાસે હઝારો સૈનિકો તૈયાર છે."

"ઓી કવાઇટ ! બેવકુફ બૈરી ! તું વગર રજાએ ખીચડીમાં વરાગડા મીઠા પ્રમાણે કેમ આવી પડી ?"

"તમારા પાપનો પ્રવાહ રોકવા. તમારી અર્ધાંગના તરીકે મારો હક છે કે તમને પાપ કુપમાં પડતાં બચાવવા જોઇએ !"

"એમ છે ! તું મારો ઉધ્ધાર કરવા આવી ? પત્નિ એ તો પગનું પગરખું એને પુરૂષોના કાર્યમાં માથું મારવાનું હકજ શુ ?" ધક્કા મારી દરવાજાની બહાર કમળા દેવીને હડસેલી મુકે છે. આ નિર્દય પ્રકાર નિહાળીને મીસીસ માધવ વધુ વિમાસણમાં પડે છે. કરણે તેને કહ્યું "ત્રણ દિવસમાં મ્હારા વિચારોને તાબે નહિ થાય તો મ્હારા પરાક્રમની પ્રસાદી તું પણ ચાખીશ !" એક ઓરડામાં તેને કેદ કરી મહારાજા કરણ, બી. બી.ના એન્જીન પ્રમાણે હાંફતા હાંફતા ચાલ્યા ગયા.

દિલ્હીના દરબારે !

પાંચ દિવસમાં તો સોરઠથી ઘોડી ખરીદીને માધવ પાટણના સ્ટેશને ઉતર્યો. એટલામાં તો તેને બધી બાતમી મળી ગઇ. તેણે વિચાર્યું કે હવે રાજાની પાસે જવામાં સાર નથી, બસ હવે તો કોઈ પણ પ્રકારે વેર લેવું. આજકાલ દિલ્હીવાળા **અલાઉદ્દીન**ની દાદાગીરીથી આખું હિંદ ખડભડી ઉઠયું છે માટે તેનીજ પાગે જાઉં !" કોઈ માણસ સાથે ઘોડી રાજા પાસે મોકલાવી દીધી અને સાથે એક ચિઠ્ઠી પણ લખી મોકલવી કે:

" મહારાજા કરણ ! વિશ્વાસઘાતનો બદલો પ્રભુ આપશેજ એ બાબત તમારા મગજના એક ખુણામાં ચોકકસ નોંધી રાખશો. તમે પુરા ચોવીસ કલાકની નોટીસ આપ્યા વગરજ મારી સ્ત્રીને ઉડાવી ગયા છો તો હું તમને ગાદીએથી ઉઠાડીશ ! લી.

આપનો હાનો દુશ્મન તે
માજી પ્રધાન **માધવ**"

પોતે સાધુના વેશમાં દિલ્લી પ્રતિ પ્રયાણ કરી ગયો અને સાધન સંપન્ન શહેનશાહ અલાઉદ્દીનના દરબારમાં હાજર થવાના પ્રયત્ન કરવા લાગ્યો. ચીંથરેહાલ સ્થિતિમાં એને દરબારમાં પેસતાં પહેરેગીરોએ રોકયો.

"ઠહર જા, અય મવાલી તુઝે મઅલુમ હય કે યેહ કોઇ મુસાફિરખાના નહિ હય ? યેહ તો બાદશાહકા દરબાર હય !" માધવે પણ હિંદૂસ્તાનીમાંજ પ્રત્યુત્તર ફેંકયો. "મિયાં સાબ, ઓ અમે બી જાતના છે કે એ અલાઉદ્દીન બાદશાહકા ધરબાર છે!" "ફિર તુમ્હારે જૈસે સાધુ ફકીરોંકી યહાં કયા જુરૂરત હય" "સાધુ ફકીરોંકા તો આજકાલ આંક ફરકકે સટ્ટેકે નંબર પૂછનેકે વાસ્તે આપ જૈસે બ્હોત મિયાં સાહેબ લોગ ઢુંઢતે છે," "હમારે સામને ઐસી ગુસ્તાખી! જા ચલા જા!" "જમાદાર સાબ, અમકુ જાણે દો અમકુ બાદશા સલામતસે ખાનગી બાત કરની છે!"

"વળી બાત કરને વાલી આઇહૈ! તેરે જૈસેકા મુંહ ફજરકે વક્ત અગર શાહ દેખલેં તો દિનભર ખાનાહી ન મિલે!" અંતે ધક્કા ખાઇને નિરાશ થએલો માધવ કોઇ પણ પ્રકારે અલાઉદ્દીનને મળવાનો પ્રસંગ ગોતવા લાગ્યો. એક વખતે તે કિલ્લાની દિવાલ નીચે ભટકી રહ્યો હતો એવામાં એની દ્રષ્ટિ ઉંચે ગઇ તો શાહઝાદો ખીઝરખાં કિલ્લાની દિવાલ પર ઉભો રહી કનકવા ચગાવતો હતો. અને બાદશાહ અલાઉદ્દીન બાજુમાં આરામચેર પર પડયા પડયા "બેનજામીન ફ્રાંકલીન"ના પુસ્તકમાંથી પોતાના શાહઝાદાને પેંચ લડાવવાની અપ-ટુ-ડેટ તરકીબ વાંચી સંભળાવતા હતાઃ "દેઢીલી, દેઢીલ સાબુત હે...કાઆ...ટાહ્ે!" ઇત્યાદિ ઉચ્ચારો કરતો શાહઝાદો પાછે પગે હટતો હટતો કરરર ભુસશુને દિવાલ પરથી તુટી પડયો. સંજોગવસાત માધવ ત્યાંજ નીચે ઉભો હતો તેણે હાથ પહોળાં કરી શાહઝાદાને આબાદ કેચ કરી લીધો. "વેલકોટ! વેલકોટ!" ના ઉચ્ચાર સહિત બાદશાહ અલાઉદ્દીને પોતાની ખાસ આઠ ઘોડાની રોયલ કેરેજમાં શાહઝાદા સાથે માધવને બેસાડી માનપાન સાથે આખા દિલ્હી શહેરમાં ફેરવી દરબારમાં લાવવાનું વડા વઝીરને સૂચવ્યું. વઝીરે બાદશાહી ફરમાનનો તત્કાળ અમલ કર્યો, માધવને દરબારમાં લાવતાં બાદશાહે કહ્યું "સાધુ મહારાજ, આપને મેરે શાહઝાદે કો બચાયા હે ઇસલિયે આપ જો કુછ ચાહેં વો હાઝિર કરૂં. માધવે કહ્યું:"

"જહાંપનાહ, સેવક કે પાસ સબ કુછ થા પણ વિધીને અમેરે પાસસે બળાત્કારે લે લિયા."

"તુમ્હારા ક્યા મનશા હય ?"

"બાદશાહ સલામત મેં કંઇ પણ નહિ માંગતા હું આપ અમેરી હકીકત સાંભળી લ્યો એટલીજ વિનંતિ હે!"

"અચ્છા, બખુશી સુનાઓ."

"નામદાર શાહ, પાટણકા પરધાન માધવ હમ પોતે છે!"

"ક્યા જીસકી પોલિટિકલ કારરવાઇકી તારીફ ખુદ "ટાઇમ્સ ઓફ ઇંડીયા"ને કી હે વોહી મુલ્કે ગુજરાત કે વઝીરે આઝમ આપ હય?"

"જીહા, સરકાર?"

"આપકી યેહ હાલત કૈસે હુઇ?"

"અમારે પાપી કરન રાજાને અમકો કાઠીઆવાડકે મુલકમેં ઘોડી ખરીદવા મોકલા ઔર અમેરી ઔરીકો દગેસે ઉઠાલી ગયા, અમેરે નાનલે ભાઇકો મારડાલા, અને અમારા મકાન સલગાવી દિયા!"

"ઉફ્! ઝાલિમને ગઝબ કિયા? મગર અબ આપ ક્યા ચાહતે હો?"

"આપ અમકો મદદ કરો તો મોટી મહેરબાની!"

"ઝુરૂર, ઝુરૂર, મેં આપકી ઇમદાદ કરૂંગા. આપકા મુજપર એહસાનભી તો હય. એક સચ્ચા મુસ્લિમ કભી એહસાન ફરામોશ નહિ હોતા હય! કિત્ને નાદાન ઇન્સાન મુજે ખુનીભી કેહતે હંય લેકીન ઉન્કો મઅલુમ નહિ કે મેરે મરહુમ ચચાકી બદ અમલીસે દેહલીકી રિયાયા રંજે અલમમેં મુબ્તેલાથી તો મૈંને ઇન્સાફકી નિગાહસે ઉન્કો જબરન સલ્તનતસે ખારિજ કિયા તો ઉન્હોંને મારે શર્મ કે ખુદકુસીકી! ઔર લોગોને મેરે સરપે ખુનકા ઇલ્ઝામ લગા દિયા? મેં ખૂબ જાનતા હું કે બ્રિટીશ ગવર્મેન્ટકે ઇદ્દાનેમેં ખુનકા બદલા ફાંસીસે લિયા જાતા હય!" "નામદાર, આપકા કહેણાભી સચ્ચ છે. એ ઇતિહાસકે લિખાણે વાલે પણ બહુ તરફદારી કરતે છે. ઓ ગુજરાતકે રાજા સિદ્ધરાજને માલવાકે યશોવરમાકી ચામડી જીવત ઉતારી લીધી, અને અપની પાપવાસનાકો પુરી કરને સારૂ જરમાઓડાણકો આત્મહત્યા કરનેક ફરજ પાડી, વળી રાણકદેવીકે દો દીકરેકો મારી નાંખ્યા અને ઉસ્કો સતી હોણા પડા! તોપણ ઉસ્કો ચક્રવર્તિ ભુપતિ લિખતે હેં અને આપ ખુની! મુળરાજને અપને મામેકો મારી નાખ્યા, અને સઘળે મોસાળીયોંકા પણ ઘાત કિયા ઉસ્કો ખુની કેમ નહિ લખતે?"

"ખયર મુજે ઉસ્કા કુછ ગમ નહિ! મંય હિંદુ મુસ્લિમ ઇત્તેહાદ અને ઐક્યતાકો ચાહનેવાલા હું."

"હય આરઝુ મેરી યેહી હિંદુ મુસલમાં એક હોં,
ટલ જાય સારી દુશ્મની દિલ મિલકે દિલસે નેક હોં;
મઝહબપે અપને ચુસ્તહોં ઇન્સાનકી યે ટેક હય;
ગૌર કર દેખો તો ફિર અલ્લાહ સબકા એક હય.

દેખો તુમ્હારે સાથ હમારે યંગર બ્રધર અફઝલખાન સેંડો, ઔર વઝીરે આઝમ લૉર્ડ નુસરતખાનકો ભેજતા હું. વોહ તુમ્હારી ઇમદાદ કરેંગે."

બીજા દિવસે એક સદી લાઠીવાળા સ્કાઉટો (હથિઆર બંધીનો કાયદો હોવાથી) સહિત સ્પેશિઅલ ટ્રેનમાં સેંડો અફઝલખાન, માધવ વગેરે દિલ્લીથી પાટણ ઉપડયા. અને અલાઉદ્દીને કરણના અન્યાયની જાહેર અરજી સંપૂર્ણ વિગતવાર પોતાના સોલીસીટર મારફતે સીમલાના સાહેબને કરી દીધી.

મહારાજાની મુલાકાતે !

પાટણના પાદરે સેંડો અફઝલખાનના સૈનિકોએ તંબુ ઠોકયા. એક ઇન્ટરપીન્ટર મારફતે મહારાજાને સંદેશો કહાવ્યો કે "દિલ્લીપતિ સુલ્તાન અલાઉદ્દીનની આજ્ઞાથી અમો અત્રે આવ્યા છીએ. તમે તમારા પ્રધાન માધવ સાથે વિશ્વાસઘાત કરીને વગર રજાએ તેની સ્ત્રીનું હરણ કરી ગયા છો. વળી એ કેસના એગેજ તેના નાનાભાઇનું મરણ પણ નિપજ્યું છે, અને તેનું ઘર પણ સળગ્યું છે કે જેનો વીમો પણ ઉતરાવેલો ન હતો, જેથી તે નુકસાનનો બદલો વગર વ્યાજે લેવા માંગીએ છીએ (કારણ કે મુસલમાનોએ વ્યાજ લેવું દેવું હરામ છે.) પરંતુ હમારા બાદશાહ સલામત અસહકારના સિદ્ધાંતને મળતા હોવાથી, અને જૈનભાઇઓનું દિલ કે કલેજું ન દુઃખાય એટલા ખાતર અહિંસાની માન્યતા ધરાવતા હોવાથી તમારી સાથે પશુબળ ન વાપરતાં સલાહ સંપથી માધવના નુકસાનનો બદલો માગીએ છીએ. જો તમે જાતે મોટર, સાઇકલ, કે વિમાનમાં નહિ, પણ કોટપાટલુન સહિત અમદાવાદી પગોથી (ઉઘાડા પગે)

ચાલીને અમારા તંબુએ આવી માધવની ક્ષમા માંગો તથા તેની સ્ત્રીને પાછી સોંપી તેની અસલ જગ્યા પર કાયમ કરો તો અમે એક મિત્રભાવે પાછા જઇશું. ટ્રેનનો ખર્ચ પણ તમારી પાસેથી લેવા ઇચ્છતા નથી. છતાં ન માને તો......" કંઇક કાનમાં કહ્યું. સદરહું સંદેશો મેસર્સ અફઝલખાન એન્ડ નુસરતખાનની કું. તરફથી ધી ગુર્જર રાષ્ટ્ર અનલિમિટેડ કું. ના એકલા માલીક હિઝ મેજેસ્ટી કરણદેવ તરફ મોકલવામાં આવ્યો.

જ્યારે ઇન્ટરપીન્ટર ઉપલા સંદેશાને કાનના પરબીડીઆમાં પેક કરી કરણદેવના અવાસે પહોંચ્યો; ત્યારે તેઓશ્રી જાતેને પોતે ડો. આલવારો પાસેથી મીસીસ માધવને વશ કરવા સારૂ વશીકરણ અને મેસ્મેરીઝમના પ્રયોગો શીખી રહ્યા હતા. પટાવાળાએ જઇને દિલ્લીના ઇન્ટરપીન્ટરના આગમનના સમાચાર આપ્યા. રાજાએ ક્રોધે ભરાઇ તેને એક લપડાકનું પ્રાઇઝ (ઇનામ) અર્પણ કર્યું. "ગો અવે, ગિટ અસાઇડ ! જા અહીંથી, આઘો ખસ, અને તેને બાજુના રૂમમાં બેસાડો જો હવેથી ડિસ્ટર્બ કરીશ તો જાનથી જઇશ !" ૦। કલાકમાં તો મહારાજા ઇન્ટરપીન્ટર પાસે આવી લાગ્યા, પણ મિયાં ઇન્ટપીન્ટર તો નીચે મોઢે **"બાત મતલબકી કહુંગા હોશમે આને કે બાદ"** ની કડી ગણગણતા હતા. મહારાજાએ તેને કહ્યું, "વૉટ ઇઝ ધ મેટર ?

"નો મેટર, નો લેટર, નો તેતર, નો ખેતર, નો નેતર; ફક્ત મારો સંદેશો સાંભળી લ્યો એજ બેટર !"

"જલ્દી ભસી નાખ તારો સંદેશો. કારણ કે મારે પ્રાઇવેટ કામ છે."

"દિલ્હીના બાદશાહ અલાઉદ્દીનના પ્રતિનિધિ તેમના યંગર બ્રધર સેંડો અફઝલખાન એન્ડ વડા વઝીર લોર્ડ નુસરતખાંએ પાટણના પાદરે ઠોકેલા તંબુની અંદર આરામચેર પર આળોટતાં કહ્યું છે કે......"

"પણ મ્હારી સરહદમાં લાઇસન્સ વગર એ મુસલ્લાઓ કેમ ઘુસી આવ્યા ?"

"અનાર્યોના આ અસલ દેશમાં આર્યો ઘુસ્યા ત્યારે કોની પરવાનગી લીધી હતી ? મુસલમાનો હિંદમાં કોની પરવાનગીથી ઘુસ્યા ! બીજું બધું તો ઠીક, પણ તમારા દાદા તે ધોળકાના રાણા **વીશળદેવ** પાટણપતિ કોની પરવાનગીથી થયા ? વહેપાર કરવા આવેલા ગોરા વહેપારી વાણીઆઓ કોની પરવાનગીથી હિંદના હાકિમ થયા ?"

"હું એ લોકો પર ઘર પ્રવેશની ફરીઆદ હાઇકોર્ટમાં કરીશ."

"તો માધવ તમારા ઉપર ઘર પ્રવેશ, સ્ત્રીહરણ, ચોરી, લુટ, ખુન અને ઘર બાળવાની ફરીઆદ સીમલાની સરકારને કરશે."

"તેની શી તાકાત છે ?"

"તેની પીઠ પાછળ દિલ્લીશ્વરનો હાથ છે ! વળી ત્રણ દિવસ પહેલાં જ તેણે ફીઝીકલ કલચરની તાલીમ લેવા માંડી છે, અને દિલ્લીના અખાડાઓમાં એક દમમાં જ દોઢસો દંડ બેઠક કરવાની એને આદત પડી છે માટે......"

"ઓ દિલ્લાના દુત ! તું સંદેશો સંભળાવવા આવ્યો છે, તો સીધી રીતે સંદેશો સંભળાવીને ચાલ્યો જા નહિતર......"

"બાપલા મારે શું ! આપણે તો ચિઠ્ઠના ચાકર !" એમ કહી સંદેશો સંભળાવ્યો, એટલે મહારાજા કરણ ફરીથી તપ્યા, "શરણાગતનું રક્ષણ કરવું એ ક્ષત્રિયોની ફરજ છે. તો માધવની સ્ત્રીને હું કોઇ કાળે આપી શકું એમ નથી. જા ત્હારો દિલ્લીનો સુલતાન ઓલ ઇંડીયાની સલ્તનત મારે ત્યાં મારગેજ (ગીરો)રાખે કે વેચાણનો દસ્તાવેજ લખી આપે તો પણ એ મીઠડી મેનાને તમારા કાગડાઓના ટોળામાં ન સોંપું ! વળી એક યવનની ધમકીથી ડરી જઇને લીધેલી વસ્તુ પાછી આપું એવો હું કાયર નથી."

"એમ છે તો અમારાજ કેપ્ટનના શબ્દો કહું છું કે કાલે સ્ટા. ટા. ૧૧ વાગે તમારા પાટણના પ્લેગ્રાઉન્ડપર મજબુત હાથોએ બચાવ કરવા હાજર રહેવું." દુત સલામ કરી ચાલ્યો જાય છે.

સવિનય સંગ્રામ !

બીજે દિવસે મુકર્રર કરેલા સમયે કેપ્ટન અફઝલખાન પોતાના ૧૦૦ સ્કાઉટોના સૈન્ય સહિત પ્લેગ્રાઉન્ડપર હાજર થયો, અને પોતાનો ચંદ્રાકાર વાવટો ફરકાવતો બ્યુગલ વગાડી કરણને મેદાને પડવાનું ચેલેંજ ફેંકવા લાગ્યો. બ્યુગલનો અવાઝ સાંભળીને મહારાજા કરણ પલંગમાંથી ઉઠીને ધોતીયું અને ખમીસ સહિત ડ્રેસીંગ કર્યા વગરજ એક હાથમાં ડાંગ તથા બીજા હાથમાં સીગરેટકેસ લઇને પોતાના સૈનિકોમાં હાજર થયા. દિલ્લીનું સૈન્ય સ્ટાઉટ ડ્રેસમાં હાજર હતુ ત્યારે પાટણનું સૈન્ય પોતપોતાના ચાલુ ડ્રેસમાંજ હતું. હજારો લોકોની મેદની જોવા મળી હતી. એવામાં રેડીઓ મારફતે કમીશ્નર સાહેબને સંદેશો સંભળાયો કે "જરા વધુ શરબત પી લેવાથી મને સળેખમ થયું છે જેથી હું ટાઇમ સર આવી શકું એવી સ્થિતિમાં ન હોવાથ મારા વતી મી. પેસ્તનજી પાપડવાલા એડવોકેટને અમ્પાયરશી આપશો."એક તરફથી હીપ, હીપ, હુરરે ને તાલીઓ ગડગડાટ તથ બીજી તરફથી "ગરમસીંગ, પોચાવટાણા, ઠંડી સોડાલેમન, બુ પા...લીસ !" ઇત્યાદી વિવિધ સ્વરોના સ્વાગત સહિત અમ્પાયર તરી મી. પેસ્તનજી પાપડવાલા નીમાયા. અફઝખાને અમ્પાયરને વંચાવીને એ દસ્તાવેજ રાજા કરણ સન્મુખ રજુ કર્યો. જેમાં એમ લખ્યું હતું "જો અમે હારી જઇએ તો ગુજરાત છોડીને ચાલ્યા જઇએ અને ત હારી જાઓ તો ગુજરાત છોડીને ચાલ્યા જવું !" સદહું દસ્તાવે મહારાજાના પ્રાઇવેટ સેક્રેટરી મી. રણધીરે રાજાને વાંચી સંભળાવ પણ દસ્તાવેજ વંચાતો હતો ત્યારે મહારાજા તો સીગરેટકેસમાં તારાપે રદુડીઓ પાસે પડાવેલો મીસીસ માધવનો ફોટો ચોંટાડેલો હતો તેને ર

ધ્યાન પણે નિરખી રહ્યા હતા. મી. રણધીરે કહ્યું "મહારાજા, જો આપને આ દસ્તાવેજ કબુલ મંજુર હોય તો સહી કરી આપો." મહારાજાએ ફોટા તરફ ડોળા રાખી રાજીખુશી ને અક્કલ હુંશિયારીથી સહી કરી દીધી. અમ્પાયરે તે દસ્તાવેજ પર સીક્કો મારી રજીસ્ટર કર્યો.

મી. ફઝલખાને કહ્યું "માઇ ફ્રેન્ડ મી. કરણદેવ ! આપણે સામસામા લડાલડી કરાવીને સૈનિકોના માથાં ભંગાવી હોસપીટાલોમાં ભીડ વધાવી દઇએ તેના કરતાં આપણે બંનેજ લડી લઇએ તો શું ખોટું ?"

"ઓહ યસ ! કબુલ છે ! આવી જાઓ મેદાનમાં !" મહારાજા કરણે સીગારેટ પીતાં પીતાંજ ડાંગ ફેરવવા માંડી. રજપુતોએ "હરહર મહાદેવ !" ની કારમી કીકીયારી પાડી. સામેથી અફઘાન સેંડો અફઝલખાને ધીમે ધીમે પેંતરા ભરવા માંડયા. મુસલમાનોએ અલ્લાહુઅકબરના નાઅરાથી મેદાન ગજાવી મુકયું. અફગાની ડાંગ વિધુતવેગે ફરવા લાગી. મહારાજા કરણ તો મીસીસ માધવને વશ કરવાની ચિંતામાંને ચિંતામાં સુકકા કાષ્ટ જેવા થઇ ગયા હતા. જેથી બાવળની ગાંઠ જેવા અફઝલખાનની ડાંગના ઝપાટાથી તેમની ડાંગ હવામાં ઉડી ગઇ. અલ્લાહુઅકબરન ધ્વનિ સહિત મુસ્લિમોએ ચંદ્રાકાર વાવટો ફરકાવ્યો અને કરણરાજ તો શરમના માર્યા મુઠીઓ વાળીને બેધ્યાનપણે દક્ષિણ દિશા તરફ નાઠા. રસ્તામાં તેમની પુત્રી દેવળદેવી મળી તે પણ પિતાની આંગળીએ વળગીને નાસવા લાગી, એ પિતા પુત્રી દોડતાં દોડતાં ચાલ્યાં જતાં હતાં પણ એવામાં બાગલાણના કિલ્લાની ઠેસ વાગવાથી ત્યાંજ બેસી પડયાં !

મી. રણધીર પાસેથી મહેલની કુંચીઓ લઇને અફઝલખાનનું સૈન્ય

"સરફરોશીકી તમન્ના અબ હમારે દિલમેં હય"

—નું સંગીત લલકારતું પાટણમાં પ્રવેશ્યું. તમામ મહેલનો ચાર્જ રણધીર પાસેથી અફઝલખાને તપાસી લીધો, માધવે પોતાની સ્ત્રીની શોધ કરી તો તે એક અંધારી ઓરડીમાં ટીંગાઇ હતી, તેણે દશ મિનીટ પહેલાંજ આત્મા હત્યા કરી હતી. કરણના હાથમાંથી ઉગરવાનો એકે રસ્તો ન જડવાથી તેની ગેરહાજરીમાં બીજા સાધનોના અભાવે તેના બૅટના

હેંડલની દોરી છોડીને તેની છ બવડ જાડી દોરડી ગુંથીને ગળામાં ભેરવી ફાંસી ખાધી હતી. માધવ પોતાની સ્ત્રીના શબને નિરખીને ચોધાર નહિ પણ પાંચધાર આંસુએ રડવા લાગ્યો. અફઝલખાંએ બહુએ મનાવ્યો છતાં તે ન માનતાં પોતાની સ્ત્રીની બળેલી રાખમાં આળોટીને તે તો ત્યાંને ત્યાંજ

બની બેઠે બાવો બાવો રે... .....

દયાળુ દેવા માધવ પરે દયા લાવો !

સુલ્તાનનો ઓડર.

અફઝલખાંએ બધી અથઇતિ ટેલીગ્રામદ્વારા અલાઉદ્દીનને જણાવી હતી. જવાબ તેનો દિલ્લીથી આવ્યો તેને ટુંકાણમાં ગુજરાતી ભાષામાં રજુ કરીએ છીએ. "તમારો તાર મળ્યો. પ્રત્યુત્તરમાં જણાવવાનું કે કરણની કમળાદેવી જો સરળતાથી સમજી શકે તો અહીં મોકલી આપશો. સમજાવવામાં દબાણ કરશો નહિ. કારણ કે હું ખુબસુરત સ્ત્રીઓને સન્માનની નજરે નિહાળનારો છું. જેમ આજકાલ ખટારાની જગ્યાએ મોટર, દેશી ચાંપવાળા જોડાની જગ્યાએ બુટ કે શુઝ, ચોબગલાંની જગ્યાએ હાફકોટ, ચલમની જગ્યાએ ચીરૂટ ઇત્યાદિ સુધારો થઇ ગયો છે તેમ જુના જર્જરિત મંદીરોને તોડી આપણી ગાંઠના ખર્ચથી મસ્જીદો બંધાવી દેશો. અપટુડેટ મંદીરોને સહિસલામત રહેવા દેશો. મારો બીજો હુકમ ન આવે ત્યાં સુધી ગુજરાતનો ચાર્જ તમારે હસ્તક રાખશો, માધવ બાવો થઇ ગયો છે તો તેને ગાંજો, ભાંગ ઇત્યાદિની આવશ્યકતા હશેજ માટે સરકારી તિજોરીમાંથી તેની વ્યવસ્થા કરી લેશો. કમળાદેવીને લેવા મ્હારી સ્પેશીઅલ ગોલ્ડનકાર તમારા તરફ રવાના કરી દીધી છે. તમારા વિજય માટે તમને **ધી ટાઇગર ઓફ ઇંડીયાનો** ઇલ્કાબ અર્પવામાં આવે છે." તાર વાંચ્યા પછી અફઝલખાન કમળાદેવીના આવાસે ગયો. સાથે કરણદેવની માનીતી ઓલી ટાઇપીસ્ટ ગર્લને પણ સાથે લઇ ગ. ો. તેણે રાણીને કહ્યું, ,મહારાણી ! થવાનું હતું તે થયું. હવે ત્મારે તમારા ભાવિનો

વિચાર કરવાનો છે. ઉદાર બાદશાહ સલામત તરફથી સંદેશો આવ્યો છે તે તેમના લઘુ બંધુએ મને કહી સંભળાવ્યો છે. જો તમારે અહીં રહેવાની ખુશી હશે તો તે નામદાર તમને વર્ષાસન બાંધી આપશે. પણ તમારા જેવી યુવાન અને સુંદર રમણીની કીંમત સુલ્તાન સારી રીતે કરી શકશે. વળી વૈભવ વિલાસ ભોગવવાના તમારા દિવસો પણ છે. કરણદેવે તમને શું સુખ આપ્યું છે? તેમણે તમારા અપૂર્વ સૌંદર્યની દરકાર ન કરતાં તમારા તરફ જે ગેરવર્તણુંક ચલાવી છે તેનો બદલો વાળવાનો આ સારો સમય છે. તેમણે તમને સંતાપવા પરસ્ત્રીને પકડી મંગાવી હતી તો તમે તેમને સંતાપવા પરપુરુષના ગૃહે કેમ ન જાઓ? એ તો જેવા સાથે તેવા થવુંજ પડે!" રાણી બગલી ટાઇપીસ્ટના ભાષણને નમતા ત્રાજવામાં બેસનારી ને હાજીહા કરનારી દાસીઓએ ટેકો પણ આપ્યો. છતાં કમળાદેવી તો મૌનજ રહી. એટલે અફઝલખાંએ બોલવું શરૂ કર્યું. "રાની સાહબા, અગર આપ દેહલી આનેકો તૈયાર હોં તો આપ જો ચાહો વોહ કરનેકો સુલ્તાનકા એક ઇશારાહી કાફી હય!" અફઝલખાં બોલી રહયો છતાં કમળા તો મુંગીજ ઉભી રહી. એટલે ટાઇપીસ્ટે કહ્યું કે "સ્ત્રીઓનું મૌનપણું એ હકારનું અર્થસુચક ચિન્હ છે!" અંતે કમળાને દિલ્હી લઇ જવા મોટર પણ આવી લાગી. અપૂર્વ બાદશાહી ઠાઠથી રઝાક બેન્ડના **"મને ભોળીને ભરમાવી રે મા કેમ કરૂં!"** ના સંગીતસાહત રાણી કમળા મને કે કમને પોતાની એક ડઝન દાસીઓ સાથે ટાઇપીસ્ટ ગર્લને લઇ મોટરમાં બેઠી. હીપહીપ હુર્રે! ના જયઘોષ સાથે મોટર દિલ્હી તરફ હંકારાઇ.

બાદશાહી ઠાઠ!

મોટરને ખાસ સોનાના પતરાથી મઢી લીધી હતી. મોટર એટલી વિશાળ અને વ્યવસ્થાથી પરીપૂર્ણ હતી કે તેમાં પત્થાર, પણીઆરૂં, અને મોરી ઉપરાંત પાણી, ચાહ, કોફી સોડા, લેમન વગેરે સ્વાદિષ્ટ પીણાનાં નળ પણ મુકેલા હતા. (આ કંઇ એરેબીયન નાઇટસ જેવી

અતીશ્યોક્તિ ન કહેવાય !) બારીઓ પર પુષ્પથી ગુંથેલા પર્દા હતા અને તેમાંથી સુગંધીદાર નિર્મળ હવા અંદર આવતી. વળી મોટર ચાલુ થતાં અત્તર ને સેંટના ફુવારા પણ ઉડતા. જો અત્તરથી કપડાં વધુ ભીંજાય તો ગાદીઓમાં વાદળીના ટુકડા અને બ્લોટીંગપેપરના ડુચા ભરેલા હતા તે તમામ ભેજ ચૂસી લેતા. કમળા તથા તેનો બધો લેડીઝ સ્ટાફ આશ્ચર્યચકિત થયો, અને જે બાદશાહની મોટર આવી છે તેનો મહેલ તથા રાજવૈભવ કેવો હશે તે વિચાર કરવા લાગ્યો. બીજે દિવસે મૉર્નિંગમાં તો દિલ્લીના ભવ્ય મહેલના પ્રવેશદ્વાર આગળ મોટર આવી લાગી. ગર્લ ગાઇડથી ટુકડીએ **"ભલે આવો પધારો મોંઘેરાં મહેમાન પ્રીતિનાં ભોજન જમાડીએ."**ના મધુર ટયુનથી સલામી આપી સ્વાગત કર્યું. ડઝનબંધ બેગમોના પુષ્પ સ્વિકારીને દિગમૂઢ જેવી દશામાં કમળા જનાનખાનમાં દાખલ થઇ. રાત્રે આતશબાઝીનો પ્રોગ્રામ હતો જે નિરખવા લાખો માણસોની મેદની જામી' હતી. સુલ્તાન મેન્શનના પાંચમાં માળની અગાશી ઉપર સુલ્તાન અલાઉદ્દીન સવ બેગમો સહિત મહેમાન કમળાદેવીને આતશબાઝી દેખાડી રહ્યા હતા. બીજે દિવસે ઘોડાની રેસ, ત્રીજે દિવસે ક્રિકેટની મેચ, ચોથે દિવસે કનકવાના પેચ, એમ દરરોજ નવા નવા પ્રોગ્રામો ગોઠવાતા, કમળાદેવીની આસપાસ એવું વાતાવરણ ઉભું કર્યું હતું કે તેને એક સેકંડ પણ વિચાર કરવાની ફુરસદજ ન મળે ! ત્રણ ઠગોએ મળીને બ્રાહ્મણના બકરાને કુતરું ઠેરવ્યું હતું. તો સેંકડો દાસીઓ અને એકાદ ડઝન સુલ્તાનાઓના ભરમાવ્યાથી કમળા જેવી એક અબળાનું મન કેમ ન ડગે ? અંતે અલાઉદ્દીનની બેગમ બનવાનું કમળાએ કબુલ્યું પણ તે એક શરતે કે પોતાની દીકરી દેવળદેવી જે કરણ સાથેજ છે તેને ગમે ત્યાંથી ગોતી કાઢવી !

અબ્લંગ ઉડયો !

બીજે દિવસે કેટલાએ ડિટેકટિવોને દેવળદેવીની શોધમાં મોકલ્યા. એક પખવાડીઆમાં તો ખબર મળી કે તે તો પોતાના પિતા સથે બાગલાણના

કિલ્લામાં છે. ખંભાતી ખોજા, ઓલ્યા મલેક કાફુર નામના એરોપ્લેન ડ્રાઇવરને બેચાર સોલ્જરો સહિત દેવળદેવીને ઉડાવી લાવવા મોકલ્યો. (કેવો હડહડતો કળિયુગ આવ્યો કે માતાજ પોતાની પુત્રિનું હરણ કરાવે છે! એમાં આશ્ચર્ય પામવા જેવું કંઇ નથી. કૃષ્ણ ભગવાને પણ પોતાની ભગિની અને ભત્રીજીનું હરણ રાજી ખુશીથી ને અકકલ હુશિયારીથી કરાવ્યું હતું!)

બીજી તરફ કરણદેવે વડી સરકારમાં અરજી કરી કે "દિલ્લીના બાદશાહ અલાઉદ્દીનના માણસોએ મારૂં મગજ અમુક કારણોથી ડામાડોળ સ્થિતિમાં હતું તેવે પ્રસંગે મારી પાસેથી ગુજરાતનું રાજ્ય લખાવી લઇ મને કાઢી મૂક્યો છે, પાછળથી "ઇંડીયન ડેઇલી મેલ"ના વધારા નં. ૧માં વાંચવામાં આવ્યું છે કે મારી રાણીને પણ તે ઉપાડી ગયો છે. તો તેનો યોગ્ય ન્યાય થવો જોઇએ." સ્ટાંપના પૈસા ન હોવાથી વગર સ્ટાંપેજ અનરજીસ્ટર અરજી રવાના કરી જેથી વડી સરકારે ન સ્વિકારતાં પરત કરી. સાથે એવો રિમાર્ક પણ કર્યો કે "દેશી રાજાઓના અંદર અંદરના ઝઘડામાં અમે પડવા માગતા નથી! છતાં તમે તમારી રાણીનું સ્ટેટમેન્ટ "ટાઇમ્સ ઓફ ઇંડીઆ" માં વાંચ્યું હશે કે તે પોતાની રાજીખુશીથી બાદશાહની બેગમ બની છે," રાજા કરણ અત્યંત નિરાશ થઇને સ્વ. પઢીઆરની "સ્વર્ગની નીસરણી" વાંચવા લાગ્યા. કારણ કે હવે બાગલાણ જેવા ઉચ્ચ પ્રદેશ પરથી નીચે પૃથ્વીપર જવા કરતાં ઉંચે સ્વર્ગમાંજ જવું સારૂં છે. એવી એમની ધારણા હતી.

મલેક કાફુર ઉડતા પલંગ (એરોપ્લેન)પર બેસીને ઉડ્યો હતો તે આવીને બાગલાણના કિલ્લા થોડે ઉંચે અબ્લંગ થોભ્યો, જે વખતે પ્રીન્સ ઑફ દેવગીરી મી. શંકરદેવ તથા પ્રીન્સેસ ઓફ ગૂજરાત મિસ દેવળદેવી ટેનીસ રમી રહ્યાં હતાં. કાફુરે લાગ સાધીને દોરડાંનો ફાંદો દેવળદેવીપર નાખ્યો અને તેને ઉપર ખેંચી લીધી. તેણે ભયથી કીકીયારી પાડી, શંકરદેવ તથા તેના બે નોકર વાંસડાવતી એરોપ્લેનને ગોદા મારવાની પેરવી કરવા લાગ્યા પણ ઉપરના માણસોએ ટોપલી ભરીને ધુળ નીચેના માણસોપર

નાખી જેથી નિરૂપાયે શંકરને આંખો ચોળવી પડી ! કાફુર સડસડાટ દિલ્હી તરફ ઉડી ગયો ! તેણે જતાં જતાં એક ચિઠ્ઠી નાખી હતી તે શંકર દેવના નોકરે કરણદેવને આપી તેમાં એટલુંજ લખ્યું હતું કે –

" ભુતકાળના ભરથાર ! વિધિનું ધાર્યું થયું છે. હું રાણી મટી હવે બેગમ બની છું. દાળ ભાતને ત્યાગી કટલેસ કવાબ ઉડાવું છું. આજે ઑલ ઈંડીયામા મ્હારી સત્તા છે. મ્હારી પુત્રિને મળવાની મ્હારી ઇચ્છા થવાથી મેં તેને તેડાવી લીધી છે. આપ નિશ્ચિંત રહેશો, કારણ કે પિતા કરતાં માતાનું હેત પુત્રિપર વિશેષ હોય છે. તમે મારી પુત્રિને પહાડો ને જંગલોમાં રખડાવી રખડાવીને દુબળી કરી નાખી હશે જેથી હું કાયદેસર તમારી પાસેથી તેનો જવાબ માગી શકું છું; છતાં હાલની તમારી દયાજનક સ્થિતિ નિરખીને જતા કરૂં છું, બસ એજ.

લી. આપની ભૂતકાળની ભામિની,
તેજ દિલ્હીની સુલ્તાના **કમળાદેવી.**"

મહારાજા કરણ ઘણાજ ક્રોધાયમાન થયા પણ શું કરે ? વિધાતાજ વેરી થયો હતો ! અંતે દેવળદેવીના ઉમેદવાર શંકરદેવે પોતાના સોલીસીટર મારફતે કમળાદેવીપર ફરીઆદ મંડાવી. બૉમ્બે હાઇકોર્ટમાં કેસ ચાલ્યો પણ દેવળદેવી યુવાન અને ઉમ્મર લાયક હોવાથી તેની મરજીપર કેસનો આધાર હતો. હવે તો તે ઝનાનખાનામાં દાખલ થઇ હોવાથી પરદો દૂર કરી કોર્ટમાં હાજર થઇ શકે એમ પણ ન હોવાથી તેણે લેખીત સ્ટેટમેંટ રજુ કર્યું. જેમાં પોતે રાજીખુશીથી (અંદરખાને પોતાની નહિ, પણ પોતાની માતાની ખુશીથી) કમળાદેવી પાસે આવી છે એમ જણાવ્યું હતું." કરણ તથા શંકરદેવને નિરાશ થવું પડયું. કરણદેવ તો ભાગ્ય દોરી જાય અને પગો ઘસડી જાય ત્યાં ચાલ્યા ગયા. કેટલાક તો કહે છે કે તેઓશ્રી લંકા તરફ સોનું શોધવા ગયા. ત્યારે બીજાઓ કહે છે કે સ્ટીમલોંચમાં બેસી જાવા તરફ ગયા તે ગયાજ

પાછા દેખાયજ નથી કારણે **"જાવે જે કો નર ગયો ન આવે મંદિર માંય !"** પણ પેલો છાપાંનો ભૂતનો મારા કાનમાં એવું કહે છે કે "આજકાલ દેશી રજવાડામાં વિચિત્ર પવન ફુંકાય છે. ઈંદોરના માજી નરેશ તુકાજીરાવ, મુમતાજના મોહમાં ગાદી ત્યાગી સન્યાસી બની અમેરીકામાંથી મીલર નામનું બુલબુલ ઉઠાવી લાવ્યા, તો કદાચ મીસીસ માધવના મોહમાં વૈરાગ ઉત્પન્ન થવાથી મહારાજા કરણ પણ પેરીસ તરફ કોઇ પુતળીને ઉડાવવા ન ગયા હોય !"

કાગડીનું હસવું ને દેડકીનો જીવ જાય !

અહીં કરણ સાગર ઉછાળા મારી રહયો હતો; ત્યારે દિલ્હીમાં શાહઝાદા ખિઝરખાં સાથે દેવળદેવીનાં લગન ધામધુમથી થયાં. વરકન્યાના જોડાને કમળાદેવીએ પીપરમીર ને ચોકલેટથી વધાવ્યું. ખુશાલીમાં સર્વે કેદીઓને છોડી મૂકયા. રોશની અને આતશબાઝી એટલી બધી સળગાવી કે કેટલીક જગ્યાએ તો બંબાવાળાઓને તકલીફ આપવી પડી ! આખા રાજ્યના બાળકો માટે મેલીન્સફુડ અને ડોંગરેનું બાલામૃત, સ્ત્રીઓ માટે પફ પાઉડર અને સેંટ લવંડર તથા પુરૂષો માટે ખાસ ઉમરકોટથી ઓવરકોટ સીવડાવવા ધાબળા મંગાવી (શિઆળાની સીઝન સારૂ) લ્હાણું કર્યું ! ટેલરોનાં આંગળાં પણ સુજી ગયાં. ત્રણ દિવસ સુધી દિલ્હીના કોઈ પણ રસોડા કે બબરચી ખાનામાંથી ધુમાડા ન કાઢવાનો ઢંઢેરો પીટાવ્યો. દરેક જ્ઞાતિ પ્રમાણે જુદા જુદા મંડપોમાં અપટુડેટ સ્ટાઇલથી ભોજનની વ્યવસ્થા કરાવી ચાહ, કોફીનાં તો તળાવો ભરાવ્યાં અને ચીરૂટ, સીગરેટનો તો આખો ડુંગર ચણાવ્યો. તે દિવસની યાદગીરી કાયમ રહે માટે આખા દેશમાંથી તેજ દિવસથી હુક્કા અને ચલમને પદભ્રષ્ટ કરી સીગરેટ. ચીરૂત્ર પીવાનું બાદશાહી ફરમાન નીકળ્યું! હુકમનો અમલ ન કરે તેને ચરોડાની જેલમાં છ માસ સુધી ખાદી વણવાની શિક્ષા ફરમાવી. (બાવા! ફેંકા ફેંકી મા કર? આ કંઇ હાતમતાઇનો કિસ્સો નથી ?) પ્રજાજનોમાં આનંદની હોળી મંડાણી ને ઠેરઠેરથી "ગૉડ સેવ: ધ કિંગ"નાં

મંગળગીતોના સૂર સંભવાવા લાગ્યા. પહેરામણીમાં કાસ્મીરની શાલો, ઢાકાનું મલમલ, અમદાવાદનો કિનખાબ અને માનચેસ્ટરનું કાપડ એટલું બધું વ્હેંચાયું કે તે કાપડના વહેપારીઓને ત્રણ માસ સુધી દુકાનો બંધ રાખવી પડી! (કેમ છોકરા! વળી પાછો વધ્યો કે? બાવાજી આપણે ક્યાં પૈસા આપવા પડે એમ છો) પણ સુલ્તાનની ત્રિજોરીનું તળીઉં દેખાવા લાગ્યું જેથી ગવર્નમેન્ટને કાગળના સિક્કા (નોટ) ચલાવવાની ભલામણ કરવી પડી! બસ હવે હોલ્ડરનું પાનું ઘસાઇ ગયું જે આટલેથીજ અટકીએ તો સારૂં નહિતર વળી પેલા સીનેમા કંપની વાળાઓ જાણી જશે, તો ફીલ્મ ઉતારવા ધમપછાડ કરશે અને રાજા કરણના કરૂણ ઇતિહાસને સ્ક્રીન પર રજુ કરી પ્રેક્ષકો પાસે અજમેરી બોર બોર જેવડાં આસું વ્હેવરાવશે. વળી રડતા હિંદીઓના આંસુ લુછનાર તો આજે કોઇ નથી! ફક્ત એક શ્રીમતિ મિસ મેયો ઇંડીયનોની લાગણી ધરાવવનાર હતાં તે પણ "મધર ઇંડીયા"નો મદદ ઉપયોગી (?) ગ્રંથ લખીને "ફાધર ઇંડીયા" સાથે ડાઇવોર્સ કરીને કોણ જાણે ક્યાં હાલ્યાં ગયાં? પીળાં છાપામાં પોતાનો પ્રાપેગન્ડા કરવા !

[૪]

પગારની તારીખ

મારૂં નામ ભુલાભઇ ભુદરભઇ. ગામના નામ સાથે તમારે કંઇ કામ નથી. મારા કિસ્મતે પ્રથમ 'એકજ ભુલ' કરી બ્રીટીશ શહેનશાહતની ઉંચામાં ઉંચી ડીગ્રી વર્નાકયુલર ફાઇનલ એકઝામીનેશન પાસ કરવાની મને પ્રેરણા કરી. હું ચોટલીએ ગાંઠો વાળી વાળીને કેટલીએ રાતના ઉજાગરા વેઠીને અંતે પાસ થયો. મને એટલો આનંદ થયો કે અલાઉદીનને પદ્મિનીનો ચહેરો આઇનામાં નિહાળતાં; બાબરને પાણીપતમાં વિજય પ્રાપ્ત થતાં કે જહાંગીરને નુરજહાંની પ્રાપ્તિ થતાં પણ તેટલો આનંદ નહીં થયો હોય !

એ આનંદ શ્રાવણ માસના વાદળની જેમ પળવારમાં વીખરાઇ ગયો. ફરફરીયું મેળવ્યા પછી એકાદ ડઝન અરજીઓ કરી ત્યારે અમારા શહેરની એક મ્યુનિસિપલ શાળામાં રૂપીઆ ૧૫ અંકે પંદર મદરાસગરા નહીં પણ મુંબઇગરાના પગારથી મારી નીમણુંક શિક્ષક તરિકે થઇ ! બસ તેજ પળથી અત્યારવેર હું દરિદ્રતામાં સબડાયા કરૂં છું. હું ચોક્કસ કહી શકું છું કે જો આર્નોલ્ડને પણ મ્હારા જેવો ઉંચો પગાર મળતો હોત તો શિક્ષકનો ધંધો આદર્શ છે ' એમ

કોઇ કાળે પણ કહેત નહીં ! એટલો બધો પગાર જો દેવલોકોના ગુરુ બ્રહસ્પતીને મળતો હોત તો તેઓશ્રી કયારનાએ રાજીનામું આપી રવાના થઇ ગયા હોત ! એ તો ધીરજ અને શાંતિના પાઠો જગતને અર્પવા ખાતરજ હું ટકી રહયો છું. બાકી દેડકાં પણ એક સ્થીતીમાં રહી શકતાં નથી તો હું મનુષ્ય અને તે પણ ભણેલો ગણેલો આદર્શ શીક્ષક તે એક સ્થિતિમાં કેમ રહી શકું ?

તમે વાંચીને ખુશી થશો કે વળી થોડા સમય થતાં તો મ્હારાં ઘરવાળાં પણ પધારેલાં છે. કલકત્તાના કલ્પિત કારાગૃહ જેવા એકજ વિશાળ હોલમાં હું રહું છું, એક ખુણે દમની બીમારીથી ખોં...ખોં...ખોં કરતી ડોસીની તુટેલી ખાટલી, બીજે ખુણે મિસીસનું રસોડું, ત્રીજે ખુણે કામ ચલાઉ હંગામી પાણીઆરું ને ચોથે ખુણે મ્હારો બીસ્તરો. આ પ્રમાણે ચાર ખુણા સાથે ચાર દિશાનું જ્ઞાન પણ સમજી લેવુ ! ઘરના મધ્ય પ્રદેશની જમીન ઘણીજ ફળદરૂપ પચુ ભેજવાળી હોવાથી તે તરફ પગ મુકવાનું તો શું પણ જોવાનું એ અમે સાહસ ન કરતાં કારણ કે ઘરનું છાજ ઇસ્ટ ઇંડીયા કંપની કરતાં પણ પ્રાચીન સમયનું વૃદ્ધ હોવાથી કમરેથી સ્હેજ વાંકુ વળી ગયું હતુ તેને લાકડીને બદલે સાગટાનો ટેકો લેવો પડયો હતો. એ બધું તો ખરું પણ વર્ષાઋતુમાં પાણી ટપકી ટપકીને એ મધ્ય પ્રદેશ મચ્છરોનો મુલક બની રહેતો. ગુજરાતના આદી કવિ નરસીંહ મહેતાની જેવી સ્થીતી હતી તે કરતાં મારી સ્થીતી કાંઇ નબળી ન હતી.

આવું સગવડવાળું ઘર હતું છતાં ભાડું ફક્ત બે રૂપીઆજ હતું, શાકભાજીને માટે તો ઠીક હતું કે કરસન કાછીઆના પોરીયાને ટયુશન આપતો તે બદલ બે ચાર દિવસના વાસી વેંગણ, બટાકા મળી આવતા, આવા મોંઘવારીના જમાનામાં હાથ ભીડમાં ન રહે એ ઉદ્દેશથી “ બે કલાકજ ટયુશન શીક્ષકોએ આપવું ” એ કાયદા સામે સવિનયભંગ કરીને હું બે કે ચાર કલાક ટયુશન આપતો પણ એ બધાંએ ટયુશનો એટલાં હાઇ કલાસ હતાં કે મહિના વેર ઓટલા પર કલાક કલાક

સુધી ધાંટા દુઃખાડી દેતો ત્યારે માંડમાંડ અર્ધો રૂપીઓ યાને આઠ આના પ્રાપ્ત થતા. તેમાંએ એક બે પૈસા તો ઘસાએલા પણ હોયજ ! પેટની વેઠતો સૌને લાગી છે એટલે કંઇ ખાધા વગર ચાલે એમ છે? હું હમેશાં કેવો ઉંચો ખોરાક લેતો તે તો મારૂં મનજ જાણે છે પણ શિક્ષકના ધંધામાં બુદ્ધિની વીશેષ ખપત રહી જેથી બુદ્ધિ ઘસાઇજ ન જાય એ ખાસ જોવાનું રહ્યું. બદામ, પીસ્તાં, ઘી, દુધ, એ બધું તો સામાન્ય જનોને આરોગવાનું રહ્યું. મ્હારા જેવા જ્ઞાનદાતાથી એવી વસ્તુઓ નજ ખવાય; તેથીજ દરરોજ એકાદ પઇસાની મગફળી ખાઇ સંતોષ માનતો અને બપોરના ગાળે એક પૈસાની સીંગલવાળી સ્પેશયલ ચાહ પીતો; તેથી મગજ જાગૃત રહેતું. સામાન્ય રીતે ચાહના સીંગલની કીંમત એક અનો હતો. પણ મહારા ગુરૂપદને માન આપીને હોટળવાળો મને એક પઇસામાંજ આપતો! દરરોજ હાજરી પુરવાની અને બાજરી ખાવાની તેથી શરીરમાં ગરમીનો સંચય વિશેષ થયો હોવાથી ઉત્તમરામ ઉંટ વઇદની ફ્રી સલાહથી શરીરમાં ગરમી ને ઠંડીનું સમતોલપણું જાળવી રાખવા દિવસમાં ત્રણ ત્રણવાર નદીમાં જઇ સ્નાન કરતો જેથી ત્રણ ઘણું પુન્ય પણ આપોઆપ પ્રાપ્ત થતું. સત્યની કસોટીએ ચઢેલા હરિશ્ચંદ્ર કરતાં મારી સ્થિતી ઉતરે એવી ન હતી. પણ એની સ્ત્રી તારામતી પોતાના ધણીના ટેકની ખાતર પરઘેર પાણી ભરવા ગઇ હતી, ત્યારે મારી મીસીસતો પરઘેર પાણી ભરવાને બદલે પરઘેરથી પાણીના એક બે ઘડા લાગ મળતાં ઉઠાવી લાવેલી, એટલો મહારાને હરિશ્ચંદ્રના ગ્રહજીવનમાં તફાવત !

મીસીસના કારણે ઘણી વખત પાડોશીઓના હુમલા અમારે સહન કરવા પડતાં. હું તો ભણેલો, ગણેલો ને સુધરેલો વળી ગુરૂ એટલે ભવિષ્યની પ્રજાનો જ્ઞાનદાતા હોવાથી ગમેતેવા ભયંકર હુમલાની સામે અખંડ શાંતિથી મૌનવ્રત્ત ધારણ કરી ટકી રહેતો; પણ મારી મીસીસ એ ભદ્રકાલીનું જીવતું જાગતું મુર્તિમંત સ્વરૂપ હતું. ભાગ્યેજ કોઇ દિવસ યુદ્ધ વગર ખાલી જતો. એમનો અમારો આખો મહોલ્લોજ

કુરૂક્ષેત્રનું મેદાન હતું કારણ કે તેમાં અહર્નિશ છુટાછવાયાં બે ત્રણ છમકલાં તો થતાંજ. ઘણી ખરી લડાઇઓ તો વસ્ત્રાલંકારોની હરિફાઇથી થતી. અલંકાર વસાવવા જેટલી તો આપણી શક્તિ ન્હોતી, પણ મીસીસના સત્યાગ્રહ અને ફરજીયાત અપવાસ પળાવવાની કળા આગળ મ્હારે વરસમાં બે ત્રણ સાડીઓ અપાવ્યા વગર ચાલતુંજ નહિ! આ પ્રમાણે મ્હારા ડાબા અંગના દબાણ ને લઇને કાપડના વેપારીઓનું વારે વારે મોઢું જોવું પડતું અને કુદરતી મારે ને લોકોને પણ મારૂં મોઢું જોવું પડતું; મારૂં મોઢું કંઇ પ્રદર્શનમાં મુકવા લાયક ખુબસુરત નહોતું, પણ કાપડના વેપારીઓ, અનાજના વેપારીઓ, હજામ, મોચી, દરજી, ઘાંચી ઇત્યાદીને તે ફરજીયાત જોવુંજ પડતું. શા માટે? તે સમજી ન શકયા હોવ તો આગળ સમજી શકશો.

આંખોનું નુર ઓછું ન થાય તે માટે ખાસ પ્રોફેસર એદલજી અડસટ્ટેની અમુલ્ય (કીંમત વગરની-ફ્રી) સલાહથી તપખીર સુંઘવી પડતી, અને તે માટે છીકણીવાળાના છોકરાને હાથ પર રાખવો પડતો. તે દરરોજ ખપજોગી તપખીર તફડાવી લાવતો. આ કંઇ અનીતિનો ધંધો ન કહેવાય; ગુરૂને બદલે ગુરૂ પત્નિની આજ્ઞા પાળવા શ્રીકૃષ્ણ લાકડાં લેવા ગયા હતા તો અહીં તો ફકત બેચાર ચપટી તપખીર લાવવાની રહી! ખરેખર એ ગુરૂભકિતનો બદલો પ્રભુના દરબારમાં મળ્યા વગર રહે જ નહીં. અમારો આદર્શ ઉંચો, જીવન સાદું ને ઉચ્ચ, ધંધો તો સાંદીપન ને વસિષ્ઠ જેવા મહાઋષિઓના જેવોજ, છતાં કેટલાક અજ્ઞાની લોકો અમને પંતુજીના હલ્કા નામે સંબોધે છે. હશે! અમે વિશાળ દિલ રાખી બધું સહન કરીએ છીએ બાકી શીક્ષકોના શ્રાપ ખાલી જતા નથી!

અરે! અમારી લાયકાતતો જુઓ, કે એટલા પગારમાં તો અમે મહેતાજી સાથે માતાજી અને મેજીસ્ટ્રેટની પણ ફરજ બજાવીએ છીએ. બાળકોને મનાવી, કલાવી, પટાવી વિદ્યાદાન આપવામાં માતાની મમતા રાખવી પડે છે; પણ............

" જુઓ સાહેબ છગનીઓ મ્હારા કાનમાં પેન ખોસે છે. "

" નાજી, એણે મને પહેલો મુક્કો માર્યો ! "

" માસ્તર સાબ ! આ પેસતનજી મને પપ્પો પપ્પો કહીને ખીજવે છે ! "

" અરે ! નહીંરે સાહેબ ! ઉલ્તા એવન બધા કાગરો કાગરો કહીને સતાવેચ ! " આ પ્રમાણેની અનેક ફરીઆદો આવે તેના ચુકાદા આપવાના. જરા કોઇ છોકરાને એકાદ બે તમાચા વાગી જાય તો તેના વાલીઓ અમને કોરટ સુધી ધસડી જવાની ધમકી આપે, વળી કેટલાંક સેદ્‌ગૃહસ્થ માબાપોની દમદાટીએ સહન કરવી પડે તે જુદી.

" માસ્તર ! તમે તે છોકરાં ભણાવો છો કે ડોબાં ચારો છો ? આ જુઓને મહારા ચમનીયાનું નાક કોઇ છોકરાએ ખેંચ્યું છે તે બિચારાને આઠ દિવસથી સળેખમ થઈ ગયું છે. તમે તે છોકરાઓ ઉપર દેખરેખ રાખો છો કે ઉંઘો છો ? " આવા એકાદ સદ્‌ગૃહસ્થને ભાઇબાપા કરી વિદાય કરીએ એટલામાં વળી કોઇ બોલકણી બાઇ બોલતી બોલતી જ આવી પડે કે,

" મેતાજી ! ના હોય તો અમારું ઘર લુંટી જાઓ ! આ ગયા હોમવારે તો મ્હારા ચમનીયાના બાપાએ ફીનાં પઇસા આઇપાતા ને પાછો એ કેવા પઈસા લેવા આયવો છે ? તમારે તે છોકરો ભણાવવો છે કે આમ ફીનું ઉઘરાણું જ કર્યા કરવું છે ! "

" અરે ! ભલી બાઈ પણ જરા પુછ્યા ગાછ્યા વગર જ શું ગુસ્સે થઇ જાઓ છો ? ગયા સોમવારે તો ફક્ત જાન્યુઆરીની ફીના પૈસા આપ્યા પણ હજુ તો ફેબરવારી, માર્ચ ને એપ્રીલના પૈસા તો બાકી છે ! "

" એ તમારું એપ્રેલ ને કોપરેલ ચુલામાં જાય ! માહરે તો છોકરાને ભણાંવવો જ નથી ! ભણી ભણીને હું ધાર મારવાનો છે ? આ પેલો રતન ડોહીનો મગનો અંગરેજી ભણી ભણીને થાકી ગીયો ત્યારે વીહ રૂપરડી કમાતો થીયો ! એ...એમોંને હું હક્કરવાર થીયો ? એ

કરતાં તો અમારા ચમનીઆના બાપા અભણ અભણ તોએ ઓંક ફરકના સટ્ટામાં રોજ ચાર પોંચ રૂપિયા કમાઇ લાવેચ !" લ્યો, અવાં વાદળો તો દીનમાં દસ વાર ચઢી આવે ! તેનું કરવું શું ?

નિશાળના કજીયા ચુકવવા મેજીસ્ટ્રેટ બનવું પડે. પણ તે ઓનરરી અને થર્ડ કલાસના જ. કારણ કે જરા વધારે સખ્તાઇ કરીએ તો કોઇ વખતે રસ્તે ચાલતાં અટકચાળા વિદ્યાર્થીઓના સપાટમાં આવી જવાનો પ્રસંગ પડે.

"ગુરૂને બાપ સમા ગણો મળશે સારૂં જ્ઞાન" એ પંક્તિ હવે ખોટી પડે છે. ગુરૂને બાપ સમાન ગણવાને બદલે બળદ સમાન ગણવામાં આવે છે. બળદ આંખો સામે હોય તો તેના શીંગડાંનો ડર રહે છે, પણ બળદ આગળ હોય તો તેને સૌ કોઇ પરોણીની આર ઘોંચી શકે તેમ મહેતાજીની રૂબરૂ વિદ્યાર્થીઓ ભય પામે છે પણ નિશાળેથી છુટયા પછી ધ્યાન પ્રમાણે વર્તે છે.

આટલું છતાં વરસ દહાડા સુધી મહેનત કરી કરીને ખુંધા થઇ જઇએ ત્યારે એકાદ સાહેબ પરીક્ષા કરવા આવી જાય છે, ને બાર માસની મહેનતને બેત્રણ કલાકમાં પારખી શકે છે. જો સાહેબને ચાહપાણી કરવામાં ખામી આવી કે અમારા કામમાં ખામી સમજી જ લેવાની.

"દફતરની સ્થિતિ સારી નથી, છોકરાઓ વિવેક શું તે સમજતા જ નથી, શિક્ષક ઉદ્ધત છે, કેમ જવાબો આપવા તેનું પણ ભાન નથી, શિક્ષક નિરૂત્સાહિ છે. શિક્ષક ભણાવવાને બદલે આખું વરસ ઉંઘી રહ્યા હોય તેમ ભાસ થાય છે. ભુગોળ કઇ બલાનું નામ છે તે સુદ્ધાં કોઇ વિદ્યાર્થી જાણતો નથી ! ઇતિહાસ તો અડસટે જ ભણાવ્યો હોય એમ લાગે છે. વાંચનમાં તો જાણે વઢવાડ થતી હોય એમ સ્પષ્ટ જણાય છે ત્યારે વ્યાકરણ તો વસુકી જ ગયું છે." એવો ગુડ રીમાર્ક મળી જ જાય !

પણ જો સાહેબને ફુલડીનર [illegible] હાજી હા કરીએ; તો—

"શિક્ષક ઘણા જ ચપળ છે, કલાસનું કામ ઘણું જ સંતોષકારક

છે. વિનય અને વિવેક શી વસ્તુ છે તે વિદ્યાર્થીઓ બરાબર સમજી શકે છે. વ્યવસ્થા અને સ્વચ્છતા સારી છે. દફ્તરની અને નિશાળની સ્થિતિ સારી છે, પણ અતિશય શ્રમથી શિક્ષકની સ્થિતિ નબળી થઇ ગઇ છે. શિક્ષકને આરામની ખાસ જરૂર છે." એવું એવું લખાણુ લખાય.

જેમ સુર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ વર્ષમાં એક બેવાર થાય છે તેમ અમારી તપાસણીઓ એક બેવાર થાય છે. ઉડતી મુલાકાતો તો અનેકવાર લેવાય છે. જે સાહેબ પધારે તે અમને સુધારવા કંઇને કંઇ લખી જ જાય. તેમાં કેટલાક સાહેબો તો ભરૂચી ભાંગળ જેટલું જ જ્ઞાન ધરાવતા હોય છે છતાં તે અમારા સાહેબ એટલે એમનું લખેલું તે અમારે શિરોમાન્ય રાખવું જ પડે! પછી ભલેને—

"નિશાળનો કામ ઠીક છે. પરીક્ષાનો પેપર સારા અગીઆર વાગે ખોલોને છોકરાઓને ગણિત લખાવી દીધો. આખા નિસાલમાં પાંચમી ચોપરીનો પહેલા નંબરનો છોકરી ઘનોજ હુંસીઆર છે તે છોકરી ભરત ગુંઠનનો કામ ઘનો સારો જાને છે" આ પ્રમાણે જાતી વચનને ગીરો મુકી વાકય રચનાને અધ્ધર ઉડાવી દઈ અમને સુધરવાની તક આપે પછી અમે કેમ ન સુધરીએ?

વળી કોઇ મીસ્રના ભુંગળા જેવા ઢંગા મગજવાળા વીઝીટર આવે તો અમને દમ પણ ભરાવે.

"સ્કુલની મેનેજમેન્ટ સારી નથી ઘના પોરીયાઓની નાખમાંથી લીંત તપકયા કરેચ તે પર માસ્તરે ખાસ દેખરેખ રાખવી જોઇએ. ઘણાં પોરીયાઓ ઇજાર પેનીયા વગર નાગાં નાગાં નીસાલમાં આવેચ તેમને ખાસ નોતીસ દેવી જોઇએ. માસ્તરજી ઉઘારપગા તો પછી પોરીયાંઓ ઉઘારપગાં કેમ ન હોય? બે મહીનાની હજામત વધી જવાથી માસ્તર જોગી બાવા જેવા દેખાયચ! માસ્તરને તંબાકુ ને ચુનો ફાંકવાની ઘનીજ ગોજરી આદત પરીચ! બાવા આય કુતેવો કાંઇ સારી નઇ મલે. તમારે સુધરવું હોય તો સુધરી જાઓ નહી તો

બીજા માસ્તરની એંગેજમેંટ અમારે દલગીરી સાથે કરવી પરસે! અમારા પોરીયાંને બગાલવાં નહીં પન સુધારવાજ અમે નીસાલમાં મુકીએચ.” આવી આવી ધમકીઓ વાંચી વાંચી અને સાંભળી સાંભળીને અમે પણ રીઢા થઇ ગયા છીએ, દુનીઆમાં કોઇ વધારેમાં વધારે ધીરજવાળું પ્રાણી હોય તો તે એકજ પંતજી છે!

“જુઓ જ્યારે બીજાં ખાતાંઓ પહેલી બીજી કે ત્રીજી તારીખ સુધીમાં પગાર ચુક્વી દે છે ત્યારે અમારે ત્યાં પગાર મોડો ચુકવવાની હરીફાઇ ચાલે છે. મહીનાના પહેલા અઠવાડીયામાંતો બધેજ પગાર અપાય છે; પણ છેલ્લા અઠવાડીયામાં આપવો એજ ખરી ખુબી કહેવાય! ઉંટ જેવાં ઉંચા ડોકાં કરી કરીને ડોળા તાણી તાણીને થાકી જઇએ ત્યારે કોઇ શુભ સંધ્યાએ મી. પટાવાળા પગાર આપી જાય.

“બસ તે દિવસના આનંદની વાતજ ન પુછો, નાદીરશાને દિલ્હી લૂટતાં, કે શિવાજીને સુરત લૂટતાં જે આનંદ નહીં મળ્યો હોય તેવો અરે તેથી દસ ઘણો આનંદ અમને પગાર મળતાં પ્રાપ્ત થતો પણ એમનું સત્યાનાશ જાય પેલો ચંદુલાલ ચોખાવાળો, ગબલો ઘાંચી, લલ્લુ લાકડાવાળો, અરદેસર અફીણવાળો નિશાળમાંથી ડોકું બહાર કાડતાંજ આવીને યમરાજ પ્રમાણે ઉભા છેજ? તેમને કિવીનાઇન ખાધી હો તેવું ડાચું કરીને કહીએ કે,

“શેઠીઆ, આ મહીને હાથ ઘણો ભીડમાં છે જરા દસ દિવસ નભાવી લો તો મહેરબાની. ત્યારે દુંદપર હાથ ફેરવતા શ્રીયુત ચંદુલાલ ચમકી ઉઠે કે,

“શું મારાભાઇ તમને આબરૂદાર મનીખ ધારીને અનાજ ધીરયું તો આખરે આવો નાગો જવાબ આપો છો? અમારે વ્હેપારીઓનું વ્યાજ ચઢે છે કે નહી? આજેતો ગાંઠના ગોપીચંદ કરવાનો વારો આવ્યો છે. રૂપીઆનો માલ બાર આનામાં દઇએ ને વળી તમારા જેવા કેળવાએલા માણસ આવો જવાબ આપે તો પછી અમારે તો દેવાળુંજ ફુકવું પડે ને!” તેમને ફુલ નહીં તો ફુલની પાંખડી આપીને વિદાય કરીએ કે ગબાભાઇ બોલી ઉઠે,



" અપટુડેટ ફેરણગેલો " પાનું ૪૩

કયા ઉસકી પોલિટિકલ કારરવાઇકી તઅરીફ ખુદ " ટાઇમ્સ ઓફ ઇંડીયા " ને કી હે વોહી.. .. ..

" મેતાજી સાબ, તલનો ભાવ ચઢી ગયો છે, તે મારાથી તો એક પળવાર પણ થોભાય એમ નથી. લોકોને તો હાથ ભીડમાં હોય છે પણ મારે તો હાથ અને પગ પણ ભીડમાં છે. પૈઇસા પુરીને જોઇએ તેટલો માલ લઇ જજો." એના નામપર થોડીક ધુળ વાળીએ કે વળી ત્રીજો વળગે. એમ નિશાળેથી ઘેર જઇએ ત્યાં સુધીમાંતો એકાદ ડઝન માગણીયાતો અમારી પાસે આવી જાય. તેમને છુટા હાથે દાન કરીએ. અમે ઘડી પહેલાંના હાતમતાઇ ઘરમાં જઇને ખીસ્સાં તપાસીએ તો માંડમાંડ બે ત્રણ રૂપરડી બાકી દેખાય! તેમાંતો મીસીસનું નવિન માસિક બજેટ રજુ થાય, અને ઘર ભાડું તો બાકીજ રહી જાય, છતાં પેલો મુળીઓ મોચી તો બે વરસ થયાં ધકકા ખાય; તેને તો બિચારાને ભાઇબાપા કરી મનાવી લેવાય પણ પેલો ભગલો તો કેમેય કરીને જાય નહીં તેનું શું કરીએ?

" ભગલા, દોસ્ત ફરીથી લડાઇ જાગશે ને મને વૉર એલાવન્સ મળશે તો તારાં હજામતનાં ચડેલાં નાણાં સામટાં ચુકવી દઇશ " એમ ભવિષ્યની આશામાં ભગલાને ભટકાવીએ. એટલામાં હોટલવાળાનો માણસ આવી લાગે.

" માસ્તર છાબ! પઇસા કેમ નહિ દેનો. શેઠ તો તારાપર ભારે ગભરાઇ ગેઇલોચ! તારો પગાર થેઇલોચ ને તું તો તરયણ મહીનાથી ઉધાર રેઇલોચ!" એ આર્ય વિશ્રાંતિ ગૃહના એક વચન બોલવાનેજ જન્મેલા અનાર્ય નોકરને ઘણુંએ સમજાવીએ પણ ટળે નહી; તયારે જાતે જઇને હોટલના શેઠને કાલાવાલા કરવા પડે.

" શેઠ અમારી નવી સ્કીમ ધારાસભામાં રજુ થઇ છે. પાસ થઇ જાય અને ગવર્નર સાહેબની સહી થઈ જાય કે આપણને બસો રૂપીઆ કલદાર મળી જશે " પછી તમારૂં જે કંઇ હોય તે ચુકવી લેજો, " આ પ્રમાણે તેમને પણ માંડ માંડ શાંત પાડીએ ત્યાં તો ડોસી રામશરણ થાય. એક તરફ માતાના મૃત્યુનો શોક, બીજી તરફ

સ્મશાનનો સામાન લાવવાની ચીંતા. હાજરી એલાવન્સ મળવાને વાયદે કેટલાએ કાલાવાલા કરીયે ત્યારે કોઇ કંઇ મદદ કરે તો સ્મશાનનો સામાન આવતાં ડોસી આગ ભેળી થાય ! ત્યાં તો દુરના સગાંઓ બારમું જમાડવાનો આગ્રહ કરતાં તોડી ખાય અને મ્હારી ખાસ સગી ઘરવાળી તે પણ **"બારમામાં તો લાડુની નાત કરવીજ પડશે."** એ લવારો પકડી બેસે, ત્યારે હવે મારે કરવું શું ?

છેલ્લો એજ ઉપાય કે આપઘાત કરવો. ભલે નરકમાં જવાય ! આ જીવતા જીવત નરક કરતાં તે નરક સારૂંજ હશે ! મારા જેવા હજારો દુઃખીયા જીવો આત્મહત્યા કરી સંસાર ચક્રમાંથી છુટા થાય છે તો આપણે પણ થવું. વહાલા વાંચક આ દેહ ક્ષણભંગુર છે ! અંતે સર્વને જવાનું તો છેજ પછી આવા કટોકટીના પ્રસંગે જલ્દી કેમ ન મરવું ? કારણ કે પ્રભુના દરબારમાં પણ "વહેલો તે પહેલો !" એ નિયમ હોવોજ જોઇએ. મારા જેવા દુઃખી શિક્ષક બંધુઓને દિલાસા માટે મારી જીવન કથની એક ઇન્સાનને છાપામાં પ્રગટ કરવા સોંપી જાઉં છું ! જો હવે કાલના એ ઘડી મોજમાં **"એક શિક્ષકે કરેલો આપઘાત"** એવું કંઇ વાંચવામાં આવે તો આશ્ચર્ય પામીશ નહીં. અમારા જેવાને માટે તો આ એકજ માર્ગ ખુલ્લો હોવાથી તે રસ્તેજ કિવક માર્ચ કરવી ઠીક પડશે ! દુનીયાં જેને અઘરૂં માને છે તે કામ હવે મારે માટે સહેલુંજ છે.

"જીવનકા તજના સ્હેલ નહીં યેહ કામ હય હીંમત વાલેકા;
એક ઘુંટહી પીના મુશ્કીલ હય, ઇસ ઝહરકે કડવે પયાલેકા."

બસ હવે તો "હું જાઉં છું. હું જાઉં છું, ત્યાં આવશો સવે કોઇ."

તમેજ કહોને ? કે એક નહીં તો બીજે રસ્તે પણ આવ્યા વગર છુટકોજ ક્યાં છે.

[૫]

આવી અને ગઈ!

[પોતાની અક્કલનો જરાએ ઉપયોગ ન કરતાં બીજાની બુદ્ધિ પર ભરોસો રાખનાર અજ્ઞાન આત્માઓને માટે.]

ઉપરોક્ત હેડીંગથી શ્રંગાર રસના રસીયા સમજશે કે કોઇ અભિસારિકા પોતાના પ્રણયિને મળવા આવી અને તે મળવાથી સફળ યા નમળવાથી નિષ્ફળ ગઇ! આળસુ પેસેન્જર સમજશે કે ટ્રેન સ્ટેશન પર આવી અને ચાલી ગઇ! શ્રાવણ માસમાં છત્રી વગરના પથિકો સમજશે કે જળ ભરેલી વાદળી ચઢી આવી પણ સારૂ થયું કે વરસ્યા વગર ચાલી ગઈ! ડોકટર વૈદ્ય અને હકીમો સમજશે કે પલેગની બીમારી આવી; પણ ઘણુંજ ખરાબ થયું કે ઝાઝીવાર ટકયા વગર એકાએક ચાલી ગઇ! ભોળાશંકર ભુદેવે લાડુ સ્વાહા કરવા મોઢુ પહોળુ કર્યું એવામાં એક માંખી વિશ્રાંતિગૃહ સમજીને આવી; પણ મહારાજની આકુળ વ્યાકુળતાથી તરત પેટમાં ચાલી ગઇ! (છતાં આશ્ચર્યની વાત એ કે ઉલ્ટી કેમ ન થઇ?) ઉંદરને પકડવા બિલાડી આવી! પણ ઉંદર મામા દરમાં પેસી જવાથી નિરાશ થઇ ને નાસી ગઈ! વૃદધો કહેશે કે જુવાની આવી અને ચાર દિવસમાં

ચાલી ગઈ! અસહકારીઓ કહેશે કે સ્વરાજની ચાવી એકાએક હાથમાં આવી; પણ રેંટીઓ ન ફેરવવાથી બારડોલીને રસ્તે બરોબર ચાલી ગઇ !

ખિસ્સા કાતરૂઓ કહેશે કે મીરઠની દેશી કાતરને પ્રતાપે ખાસી દસદસની નોટોના એક થોકડી હાથ આવી, પણ પોલિસના પંઝામાં સપડાવાથી ઝાંઝર પહેરાવીને ચાલી ગઈ! શરાબીઓ કહેશે કે [પ્રાઇવેટમાં પબ્લીકમાં નહિ !] બ્રાંડી અને વાઇનની બાટલીઓ વિલાયતથી વી. પી. થઇને આવી અને પાપી થઇને પેટમાં ચલી ગઇ ! છાપાના રિપોર્ટરો કહેશે કે સરીયામ રોડ પર ભોંભોં કરતી ભડકેલી ભેંસ જેવી કાળીકાર [મોટર] આવી અને બિચારાં કુતરાં, બકરાંને કચરીને ચાલી ગઈ! [પણ જીવ દયા મંડળી કહેશે કે તેના પર ફરિઆદ કેમ ન થઇ] સટોડીયા કહેશે કે દોલત એક હાથમાં આવી, અને કમભાગ્યે બીજા હાથે ચાલી ગઈ !

પેલા ડર્બીની લોટરીમાં આશા રાખનાર અનંત આશાવાદીઓ કહેશે કે લક્ષ્મી ચાંલ્લો કરવા આવી પણ કપાળ ધોવા જવાની મુંર્ખાઇ કરવાથી એક નંબરને લીધે ચાલી ગઈ ! ખાનદેશના પોઠીયાંવાળા વણજારા અને રજપુતાનાના ઉંટોવાળા કહેશે કે રેલ આવી અને અમારી રોજી ટળી ગઈ ! પંડિત પુરાણીઓ કહેશે કે હૅટ આવી ને પાઘડી ગઈ! નેકટાઇ 'આવી'ને જનોઇ ગઈ! ઇતિહાસકારો કહેશે કે અંગ્રેજી સરકાર 'આવી' ને પેશવાઇ પલટાઇ અને મોગલાઇ મટી 'ગઇ !' ભાવિક ભક્તો ભરમાશે કે ભજનીયાં લલકારવાથી સ્વર્ગની સીડી હાથ આવી પણ તંબુરાનો તાર તુટવાથી હાથમાંથી ગઈ! વિદ્યાર્થીઓ સમજશે કે ઇન્સપેકટરની સ્વારી જ્યાં નિશાળમાં આવી કે બપોરના ગાળે વામકુક્ષી (ઉંઘ) કરવાની મહેતાજીની ટેવી ઉડી ગઈ પણ જ્યાં પારક્ષકના ગળામાં કેક સહિત 'ટુ-કપ-ટી' રેડવામાં 'આવી' કે વેરી ગુડ રિમાર્ક મળી 'ગઇ !' સમજુ શાનમાં સમજી લેશે કે રેંજી પેજી મારવાડીની આંટી ઘુંટી વાળી પાઘડી જ્યાં જોવામાં 'આવી' કે

પહેલવાન કરજદારની પણ ધોતલી ઢીલી થઇ 'ગઇ !' કુંભારને ડીકણુાની યાદી 'આવી' કે ગર્ધવ રાજની સુસ્તી પલાયન થઇ 'ગઇ !' ડાયરની ગોળી 'આવી' ને કુંભકરણ હિંદીઓની નીંદ્રા ગઇ પણ યમરાજ કહેશે કે મારી સ્વારી આવી ને ડાયરની સ્વારી ન છુટકે પરલોક 'ગઇ !'

'મેનકા' કહેશે કે હું પૃથ્વી પર 'આવી' ને વિશ્વામિત્રની સમાધી હવાઇ 'ગઇ !' 'મિસીસ રોબીનસન' કહેશે કે હું મી. એ.ની [કાશ્મીર નરેશ હરીસીંગની] નજરમાં 'આવી' ને પીસતાળીસ લાખની 'ચેક' બેંકમાં 'ગઇ !' મુમતાજ કહેશે કે મારી કાળા ભમર ત્યાં તુકારાવના જોવામાં 'આવી' કે તેની ગાદી 'ગઈ' [ગાદી તો ત્યાંની ત્યાંજ છે પણ તુકારાવ ગયા...] બાવલાના જોવામાં 'આવી' તો તેની જાન 'ગઇ !' [બિચારા કેટલાકોને તો ફાંસી થઇ, છતાં હું તો તેવી ને તેવીજ રહી !]

એમ જેના ધ્યાનમાં આવશે તેમ 'આવી' ને 'ગઇ'નું પિષ્ટ પેશણ કરશે; પણ અંદરનો ભેદ તો અલ્લાહ મીયાં જાણે છે. જેમ "બાંધી મુઠી લાખની છે કે ખાકની" તે ઉઘાડયા વગર જણાતું નથી, કોઇના પત્રમાં શું લખ્યું છે તે કવર ફોડયા વગર જણાતું નથી ! જમીનમાં પાણી ખારૂં છે કે મીઠું તે કુવો ખોદયા વગર જણાતું નથી ! પુત્રનું લક્ષણ ઘોડીઆ વિના જણાતૂં નથી ! ડુંગરમાં સાંપ ભરાયો છે કે ઉંદર તે ખણ્યા વગર જણાતૂં નથી ! ટેલીફોનમાં નંબર જોડયા વગર કયાં અને કોણ વાત કરે છે તે જણાતું નથી. બુરખામાં બૈરૂં છે કે માટીડો તે કળાતૂં નથી ! અંગ્રેજી આચારમાં વિચારનાર હિંદી હિંદુ છે, કે મુસલમાન છે, પારસી છે કે ખ્રીસ્તી તે જણાતું નથી ! દેશી મડમના મોઢાનું ચામડું ગોરૂં છે કે કાળું તે પાઉડરના લેપડામાં પરખાતું નથી! કિલનશેવને લીધે પુરૂષ છે કે પાવૈયા તે પરખાતું નથી ! ઘીને આધારે વાસણ છે કે વાસણના આધારે ઘી છે તે પ્રયોગ કર્યા વગર સમજાતું નથી. સામો માણસ સાધૂ છે કે શેતાન તે અનુભવ્યા

વગર જણાતું નથી! ચોરની બુમ ઉત્તર દિશાએ પડે ત્યારે દક્ષિણ દિશાએ પૂરપાટ દોડયા વગર પોલિસની હીંમત કેટલી છે તે સમજાતું નથી.

સાબુનો ટુકડો છે કે મેસુરનો કટકો? સાકર છે કે ફટકડી? દુધ છે કે છાસ તે જીભ પર મુકયા વગર સમજાતું નથી! મોટી મોટી મીટીંગોમાં વાદવિવાદ ગરમ સ્વરૂપ ધારણ કરે ત્યારે તે મીટીંગ છે કે માછીવાડો તે પ્રમુખને સમજાતું નથી! મુછાળા મરદોની કચેરીઓમાં બૈરીઓ બેરીસ્ટર બનીને ઉભી રહે, ત્યારે તેમની બુદ્ધિ પગની પાનીએ છે કે બુટની એડીએ તે સમજાતું નથી! શકુંતલાના શ્રૃંગારિક શ્લોકો પ્રોફેસર સમજાવતા હોય, ત્યારે પુરૂષ સ્ટુડંટોનું ધ્યાન લેડીઝ સ્ટુડંટસ તરફ હોય છે કે પ્રોફેસરનાં વ્યાખ્યાન તરફ તે ઉપલક નજરે સમજાતું નથી! ખવાસનો ડમાક દેખીને તે રાજા છે કે ખવાસ એ અજાણ્યાને સમજાતું નથી; તેમ આપણા અંતરમાં, મનમાં કે દિલમાં હોળી છે કે દિવાળી? ઇદ છે કે મહુર્રમ? પતેતી છે નાતાલ; તે બીજી વ્યક્તિ આગળ ખોલ્યા વગર સમજાતું નથી.

ટુંકાણમાં પતાવવાનું કે "માથા કરતાં પાઘડું મોટું થયું" ગધેડા કરતાં પુછડું લાંબુ થયું. "પુસ્તક કરતાં પ્રસ્તાવની મોટી થઇ!" તો હવે ચાલો ભુલ્યા ત્યાંથી ફરીથી ગણીએ. જાણે **મુદ્દાની વાત આમ છે...**

કે અમારી પાડોશમાં રહેતા પેલા જગ મશહુર નહિ પણ ગ્રામ મશહુર એટલે કે અમારા ગામમાં જાણીતા થયેલા **ભોળાશંકર ભટ્ટને** તો ઓળખો છો ને?

પેલા પકવાન પરીષદ ભરનાર ભોળાશંકર આ નહિ? એમ તો એક નામ રાશી ઘણાં મનુષ્યો હોય છે. એક દાદાભાઇ નવરોજી હિંદના દાદા હતા ત્યારે બીજા દાદાભાઇ નવસારીમાં તાડીનું પીઠું કાઢીને બેઠા છે.

જાણે એ ભોળાશંકર ભટે ભિક્ષાવૃતિથી ઘરના ભોંય તળીયામાં કાંકરે કાંકરે " ચકા ચકા છન્ના છન્ન "ની પાળ બાંધી હતી. હાતમ

તાઇની વિરૂદ્ધ પ્રકૃતિનાકએ ભોળાશંકર ભટ્ટ નાણું એકઠાં કરવાનુંજ જાણતા હતા, તેનો વ્યય કરવાનું તો હજુ શિખ્યાજ ન્હોતા ! એ ભોળા ભટ્ટ ચાલીસ વરસની વયના હતા; છતાં બાળ બ્રહ્મચારીજ હતા. એવણ પોતે કૃપણતાની પ્રાચીન પુરાણી ડીગ્રી મેળવવામાં પ્રથમ નંબરે પાસ થએલા હોવાથી કોઇ પણ દયાળુ દીકરી વાળાએ એ વાંઢા પર દયા આણી ન્હોતી ! આવી પાકટ વયે પણ ભોળાભટ્ટ ગૃહસ્થા શ્રમમાં પડવા ફેડે પછેડી બાંધીને તૈયારજ હતા. એ લગનના ઉમેદવારે ધર્મ પત્નિ મેળવવાની ધગશમાં અનેક રાત્રિઓ ઉજાગરામાંજ વીતાડી હતી, જેથી એમની જમણી આંખ આવી હતી.

આ લેખના હેડીંગમાં આવી અને ગઇ એ બે શબ્દો લખ્યા છે, તમાં પ્રથમ શબ્દ 'આવી' તે ખાસ ભોળાભટની જમણી આંખ ! એજ મુદ્દો દર્શાવવાનો હતો. હવે બીજો શબ્દ 'ગઇ' તે શી રીતે ગઇ ? એ તો આગળ ડોળા લંબાવશો તો આપો આપ રોશન થશે.

ભોળાભટ્ટ સ્વભાવે શંભુ ભોળાનાથ જેવાજ હતા. ફેર માત્ર એટલોજ કે શંભુને બે પત્નિઓ હતી ત્યારે ભોળાભટ બાળ કુંવારાજ હતા. શંભુને દાઢી ઉપરાંત શીશ ઉપર મોટી જટા હતી. તથા કોટે સાપ વીટાડયો હતો; ત્યારે ભોળા ભટની દાઢીએ બે મહીનાની હજામત વધી જવાથી બ્રશ જેવા ખુંપરા વધી ગયા હતા. મસ્તકે દેવશંકર' ની બનાવેલી નહિ પણ ભગલાની બનાવેલી 'ધારી' હતી. તે ધારીને સાચવી રાખવા ડબ્બાસાઇ અમદાવાદી પાઘડી--ધારણ કરી હતી. ગળામાં સાપની જગ્યાએ મેલા રંગનો ખેસ હતો. સ્વભાવમાં ખાસ સામ્ય એ હતું કે શંભુને ગાંજા ભાંગનો શોખ હતો, તેમ ભોળાભટ પણ પીરના તકીયામાં જઇ મુજાવર પાસે બેસી ચલમ ચઢાવતા છતાં 'અભડઇ' ન જતા. પણ અબોટીયું પહેરીને કોઇ યજમાનને ત્યાં ચઢાઇ કરી જતા હોય ને રસ્તામાં કોઈ મુસલમાન અડકી પડે ત્યારે.

"હરિ ! હરિ ! શિવ ! શિવ ! અપવિત્ર । અભડઇ ગીયો ?" કહી ફરીથી આખલા જેવા મોટા શરીર ઉપર ફક્ત એક બે લોટા પાણી

રેડી સ્નાન કર્યું એમ સમજીને પવિત્ર બની જતા, ભાંગ પણ ગોસાંઇઓ પાસેથી મફત મળી આવતી. ચાલો, **આ વાત તો આટલેથી રહી, ને જમણી આંખની શી ગત થઈ?**

એમના અંતરમાં સગામાં એકલો ચમનીયોજ હતો. અમારી શાળામાં ઠોઠ નિશાળીઆ તરીકે બધા એને ઓળખતા. ચમનીયાને અને મારે નિશાળમાંથી દોસ્તી બંધાઇ હતી; તે અત્યાર વેર ટકી રહી છે. ભોળા ભટ આ જગતમાં જો કે કોઇનો વિશ્વાસ કરે તો તે એકલા ચમનીયાનોજ. એટલે ગમે તે કાર્યમાં ચમનીયાની સલાહ તો એવણ લેજ. ચમનીયા વગર એમને ચાલીજ ન શકે. જેમ કુંભારને ગધેડા વગર ન ચાલે તેમ. મતલબ કે ચમનીયો ભોળા ભટનો મુખ્ય પ્રધાન હતો. આંખનો ઉપાય કરાવવા પણ મદદનીશ તરીકે ચમનીયો સાથેજ હતો. એટલે આંખના ઉપચાર શી રીતે કર્યા? તેનું રસીલુ દાસ્તાન ચમનીયાના મોઢેથીજ સાંભળીને અત્રે રજુ કરીએ છીએ.

કોઇ અશુભ ચોઘડીએ અવતારના દિવસે ભોળા ભટની જમણી આંખમાં બળતરા થવા લાગી. આંખમાં કાંઇ કસ્તર પડયું હશે એમ જાણીને ખુબ ચોળી. અસારીઓ ભભરાવી પણ થોડાક પાણી સિવાય બીજું કંઇ ન નીકળ્યું. બીજા દિવસે તો આંખે વગર છોલેલી કાચી બદામ જેવું રૂપ ધારણ કર્યું. હવે ભોળા ભટને પણ ચીંતા થવા લાગી કે. વખતે ન કરે નારાયણ ને આંખ સદાને માટે ચાલી જાય, તો એક આંખના ધણીને કન્યા કોણ આપે?"

બસ યજમાનોના ગોળ ઘીથી મજબુત બનેલા એમના ફળદ્રુપ ભેજામાંથી ઉપરોક્ત વીચારોનો ફણગો ફુટી નીકળ્યો. કોઇ પણ ભોગે આંખની દવા કરવાનો નિશ્ચય કર્યો. ગામમાં ઉત્તમરામ કરીને એક ઉંટ વૈદ હતો તેની પાસે દોડી ગયા. ઉત્તમરામે જાણ્યું કે,

"મફતીયું ઘરાક મળ્યું છે માટે ફોકટની દવાથીજ આરામ થવાની સુચના આપવી ઠીક છે."

તેમ ભોળા ભટને સાકર જેવા મીઠા સ્વરે કહ્યું—

"મહારાજ ! એમાં ગભરાવા જેવું કંઇ નથી જરા એકાદ પૈસાની ફટકડી લઇને તેની ભુકી આંખમાં ભભરાવશો કે તરતજ ફાયદો થશે."

ભોળા ભટ તો સીધા ગાંધીની દુકાને ગયા અને એક ફટકડીનો ગાંગડો માગી લીધો. કારણ કે તે એમનો યજમાન હતો. ફટકડીની ભુકીથી પણ આરામ ન થયો.

ગુરૂ ગોકળદાસ વાંકા વાંકા લાકડીના ટેકા વડે નિશાળીઆઓને ખોળવા નીકળ્યા હતા. તેમની અચાનક મુલાકાત ભોળા ભટને થઇ.

"અહો, કોણ મે'તાજી ? જુઓને આજ તરયણ ચાર દન થ્યાં આંખ્યો આવીચ પણ કોઇ અલાજ જડતો નથી. ઓલ્યા ઉત્તમરામ ડોસા પોંહે દવા કરાવવા જ્યો, તો ફટકડીનો ભુકો ભભરાવાનુ કહ્યું પણ તેનાથી કંઇ હારૂ નઇ થયું !"

"મહારાજ ! એવા ઉંટ. વૈદોની દવા કરવી પડતી મુકી સીધા અમદાવાદ જાઓ."

"તે એટલા મોટાં શહેરમાં ક્યાં જવું ?"

"જરા સાંભળો તો ખરા ! એકદમ આકળા શા માટે થાઓ છો ? સ્ટેશનની પાસેજ અંકલેસરીયા ડાકટરનુ દવાખાનુ છે, ત્યાં જજો, એક અઠવાડીઆમાં તો આરામ થઇ જશે. બીજી કોઇપણ જગ્યાએ જશો તો ફાયદો નહિ થાય," ભોળાભટ તો મહેતાજીના વાકયને 'વેદ વાકયા માની તેજ દિવસે ચમનીયાને સાથે લઇ અમદાવાદને પંથે પડયા.

ટ્રેનમાં અનેક પરોપકારી અનાડી વૈદોએ પોત પોતાના અનુભવની દવાઓ વગુ પુછયે બતાવવા માંડી ! જો દરેકની દવા અજમાવી જુએ તો ઓછામાં ઓછાં દસ પંદર વરસ વીતી જાય ! એક સાંઇ બાવા અમારી પાડોશમાં બીરાજ્યા હતા તે ગંભીર મુખ મુદ્રા કરી તસ્બી ફેરવતાં ફેરવતાં ઉચર્યા,

"દેખ બચ્ચા ! (જો કે ભોળા ભટ તો સાંઇના બાપ જેટલી ઉમરના હતા) યેહ સબ દુનીયાકે લોગ જો દવા બતાતે હંય વોહ

સબ સ્વારથકી બાત હય, લેકીન હમારે જયસે ફકીરોંકા દુનીયાસે ક્યા સરોકાર હય ?"

"સોંય બાવા ! આપ કેહતે હેં ઓ સબ હાચા કેહતે હેં !' મહારાજ દીન વદને બોલ્યા.

"રોજ ફજરકે વકત પાંચ બતાશે દુધમેં ઘોલકર અલ્લાહકા નામ લેકર પી જાના. મુરશીદકા કોલ હય કે બિલકુલ અચ્છા હોજાએગા. અચ્છા હોજાએ બાદ દો ચાર ફકીરોંકો અલ્લાહકે નામ પર કુચ્છ ખીલાદેના !" સાંઇ બાવા આસમાન તરફ આંગળી ઉંચી કરીને બોલ્યા.

"બહુ અચ્છા સોંઇબાવા, પણ યે ફજરકી હમજ અમોકો નાંઇ પડી !"

"સુરજ નીકલનેસે પહેલેકે વકતકો ફજર કેહતે હંય."

"બરાબર સવારકે પહોરમેં પણ અલ્લાકે બદલામેં ભગવોંનકા નોંમ લેઉં તો નકસોન નથીને ?"

"કુચ્છ નહિ, અલ્લાહ ઓર ભગવાન એકહીતો હય !"

એટલામાં તો એક ભૈયાજી ઉપરની સીટ ઉપર પડયા પડયા ગાગર જેવા પેટ પર હાથ ફેરવતાં બોલી ઉઠયા,

"અજી અખીયા દુખત હય ઉસમે કોનસી બડી બાત હય ? પ્રભાતકે સમય ગૌપાતકા એક છટાંક ગર્મ ગર્મ ઘી લેકર તીન રોજ તક પીયોગે તો આખીયા સફાચટ હોજાયગી."

એટલામાં એક હુરતી હેડીયા બબડી ઉઠયા,

"અમે માળાજ એ બધી ફોકટની ડવા છે. ઉઠો એમ કહી લાખુચ કે જડા ખાટા લીંબુનો રહ આંયખમાં નાયખો કે હોજજી હો ટચના હુન્ના જેવી હમજી લ્યો !" એવામાં વળી એક ખુણામાં બેઠેલા એક પારસી ભાઇ ખાટી આમલી ચુસી હોય તેવું ડાચું કરીને ફફડી પડયા,

"આય બધા ઈંદીયન એલાજો બીલકુલ હમબગ જનાયચ ! બાવાજી જરા કોઇ સારા દૉકતરની સલાહ લેજોજી. નહીતર પેનામાંથી

નીકરીને ચુલામાં પરવા જેવું થાશે. વલી જો મારી સલાહ માંગતા હોવ તો હું તો એમ કેઉંચ કે વરોદરાવાલા દાંકતર મેરીવાલા પાસે સીદ્ધા જજો !" એટલે મહારાજ પારસી ગ્રહસ્થ પ્રત્યે બોલ્યા,

"સાબ તમારૂ કહેવું ઠીક છે પણ અમણે નો અમદાવાદવાળા કોઇ અંકલેસરીયા દાક્તર પોંહે જવાનો વચાર છે.

"હા, હા, તેઓ ઘનો મજેનો સેજજો દાંકતર કેવાયચ ! એક માતીરો કાલે મુંબઇમાં મારી સાથે ગોફ્તેગો કરતો ઉતો કે આય સારા ગુજરાતના મુલકમાં અંકલેસરીયા જેવો આંખનો દૉક્તર એકબી નથી." આ પ્રમાણે વણમાગ્યા અભીપ્રાય મળવા લાગ્યા. ચમનીયાએ ભોળા ભટના કાનમાં કહ્યું કે:—

"ન માગ્યે દોડતું આવે
ન વિશ્વાસે કદી રહેજે !"

અંતે અમદાવાદનું સ્ટેશન આવી પહોંચ્યું. ચમનીયાની પાછળ ભોળાભટ્ટ ઉતર્યા અને એ બે માણસોનું સરઘસ ધામધુમથી પુછતું ગાજતું અંકલેસરીયાના દવાખાને ઉતર્યું. "પંદર દિવસ દવા કરાવવાથી આરામ થશે" એમ ડોકટરે કહ્યું. ત્રણ દિવસ દવા કરાવી એવામાં ચમનીયો પણ અમદાવાદ જોઇને પરવાર્યો હતો; જેથી તેણે બીજું શહેર જોવાનો ઇરાદો કર્યો. એવામાં અચાનક અમારા ગામના 'તાલા કુંચી'વાલા સાલેહ ભાઇ શેઠની મુલાકાત થઇ; તેમણે ભોળાભટને કહ્યું...

"અરે, ભોલભ ? ટમે અહીં કાંસી ? આય આંખમાં શું ઠીયું છે ? અહીં ડવા કરાવવા કરટાં મારૂ માનોટો મુંબઇ બાટલીવાલાની ઇસ્પીટાલમાં જાઓ. વલ્લા ઇમાનસી બે ટરન ડારામાં આરામ ઠઇ જાસે ! પૈસા સામું જોવા રહેશો ટો આંખ જેવું રટન ગુમાવશો રટન ! સમજ્યાને ભોલાભટ્ટ ?" ચમનીયાએ પણ વાતને સજજડ ટેકો દીધો એટલે ભોળા ભટ્ટ

અમદાવાદસી મુંબઇ ઉપરીયા

આંખ બચાવવા ખાતર પૈસાની પરવા ન રાખવાની લોકો તરફથી મળતી ઉપયોગી સુચનાઓને માન આપીને મુંબઇ, સુરત, ભરૂચ, વડોદરા, નડીઆદ, અમદાવાદ વગેરે મોટાં મોટાં શહેરોમાં દરેકે-દરેક આંખના, નાકના, કાનના કે દાંતના ડોકટરો પાસે દવા કરાવી. પણ કોઇની દવા એક બે દીવસ ઉપરાંત અજમાવી નહી જેથી સેંકડો રૂપીઆ ખરચાઇ જતાંએ આંખ સારી ન થઇ ! છેટે "ઇશ્વરેચ્છા બલિયસી" એ સુત્રને ધ્યાનમાં રાખીને ઘર ભેગા થયા, ને આગ-ગાડીના અથડાટથી માંદા પણ પડયા ! કંજુસાઇ કરીને એકઠું કરેલું ધન પાણી પ્રમાણે વહેરાવ્યું છતાં પરિણામ કાંઈ ન આવ્યું આવે પણ શી રીતે ? કારણ કે એકે ડાકતરની દવા પુરેપુરી અજમાવી નો'તી; પછી ફાયદો કયાંથી થાય ? છતાં પણ લોકોના ટોકણ ઉપરથી ખાનગી ઉપચારો ચાલુજ રાખ્યા હતા.

છેલ્લી ફળીવાળા નરભેરામ કાકાએ ભોલા ભટને ઠપકો આપ્યો કે:

"અમારૂં કહેવુ માન્યું નહિ ને મોટાં મોટાં શહેરોમાં અથડાવા ગયા તો શું ફાયદો થયો ? હજુ પણ કહું છું રાયણના ઠળીયા ઘસીને ચોપડો." એટલામાં જમના માસી છીંકણીનો સરડાકો તાણતાં છણકી પડયાં,

"એમના એમ રાયણના ઠળીયા ચોપડવાથી શો દિ વળવાનો ઉતો ? આ અમારા અમથાના બાપાની આંખ્યું આવીને રાતી રોયળ જેવી થઇ ગઇ ઉતી: પણ રાયણના ઠળીઆને ઘસીને ઉનો કરીને ચોપડયો તો બીજે દહાડે ધોળી બાસ્ના જેવી થઇ ગઇ."

"નહી ટાઢા ઠળીયા ચોપડવા !" નરભેરામ કાકા બોલ્યા.

"નહી ઉના ચોપડવા !" જમના માસીએ સામુ ફેંકયું. પરીણામે બન્નેમાં કજીયો થયો. ભોળાભટે તિક્ષણ બુદ્ધિ વાપરીને કજીયો પતાવવા સારૂ પહેલા ટાઢા અને પછી ઉના કરેલા રાયણના ઠળીયા ઘસીને ચોપડયા: પણ ફાયદો ન થયો.

બીજે દિવસે ભગલાભઇ ભોળાભટ્ટનું માથું મુંડવા આવ્યા હતા; તેમણે પોતાની અક્કલનું પ્રદર્શન ભરાવ્યું કે,

"મહારાજ! અમારા ગરીબ મનીખનું કહેવું પહેલેથી હાંભળ્યું હોત તો આવો દન નોં આવતા" ભોળાભટ્ટ તેના પર તપ્યા:

"હાંભળ્યું મારા ને તરા બાપનું કપાળ! મારા દિકરા આ દેશમોંતો જેટલા પાકયા છે તેટલા વૈદ હકીમ ને દાકતરજ પાકયા છે! બધાની કહેલી દવા કરવા મોંડીએ તો આખુ જીવતર પુરૂં થાય તોએ દવાનો તાગ કે છેડો ન આવે!" હવે વીલા મોઢે ભગલાએ ભસવા માંડયું,

"ઉંતો જોણુતો તોજ કે અમારૂં વાણુંદ ભઇનું કોણ હોંભળે?

"લે ત્યારે હવે બાકી હોય તે તું પણ હંભળાવીદે!"

"મહારાજ દવાતો ફોગટની છે લાગાડી જો તાં તમને ચોંભાર લાગવાનો છે? મારા મગનાની બાને તો ત્રયણ દનમોં હોજીજી કોંસકા જેવી આંયખો થઇ ગએલી!"

"પણ હવે દવાનું નોંમ જલ્દી ભસી મરને?"

"બાવળીયાની પાલી મંગાવીને ત્રયણ દન હુધી આંયખોએ બાંધી રાખવી જો હારૂં ન થાય તો વાણુંદની જાત પર ખાહડું મારજ્યો!" વાતના જુસ્સામાં બેધ્યાનપણે અસ્તરાનો ચરકો મહારાજની બોચીએ લાગી ગયો.

"ચુલામાં પડી તારી દવા મારો હાળો બોચું કપાઇ ગયું તેનુંએ ભાન રાખતો નથી! એતો તું હજામ છે તેથી જવા દઉંચ બીજું કોઇ હોતતો લાતમારીને ઘરની બ્હાર કાઢી મુકત!" ભટજી ભગલા પર તપ્યા એટલે શાંતવન અપતાં ભગલા ભઈ બોલ્યા,

"મારાજ, બાહ્સાબ ભુલ થઇ ગઇ. આપ જેવા ભલા બોંમણના મુખમોંથી કવેણ નિકળે તો અમારો દન અવળો ફરી જાય."

"ચાલ ટળ હવે હજામત તો પુરી કર!"ભગલાએ આગળ અસ્તરો ચલાવતાં ઝબાન પણ ચલાવવા માંડી. "જો તમને કોઇ પાલી લાવી દેનાર ના હોય તો દન આથમનોં પહેલોં હું લાવી દઇશ." ત્રણ

દિવસ ભગલાની દવા અજમાવી જોઇ પણ આંખ્યો સારી ન થઇ ! ડેઢ, ભંગી, વાઘરી, કોળી, દુબળા વગેરે દરેકે દરેકની કહેલી દવાઓ અજમાવી પણ ફાયદો ન થયો !

એવામાં અફવા ઉડી કે "કોઇ યોગી ગામને ગોંદરે આવીને પડયા છે; તે ગમે તેવા રોગીને રોગમાંથી મુક્ત કરે છે." ભોળાભટ પથારીવશ હોવાથી યોગી પાસે ચાલીને જવાય એમ નો'તુ. જેથી ચાર મજુરો પાસે ખાટલી ઉંચકાવીને યોગીને ઉતારે જવા ઉપડયા. ગામના છોકરાંઓ ખાટલી પાછળ હસતાં ને **"રામ બોલો ભાઇ રામ!"** ની પોકો પાડવા લાગ્યાં. ભોળાભટ પડયા પડયા તેમને પુષ્પાંજલિ અર્પતા! (કેવાં ફુલો એમનાં શ્રી મુખમાંથી ખરતાં હશે તે વાંચકેજ કલ્પિ લેવું)

"કોઇની ઠાઠડી તો મરી ગયા પછી નીકળે છે પણ ભોળાભટની ઠાઠડી તો જીવતાં જીવન નીકળી." એમ બૈરીઓ પણ બારીઓમાં ડોકીયા કરી અટ્ટહાસ્ય કરતી કહેતી. ખરેખર ! કેવો સંજોગ ?

"કંઇ આનંદ મંગલનોકંઇ વર્ષાદ અશ્રુનો;
રડે છે કોક વ્યકિત ત્યાં હસે છે કોક વ્યતિઓ !"

અંતે ભોભાભટનો વરઘોડો યોગીરાજ સમિપ આવી લાગ્યો. યોગીરાજે ગુગળને લોબાનનો ધુપ દઇ બે ત્રણ ફુંકો મારી કહ્યું કે,

"જાઓ બચ્ચા, તીન દિનમે આરામ પ્રાપ્ત કરેગા. અગર રોગસે મુકિત ન મિલે તો હમારે ગુરૂકી આન હો!" ત્રણ દિવસને બદલે ત્રણ અઠવાડીયાં થયાં છતાં ફાયદો ન પડયો! હવે તો ચમનીયો પણ કંટાળી ગયો હતો. કોઈ પણ રીતે 'આ પાર કે પેલી પાર' કરવાના ઇરાદાથી ચમનીયાએ જુનાં પુરાણાં પોથામાં શોધ ખોળ કરવાની અમારા મિત્ર મંડળને પરવાનગી આપી. વળી સાથે સાથે શોધ ખોળમાં ફતેહમંદ થનારને રૂા. ૧૦) નું ઇનામ આપવાનુ જાહેર કર્યું હતું; જેથી મેં અને મીયાં અબ્દુલ કરીમે એક પુરાણા હસ્ત લિખિત ગ્રંથના મેલા

રંગના એક કોરા પાના પર કાના માત્ર વગરની જુની લિપિમાં ચાર આના આપીને એક ખોટા દસ્તાવેજ લખનાર પાસે લખાવ્યું કે,

"સક મરચન બરક ભકન દશ થરન દધમ બળન તરન દવસ સધ અખ પર બધ રખવથ સત વરસન દખત અખ પણ સર થય છ." એટલે કે સુકાં મરચાંની બારીક ભુકીને દેશી થોરના દુધમાં બોળીને ત્રણ દિવસ સુધી આંખ પર બાંધી રાખવાથી સાત વરસની દુખતી આંખો પણ સારી થાય છે. ચમનીયાને એ પુરાણા હસ્ત લિખિત ગ્રંથનું લખાણ બતાવ્યું, તે ખુશ ખુશ થઇ ગયો. ઇનામ આપવાનું વચન આવ્યું, પણ અમે જીગરજાન દોસ્ત હતા, જેથી પૈસા જેવી નિર્જીવ બાબતની શા માટે પરવા કરીએ ? મતલબ કે ચમનીયાએ ભોળાભટને એ જુના પુરાણા હસ્ત લિખિત ગ્રંથનો નુસ્ખો અજમાવવાની છેલ્લી અરજ કરી. અત્યંત આગ્રહથી ભોળાભટને પણ એના બોલ પર વિશ્વાસ બેઠો.

એ છેલ્લી પણ અકસીર દવાનો પાટો આંખે બંધાવ્યો. પણ થોડી વારમાંજ બળતરાથી બુમ બરાડા પાડવા લાગ્યા. મેં અને ચમનીયાએ પાટો પણ કસીને બાંધ્યો હતો ! ભોળાભટથી હવે વેદના સહન ન થઇ જેથી ખાટલીમાં ધમ પછાડ કરવા મંડયા. એમના બુમરાણથી આસ પાસના ઇન્સાનો દોડી આવ્યાં અને પાટો છોડવાની પેરવી કરવા લાગ્યાં. અમે ન છોડવા જબરી ટગફ્વૉર કરી, પણ અંતે સામા પક્ષમાં વધુ માણસો હોવાથી તેમણે પાટો છોડયો. અર્ધા કલાકમાં એ અકસીર દવાએ એવી અસર કરી કે ભોળાભટની જમણી આંખ, ત્યાર પછી ઉઘડી હોય એવું અમે તો કયાંએ જોયું કે સાંભળ્યું નથી ! અનેકની સલાહ માન્ય રાખવાથી પેલા ઘરડા માણસે પોતાનું ટ' ગુમાવ્યું; તેમ અનેક ઉંટ વૈદોની સલાહ માન્ય રાખવાથી ભોળાભટે આંખ ગુમાવી !

ભોળાભટને આંખ ગુમાવ્યા. કરતાં પણ મરતાં સુધી હવે કોઇ કન્યા નહિ આપે એ બાબતની ઘણી ચિંતા હતી. એટલે ભોળાભટની તો આંખ ગઇ તેની સાથે બૈરી પણ ગઇ ! લોકો હવે ભોળાભટને

શુક્રાચાર્ય કહીને બોલાવતા, પણ શુક્રાચાર્યનું વાહનતો મેડક કહેવાય અને ભોળાભટ પાસે તો કંઇ વાહન ન હોવાથી એક યજમાને દયા ખાઇને એક બાંડીયુ ટટ્ટુ [તે ખચ્ચર છે કે ગધેડું એ નિકટ જઇને નિરખ્યા વગર તો કહી પણ નશકાય !] અર્પણ કર્યું હતું. તે ટટ્ટુના બાલ ગરમીથી ખરી ગયા હતા ! એ ટટ્ટુ પર સ્વાર થઇને ભોળાભટ જ્યારે બહાર નીકળતા; ત્યારે એક વરઘોડા કરતાં પણ વધુ ઉત્સાહ સ્ત્રીઓ અને બાળકોમાં ફેલાતો. સુદામાએ દ્વારકામાં પ્રવેશ કર્યો; ત્યારે જે આનંદ ત્યાંની નારીઓને બાળકોમાં વ્યાપ્યો હતો તે કરતાં પણ વધુ આનંદ ઉછળતો !

અમે ભોળાભટને વિનંતી કરી કે "આપ તો અમારા ગામના વૃધ્ધ પુરૂષ છો ! મહાન વ્યકિત છો ! મહાન પુંરૂષોએ તો દાઢી રાખવી જોઇએ. જુઓને આપણા વશિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મિક, દુર્વાસા વગેરે અનેક મુનિઓ દાઢી રાખતા હતા. અરે ! આજે ઓલ્યા રવિન્દ્રનાથ ટાગોર, અરવીંદઘોષ, અને વિઠ્ઠલભાઇ દાઢી રાખે છે તો તેમનું કેટલું બધું માન છે ! દાઢી વાળાથી નાના બાળકો તો શું પણ મોટા મરદોએ ડરે છે ! જુઓ ઇતિહાસમાં પણ લખ્યું છે કે,

"નાદીરશાનની દાઢીથી દિલ્હીનો મહંમદ શાહ ડરી ગયો હતો ! મહંમદ ગીઝનીની દાઢીથી રજપુતો સત્તર વાર ડરી ગયા હતા ! મરહુમ સી. આર. દાસની દાઢીથી સરકાર પણ ડરી ગઇ હતી ! જો મહાત્મા ગાંધીએ દાઢી રાખી હોત તો સરકારને જરૂર અહીંથી પોટલાં બાંધવા પડત ! જુઓને મદારી લોક દાઢી રાખે છે તો માંકડાં, રીંછ અને સાપ પણ તાબે થઇ જાય છે ! અરે ! પેલો ખરસાણ ગામનો હરિઓ ઢેડ નાસી ગયો હતો; ને હમણા બહાર ગામથી દાઢી વધારીને સાધુ બનીને આવ્યો છે. તો તેને વાણીયા, બ્રાહ્મણો પણ જે જે મારાજ કરીને નમન કરે છે ! દાઢીનો એવો પ્રતાપ છે માટે આપ પણ દાઢી રાખો !"

અમારા તે દિવસના ખાસ લેકચરથી અને હજામતના પૈસા બચે એ મુખ્ય ઉપદેશથી ભોળાભટે દાઢી રાખવી શરૂ કરી. છ

મહીનામાં તો ભોળાભટ્ટ છેક પંજાબના પ્રાતઃ સ્મરણીય મહારાજા રણજીતસીંહ છે? તે હું, ચમનીયો અને અમારા મિત્ર મંડળ સિવાય કોઇ જાણતું નહતું ! ઘણાએ ઇતિહાસ ભણેલા યુવાનો, અમલદારો અને શેઠીયાઓ એમને પ્રથમ નજરે બીજા મહારાજા રણજીતસીંહ ધારીને સલામ કરતા, પણ નિકટ આવતાં મંદ હાસ્ય કરતા. એટલી એ લોકોની અજ્ઞાનતા; બીજું શું ?

પ્રિય વાંચક! "અબ આયા સમજકે બીચમેં ?" કે હેડીંગમાં લખ્યા પ્રમાણે **આવી** તે ભોળાભટની જમણી આંખ અને ગઇ તે પણ તેમની તે આંખ ! બીજું કશું નહિ. હમજી ગયા હેડીયા ? હવે તોઃ—

ન બોલવામાં નવગુણ એ વડિલોના વિચાર છેઃ
માટે બહુ બકવાટ કરવો તે ખરે ! "બેકાર" છે !

[૬]

લાલ લુગડાનો ચમત્કાર.

એ કોણ?

નવાબ અક્કલબાજખાનની અક્કલનો ઇસ્કોતરો ઉર્ફે હજુરીઓ લાલખાન કે જેની ચોથી પેઢીની શાખા–ડાળીનું એક ફળ આપણા સત્તાશેરખાન. એણે આ જીવનમાં એકે વાઘ ન્હોતો માર્યો છતાં તેના સ્મરણમાં તેની ફુઇબાઇએ અગમ બુદ્ધિ વાપરીને મજકુર નામ રાખ્યું હશે. આપણે એમનો પૂર્વ વૃત્તાંત તો જાણતા નથી પણ અનુમાન શકિત વડે કહીએ કે એ જન્મ્યા હશે ત્યારે જરૂર ઓછામાં ઓછી સવા પાશેર સાકર તો વ્હેંચાઇ હશેજ. એવણ સાહેબ અમારા ગામના સરકારી ચોરામાં અંગ્રેજ સરકારના ઉંચામાં ઉંચા અમલદાર તરીકે હવાલદારનો હોદ્દો ભોગવતા હતા. ખાસ્સા ટાઇમપીસ–ઘડીયાળના ચંદા જેવા બિલ્લા ઉપરથી એમની ઉંચી અમલદારીની છાપ તમારા મસ્તકના નોટપેડ કાગળ ઉપર જરૂર પડયા વગર રહેશેજ નહિ. તમે ગમે તેવા અમલદાર હશો કે ગમે તેવા કળાબાજ હશો પણ તમને એનો મોટો બિલ્લો તો નહિજ મળ્યો હોય! ખેર, તમારૂં કિસ્મત! માસિક

ચાર રૂપયાના બાદશાહી પગાર મળતે. તેથી તેમનો ખર્ચ પણ અમીરઉમરાવને બે ઘડી શરમાવતા. જમણી આંખ ૧૬૩૩ અંશને ખુણે એમના મસ્તક ઉપર બાર આનાવાળી કાળી મુગલાઇ કપ શોભી રહતા. અવી ભુમિતિની વાત તમે ન ભણ્યા હોવ તો સમજી લેજો કે ખાન સાહેબના ટોપા હમેશાં ત્રાસી રહેતી. જેથા "બાકા ટોપી વાલે મીયા" તરિક અમારૂં આખું પરગણુ અમને ઓળખતું અને એમના માથા ઉપરના લાબા લાંબા ઝુલફાં બસો વરસ પહેલાના ઇતિહાસના ઉંડાણુમાં આપણુને લઇ જતાં. ખોપરીમાં ભેજું કેવું છે? અટલે કે મસ્તકના ઘડામાં અક્કલનાં પાણીનાં કેટલાં ટીપા છે તે રોંગ્ટન કીરણુની મદદ વગર તો શી રીતે કહેવાય? કારણુ કે રોંગ્ટન કીરણુ એ જર્મનીમાં શોધખોળ થએલ એવી વસ્તુ છે કે જેના વડે તમારી ત્રિજોરીમાં રોટલા મુકયા છે કે રૂપિઆ? તે જોઇ શકાય છે. ચાહ પીતાં પીતાં વળી વખતે ભુલચુકથી ગળામાં રકાબી ઉતરી જાય તો તે શરીરના કયા ભાગમાં જઇને અટકી છે તે શોધી કાઢવાનુ રોંગ્ટન કીરણુ સુગમ સાધન છે. ચાલો હવે બીજી વાતો પર ન ઉતરતાં લાઇન કલીઅર કરીએ.

એમનું કર્તવ્ય.

સરકારી ચોરામાં વસી રહેલા અમલદાર સવાશેરખાનના તાબામાં હમેશા બે ત્રણુ વરતણીઆ, બે ત્રણુ લાલ્યા ને એક બે મેહતરની ફોજ સદા તત્પર રહેતી. આખો દિવસ કાથાની ખાટલીપર બેસીને હુકકાના ગુડગુડ અવાજ સાથે મૂખમાથી ધૂમ્રના ગોટેગોટ નીકળતા. વળી વચ્ચે વચ્ચે "જા બે ભંગીયે પટેલકો જા કે ખબર કેદે આજ સુબેદાર સાબ આનેકે હે" નો ઉચ્ચાર થવાનીજ વાર થતી કે દરેકને તે કાર્ય અમલમાં મુકવાની ફરજ પડતી. કારણુ કે એમને શેરશાહનો સ્વભાવ વારસામાં મળ્યો હતો. તેણે મારડન ઇતિહાસમાં રોટલીના ટુકડા તલ્વારથી કર્યા હતા તો આપણા ખાન સાહેબ તાબાના માણસોની ચોટલીના ટુકડા તલ્વારથી કરે એમાં શું નવાઇ? કારણુ કે બહાદુરી બતાવવી એ એમનો જન્મસિધ્ધ હક હતો, છતાં કાળી રાત્રિએ કોઇ

વખત ચોરાના દ્વારમાંથી એ સાહેબ બહાર પગ મુકતા નહિ; ને કદાચ સાહસ કરીને પગ બહાર પડે તો સાથે એક બે વરતણીઆ તો હોયજ!

એમના હસમૂખ ચ્હેરાથી દરેક માણુસ ખુશ રહેતા જેથી ગમે ત્યાંથી ચાહ પાણીના પૈસા મળી આવતા. એમનો સંપૂર્ણ દેખાવ આશકાઓને મળતો હતો. વાળમાં અહરનીશ તેલ નાખતા. તેલ નહિતર પાણી તો જરૂર. ખાવા પીવાનું તો ગામમાં બની જતું જેથી પગારના રૂપિઆ કાબુલી વ્યાજે ઢેડ ભંગીઓને ધીરતા. કાબુલી વ્યાજ એટલે કે ચક્રવર્દી નહિ પણ ચક્રવર્તી વ્યાજ કહેવાય. એટલે એક રૂપીઆનું વ્યાજ મહીને એક રૂપિઓ થતું, શાયલોકના અવતાર તો નહિજ તેમજ બગદાદના પ્રખ્યાત જુતાવાળા અબુલકાસમના શાગીર્દ પણ નહિ ગણાય કારણ કે લાલ લુગડાનો પ્રભાવ એમના મગજ પર એવો પડયો હતો કે એમની આખી જીંદગીની કમાઇ કે જે ગોદરેજની ત્રિજોરીમાં નહિ પણ માટીની હાંલ્લીમાં કાળા ચીથરાથી બાંધીને જમીનમાં દાટેલી હતી તે બધી આપી દેવાને આતુર હતા.

ખરેખર! આ અવનિમાં લાલ લુગડાનો ચમત્કાર એવોજ છે! વિશ્વામિત્ર જેવા ઋષિએ પણ લાલ લુગડાના ચમત્કારને નમસ્કાર કર્યા; તો આપણા સવાશેરખાન શા હિસાબમાં? દિવસે દિવસે એમના આશિક મિજાજની જ્યોત વિશ્વમાં પ્રકાશવા લાગી. ફરહાદ, મજનું, છેલબટાઉ, સદેવંત, ગજરામારૂ, મુમતાજ બાવલા ઇ૦ આશકોની માળાના એક મણકા તરીકે નજીકના ભવિષ્યમાં આપણા ખાનસાહેબ પણ વિંધાઇને પરોવાઇ જશે એમ નરી આંખે જોઇ શકાતું. એમના જઠર આંતરડાં કે ફેફસામાં હજુ સુધી કોઇ પણ વ્યકિતના ઇશ્કનો ભાલો વાગ્યો નહતો છતાં એકલું લાલ લુગડું દેખીને પણ દુરથીજ ઘાયલ થઇ જતા! એમને લાલ લુગડાનો હડકવા લાગ્યો છે એમ એમના સહવાસમાં આવનાર દરેક પ્રાણી બેધડક કહી શકતુ:—

જમાનાનો બધો આધાર છે એ લાલ લુગડાપર.
થયાં સામ્રાજ્ય કંઇ કુરબાં ખરે! એ લાલ લુગડા પર!

તો પછી ખાન સાહેબ શું વિસાતમાં? આખરે આ સમાચાર એક વૃધ્ધને કાને પડયા કે જે અમારા આખા પરગણામાં અજોડ મસ્કરો ગણાતો.

વૃદ્ધની કારકીર્દિ.

હસવું અને હસાવવું એ વૃદ્ધનું મૂખ્ય ધ્યેય હતું. કંઇક દયા ભાવ પણ હતો છતાં સ્વાર્થને માટે સામા માણુસને નુકસાન પણ પહોંચાડી શકે. વૃધ્ધે હવાલદાર સવાશેરખાન સાથે બેસવા ઉઠવાનો સંબંધ વધારવા માંડયો. ટુંક સમયમાં વૃદ્ધને સમજાયું કે ખાનસાહેબને લાલ લુગડાની લગની લાગી છે. વૃધ્ધે ગુપ્ત રીતે તપાસ કરીને એક સ્ત્રી કે જેને પોતાના ધણી સાથે બિલ્કુલ બનતું ન હતું. કારણુ કે તેનો ધણી વ્હેમી હતો. કંઇ પણુ કારણુ વગર સ્ત્રીને વશ કરવા સારૂ ચૌદમું રત્ન ચખાડતો જેથી તે સ્ત્રી કોઇ ફાંકડેરાવ સાથે ગચ્છંતિ મારવાને તૈયાર હતી. એ બાબતની નોટીસ એક રાત્રિએ ખડતલ બુઢ્ઢાએ ખાનસાહેબના કર્ણદ્વાર પર ચોંટાડી. ખાનસાહેબ અરબી ઘોડા માફક કાન ટટાર કરીને બોલ્યા

"હેં! આપ કયા કેહતે હેં!"

વૃધ્ધે કહ્યું:

"જો હવે રાહ જોવાની જરૂર નથી તે બિચારી દુ:ખમાંથી મૂક્ત થશે તો તને ને મને આશિર્વાદ આપશે."

"હાં, મગર વો કહાં હે? મેં તો અભીકે અભી તૈયાર હો ગયા હું!"

"એવી તૈયારી કામ ન લાગે! બસો રોકડા મારી દલાલીના હોય તો તૈયાર થાવ. વરતણીઆઓને તો પ્રથમથીજ કામને બહાને ખરતા કર્યા હતા; જેથી હવાલદાર સાહેબ ઉઠયા અને એક ખુણામાંથી ખોદીને હાંલ્લી કાઢી. તેમાંની ચીંથરે બાંધેલી રકમ કંઇપણુ વિચાર કર્યા વગર વૃદ્ધને હવાલે કરી. વૃધ્ધે તે રૂપિઆ ગણ્યા તો રૂા. ૧૩૯] થયા. વૃધ્ધે એટલી રકમ લેવાની ના પાડી પણુ ખાનસાહેબના અત્યંત

કાલાવાલા ને આજીજીથી છેવટે બુઢ્ઢાનું હૃદય નરમ થયું ને માથું ધુંણાવતાં કહ્યું કે કાલે રાત્રે બાર વાગ્યાને સુમારે તે બાઇ તમારી પાસે આવશે. પણ તે પહેલાં વરતણીઆ વગેરેને અહીંથી રવાના કરી દેવા, હવાલદાર સાહેબે બધી વાત કબુલ મંજુર કરી. વૃદ્ધ રૂપિઆ લઇ ચાલતો થયો. હવાલદાર સાહેબ આનંદ સાગરમાં ગોથાં ખાતા કોપરાં જોખવા લાગ્યા. અર્ધી રાત થતાં વરતણીઆ પણ આવીને સુઇ ગયા.

આનંદ તરંગ.

નિદ્રામાં તેમણે નિહાળ્યું કે જાણે સરકારી ચોરાને બદલે દરીયા કિનારે એક આલીશાન ઇમારતની અગાસીમાં પોતે એક સોફા પર પડયા છે. શિતળ ચંદ્રના કિરણો વડે મસ્તક શિતળતા અનુભવી રહ્યું છે. મંદમંદ સુગંધિત સમીરની લ્હેરો શરીર સામ્રાજ્યપર શાંતિનો સમુદ્ર ઉછાળી રહી છે. એવામાં અગાશીનું નાનકડું દ્વાર ઉઘડયું, અભિસારિકા રૂપે એક શ્યામ વસ્ત્ર પરિધાન સુંદરી આવીને સોફાપર પડેલા સુંદર સ્વરૂપ પુરૂષના મૂખ ચંદ્રનું એકાંત ચિત્તે અવલોકન કરવા લાગી. તેના આકર્ષણથી હો કે માંકડના કરડવાથી હો, (બીજી ધારણા ખોટી પણ હોય કારણ કે સોફામાં માંકડ ન હોય. માંકડતો ગરીબોની ગોદડીમાંજ હોય) ગમે તે કારણે પુરૂષની આંખ ઉઘડી. સુંદરી આગાશીમાંથી પાછી પલાયન થતી હતી. તેવમાં સબળ પુરૂષે તેનો પાલવનો છેડો પકડયા પછી તાઃ—

"જાની હમકો ન ઇત્ના સતાયા કરો,
કભી ભુલેસે તશરીફ લાયા કરો...ટેક
હુસ્ન તેરા એક દિન આખિર ફના હો જાયગા;
જીસપર તેરા નાઝ હે સબ ખાખમેં મીલ જાયગા.
પ્યારી જોબનપે મત ઇતરાયા કરો...કભી૦
મેં અભી કમસીન હું દિલ્દારીકો કયા જાનું;
મેરા નન્ના કલેજા હે ગમ ખ્વારીકો કયા જાનું.
મેરા નન્નાસા દિલ ન દુખાયા કરો...કભી૦

આ પ્રમાણે અરસ પરસ પ્રેમ ગોષ્ટિ મચી રહી હતી એટલામાં ત્રિજા માળ ઉપર કોઇ પુરૂષનો પગરવ સંભળાયો. અભિસારિકા ધ્રુજતે પગે એક ખુણામાં અદૃષ્ય થઇ. પેલા પુરૂષે આવી ખાનસાહેબને ગરદનમાંથી પકડયા "કયાહે ? કયાહે ?" કરતાં ગરદન જોરથી છોડાવા લાગ્યા. ઉંઘમાંને ઉંઘમાં પોતાની ગરદન જોરથી દબાવી જીવ ગુંગળાયો. પગ ઘસવા લાગ્યા. ખડખડાટથી રવૈં જાગી ઉઠયા અને ખાનસાહેબની ગરદનેથી હાથ છુટા કર્યા ને એક પગ તૂટેલી ખાટલીમાં ભરાયો હતો તે કાઢયો. ત્યારે ભાન આવ્યું કે આતો સ્વપ્નું હતું. પણ અઘોરી અમલદારની ઉંઘ બરાબર ઉડી ન હતી. તેનો ખાટલીપર બેઠા બેઠા ઝોકા ખાતા હતા. બધા માણુસો અમલદાર સાહેબની મુર્ખાઇ ઉપર હસતાં હસતાં ઉંઘી ગયાં હતાં. ખાન સાહેબ ગણગણતા હતા કેઃ—

"ઇસ કદરથા ખટમલોંકા ચાર પાઇમેં હુજુમ;
વસ્લકા દિલસે મેરે અરમાન રૂખ્સત હો ગયા."
(અકબર અલ્હાબાદી)

એટલામાં એક ઝોકો ખાતાં ભોયપર મોઢું અડાડી કંઇ કહેવા લાગ્યા ! એક હાથ બાજુપર મૂકેલા હુકકા પર પડયો. એક બે બાકી રહેલા આગના તણખા ખાન સાહેબના હાથ સાથે અપૂર્વ હેતથી વળગી રહ્યા, ખાન સાહેબે વિરહની વેદના ન ખમાયાથી હો કે દાજ્યાથી હો પણ બુમ પાડી અને હુકકાએ પણ બુમ પાડી એતો જાણે નકકીજ ! ફરીથી બધાં માણુસો ઉઠી ગયાં. ખાન સાહેબ હવે બરાબર શુધ્ધિમાં આવ્યા હતા. એક માણુસને તેલ, હળદર લેવા દોડાવ્યો કારણ કે માતૃભૂમિને ભેટવાથી હોટે ગુલાબ જાંબુનું સ્વરૂપ ધારણ કર્યું હતું. સુખે દુઃખે માશુક મળવાની હોંસમાં રાત્રિ પૂર્ણ થઇ.

સફળ આશા.

ઉષા સમયથીજ હવાલદાર સાહેબે માશુક સાથે રાત્રિએ કુચ કરવાની તૈયારી કરવા માંડી. સવારમાં એક કેસની તપાસ કરવા માટે ફોજદાર સાહેબની ચોરામાં પધરામણી થઇ. હવાલદાર સાહેબ મનમાં

ખૂબ ગભરાયા કે " યે બલા કબ ટલેગી ? " ખુદાએ પણ હડકાયા આશકની અરજી કબુલ કરી, કારણે તપાસ કરીને બે કલાકમાંજ ફોજદાર સાહેબ બીજે ગામ જવાના હતા. જમણનો બંદોબસ્ત કરતાં વાર લાગે માટે પોતાના ભાતામાંથી કેટલુંક મિષ્ટાન કાઢીને ફોજદાર સાહેબના પેટને આધિન કર્યું. ફોજદાર સાહેબ જમી પરવારીને ચાલ્યા ગયા. હવાલદાર સાહેબ રાત્રિ પડવાની રાહ જોવા લાગ્યા. માંડમાંડ સુર્યાસ્ત થતાં ચિંતા વધવા લાગી.

"અભીતક માશુક કયું નહિ આઇ ?" "વાહ ! ઉસ્કી ચાલ કૈસી અલ્બેલી હે ! રાતકો ખ્વાબમેં ક્યા જલવા નઝર આયા ! મગર કાલા મુંહહો ઉસ્કે ખાવીંદકા કે કમ્બખ્ત હડ્ડી હોકર આયા ! " આમ વિચારમાંને વિચારમાં રાત્રિનો અમલ વધવા લાગ્યો. વરનાણીઆ વગેરેને તો ઉજાણી કરવા પૈસા આપીને પ્રથમથીજ દૂર કર્યા હતા, ખાન સાહેબનો દેખાવ કંઇ ઓરજ હતો. સરસ્વતીચંદ્રમાં અલક કિશોરી ને જમાલવાળો પ્રસંગ જેણે વાંચ્યો હશે તેને તો એટલુંજ કહેવાનું કે હવાલદાર સાહેબે પગથી ગરદન સુધી તો જમાલ જેવોજ ઠાઠ કર્યો હતો. ફક્ત માથાપર ફેંટાને બદલે ટોપી અને હાથમાં હથીઆર ને બદલે હુક્કાની નળી હતી, એવામાં લાલ લુગડાનાં દર્શન થયાં, ઉલ્લાસી અમલદાર અધીરા થઇ ઉઠ્યા અને હુક્કાને પડતો મૂકી શ્રી મુખે પ્રથમ ઉચર્યા:

" બાદ મુદ્દતકે હસીનોંકા નસીબા જાગા "

કંઇ પ્રત્યુત્તર ન મળ્યો વાતની દિશા બદલી.

"જાની વો બુઢ્ઢા કયું નહિ આયા ?" કંઇ પણ જવાબ મળ્યો નહિ ને ઘુંઘટનો પટ પણ દૂર થયો નહિ. હવાલદાર સાહેબ હવામાં ઉડવા લાગ્યા ને મનમાં વિચાર કરવા લાગ્યા કે—

"ચલો બુઢ્ઢા ન આયા વોભી અચ્છા હુવા કયું કે અયસા બાતકા મૌકા કહાંસે મિલના ?" વળી પાછા બોલવા લાગ્યા કે:—

"અય મેરી ખયાનતદાર માશુક ! તેરે શહીદે નાઝકો અપના ચાંદસા ચેહરા તો દિખા ! કલ રાતકો ખ્વાબમેં આકર ચલી ગઇ મગર..."

"તેરી અબરૂને જો એક તીરે નઝઝારા મારા;
જીસ્કે લગ્તેહી જીગર હોગયા પારા પારા."

"જાની ઘુંઘટ ખોલો ઔર કુછ મુંહસે બોલો ?" એટલામાં કોઇના ખડખડ હસવાનો અવાજ સંભળાયો. ખાનસાહેબ ગભરાયા અને ચારે તરફ દ્રષ્ટિપાત કરવા લાગ્યા તો બે ચાર પુરૂષોને ચોરામાં પ્રવેશ કરતાં નિહાળ્યા. સવાશેરખાન છલાંગ મારીને પાછલી બારીએથી નાસવા લાગ્યા, આવા કટોકટીના પ્રસંગે એમની પ્રિયતમાએ ઘુંઘટનો પટ ખોલ્યો ને કાકપક્ષી જેવા મધુર અવાજે ઉચ્ચાર કર્યો " કહાં ભાગતે હો મેરી ખુબસુરતીકે ખટમલ ! " હવાલદાર સાહેબે બારીમાંથી નીકળતાં નીકળતાં જોયું તો આશ્ચર્યકારક ઘટના એ બની કે લાલ લુગડામાંથી ધોળી દાઢીએ દેખાવ દીધો ને અમલદાર સાહેબ અંતરધ્યાન થયા.

ઇશ્કનો અન્જામ.

સવાશેરખાન તો પાછું જોયા વગર ભાગ્યા તે ભાગ્યા કોઇને હાથ લાગ્યાજ નહી, હા પણ જતાં જતાં કંઇક અસ્પષ્ટ સ્વરે બકતા હતા કે,

"યા ખુદા ! યે સબ કારસ્તાન ઉસ બૂઢે કે થે !" મહેતાજીને જોઇ નિશાળીઆ નાસે તેમ હવાલદાર સાહેબ ચોરામાંથી રાજીનામું લખ્યા વગર ને સરકારને જણાવ્યા વગર નાસી ગયા. પણ પેલો ખડતલ બુઢો તો લાલ લુગડું દેખાડતો સર્વ સાથે હાથતાળીઓ લઇ હસી રહ્યો હતો. બીજે દિવસે આ વાર્તા સુર્યના ઉદય સાથે પ્રકાશમાં આવી. ઠેર ઠેર અમલદારના એકાએક પ્રયાણની સાચી જુઠી ગપો ઉડવા લાગી, વર્તમાન પત્રોને તો ખોરાક મળ્યો ! ધીમે ધીમે આ વાત વિસારે પડી. બે ત્રણ વર્ષ પછી મારે અમદાવાદ કાલેજમાં ભણવા

જવાનું થયું. એક દિવસ પુરાણા પ્રખ્યાત સ્થળો નીરખતાં અમારૂં મંડળ હઠીસીંગનું દેહરૂં જોઇ તેની સામે એક સરકારી મકાન છે તે તરફ વળ્યું. તે મકાનની ચોતરફ વિશાળ બાગ હતો. તે બાગમાં કેટલીક ખાદીની અર્ધી બાંયવાળું પહેરણ, ખાદીનું જાંગીયું, ને ખાદીની કાન ટોપીના ટ્રેડમાર્કવાળા પુરૂષો કામ કરતા હતા. તેમાં મારી નજર એકાએક એક વ્યકિતપર ઠરી. તેમણે પણ મારી તરફ જોયું ને હાથના ઇશારાથી પીવા માટે બીડી માગી. હું ધુમ્રપાન મહાધર્મ ન કરતો હોવાથી બીજા બીજા મિત્ર પાસેથી બીડી ને પેટી લઇ તેને આપી. તેણે બીડી સળગાવી પણ પેટી ઉપર લાલ લૂગડાવાળી એક બાઇની છબી હતી તે નિહાળતાંજ ગુસ્સાથી તે દિવાસળીની પેટી ભાંગી નાખી ને બકવા લાગ્યો કે—

"આગ લગ જાય અયસી ઓરતોંકે મુંહ પર' મેં ધારીને જોયું તો મારાથી એકાએક બોલાઇ ગયું,

"કોણ સવાશેરખાન ?!" તે મારો અવાજ સાંભળતાંજ નાઠો ને મકાનના પ્રવેશદ્વારમાં અદ્રષ્ય થયો. અમે દ્વાર પાસે જઇને જોયું તો ઉપર મોટે અક્ષરે "મેડ હાઉસ" [ગાંડાની હોસ્પીટલ] એટલા શબ્દો લખેલા વાંચવામાં આવ્યા."

[૭]

કાળી બૈરીમાં નૈસર્ગિક સૌંદર્ય

ઓલી સાહિત્ય પરિષદ તરફથી ઇનામ જાહેર થયું કે,

"નૈસર્ગિક સૌંદર્ય વિષે જે સારામાં સારો નિબંધ લખી લાવશે તેને રૂા. ૫૦ ઇનામ મળશે." અધધધ! ઓય મારા બપ્પાવાના બપ્પાવા એક સામટા રોકડા મુંબઇગરા પચ્ચાસ રૂપીઆનું નામ સાંભળીને અરે! નહિ વાંચીને કોના ડાચામાં પાણી ન છૂટે? બસ કોઈ પણ પ્રકારે એ ઇનામ મેળવવુંજ! પણ મોટા મોટા (ચાર હાથ કરતાં ઉંચાતો નહિજ!) અને વળી જુના ને જાણીતા તથા માનીતા ઓલ્યા લોક પ્રિય લેખકોને ઇનામ આપતાં સુધી મારો કોણ ભાવ પૂછશે? (કે મિસ્ટર કેટલે હવાકે હેર છો?) એ અરબી ઘોડાઓની હરિફાઇમાં આપણું બાંડયું ટટ્ટ શું ટકી શકવાનું છે? મોટરને વેગે ચાલતી એમની ફાઉન્ટન પેનો આગળ મારા ખટારાના વેગે હાલતા હોલ્ડરનું શું ગજું? એમના સહારાના રણ જેવા વિચાર પ્રદેશ આગળ મ્હારા ગધેડીઆ ખેતર જેટલા ક્ષેત્રફળનો વિચાર પ્રદેશ શા હિસાબમાં? એમની ઉંટ જેવી ઉંચી પ્રેરણાઓ આગળ મારી સસલા જેવી નાની પ્રેરણા ક્યાં વેર ટકશે? પણ એવા આગળ પાછળના વિચારો મ્હારે શા માટે કરવા? નર્મદે પણ કહ્યું છે કે,

"યા હોમ કરીને પડો ફ-તેહ છે આગે !" વીર રસનાં વેગમાં અને સાહસના આવેશમાં ખુરસી પરથી આગળ ટેબલ પર કુદીને ધબ્બાકશુંને પડયો. પણ અફસોસ કે પગ મચકાઇ ગયો ! નર્મદે તો વગર વિચારે લખ્યું હશે પણ તેને અમલમાં મુકતાં મ્હારોતો પગ મચકાયો. રાંદેરી હાડવૈદનું આઠ દિવસ સુધી બીલ ચુકાવ્યું ત્યારે અરામ થયો. હવે મનમાં નિશ્ચય કર્યો કે કવિઓની કવિતાઓને જીવનમાં ઉતારવી એ હાથે કરી દુઃખ વ્હોરવા સમાન છે ! પણ આટલું વાગવા છતાં ઇનામી હરીફાઇમાંથી પાછા કદમ ભરવાનું મન ન થયું !

રણસંગ્રામમાં ઝઝુમનારને હારજીતનો કે મરણનો ભય કયાં હોય છે ? જેમ નેપોલીયનની નોંધપોથીમાં અશકય શબ્દ નો'તો તેમ મ્હારી નોંધ પોથીમાં પણ અશકય શબ્દ નથી !

"તો અય બહોત મુદ્દતકી સળી હુઇ મેરી પ્યારી કલમ ! કાગજ કે મેયદાનમેં ફત્તહયાબ હોનેકો આમદા હો; અય મેરે છાછ પીપી કે તૈયાર બને હુવે બેકાર મગઝ બેદાર હો ! અય મેરે દિન ભરમેં સેંકડોં મખ્ખી, મચ્છર, વગયરાહકો રગડને વાલે સીધે હાથ તુભી હોશિયાર હો !" આવેશમાં મોટેથી બરાડો પાડતાં જ્યાં ટેબલ પર હાથ પછાડયો કે બત્તીની ચીમની પડી ગઇ અને બત્તી ફુટી ગઇ; તથા ઉના ઉના કાચ મને ચંપાઇ ગયા તે તો જુદા ! એકદમ ઓફીસમાં અંધારૂં થયું ખડભડાટથી નાની કીકી,

'ઉંવા ઉંવા કરતી રડવા લાગી. (ઓફીસ અને બેડરૂમ, પાણી-આરૂં ને રસોડું વગેરે એકજ ઓરડામાં હતું) ખાટલામાં પડયા પડયાંજ બેગમ સાહેબે પટપટારો ચલાવ્યો, "બળ્યું આતે શું ? અર્ધી રાત્રે બૂમ બરાડા પાડો છો તે શું ગાંડા બાંડાતો નથી થયા ?"

"અરે !" શું કરૂં ? મારા બધા વિચાર મરી ગયા !" ગિસીસ ખાટલામાંથી એકદમ તાડુકતાં ઉઠયા—

"હેં કોણ મરી ગયા ? કોઇ આપણું અંતરના સગા તો નથી ને ? ઘણુંજ ખરાબ થયું. અર્ધી રાત્રે મરણની ખબર ! કંઇ સ્વપ્નામાં બકતા તો નથી ને ?"

"અરે ! જરા સાંભળતો ખરી ? શું એકદમ આવડે એટલું બોલી નાખે છે ? જરા દિવાસળી તો સળગાવ !" દિવાસળીની પેટીની શોધખોળ ચાલી પણ કમબખ્ત કાંડી કયાં મરી ગઇ ? અંધારામાં ઠોકર ખાઇને મિસીસ ઘોડીઆમાં સુતેલી બાળકી પર પડયાં એટલે બાળકીની બેવડાવેગથી રડારોડ ચાલુ થતાં બીજાં બે બળકો પણ ઉઠયાં અને અંધારાને લીધે ભય પામીને ડબલ પાવરથી રડવા લાગ્યાં. અર્ધી રાતના શોરબકોરમાં ચોર આવ્યો હશે એમ ધારીને શેરીના કુતરાં પણ ભસવા લાગ્યાં. અમારી પડોસમાં રહેતા હીંગના વેપારી આગા બહીલોલખાન જંગબારી ડંડો લઇને ધસી આવ્યા અને બારણાને ગોદા મારતા બરાડી ઉઠયાઃ—

"અજી જનાબ મત ઘબરાઇએ ઔર ચોરકો પકડ રખીએ મેં આપકી ઇમદાદકો આ ગયા હું !" મને અંધારામાં ગભારાટને લીધે બારણું ઉઘાડવાની પણ સમજ પડે નહિ. ખાનસાહેબ તથા એક બે પાડોસી બારણું ઉતારીને ઘોર અંધારામાં ઘસી અવ્યા. ખાનસાહેબે આવતાંજ પાણીની ગાગર અને ઘડાની ઉતરડ હતી તેને ચોર ધારીને ધોકો લાગાવ્યો.

"બદમાશ અબ કીધર જાતા હે ?" એટલામાં તો ધબ્બાકશું ને બેડાં પડયાં ને આખા ઘરમાં બેઠા પાણીની રેલ આવી. હવે ખાન સાહેબ પણ ગભરાયા. મિસીસ પણ એક ખુણામાં ઉભાં ઉભાં ધ્રુજતા હતાં. તે અંધારામાં દેખાતું ન હતું. નરભેરામ ભાઇ દોડીને ફ્રાનસ લઇ આવ્યા; ત્યારે બધાંને વસ્તુસ્થિતીનુ ભાન થયું. અચાનક ચીમની ફુટવાથી ને બત્તી બુઝવાથી આ પરિણામ આવ્યું એમ સમજાવીને બધાને વિદાય કર્યા. હવે મિસીસે ફરીથી મોરચો માંડયોઃ

"આ તમને અર્ધી રાત્રે બુમ બરાડા પાડવાનુ ભૂત વળગ્યુ છે તે કયારે ટળશે ? જુઓને તમારી સ્હેજ ભુલથી કેટલુ બધુ નુકશાન થયું ? અને ત્રણે બાળકો બિચારાં હેબતાઇ ગયાં છે તે તો જુઓ !"

"એ બધું તો ખરૂં પણ મ્હારૂં ઇનામ રઝળી ગયું તેનું શું ?"

"તમારૂં ઇનામ કોણે ખૂંચવી લીધું ?"

"અરે ! ગાંડી ખુંચવી કોણ લે ? શું મ્હારા બાહુમાં બળ નથી કે મ્હારા હાથમાંથી કોઇ ઇનામ ખુંચવી લે !"

"ત્યારે કાલે સવારેજ તમારા મોઢા આગળથી બિલાડું રોટલો લઇ ગયું ત્યારે તમારી વીરતા કયાં ગઇ હતી?"

"હું ઇનામનો લેખ લખવાનાજ વિચારમાં હતો તેથી કુતરૂં કયારે રોટલો લઇ ગયું તેનું ધ્યાન રહ્યું નહિં! હમણાં પણ એ ઇનામી લેખ લખવાનીજ તૈયારી કરતો હતો તેવામાં ચીમની ફુટવાથી આ ધમસાણ વળ્યું!'

"લેખનું ઇનામ કેટલું એક મળવાનું છે તે આમ રાત્રિ દિવસ વિચારમાંને વિચારમાં અર્ધા થઇ જાઓ છો?"

"પચ્ચાસ રુપીઆ!"

"અહોહો! મ્હારી બઇ પચ્ચાસ રૂપડી તેમાં દસ બારનું તો આજે નુકસાન કરી નંખાવ્યું!"

"પણ હું એકલા પચ્ચાસ રૂપીઆ ઇનામને રડતો નથી? પણ એમાં કેટલી કીર્તિ મળે છે તે તા'રા કોડીઆ જેવા નાના મગજમાં શી રીતે સમજાય?"

મિસીસ છણકો કરીને રીસાઇ ગયાં ને પથારી વશ થતાં બડબડયાં,

"અમારૂં કોડીઆ જેટલું મગજ છે તે અમારી પાસે રહ્યું, તમે તમારૂં ઘડા જેવડું મગજ લઇને ફરતા ફરો !"

"ઓ મા'રા ખોદા ! આતો રીસાઇ ગઇ ? ચાલો કાલે સવારમાં મનાવી લઇશું !" મને ફરીથી ઇનામી લેખનું સ્મરણ થયું. ઇનામ નક્કી કરનારી કમિટીને લેખ સોંપવાનું હવે એકજ અઠવાડિઉં બાકી હતું. તે મને

ખૂબ સાલતું હતું. અમારો એક ખાસ મિત્ર પેલો કાના કાકાનો કુળ દિપક કચરાભાઇ કે જે સાત સાત વાર મેટ્રીકની પરીક્ષામા બેસી બેસીને છેક ખુંધો થઇ ગયો હતો; તે છાતીને બદલે પેટ ઠોકીને કહેતો કે,

"દોસ્ત સંપૂર્ણ તૈયારી કર્યા વગર તું જો એવા મહત્વના કાર્યમાં ઝંપલાવીશ તો મારી જેમ નિરાશ થઇશ!" મને તેની શીખામણ હો ટચના હુન્ના જેવી લાગી પણ નિબંધ લખવામાં તૈયારી શી કરવી તેજ સમજ પડતી ન્હોતી. કાગળ, સાહી, હોલ્ડર વગેરે જોઇએ તે તો તૈયાર હતું! હાથ પણ સલામત હતા! ભેજું એની જગ્યાએથી જરા પણ ખસ્યા વગર જેમનું તેમ સલામત હતું! ત્યારે હવે તૈયારી શી કરવી? મેં મા'રા શુદ્ધ સ્નેહી કચરાભાઇને કહી. તેણે કહ્યું,

"એમાં ગભરાય છે શાનો? પહેલવાનો જેમ દંડ, બેઠક કરીને તથા મગદળ ફેરવીને તૈયાર થાય છે, તેમ તારે તૈયાર થવાનું નથી, પણ તા'રે તો મગજને કસવાનું છે, માટે પ્રોફેસર જેમ્સની વિજળીક શકિતની ગોળીઓનું સેવન કર કે તારા મગજમાં ઇલેકટ્રીક જેવી અલૌકીક શકિત પ્રાપ્ત થાય! કપાળ પર અમૃતાંજન અને ચંદ્રનરનું અમૃતબિંદુ ખુબ ભાર દઇને ઘસ કે કપાળને રસ્તે પણ મગજને પુષ્ટી મળે! મસ્તક ઉપર ભિસ્તીઓ પાસે પખાલ વતી ખુબ પાણી રેડાવ કે જેથી બાલના રસ્તે પાણીના ઝરણ મગજમાં ઉતરે તેથી મગજમાંથી ઉત્તમ વિચારોના ફણગા ફુટે! ખોરાકમાં અનાજ, કંડાર વગેરે ખાવું પડતું મુકીને બદામ, પિસ્તા, ચારોલી, દરાખ ખસખસ, ચણાનો મગજ, માવાની ઘારી, મલાઈ, માખણ ઘી, દૂધ વગેરે મગજને પુષ્ટિ આપનારી વસ્તુઓ વંચારેમાં ખાઇ શકાય એટલી આખો દિવસ ને રાત સુધી ચાવ્યાજ કરવી. ત્રણ દિવસ સુધી આટલી તૈયારી કર્યા પછી આસપાસનું વાતાવરણ ઠંડું પાડવા ખાતર તારી ખુરસીની આસપાસ બરફની લાદીઓ મુકીને લેખ લખવા બેસીશ તો ચોકકસ

વિજયની વરમાળ તારાજ કંઠમાં ભેરવાઇ જશે !"હું તો કચરાભઇની આ ઉકરડા જેવી વિવિધ વસ્તુઓના સંગ્રહસ્થાન રૂપ સલાહ સાંભળીને છક થઇ ગયો !

"શું પચ્ચાસ રૂપીઆનું ઇનામ મેળવવા આટલો બધો ખરચ કરવો યોગ્ય છે ? અને તે પણ પંતુજીની નોકરીમાં ? પચ્ચીસ રૂપરડી પગાર મળે તેમાંથી બચેજ શી રીતે કે હું ઉપયોગ કરૂં ?" કચરાભઇ પણ મા'રો સાચો સલાહકાર અને જીગરજાન દોસ્ત હતો. તે પૈસા જેવી નજીવી બાબતોની ઉદારતા બતાવવામાં પાછો પડે એમ ક્યાં હતો ? તેણે ઝટ દઇને કહી નાંખ્યું,

"આવા અણીના સમયે હું તને કામ ન લાગું તો પછી મારી મિત્રતા પણ શું કામની ?"મારા મુખમાંથી અચાનક નીકળી પડયું,

"અત્યુત્તમ પદ આ સંસારે મિત્ર તણું સમજાયે !"

અને સાથે પેલું ગાયન પણ ગવાઇ ગયું,

"ગરીબો પર નઝર રખ્ખે તવંગર હો તો એસે હો."

બીજે દિવસે તો તમામ વસ્તુઓનાં પોટલાં સહિત કચરાભાઇ અમારે આંગણે પધાર્યા. પણ અફસોસ કે મારી અર્ધાંગના અસંસ્કારી હતી નહિતર "અમારા રસભીના રસરાજ અમારે આંગણીએ આવો." અને સાથે સાથે કહી નાખત કે "ભલે આવો પધારો મોંઘેરા મહેમાન પ્રીતિનાં ભોજન જમાડીએ." પણ અભણ અબળા તો ઉલ્ટી અમને બંનેને ઠપકો દેવા લાગી,

"કચરાભાઇ ! તમે પણ એમના જેવા ગાંડાતો નથી થયા ! આ શું વાદીનો વેશ લઇને આવ્યા છો ?" મેં ચૂપ રહેવાને બહુએ ઇશારા કર્યા પણ પગની પાનીએજ જેની બુદ્ધિ ચોંટલી હોય એવી બૈરાંની જાત કાંઇ મારા જેવા માટીડાનું માનેએ ખરી? કચરાભઇતો આશ્ચર્યમાં ડોળા ફાડીને મારૂં મોઢું ભોંપવા લાગ્યા. થોડી વારે ઉચર્યા:



કાળી બૈરી પાનું ૯૩

ખાન સાહેબે આવતાંજ પાણીની ગાગર અને ઘડાની ઉતરડ હતી તેને ચોર ધારીને ધોકો લગાવ્યો

"હેં! તું તો આટલો મોટો તીસ્માર ખાં લેખક કહેવાય છે ને આટલી બૈરી પણ ગાંઠતી નથી?"

"મા'રા જેવા મહાન લેખકે બૈરાંઓને સ્વતંત્રતા આપવી જોઇએ સામાન્ય મનુષ્ય ને અમારામાં એટલો ફેર! કારણકે આ સમાનતાનો યુગ છે અને વળી આપણા ધર્મશાસ્ત્રોને આધારે પણ સ્ત્રી એ ગૃહરાજ્યની પ્રધાન છે."

"પણ તમે પોતે તો ગૃહરાજ્યના રાજા છોને? રાજાની અવગણના પ્રધાન કરી શકે?"

"અરે! ભલા ભાઈ તું એટલુંએ ન સમજ્યો? અમારા ઘરમાં તો પ્રજાસત્તાક રાજ્ય છે. જ્યારથી ઝાર મરાયો ને રૂશીયામાં બોલ્શેવીકોનું રાજતંત્ર થયું ત્યારથી મારી કીકીની બાને પણ મેં બોલ્શેવીઝમનાં સિદ્ધાંતો શીખવવા માંડયા હતા. તેને એ અત્યારે અમલમાં મૂકે છે. સમજ્યાને, એમાં માથું લગાડવાની જરૂર નથી. સોક્રેટીસ જેવા મહાન ફીલોસોફરને પણ મ્હારા જેવુંજ રત્ન મળ્યું હતું!" મારું વિદ્વત્તા ભર્યું લેક્ચર ન સમજવાથી મિસીસ વચ્ચેજ ટપકી પડયાં,

"એ તમારૂં બધું ડહાપણ જાણ્યું! પણ આ ઢેડવાડો અહીંથી ઉઠાવવો છે કે નહિ?"

"કચરાભઇ! ખરેખર શાસ્ત્રમાં લખ્યું છે તેમ સ્ત્રી હઠ એ ઘણીજ ખરાબ હઠ છે માટે આપણે અહીંથી બીજે કયાંક એકાંત સ્થાનમાં ચાલો!"

"જાઓ છો તેતો ખરૂં પણ બજારમાંથી શાકભાજી કોણ લાવી દેશે મારો ભા? વળી ઘરમાં તેલનું પણ નામે ટીપું નથી! શેરએક લોટ હતો તે પણ કાલે સાંજે હુંતો કીકીને ધવરાવતી હતી ને તમારી આંખ્યો આગળ કુતરૂં આવીને લોટ ખાઇ ગયું તેનું પણ ભાન ન રાખ્યું!"

"કચરાભાઇ! બેસો જરા હું ઉતાવળમાં બજારનું કામ પતાવી આવું છું!" મિસીસે પાછો ઓર્ડર છોડયો,

"જરા પેલા ભરૂચી ભાગળવાળા સાંઇ બાવાને પણ તેડી લાવજો કે આપણા ત્રણે બાળકો કાલ રાતના હેબતાઇ ગયાં છે તેને કંઇ ધંતર, મંતરથી સારાં કરે !"

"શું મારા જેવા સુધારકના ઘરમાં ! અરે ! એક પ્રખર લેખકના ઘરમાં ! સાંઇ, ફકીરોનાં ધંતર મંતરનાં ઢોંગ શા માટે જોઇએ ? એ બધા ખોટા વ્હેમો અહીં નહિ ચાલે ?"

"કેમ નહિ ચાલે ? તમે મોટા સુધારક છો તો છોકરાંને સારા કરી દયો ?"

"એની મેળે સારાં થશે !"

"તે નહિ ચાલે ! ફકીરને તેડી લાવ્યા વગર હું જમવાની પણ નથી ! છોકરાં મરી જાય તેની તમને તો રજ્જે ફકર નંઇ ?"

"કચરાભઇ ! ખરેખર બુદ્ધદેવ સંસાર ત્યાગીને સાધુ થયા તે આવાજ કોઇક કારણથી હશે !" ઝાડુનો વાવટો ઉંચો કરતાં સામા પક્ષે ફરીથી મોરચો માંડયો.

"પણ હવે તમારે જવું છે કે નહિ !"

"ના, ના, નહિ ! એક નહિ પણ સત્તર વાર નહિ !" આટ આટલી ઝપાઝપી થઈ ત્યારે આડોશપાડોશનાં બૈરાં એકઠાં થયાં; જેથી અમને પણ મુક્તિની આશા બંધાઇ. જીવકોર માસી મારો પક્ષ લઇને મારી પેલીને ધમકાવવા લાગ્યાં–

"તું એ કેવી રાંડ છે ? બૈરાં મનીખને અજાયણાં મરદને દેખતાં આવું ધીંગાણું શોભે? લાવ તારે જે લાવવું હોય તે હું લાવી દઉં !"

"મારી પાંહે શું પથરા છે તે તમને કે કોઇને દઉં ?" જીવકોર માસી ગુસ્સામાં છીંકણીના ફુંફાડા મારતાં ઠેઠ તેની છાતી સાથે અથડી પડતાં બોલ્યાં,

"આજ કાલની નાની હરખી ઢીંગલી મોટાં મનીખના હાંમુ ચરઅર ચરઅર બોલે છે તે તને કંઇ ખાડી કોતર નડે છે કે નહિ ?" કજીયો લંબાનો અટકાવવા કચરાભઇએ મને કહ્યું–

"યાર આજે કંઇ અપશુકન થયા લાગે છે! લે પણ હવે ચાલ જીવકોર માસીને થોડા પૈસા આપી દે એટલે એ બધું લાવી દેશે!"

"પણ મારી પાસે તો એક ઘસાએલા ઢબ્બુ સિવાય કાંઇ નથી! ખિસ્સાં ખાલી છે તેથી તો આ રાંડનું આટલું ચઢી વાગે છે." વળી પાછી મારી પેલી બોલી પડી–

"પૈસા હોત તો તમે શું ધાડ મારત?"

"બ્હારવટે નીકળી જાત કે પછી દેખવુંએ નહિ ને દાઝવુંએ નહિ!" એટલામાં કચરાભઇએ ખિસ્સામાંથી બે રૂપીઆ કાઢીને જીવકોર માસી તરફ નાખતાં ઉચ્ચાર્યું,

"એમને જે ખપ હોય તે લાવી દેજો અમારે ઉતાવળનું કામ હોવાથી જઈએ છીંએ." જીવકોર માસીએ આશીર્વાદ આપવાની ઢબે કહ્યું–

"વારૂ બેટા જાઓ!" કેદમાંથી છુટતાં કેદીઓને કે મીલમાંથી છુટતાં મજુરોને જેટલો હર્ષ થાય છે તેથી પણ વધુ હર્ષભેર અમે છુટકારાનો દમ ભરતાં કચરાભઇને ઘેર ગયા અને તેમના અભ્યાસ રૂમમાં અમારો પ્રયોગ અજમાવવા લાગ્યા. સતત ચોવીસ કલાક સુધી અમૃતાંજન તથા અમૃતબીંદુ કપાળપર ઘસવાથી કપાળમાં પણ પુષ્કળ લાય બળતી હતી જેથી માથા પર ખુબ પાણી રેડાવ્યું પણ મગજમાં શાંતિને બદલે અશાંતિજ રહી. બીજે દિવસે મારા અત્યંત કાલાવાલાથી કચરાભઇએ પ્રયોગો અજમાવવા માંડી વાળ્યા. બે ચાર દિવસ કચરાભઇને ત્યાં આરામ લીધો ત્યારે મગજ કંઇક શાંત થયુ.

હવે લેખ આપવાને ફકત બેજ દિવસ બાકી હતા, છતાં મેં તો આરંભ કર્યો નહતો. "કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે" વાળી કડીમાં વિશ્વાસ ન બંધાયો. બસ હવે ખાવું પીવું વર્જ્ય કર્યું. પ્રતિજ્ઞા લીધી,

"જ્યાં સુધી લેખ ન લખાય ત્યાં સુધી અનાજ લેવું નહિ!" મારો વિચાર પ્રથમ તો એવી પ્રતિજ્ઞા કરવાનો હતો કે–

"જ્યાં સુધી લેખ ન લખાય ત્યાં સુધી હવા પાણી કે ખોરાક લેવોજ નહિ !" પણ પેલો ત્રિજી ચોપડીનો પદાર્થ પાઠ યાદ આવ્યો કે,

"હવા ન લેવાથી માણુસ તરત મરી જાય છે." પાણી પીધા વગર બે ત્રણ દિવસ જીવાય છે પણ ખોરાક લીધા વગર મહિના સુધી જીવાય છે. એમ એક જૈન મુનિ પણ કહેતા હતા તેથીજ છેલ્લી પણ જરાક સહેલી પ્રતિજ્ઞા ખોરાક ન ખાવાની લીધી. બસ પથારીમાંથી ઉઠયો અને મુઠીઓ વાળીને "નૈસર્ગિક સૌંદર્યની" શોધ ખોળ ચલાવવા વિકટોરીઆ બાગ તરફ દોડયો. કેટલાક મને ગાંડો ધારીને મ્હારા તરફ કુતુહળની દૃષ્ટિથી નિહાળતા હતા, તો કોઇ બાંકે ટોપીવાલે મિયાં કહેતા કે--

"યેતો કોઇ પાગલ દિખતા હે !" ખરે ! **"દુનિયાને ઉંધા ચશ્મા ડાહ્યા દીવાના લાગે !"** બાગમાં અનેક રૂપસુંદરીઓનાં ટોળાં નિરખ્યાં પણ નૈસર્ગિક સૌંદર્ય કોઇમાં ન નિરખ્યું ! કોઇએ મોઢા પર પાઉડરના લેપડા લગાડયા હતા તો કોઇએ વાળના જુલ્ફાના વાંકાં ચુકાં પટીઆં પાડયાં હતાં ! કોઇએ કમર પાતળી દેખાય માટે તંગ પટા બાંધ્યા હતા તો કોઇએ ઉંચી એડીના બુટ પહેર્યા હતા, અને સ્ટોકીંગથી પગ ઢાંકી દીધા હતા ! આંખો પર વિવિધ ફેશનના સ્પેકટેકલ ધારણ કરેલા હતા જેથી ચક્ષુઓ કેવાં છે ? એટલે કોઇ કવિની ભાષામાં કહીએ તો મદીરાક્ષિ છે, હરિણાક્ષિ છે કે વિશાલાક્ષિ છે તે પારખી શકાતું ન હતું.

હું ત્યાંથી નિરાશ થઇને નદી કિનારે રેતીના પટમાં ગયો તો ત્યાં અનેક બાળકો જેને લોક નિર્દોષ કહે છે તેવા રમતો રમતાં હતાં. એ મિયાનાં ઝુમખાં બાળકોના માથા પર મોટી ટોપલી જેવી હેટો અને શરીરપર લુગડાંનો ભાર લદાયલો હતો જેથી તેમનામાં પણ નૈસર્ગિક સૌંદર્ય કરતાં કૃત્રિમતા વિશેષ હતી. સરિતામા પણ ગટરનાં પાણીનું મિશ્રણ થવાથી મલિનતા

દર્શાતી હતી. બાગના ઝાડોને પણ કાતરોથી કાપીને સરખાં, સમાન્તર કર્યાં હતાં. આઠ દિવસે શીરપર હજામનો હાથ ફરે તેમ માળીઓ ઘાસને પણ કાપીને બરાબર સરખી કરી રાખતા. મતલબ કે કુદરતના દરેક કાર્યમાં મનુષ્યોની દખલગીરી હતી. યુવાનો ધોળી પુણી જેવા, લોહી વગરના ઓઠા જેવા દેખાતા હતા. આંખો ઉંડાણમાં ગએલી, કમર યુવાનીમાંજ વૃદ્ધ અવસ્થા અનુભવી વાંકી વળેલી, ગળું પાતલું તાંતરડી જેવું તે ભરાવદાર દેખાય તેટલા સારૂ કોલર ને નેકટાઇ બાંધીને રૂંધાતા શ્વાસે રમણીની ચાલે, મંદસ્વરે વાર્તાલાપ કરતા. બધેબધ કૃત્રિમતા નિહાળીને મ્હારૂં અંતઃકરણ દિલગીર થયું, શહેરની ગલીકુંચીઓ પણ ગંદી, ઘીચ વસ્તીવાળાં ઘરો પણ કેદખાના જેવા ભાસતાં. જાણે બીજી નર્ક પુરી ! મોટર ને ગાડી ઘોડાની દોડધામ, કારખાનાં ને આગ ગાડીઓનો ઘોંઘાટ બધું અશાંતિમય વાતાવરણ પેદા કરતાં. મ્હારો લખવાનો વિષય મને નગરમાં તો નજ જડયો ! હું અફસોસ અને ચિંતામાં શહેર બહાર પ્રયાણ કરવાનો ઇરાદો કરતો હતો એવામાં એક શ્રાવણની જળભરી વાદળી વરસી પડી ત્યારે ભાન આવ્યું કે મારી પાસે તો છત્રી અને ટોપી પણ ન હતી ! પછી લોકો મને દિવાનો ધારે એમાં શું નવાઇ ? લોકો તો આર્કીમીડીસ, યુકિલટસ અને ન્યુટનને પણ ગાડો કહેતા હતા ! જગતને માઢે ઢાંકણું હોય ?

વરસાદથી કંટાળીને નિરૂપાયે હું કચરાભાઇને અત્રસે પહોંચ્યો તે કયારની મા'રી રાહ જોઇ રહયો હતો, તેણે કહ્યું "ગાંડા જેવો કયાં નાસી ગયો હતો. ?" મેં તેને મારી દિલગીરીની વાત જણાવી. વચ્ચે એક રાત્રી અને એક દિવસ બાકી હતો તે મને ખટકતો હતો. ગમે તેમ થાય પણ લખવું તો ખરૂંજ ! કાગલ અને કલમ હાથમાં લઇને નાનપણમાં મોંસાળ પોંક ખાવા ગયો હતો તે પ્રસંગ લખવા બેઠો.

"અહા ! તે રમણીય સંધ્યાએ હું મારા મામાના ડ'ઇલા સાથે સુંદર તળાવે નહવા ગયો હતો તે દેખાવ હજુ સ્મરણમાં છે. ગામડાની ગોરીઓ જરાપણ સંકોચ વગર નિર્ભય સિંહણો પ્રમાણે કડલાં, કાંબીના

ખડખડાટ કરતી, ધરણી ધ્રુજાવતી પાણીનાં બેડાં સહિત કેવી રૂમ ઝુમ ચાલી જતી હતી ! શું તેમની ઉમંગભરી ચાલ અને ઉત્સાહ ભરી વાર્તાઓ ? હરતો ચહેરો ! અને પેલાં દિગંબર બની તળાવમાં તરતાં કુદરતનાં નિર્દોષ બાલુડાંઓ તો ભુલાય એમજ નથી ! સામે પાર કમળના ફુલોમાંથી ઉંચી ડોક દેખાડતી સારસ અને સારસીની વિશુદ્ધ પ્રણય પ્રણયિની જોડલીઓ, સ્ટીમલોંચની ઝડપે તરતાં રાજ હંસો ને ડુબકી મારતી જળકુકડીઓ કેવા આનંદથી જળક્રીડા કરતાં ! પાળ ઉપર વડલાની ડાળે મયુરો ટહુકાર કરી કુદરતના સૌંદર્યમાં કેવું માધુર્ય રેડતા ? બીજી તરફ આંબાવાડીમાં આંબા લીયાની ડાળે બેસી કોયલો કેવો મધુરો ટહુકાર કરતી ! તેના પ્રયુત્તરમાં ઘણે દૂર પેલા ગૌચરમાં ડાંગ ગોઠવીને એક પગે ઉભેલા અભણ ભરવાડો કેવી મધુરી વાંસલડી વગાડતો ? પશ્ચિમના સોનેરી રંગ પથરાતાં વાંકડી સીંગડીવાળા બળદો ડોલતા ડોલતા તે મધુર ઘંટડીઓનો રણકાર જાણ્યે અજાણ્યે કરતા કેવા ધીમે ધીમે હીંડતા ? પક્ષીઓના ટોળાં કેવા આનંદ ભેર કીલ કીલાટ મચાવતાં પોતાના માળા તરફ વળતાં ! ખેતરોમાંથી પરવારીને આવતા મજુરો "ઝાંપે તા'રી ઝુંપડી ઘાયલ ઝાંપે તા'રી ઝુંપડીરે !"નું ગીત કેવા લાબાં રાગે લલકારતા ? ખરે ! એ નૈસર્ગિક સૌંદર્ય નહિ તો બીજું શું ? પણ ઉકરડાપર ચઢીને બુલંદ આવાજે ભુંકતા લંબકર્ણો અને હાઉ ! હાઉ કરીને એક હાડકા માટે લડી મરતા શ્વાનોનું સંગિત નૈસર્ગિક સૌંદર્યમાં આલેખવું કે નહિ ?" લખતાં લખતાંજ નીદ્રાધીન થયો કલમ કયારે અટકી ? અને હાથમાંથી કયારે પટકી ? તે ખબર નથી !

પણ જાણે હું એટલા નૈસર્ગિક સૌંદર્યથી ન ધરાયો તે દરિયા કિનારે જઇ ભેખડપર બેસીને જળમાં ડોકીયાં કરવા લાગ્યો. એટલામાં મારી પીઠ પર કંઇ કાંટા જેવું લાગ્યું પાછું ભાળવા જાઉં છું એટલામાં તો હવામાં અધ્ધર ઉંચકાયો,

"ઓ મ્હારા બાપરે આ શું ? શું ગરૂડે મને અજગર ધારીને પકડયો ? નારે ના આતો પેલું વલાયતી લોકોનું વેમોન સે !

ઓ મારા દાદલીયા ! ઇ લોક પણ મહા ભુડાં કે વીમોંન મોંથી ગલ નાછીને માછલાં પકડે સે ! પણ મારા આ્યાં ભોગ લાગ્યા કે ગલ્લમોં ભેરવઇ જ્યો ?"

સાહેબોએ તો મોટું માછલું ધારીને મને ઉપર ખેચી લીધો. પણ માછલાને બદલે મનુષ્ય નિહાળીને ખુબ હસવા લાગ્યા. મને પીઠમાં ઘા થયો હતો પણ વગર પૈસે વિમાનમાં ઉડવાનું ઠીક ફાવ્યું. વિમાનતો જંગલો ને પહાડો પર થઇને સડસડાટ ચાલ્યું. અંતે એક પહાડ પર વિમાન થોભાવીને બધા ચાહ પીવા ઉતર્યા કારણ કે ચાહ ખલાસ થઇ ગઇ હતી. એક ભીલની ઝુંપડી દૃષ્ટે પડી ત્યાં જઇને ચાહની માંગણી કરી પણ તે (ભીલની ઝુંપડીમાં ચાહ હોય કે ન હોય તેની અમને ખબર નો'તી.) અંગ્રેજીમાં ન સમજે ને સાહેબ લોક તેમની વાતમાં ન સમજે. મેં વચ્ચે દુભાષીયા તરિકે ખાલી ખાલી ડોકું ધુણાવ્યા કર્યું અહીં એક ભીલ્લણ મારી દૃષ્ટીએ પડી. તેનો રંગ તો કાળો હતો પણ એવો કામણગારો કે બસ.

"કાળી લૈલા ઉપર આશક પડીને કયસ દીવાનો (મજનું) બન્યો હતો" એમ લખ્યું છે તે ખરૂંજ હશે એમ મને ખાતરી થઇ ! તેનો શુદ્ધ કાળો રંગ એવો હતો કે કાળી કોબરા બુટ પોલીસ તો તેના આગળ કંઇ વિસાતમાજ નહિ ! કાળીબુરની રાણી પણ તેના આગળ ઝાંખી પડે ! અને દાંત તો જાણે સાચાં મુક્તાફળ કરતાં શ્રેષ્ઠ ! મને હવે ખાતરી થઇ કે નૈસર્ગિક સૌંદર્ય તે આનુંજ નામ ! બસ હવે બધા લેખકો વગર પાણીએ ઝખ્ખ મારે છે ! હું તો લેખ લખવા માટે મંત્રમુગ્ધપણે તે બાળા તરફ એકીટસે નિરખી રહ્યો હતો ત્યારે વિમાનવાળા ગોરાઓ મને ખેંચવા લાગ્યા.

"અય ! કુલીમેન ચલો હમારે સાઠ ! ઇઢર કયા ડેખટા હૈ !" મેં કહ્યું

"તમે જાઓ હું નહિ આવું !"

"હમ ટુમકો જહાંસે ઉઠા લાયા હૈ વહાં રખ ડેગા" કરી મને ખેંચવા લાગ્યા. મેં ન જવા હઠ કરી તેમણે મને ઠોંસા મારવા માંડયા.

"શું છે? શું છે?" કરતું કોઇ આવ્યું. મેં આંખ ઉઘાડી તો પાસે કચરાભાઇ દાતણ કરતા ઉભા હતા.

"યાર સ્વપ્નું આવ્યું હતું! બસ ફત્તેહ! નૈસર્ગિક સૌંદર્ય મેં નજરો નજર સ્વપ્નામાં નિહાળ્યું!" બસ લખવા માટે મેં હોલ્ડરને કાગળની શોધખોળ કરતાં હોલ્ડરની સ્ટીલ ભોંયે પડવાથી વળી ગઇ હતી અને ગોરા લોકોની સાથે ખેંચા ખેંચીમાં થોડો ઘણો લખેલો લેખ પણ ફાટી ગયો હતો. તેથી મેં બીજા કાગળો અને હોલ્ડરની માંગણી કચરાભાઈ પાસે કરી તેણે કહ્યું,

"ચાહ પીને બજારમાંથી ખરીદી લાવીશું" મેં જાનેજ ઉતાવળ હોવાથી લેવા જવાનું ઉચિત ધાર્યું પણ ખુરસીમાંથી ઉઠતાંજ ભુખની અશકિતને લીધે આંખે અંધારાં આવ્યાં. બસ ખેલ ખલાસ! અંતે મારી શારીરિક શકિતએ મને દગો દીધો. મનની ધારણા મનમાંજ સમાઇ હતી. કચરાભાઇએ મારા કાનમાં કહ્યું:—

"તેં લેખ લખતાં સુધી અનાજ ન ખાવાની પ્રતિજ્ઞા કરી છે પણ દૂધ ને મગફળી કંઇ અનાજ છે? માટે લે ઉડાવ નહિતર ઇનામ મેળવતાં પહેલાં તુંજ સ્વધામ સિધાવી જઇશ! જોને મહાત્મા ગાંધીજી પણ મગફળીને દૂધપર મહીનાના મહીના પ્રસાર કરે છે!" એ મારા જાન દોસ્તની સુચના મારે ગળે ઉતરી અને તેની પાછળ પાછળ દૂધ પણ ગળામાં ઉતર્યું. બે ત્રણ ઘડી પછી સંપૂર્ણ શકિત પ્રાપ્ત થઇ, એટલામાં સાધનો આવી લાગવાથી લેખની તૈયારી કરી. થોડુંક લખ્યું ને લઘુ શંકા કરવાની પ્રેરણા થવાથી હું લઘુશંકા કરવા ગયો. પાંચ મિનીટમાં આવીને જોઉં છું તો લેખનો કાગજ ગેપ!

"અરે! આશું? અહીંથી કાગળો ક્યાં ગયા?" મે અને કચરાભાઇએ તેમની ઘણીઆણીએ તથા ઘરનાં બીજાં મનુષ્યોએ ખૂબ શોધ ખોળ ચલાવી પણ લેખના કાગળોનો પત્તો ન લાગ્યો! એવામાં બ્હાર શેરીમાં વરસાદથી વહેતા વહેણમાં કચરાભાઇના ચિરંજીવી કાગળની હોડી તરતી મૂકી ખૂબ આનંદમાં રમી રહ્યા હતા.

"અફસોસ! અંતે નૈસર્ગિક સૈંદર્યના લેખની હોડી બની!" હવે હું છેકજ લાચાર બન્યો હતો, છતાં ડુબતો માણસ તરણાને પણ પકડી રાખે છે તેમ હવે મેં કચરાભાઇને છેલ્લી વિનંતિ કરી કેઃ—

"હવે મારામાં લખવાની શક્તિ નથી માટે તું લખ" તેણે મારી અર્જવતાથી પ્રસન્ન થઇને લખવાનું કાર્ય આરંભ્યું પણ જ્યાં મેં પહેલા વાકયનું પૂર્ણ વિરામ પણ ન ઉચાર્યું તે પહેલાંતો અમારાં ભાભી સાહેબ બુમ પાડી ઉઠયાં,

"એ દોડો! દોડો! પિતાજીને ચકરી આવી છે!" ત્યાંને ત્યાંજ કલમને અફાળીને કચરાભાઇ ઉઠયા અને હું પણ ડાઘુ જેવું ડાચું કરીને દોડયો. માંડમાંડ અર્ધા કલાકે ચકરી બંધ થઇ! અને છુટકારાનો દમ લેતાં આવીને આરામ ચેરમાં પડયાં. જરા વિશ્રાંતી લઇને લેખન કાર્યનો પુનઃ આરંભ કરતા હતા તેવામાં ડેપ્યુટી ઇન્સપેકટરનો પટાવાળો આવ્યો જેને જોતાંજ મારા હોશકોશ ઉડી ગયા. તેણે કહ્યું:—

"મેહતાજી છાબ! હાલો ડેપોટી છાબ બોલાવેચ!"

"પણ એટલી શી ઉતાવળ છે હજુ મા'રી રજા તો કાલે પુરી થશે?"

"પણ મોટા ઇનસપટેલ છાબ અંદાવાદથી આયવાચ તે તમારી નેહાળમાં પરક્ષા કરવાનું કે'ચ!"

"ચાલ બાપા ચાલ! હા! તું જા હું થોડી વારવામાં આવું છું." "પણ વાર લાગહે તો છાબનો ગુચ્છો ભાળી છે?"

"વારૂ! જા." ખરેખર!

કિસ્મતકી કમ નસીબીકો બેકાર કયા કરે?
જબ ખુટ ગયા પેટ્રોલ તો મોટરકાર કયા કરે?

અંતે 'અકકરમીનો પડીઓ કાણોજ!' મેં ઘણોએ પુરુષાર્થ કર્યો પણ,

કહાં મુજને ગયું દારી દાગાબાજી કરી કિસ્મત?

બહારના વરંડામાંથી અવાજ સંભળાયો—

"અરે! ઝવેરભાઇ સાંભળો છો કે? આ જીવકોર માસી કંઇ

અગતના સમાચાર લાવ્યાં છે !" એટલામાતો જીવકોર માસીએ કહ્યું—

"બેટા, તું તો ચાર દિ થયાં અહીં પરોણો થઇને પડયો છે ને તારી ધરવાળી તો પિયર પધારી ગઇ છે !"

"પરમેશ્વરનો પાડ ! ધણુંજ સારૂં થયું ! હું તો કહું છું કે જો એ ત્યાં છ મહીના રહે તો મોદી, ઘાંચી, દરજી, હજામ વગેરેના લેણા પૈસા પણ ચૂકવી દઉં !" એટલામાં પાછો પટાવાળો આવ્યો,

"મેતાજી છાબ ! હાલો નહિ તો કોમ ડીહમીહ કરી નાખહે !" ડીસમીસ થવાની ધાસ્તીથી આમ તમારા સેવકની સ્વારી ઉઘાડે પગેજ બહારવટે નીકળી ! અને નૈસર્ગિક સૌંદર્યનો નિબંધ તો મનમાંને મનમાંજ ઘોળાઇને ઓગળી ગયો ! આજે મને એ વાતું યાદ આવે છે ત્યારે આપઘાત કરવાનું મન થઇ આવે છે. પણ ભલું થજો સરકાર માબાપનું કે હથિઆર ખુંચવી લીધાં છે ! અફીણ ઘોળીને પી જવાથીએ આત્મહત્યા થઇ શકે છે એવું સાંભળ્યું ને વાંચ્યું છે પણ અફીણ લાવવા જેટલાંએ નાણાં ખિસ્સામાં ફાજલ પડતાં નથી ! તો હવે તમોજ કહોકે હૈયામાં હોળી સળગતી હોય ને મોઢા પર દીવાળી પ્રગટ કરી શિક્ષક અને લેખક જેવો ઉત્તમ વ્યવસાય હું નભાવી રહ્યો છું, એ કેવડું મોટું વિશાળ મન ? અરબી સમુદ્ર જેવડું !

[૮]

ઈન્સપેકટરની આફત કે પરીક્ષાની પીડા ?

પાત્રોનાં નામ (સ્વભાવ પ્રમાણે.)

અમથાલાલ ઉર્ફે અકકડ:—એક ડેપ્યુટી ઇન્સપેકટર

ફકીરભાઈ ઉર્ફે ફકકડ:—એક નિશાળના મહેતાજી

ચંદુલાલ ઉર્ફે ચકકર:—તેજ નિશાળના આસિ. માસ્તર

ઘેલાભાઇ ઉર્ફે ધનચકકર, રહીમમીયાં ઉર્ફે રહુચક્કર વગેરે વિદ્યાર્થીઓ;

તદુપરાંત કાળીઓ કોળી, મુખી, પટાવાળો વગેરે.

પ્રવેશ ૧ લો.

સ્થળ:—એક ગામડાની નિશાળ.

'**અલ્યા** મગનીયા નિશાળ ઉઘાડીને એ ચંદુ માસ્તર ક્યાં ગયા ?

"સાહેબ, ચંદુ માસ્તર તો લોટો લઇને ઉત્તર દિશાએ ગયા છે."

'અત્યારે ઉત્તર દિશાએ શું ધ્રુવની શોધખોળ કરવા ટળ્યા છે ? કાલે તો પરીક્ષા લેવા સાહેબ આવવાના છે ને એને તો દિવસમાં દસ વાર લોટો લઇને જવાનુંજ સુઝે છે !"

"હેં સાહેબ, કાલે પરીક્ષા છે? ત્યારે તો પરમ દહાડેથી પરીક્ષાની રજાઓ પડશે!" ઘેલાભાઇ બોલ્યા.

"હવે તું પહેલાં પાસ થવાનીજ વાત કરને! રજા તો પડતી હશે તે પડયાજ કરશે!" એટલામાં કાનમાં જનોઇ ખોસીને લોટા સહિત ચંદુભાઈ પ્રવેશે છે.



"અરે! માસ્તર તમે તો લોટો લઇને આંબલી પીપળી રમો છો ને કાલે તો પરીક્ષા લેવા સાહેબ આવનાર છે!"

"સાહેબ આવવાના છે એટલે દિશાએ પણ ન જવું! પહેલી આરોગ્યતા અને પછી પરીક્ષાની કડાકુટ"

"એ બધું તો ખરૂં પણ સાહેબ લખે છે કે ગાડીનો બંદોબસ્ત કરી રાખશો. તો તમે જલ્દી જાઓ ને મુખીને કહી એક ગાડી કાલે સ્ટેશને મોકલવાનું કહેતા આવો."

"ઠીક, આ કેટલાક છોકરાઓને કોપિ લખવાની બાકી છે તે પુરી કરવાની સુચના આપી જાઉં છું."

"કોપિ ગઇ ચુલામાં હવે જલ્દી જાઓને."

"એવા નજીવા વિષયમાં પરિણામ ખોટું આવે તેનું કેમ?"

"એવો વિચાર કરવાની આજેજ સમજ પડી! પણ હવે વહેલા દોડોને નહિ તો વળી મુખી ખેતરે ઉપડી જશે."

જલ્દી જલ્દી કોટ પહેરીને ઉઘાડે માથેજ મુઠીઓ વાળી મુખીના ઘર તરફ દોડવા લાગ્યા. મહેતાજીએ તેમને બુમ પાડી.

"અરે ચંદુ માસ્તર, ઉભા રહો......ઓ ઉભા રહો......ઓ આમ ઉઘાડા માથે ક્યાં નાસો છો ?"

"ઉપરી અધિકારીના હુકમનો તાકીદે અમલ કરવો જોઇએ એવું આપે જા નં-૪૫ થી લખ્યું હતું ને તે ભુલી ગયા ?"

"પણ ઉઘાડા માથે અમલ કરવો જોઇએ એમ કંઇ લખ્યું હતુ ?"

"અરે હું તો ઉતાવળમાં ટોપી પહેરવીજ ભુલી ગયો. આજ કોણ જાણે શુકનજ એવા થયા છે. ઓલ્યો ભગલો સવારમાં દાઢી મુંડવા આવ્યો તે ઉતાવળમાં અસ્તરોજ ભુલીને આવ્યો હતો."

"અરે ! હું પણ ઉતાવળમાં જોડા પહેરવાનું ભુલી ગયો ને !"

"ત્યારે શું આ છેલ્લા ત્રણ ચાર માસ થયાં આપ રોજ જોડા પહેરવાનુંજ ભુલી જાઓ છો ?"

"હ્યો, એ વાત પણ ભુલી ગયો કે જોડા તો છ માસ થયા ફાટી ગયા છે તેથી મગના મોચીને ત્યાં બીજા સીવડાવવા નાખ્યા છે પણ ત્રણ માસ થયાં તે વાયદાજ કર્યા કરે છે. પણ હવે તમે જલ્દી જાઓ." ચંદુમાસ્તર મુખીના ઘર તરફ જાય છે.

"માસ્તર સાબ, મેરે અબ્બા કે પુરાને બુટ એક કોનેમેં પડ રહે હેં અગર આપ કહો તો લાદું !" રહીમમિયાં ઉર્ફે રખુચકકર બોલ્યો.

"ગાંડા ગુરુને દક્ષિણામાં જુના જોડા દેવાય કે ? જો તું પરીક્ષામાં પાસ થઇ જાય તો તારા બાપા પાસે નવા બુટ સીવરાવવાના પાંચ રૂપીઆ દેવરાવજે." મહેતાજીએ મીઠા સાકર જેવા અવાજે કહ્યું.

"અચ્છા મગર સાબ. મુજે હિસાબ આતે નહિં તો પાસ કૈસે હોંઉગા ?" રખુચકકરે લાગ સાધ્યો.

"અલ્યા ધીરૂ, તમે બંને પાસે પાસે નંબર છો તો તું જરા સ્લેટ નીચી રાખજે."

"પણ સાહેબ, તમે તે દિવસે શીખવ્યું હતુંને કે ચોરી કરવા કરતાં ચોરી કરાવનાર વધારે ગુનેગાર છે."

"લે હવે ચુપ મર ! જાણે મોટા સતવાદી હરિશ્ચંદરનો દીકરો થઇ બેઠો છે ને શું ? એતો જરા એ મિયાંનો બાપ ઉદાર દિલનો માણસ છે જેથી પાંચ રૂપીઆ ઇનામ આપે એવી આશા છે તેથી, નહિ તો આવી ખટપટમાં કોણ પડે ?"

ચાલો હવે આપણે પણ અહીંથી મુખીના ઘર તરફ દૃષ્ટિપાત કરીએ.

પ્રવેશ ૨ જો.

સ્થળ:—મુખીનું આંગણું.

ડેલીમાં બેઠા બેઠા મુખી હુક્કો ગડગડાવે છે. એટલામાં ચંદુ માસ્તર આવી પહોંચે છે, તેને મુખી આવકાર આપે છે:

"રેંામ રેંામ, માસ્તર સાબ. પધારો, પધારો; આજે નેહાળ સોડીને ચ્યમ આવવું પયડું ?"

"મુખી સાહેબ, જરા જરૂરનું કામ પડયું છે તેથીજ આવ્યા છીએ નહિ તો વળી ભણાવવાના કામમાંથી અમને જરાએ ફુરસદ ક્યાં મળે છે તે આવીએ." ચંદુ માસ્તરે પોતાની કર્તવ્ય પરાયણતાની પ્રતિતિ કારાવી.

" લ્યો ત્યારે જરા કહુંબાપાણી ચાલશેને !

" નાજી, હું કસુંબા કે હુક્કો પીતોજ નથી.

"ત્યારે સા તો પીસોને ? બેટા દિવાળી આ માસ્તર સાબ હારૂ એક પ્યાલો સા (ચા,) બનાવી લાવ તો દીકરા !"

"બ્હેનને શા માટે તક્લીફ આપો છો ? મારે ઉતાવળનું કામ છે માટે થોભાય એમ નથી."

"મરૂં હાળું એમ તે હૂકે હૂકું સાલે કે ? જરા બીડીતો વાળે પસે જે કાંમ હોય તે કહી નાખો."

"જાણે એમ છે કે કાલે સવારે પરીક્ષા લેવા ડેપ્યુટી સાહેબ પધારવાના છે તેમને લેવા માટે ગાડી મોકલવાની છે." બીડીના ધુમાડા સાથે વાકય પૂર્ણ થયું.

"જુવોને માસ્તર સાબ જાણે અમારા એક જોડ બળદીયાતો પટલોંણીને પિયર ગિયાસે ને બીજી જોડ મામલતદાર સાબનો હર હામાન મુકવા તાલુકે ગીયાસે, તરીજી જોડ સે; તીમાએ ધોળીઆને પગે તણુછ થઇસે ને કાળીઆને પગે બેહકામણુ આયવુંસે પસે ગાડી હી રીતે મોકલવું ?"

"આપ ગામના ગામેતી છો ચાહો તેની ગાડી જોડાવી શકો છો."

"બાપુ, ઇ દા'ડા વ'ઇ ગીયા, જીયારથી ઓલ્યા ગુજરાત મલકના હરદાર વલ્લભભાઇ આ ગોંમમાં આવી ગીયા તીયારથી મોટાં ઝોંટલીમેંટ અમલદારોને એ બળદ તો સું પણુ બળદનું પુંસડુંએ વેઠે મળતું નથી તો પસે તમારા ડિપોટી સાબ હારૂ તે કોણુ આપે ?"

"પટેલ સાહેબ, જો ગાડીનો બંદોબસ્ત નહિ થાય તો સાહેબ અમારી ઝાટકણી કાઢશે."

"તિયારે હવે તો ઇ અલાજ સે કે ગાડીની ધુંસરી તમે ને હું બે બળીને બેસીયે !"

"ભઇ સાહેબ, તમે તો ટોળ ટપ્પા કરો છો ને અમારી તો માઠી વલે થશે."

"મેં હોંભયલું સેકે ઉપલક કોંમ હારૂ હરકાર તરથી મોટા માસ્તર સાબને કંટીજણુ મળેસંને તો તીમાંથી ભાડે ગાડી કરી જાઓને. કોઇના કાલાવાલા કરવા કરતાં ઇ ઘણું મઝાનું !" કંઇ વળવાનું નથી એમ ધારીને ચંદુમાસ્તર "રામ રામ" કરીને ચાલતા થયા.

પ્રવેશ ૩ જો.

સ્થળ:—નિશાળનો ઓટલો;

"કેમ ચંદુભઇ માસ્તર, ગાડીનું કરી આવ્યાને ?" મહેતાજીએ ઓટલા પરથીજ પૂછયું.

"પટેલ પાસે ગાડીનો પત્તો લાગે એમ નથી ને ગામમાંએ કોઇ ગાંઠે એમ નથી." વિલે મોઢે ચંદુ માસ્તરે કહ્યું.

"એમ હતું તો અત્યાર સુધી શા માટે અટવાઇ રહ્યા?"

"અરે? કોલંબસને અમેરિકા શોધતાં જેટલી આપદા વેઠવી પડી હશે તેથીએ વધારે તકલીફ ગાડી શોધતાં મારા પગોને વેઠવી પડી છે!"

"તકલીફ વેઠીને પણ શું ઉકાળ્યું?"

"આપ કહો તો અત્યારસુધી સાહેબને ન્હાવા માટે આખો દિવસ પાણી ઉકાળું પણ એ ગાડીનું લફરું ન વળગાડો તો મોટી મહેરબાની!" ચંદુ માસ્તર છેલ્લે પાટલે બેઠા.

"તો હવે કરવું શું? જો સાહેબને ગાડી નહિ મોકલીએ તો એ તાપમાં અકળાઇને બાર માંસના કામ પર પાણી ફેરવશે! એ તો અમલદાર રહ્યા એ વાઘરી ખાતર ભેંસ મારતાં પણ ન અચકાય સમજ્યાને!"

"તો હવે એક ઇલાજ મને દૂરથી દેખાય છે કે જેમ તિલક મહારાજની ગાડી લોકોએ ખેંચી હતી તેમ આપણે સાહેબને ગાડીમાં બેસાડી ખેંચીએ!"

"માસ્તર થયા છતાં અક્કલ ન આવી! તે તો લોક લાગણી હતી ને આ તો અણધારી આફત કહેવાય!"

"તો હવે રહ્યો સહ્યો છેલ્લો ઇલાજ એજ છે કે કંટીજન્ટમાંથી ગાડી ભાડે કરવી." છૂટકારાનો નિશ્વાસ નાંખીને માસ્તરે કહ્યું.

"હેં...એં! કંટીજન્ટતો ફક્ત બાર આના મળે છે તેમાંથી એ માસમાં તો તુમારની અથડા અથડીમાં આઠ આના વપરાઇ ગયાં છે. બાકી રહ્યા ફક્ત આના ચાર, એમાંથી ગાડી શી રીતે ભાડે કરાય?"

"ધાજોરે ધાજો વાઘ આવ્યો રે! વાઘ!" જેવું ડાચું કરીને મહેતાજી ચંદુ માસ્તર પર જાણે મેસ્મેરીઝમ કરતા હોય તેમ એકીટસે જોવા લાગ્યા.

"જો માઠું ન લગાડો તો એક વધુ વીચાર જણાવી દઉં કે છોકરા દીઠ પૈસા પૈસાનું ઉઘરાણું કરીને ગાડી ભાડે કરીએ તો કેમ?"

"હું...એં...તમારી સાથે મને પણ સસ્પેન્ડ કરાવવા ધાર્યું છે કે શું?"

કરડકણા કુતરા જેવું ડાચું કરીને મહેતાજી બોલ્યા.

અંતે કેટલાએ વિચારોની આપલે થયા પછી ત્રણ દિવસની બાદશાહી ભોગવી કાબુલની ગાદીનો ત્યાગ કરતા પ્રીન્સ ઇનાયતુલ્લાહની ઢબે મહેતાજી બોલ્યા "જાઓ, ભલે બાર આના સુધીમાં ગાડી ઠેરવી લાવો." કેટલી રખડપટ્ટી કર્યા પછી બાર આના અને ઉપરથી ઇસ્ટેસણે (સ્ટેશને) ચાહ પાણીનો એક આનો પોતાની ખાનગી મિલ્કતમાંથી આપવાનું વચન આપીને કાળીયા કોળીનું રઘસીયું ગાડું ભાડે કર્યું. રાત્રે વાળું કરીને ગાડું જોડાવ્યું ને માંડ માંડ સવારમાં સ્ટેશને પહોચ્યું !

પ્રવેશ ૪થો

સ્થળઃ—સ્ટેશન અને રસ્તો.

કાળીઓ કોળીતો ચંદુમાસ્તર પાસેથી એક આનો લઇને સ્ટેશનના હિંદુ ઉપહાર ગૃહમાં ચાહ પીવા ગયો. એટલામાં ગાડી આવી. ડેપ્યુટી સાહેબ તાજાજ બી. એ. પાસ થઇને પાંચ છ મહિના ટીચર લાઇનમાં કાઢીને ડેપ્યુટીની લાઇનમાં ઘણી મઝા છે એમ જાણીને ઘસી આવ્યા હતા. મતલબ કે સાહેબ નવા અને અજાણ્યા હતા. તેમનો ઠાઠમાઠ પણ ભારે હતો. ચંદુમાસ્તર તો દરવાજામાં ઉભા રહ્યા હતા ને દરેક પેસેંજરને પુછતા–

"આપ ડેપ્યુટી સાહેબ છો ?" અંતે સાહેબ બધાંથીએ પાછળ સીગરેટના ધુમાડા ઉડાડતા નીકળી આવ્યા. સાથેની હેંડબૅગ પટાવાળાએ ઉંચકી હતી. માસ્તરે તેમને સલામ કરી એટલે સાહેબે પુછ્યું "વેલ, વાસણાના ટીચર તમે છો કે ?"

"સાહેબ વે'લ નહિ મળવાથી ગાડું જોડયું છે." ચંદુમાસ્તરે કહ્યું.

"અરે ! હું એમ પુછું છું કે વાસણાના નિશાળ શિક્ષક તમે છો?"

"હાજી હું ત્યાંનો આસિસ્ટંટ માસ્ટર છુ." સાહેબે ચંદુમાસ્ટર સાથે શેકહેંડ કરતાં કહ્યું,

"માફ કરજો, મેં તમને પહેલી નજરે કોઇ કુલીમેન ધારેલા." હસ્તાં હસ્તાં સાહેબે કહ્યું.

"સાહેબ ગાડાવાળો કોલી તો ત્યાં ચાહ પીએ છે." કોલી તરફ આંગળી દર્શાવી કહ્યું એટલે કાલીએ જાણ્યું કે મને બોલાવે છે એમ ધારી જલ્દી જલ્દી ચાહ ઢીંચીને દોડી આવ્યો ને માસ્તરને ખભે હાથ મુકી બીજે હાથે ચાબખી હલાવતાં બોલ્યો:

"ચંદુમાસ્તર, પેલો ચહમાવારો ઉભેલો તે તારો સાબ કે ?"

"ચુપ, સાહેબ સાથે વિવેકથી બોલવું જોઇએ. મારી હાળી કોળીભઇની જાતજ છાની ન રહે !"

"લે મોટો ઉંચી જાતનો થઇ જીયોચતો, તુંને તારો સાબ પગે ચાલતા આવજે. ઉં તો મારૂં ગાડું જોડીને હેંડયો જઇશ !" માસ્તરે કાલાવાલા કર્યા ત્યારે કાળીઓ કોળી થોભ્યો. સાહેબ જરા રિફ્રેશમેંટ લઇને પટાવાલા સહિત ગાડા પાસે આવતાંજ ચમકયા.

"મેં તો ગાડી માટે લખેલું ને આવું મોટું ગાડું કેમ લાવ્યા?" સાહેબ જરા કરડી નજરે જોતાં બોલ્યા.

"સાહેબ, અમારા ગામમાં ગાડીઓ સદંતર મળતીજ નથી !" ચંદુમાસ્તરે ખુલાસો કર્યો.

"તો પહેલાંથી મને લખી દેવું હતું ને નહિતર ટેલીગ્રાફ કરી દેત, તો હું મારી સાઇકલ લઇને આવત."

"પણ સાહેબ કાલેજ આપનો કાગળ અમને મલ્યો."

"કેમ; મેં તો આઠ દિવસ થયાં લેટર લખેલો, પછી આટલો મોડો કેમ મળ્યો ?"

"સાહેબ અમારે ત્યાં આઠ દિવસે ટપાલ આવે છે."

"વારૂ હશે. આટલામાંથી કોઇ બીજી ઘોડાગાડી ભાડે કરી લાવો તો."

"સાહેબ વાસણા અહિંથી બાર કોશ દુર છે ને સડક નથી જેથી ગાડી આવશે નહિ."

"તો આવા બેડોળ ગાડા પર શી રીતે બેસી શકાય?"

"ત્યારે અમે ચ્યમ કરીને બાર ગાઉ આયવા હઇશું? બેહતો હઇ તો બેહને નહિ તો ચાલતા ધહડાવું પહડે!"

કાળીઓ કોળી અકળાયો એટલે સાહેબ તેના પર તપ્યા;

"યુ ડેમ ફુલ! આવો નાલાયક ડ્રાઇવર શા માટે લાવ્યા?"

"સાહેબ એતો એનુંજ ગાડું હું ભાડે કરી લાવ્યો છું."

"અચે, સાબ, હવે હમે તારાથી બ્હીવાના નંઇ. ઓયલા હરદાર વલ્લભ ભાએ હરકારી મોણુહથી ડરવાનું ના કયુંચ મોંટે બેહતો હોય તો બેહને અને ચંદુ માહતરની સરમે તમે એટલું કહુંચ નહિ તો કેવારનો હાલતો થઇ જાત!"

સાહેબની સર્વિસમાં આ પહેલીજ ગાડાની મુસાફરી હતી જેથી આ જંગલી સાથે વધુ ખટપટ ન કરતાં ચુપચાપ ગાડામાં બેઠા. ગાડું આઠ ગાઉ ચલતાં તો બપોરના બાર વાગી ગયા હતા. વળી જુન માસ એટલે પુછવુંજ શું? સાહેબે તો રસ્તામાં એક ગામ આવતાં ગાડું ઉભું રખાયું અને પટાવાળાને કહ્યું,

"ગામમાં કોઇ હોટલ હોય તો એક ગ્લાસ આઇસ શરબત લઇ આવ!"

"આવાં ગામડામાં તે વળી આઇસ શા ને શરબત શા? ઠંડુ પાણી મળે તોએ સદભાગ્ય સમજવું!" પટાવાળાએ કહ્યું. "ચુલામાં પડી આ સર્વિસ! માસ્તર હજુ તમારૂં ગામ કેટલુંક છેટું છે? સરકારની પણ અક્કલ બહેર મારી ગઇ હશે તે આવા સહરાના રણ જેવા પ્રદેશમાં આટલે દુર નિશાળ ઉઘાડી! મારા કયાં ભોગ લાગ્યાં કે હું આ લાઇનમાં પડયો!"

"ભાઇ જરા જલદી બળદોને હાંકને! સાહેબ ઘણાજ ગભરાઈ ગયા છે!" પટાવાળાએ કહ્યું.

"તારા સાબ હારૂ બલદને મારી લાખું!"

"નારે ના ભાઇ તુંએ જીવ ને તારા બળદની પણ ભગવાન લાંબી ઉમર કરો! આ આફ્ત કરતાં જલ્દી મોત આવે તે સારૂં!"

સાહેબ છેકજ હતાશ થયા હતા. શહેરના સાહેબને ગામડાની મુસાફરીનો આજે પ્રથમવારજ અમૂલ્ય લાભ મળ્યો હતો. જરાક આગળ ચાલતાં ઢોળાવ ચઢવાનો આવ્યો ત્યાં બળદો બેસી ગયા. કાળીઆએ બૂમ મારી. (ટબ્લો.)

"હાલો, બધા ઉતરી જાઓ ને બળદ ઉઠાવવા લાગો." સાહેબ તો છાસીયું મોઢું કરીને માસ્તરને કહેવા લાગ્યા,

"હેં...એં...વળી આ શું દુકાળમાં અધિકમાસ! હે હરિ...હવે તો તું કરે તે ખરી!" માસ્તર અને પટાવાળાએ પૈડાંને ધક્કો દીધો તથા કાળીઆએ અને સાહેબે પૂછડાંને ખુબ આમળ્યાં ત્યારે બળદ ઉઠયા પણ છાણના ખરડેલા પૂછડાનો એક એવો ઝપાટો બળદે તાણ્યો કે સાહેબના ચાઇના સિલ્કનાં કોટ પાટલુન છાણના રંગથી રંગાઇ ગયાં! આ ચોપગા કલાકારની પીંછીંના પ્રતાપે સાહેબ તો વિમાસણમાં પડયા અને એકજ સુટ લાવેલા હોવાથી પોઝીશનમાં પંચર પડયા બદલ પાછા વળવાનો વિચાર કરવા લાગ્યા.

"માસ્તર ગાડું પાછું વળાવો, એ પરિક્ષા ગઇ દરિઆમાં. આવી હાલતમાં ત્યાં જવા કરતાં અહીં આપઘાત કરીને મરવું સારૂં."

"પણ સાહેબ હવે એક ગાઉ બાકી છે, ત્યાં જઇને કપડાં ધોવરાવી નાખીશું પછી શું છે?" કેટલી સમજાવટથી ગાડું આગળ હંકારવાનો ઓર્ડર આપ્યો. માંડ માંડ સાડાત્રણ વાગે સાહેબને લઇને ગાડું નિશાળના કંપાઉંડ આગળ આવ્યું.

પ્રવેશ ૫ મો.

સ્થળ:—મહેતાજીનો અવાસ.

સાહેબ તાપ અને ધુળથી છેકજ ગભરાઈ ગયા હતા જેથી પરીક્ષાની તે દિવસે માંડવાળ કરાવી. ઠંડા પાણીએ સ્નાન કરીને સુતા તે સુતા.

બીજા દિવસે સવારમાં ઉઠયા. દાંતણપાણી કરીને સવારના નાસ્તાનો પટાવાળાને ઓર્ડર આપ્યો.

"જા બજારમાંથી થોડું ફ્રુટ અને સુકો મેવો ખરીદી લાવ!"

"સાહેબ આવા નાના ગામડામાં વળી ફ્રુટ કેવું ને મેવો શો? શાક રાંધવાને માટે વેંગણાં ને બટાકાજ મહા મુસિબતે મળે છે ને! અને તે પણ પંદર પંદર દિવસનાં વાસી.

સાહેબતો મહેતાજીના ત્યાંની કાળી શાહી જેવી ચાહ પીનેજ ગરમને બદલે ઠંડા થઇ ગયા!

સાહેબમાં હવે ઉઠવાની તાકાત ન હતી જેથી ખાટલીમાં સુતાં સુતાંજ પરીક્ષા લેવાનો વિચાર કર્યો, "પણ એ સારૂં ન કહેવાય!" એવો વિચાર ઉપ્તન્ન થતાં જેમ તેમ કરીને નિશાળે ગયા. જતાં જતાં પટાવાળાને સૂચના આપી કે,

મારી તબીઅતનું ઠેકાણું નથી માટે મહેતાજીને કહી દે કે બપોરે ભારે ખોરાક ન બનાવરાવતાં લાઇટફ્રુટ તૈયાર કરાવે."

"સાહેબ એ લાઇટફ્રુટ શું?" પટાવાળાએ કહ્યું.

"કેટલાએ સાહેબોના સંગમાં રહ્યો છતાં એટલું એ ન સમજ્યો લાઇટફ્રુટ એટલે હલકો ખોરાક."

"વારૂજી!" કહીને પટાવાળો મહેતાજી સાહેબ પાસે ગયો અને કાનમાં કહ્યું–

"સાહેબની તબીઅત સારી નથી માટે બપોરે હલકો ખોરાક બનાવરાવજો." ટાઇમ થતાં મહેતાજી નિશાળે ગયા અને થોડીવારે પટાવાળાના ટેકા વડે સાહેબ પણ ગયા.

પ્રવેશ ૬ ઠો.

સ્થળઃ—નિશાળ.

ઇન્સપેક્ટર અક્કડ સાહેબે પ્રથમ ચોથા ધોરણની પરીક્ષા શરૂ કરતાંજ પહેલા નંબર ઘેલાભાઇ ધનચક્કરને પૂછ્યું.

"સાબરમતિ વિષે જે જાણતા હોવ તે બોલી જાઓ."

"તે એક લાંબી કાળી સળી હોય છે, તેના ઉપર સુંગંધીદાર મસાલો લગાડેલો હોય છે જેથી તેને બાળીએ છીએ તેથી સુગંધ ફેલાય છે. મંદિરો ને મસીદોમાં તેનો ખાસ ઉપયોગ થાય છે. પવિત્ર કાર્યોમાં હિંદુ ને મુસલમાનો તેનો ઉપયોગ કરે છે."

"ઓ બળદીઆ, તું તો સાબરમતીને બદલે અગરબતી વિષે બોલી ગયો. સાબરમતી તો ગુજરાતમાં નદી છે. અને તેના પર અમદાવાદ શહેર છે. લે ચાલ હવે બોલી જાનો જોઉં!" મહેતાજીએ મદદ રૂપ થતાં કહ્યું.

"બિકવાઇટ–ચુપ રહો! જે કહેવાનું હતું તે તો તમે કહી દીધું. હવે એની પાસે શું કહેવરાવો છો? ને એક બાળકને બળદની ઉપમાં આપો છો? એ તમારી કેવી તર્કશકિત? આ હિસાબે તો નીતિ શિક્ષણને નામે તમે દેવાળું જ ફુંક્યું હોય એમ ભાસ થાય છે!" સાહેબ મહેતાજી પર તપ્યા.

"સાહેબ, બળદ ચોપગું પ્રાણી અને બાળક બેપગું પ્રાણી છે. માટે તર્કશાસ્ત્રના નિયમ પ્રમાણે મેં ઝાઝી ભૂલ કરી હોય એમ લાગતું નથી." મહેતાજીએ ખુલાસો કર્યો.

"ત્યારે તમે ઉંચા છો એટલે તમને આ બાળકો ઉંટની ઉપમા આપે તો શાંતિથી સહી શકશો કે?" ઇન્સ્પેકટર સાહેબની દલીલ આગળ મહેતાજીને બોચી ખંજવાળવી પડી. આગળ પરીક્ષકે પ્રશ્નો પૂછવા માંડયા.

"ચાલો બીજો નંબર બોલે મહંમદ બેગડો નામ શા ઉપરથી પડયું હશે?"

"રોજ સ્હવારમાં ઉઠીને એક દેગડો ચાહ તે પીતો હતો તે ઉપરથી તેનું નામ મહંમદ દેગડો પડયું હતું. પછી ધીમે ધીમે દેગડામાંથી બેગડો થયું!"

"તદ્દન ખોટું! ચાલો ત્રીજો નંબર બોલે સિંધમાં ઓછો વરસાદ શા કારણથી વરસે છે?"

"તે તો ભગવાન જાણે; કારણ કે કઇ જગ્યાએ કેટલો વરસાદ વરસાવવો તે તેની મરજીની વાત છે."

"મહેતાજી સાહેબ બધા વિદ્યાર્થીઓ આવા જવાબો કેમ આપે છે? શું તમે બાર મહીના સુધી ઉંઘી રહ્યા હતા?"

"ગયા રવિવારે તાલુકાના ડાકટર સાહેબને શરીર બતાવ્યું હતું, ત્યારે તેમણે તો કહ્યું હતું કે ભણાવવામાં વિશેષ મગજમારી કરવાથી તમારૂં મગજ સુક્કા નાળીએર જેવું થઈ ગયું છે અને વધુ મહેનતથી કેટલાક ભાગોના લોહીનું પાણી પણ થઇ ગયું છે અને આપ તો આખું વરસ ઉંધી રહેવાનું કહો છો?"

"એ બધો તમારો જ્ઞાન ભંડાર બાર મહીના સુધી ઠાલવવો હતો ને! આજે એકી વખતે ઠાલવી નાખવાથી શું ફાયદો થશે?"

આવા ખેંચતાણમાં ચોથા ધોરણની પરીક્ષા લેવાઇ ગઇ હવે પાંચમા ને છઠ્ઠાનો વારો આવ્યો.

"મેસોપોટો મીઆ શું છે? તે કયાં છે?

"ભેંસથી મેટું એક જાનવર છે અને તે આફ્રિકામાં રહે છે.

"અરે! તે તો હીપ્પોપોટેમસ કહેવાય! આ ગામના બધા છોકરાઓની સ્મરણ શકિતને તે કાટ ચઢયો છે કે શું?" મહેતાજીએ કહ્યું.

"પ્લાસીનું યુદ્ધ શા કારણથી થયું હતું? ચાલો છેલ્લો નંબર બોલે" સાહેબે પ્રશ્ન કર્યો.

"એક પ્યાલી ચા' ને માટે. જેમ દારૂ પીવાની લડાઇમાં યાદવો અંદર અંદર લડી મુવા તેને જાદવાસ્થળી કહી છે; તેમ કલાઇવ અને સિરાજુદૌલા વચ્ચે એક પ્યાલી ચા માટે લડાઇ થઇ તેથી અંગ્રેજોને મુસલમાનો લડી પડયા તેને પ્લાસીની લડાઇ ઈતિહાસમાં કહી છે!" છેલ્લા નંબરે સવિસ્તર જવાબ આપ્યો.

"ચાલો એની ઉપરનો નંબર બોલે કે પાણીપતની છેલ્લી લડાઇ કોની કોની વચ્ચે અને શા કારણથી થઇ?"

"મરાઠાઓ અને પઠાણો વચ્ચે વાત એમ બની કે ઉતરાણને દહાડે મરાઠાઓનો સરદાર સદાશિવરાવભાઉ પાણીપતના મેદાનમાં કનકવો ચગાવી રહ્યો હતો તેવામાં ઉત્તર તરફથી અહમદશાહ અબ્દલ્લીએ કનકવો ઝુકાવી પેચ લડાવ્યો. પરિણામે સદાશીવરાવની પતંગ કપાઇ ગઇ એટલે તેણે રીસ કરીને અબ્દલ્લીને એક ઢેખાળો માર્યો પછી તો મુંબઇમાં રમખાણ થાય છે તેમ તેઓ લડી મર્યા. અફઘાનો પોતાની મોટી ઇજારોમાં ખુબ પત્થર ભરી લાવેલા જેથી તેની જીત થઇ!"

"ઇતિહાસમાં ગમે તેમ ગપ્પા મારવાનાં નથી. ચાલો પેલો પારસી બોલે કે એન્ટીકે સતિ થવાનો રિવાજ કેમ બંધ કર્યો ને એથી ફાયદો શો?"

"લાકરાંની મોંઘવારી ન વેઠવી પરે તેથી સતિ થવાનો રેવાજ બંધ કરીયોચ. એથી ફાયદો એ પરે કે લાકરાંબી સસ્તાં થાય અને બૈરાંબી સસ્તાં થાય!"

"મહેતાજી, આ લોકો આમ ગપગોળા કેમ છોડે છે?"

"સાહેબ, અહીંના કુવાનું પાણીજ એવું છે કે થોડા દિવસ પીવાથી બુદ્ધિ બહેર મારી જાય છે!"

"આવા ઢંગધડા વગરના જવાબોથી તમારી સર્વિસને ધોકો લાગશે."

"અરે! સાહેબ, મારા જેવા ગરીબ માણસનું નુકસાન કરવાથી આપને શું ફાયદો થશે? ૨૯ વરસ ગમે તેમ ગબડયાં હવે ૧ વરસ માટે આપની મહેરબાની જોઇએ!"

"એવી નકકામી મહેરબાની ન રખાય! ચાલો ઠીક છઠ્ઠા ધોરણનો કવિતાનો વિષય ચલાવો તો.

"ચાલો, રહીમમિયાં તમે 'ઝેર ગયાં ને વેર ગયાં' વાળી કવિતા બોલો તો." રહીમમિયાં ખોંખારો કરીને બોલે છે,

"ઝેર ગયાં ને વેર ગયાં વલી કાલે કેર ગયે કરનાર;
પર નાતીલો જાતીલોંસે ચ્યોં કરકે ચાલે સંસાર?"

"અરે! મિયાં સાહેબ, બસ બસ, થોભી જાઓ!" સાહેબે કહ્યું.

"અરે! સાબ, સબ મઝા તો આગુ હે. અભીસે કાયકુ રોકતે હો?" રહીમમિયાં રખુચકકરે બોલવાની ઉત્સુકતા બતાવી પણ સાહેબે કંટાળીને ડોકું ધુણાવ્યું તેથી લાચારીએ બેસી જવું પડયું. સાહેબ છેકજ કંટાળી ગયા હતા જેથી બાળ વર્ગમાં કંઇક આનંદ પડશે એ આશાએ બીજાં બાકીનાં ધોરણોની પરીક્ષા બપોરે જમીને પરવાર્યા પછી લેવાનો નિશ્ચય કરી તેમને રજા આપી અને પોતે બાળ વર્ગની પરીક્ષા લેવા લાગ્યા. ત્રીજા નંબરને પ્રથમ સવાલ પૂછયો.

"ગાય અને ભેંસનો મુકાબલો કરો!"

"કાળી હોય, જાડી હોય, ચાર પગ હોય, બે સીંગડાં હોય ને એક પૂછડું હોય તે ભેંસ સમજવી, અને ધોળી હોય, રાતી હોય, કાબરી હોય પણ દુબળી હોય ને ચાર પગ હોય, એક પૂછડું હોય તે ગાય સમજવી!"

"ચાલો એના પછીનો નંબર બોલે, ભેંસ ને ગાય જેવું બીજું કોઇ પ્રાણી તમે જોયું છે?"

"હાજી, મારા નારન કાકાની ફુલી કાકી જારી ને કારી ભેંસ જેવી છે ને અમાલા આ મોત્તા મેતાજી સાબ દુબલી ગાય જેવા છો" (હસાહસ)

"ગધેડા! ગુરુજીને ગાય સાથે સરખાવે છે કે?" મહેતાજી તપ્યા. એટલે બાળ વર્ગનો પહેલો નંબર બોલવા લાગ્યો–

"નઈ સાબ, એ છગનીયો ખોટું બોલેચ, મોત્તા મેતાજી સાબ ગાય જેવા નથી. ગાય કોઇને મારે નંઇ ને બલદ તો સીંગરાં મારે માટે બલદ જેવા તો ગનાયને? બલદ સીંગરાંથી મારે ને મોત્તા મેતાજી લાકરીથી મારે!"

"મહેતાજી સાહેબ, શું તમે શારીરિક શિક્ષા પણ કરો છો કે?" સાહેબ ગુસ્સે થતાં બોલ્યા.

"આવાં વાંદરા જેવાંને શારીરિક શિક્ષા ન કરીએ તો માથાપર છાણું થાપે છાણું! સાહેબ એ બધા કાયદા હું જાણું છું પણ અમલ કરતાં નવનાં તેર થાય એમ છે. મારૂં તો એમજ માનવું છે કે ગામડાની પ્રાથમિક શાળાઓ માટે તો મિલીટરી શાળાઓના કાયદા લાગુ પાડવા જોઇએ અને દરસાલ ડેડસ્ટોકમાં સરકાર તરફથી એકાદ ડઝન નેતરની સોટીઓ પણ મળવી જોઇએ?" મહેતાજીએ પોતાનો પુરાણો મત દર્શાવ્યો.

"તમારા જેવા જુના વિચારના શિક્ષકોજ શાળાઓ બગાડે છે. હવે તમે મહેરબાની કરીને એક વરસની ફર્લો રજા પર ઉતરી પેન્શન લેઇલો તો સારૂં."

પ્રવેશ ૭ મો.

સ્થળ:—મહેતાજીનું ઘર

જમવાનો વખત થવાથી સાહેબ મહેતાજી સાથે તેમને ઘેર જમવા ગયા. સાહેબના મોઢા આગળ કાંજીનું પ્યાલું મુકવામાં આવ્યું. સાહેબ તો એકદમ ભડકી ઉઠયા,

"આશું? કાંજી જેલમાં ગએલા સખત મજુરીવાળા કેદીઓને અપાતો ખોરાક અહીં કયાંથી?" સાહેબ આશ્ચર્ય પામ્યા.

"આપ સાહેબના આ પટાવાળાએ હલકો ખોરાક બનાવરાવવાનું કહ્યું હતું ને!" મહેતાજીએ ખુલાસો કર્યો.

"આતે હલકો ખોરાક કહેવાય કે જુલ્લાબ કહેવાય! દૂધ, બિસ્કીટ હોત તો પણ ચાલી શકત!"

"બીસ્કુટતો આય સપનામોંએ મળતા નથી" પટાવાળાએ કહ્યું.

"તો દૂધ સાથે ભાખરી બનાવરાવત!"

"તો એ પ્રમાણે પહેલાંથી કહ્યું હોત તો નાહક કાંજી બનાવવામાં નાણાં અને સમયનો ભોગ ન અપાતને! ચાલો હવે તો મોડું થયું છે માટે દાળ ભાત જમી લ્યો!" જમી પરવાર્યા પછી. સાહેબે આરામ કર્યો, બાકીની પરીક્ષા લેવાનું માંડી વાળ્યું.

"જાઓ મહેતાજી સાહેબ તમેજ બાકીની પરીક્ષા પુરી કરીને તાકીદે ફારમ, પત્રકો વગેરે હાજર કરો. હું જરા આરામ કરું છું."
સાહેબ પાંચ વાગે ઉંઘમાંથી ઉઠયા ત્યારે મહેતાજી અને ચંદુ માસ્તર દફતર વગેરે લઇને ખડે પગે તૈયાર હતા. સાહેબે તેમને કહ્યું:

"એને અત્યારે નાખોને ! જરા સુરતી તો ફુડવા દયો, એકાદ કપ 'સ્ટ્રોંગ ચા' બનાવી લાવો."

"પણ સાહેબ અત્યારે તો અમારા ગામમાં દૂધજ મળતું નથી સંધ્યાકાળે મળશે ત્યારે ચા' બનાવીશું" ચંદુમાસ્તરે કહ્યું.

"રામચંદ્રજીને પંચવટીના જંગલમાં દૂધ મળતું હતું ને તમને ગામમાં પણ દૂધ મળતું નથી ! ચાલો ટાઇમ વેસ્ટ ન કરો, વગર દૂધની બનાવી કાઢો. પાંચ વાગે અમને ચા' વગર ન ચાલે." એટલે વળી ચંદુ માસ્તરે કહ્યું:

"અવિનય માફ કરજો સાહેબ, ન કરે નારાયણને કદી આપને જેલમાં જવાનું થાય તો ત્યાં શી રીતે ટાઇમસર ચાહ મળે ?

"મારી ઉદારતાનો તમે ગેરલાભ લો છો ! તાબાના નોકરે ઉપરી સાથે કેમ વાત કરવી તેનું તમને ભાન નથી ! સખ્તાઇ કર્યા વગર તમને શાન આવે એમ નથી ! તમારી ઉધ્ધતાઇ વિષે મેં પટેલને મોઢે પણ સાંભળ્યું છે. વળી તમે વારે ઘડીએ રજા લઇ લઇને તમારા ગામ ચાલ્યા જાઓ છો એવી પણ તમારા મહેતાજી સાહેબની ફરિઆદ છે !" ચંદુમાસ્તરને સાહેબે ઉધડો લીધો.

"ગવરનર સાહેબ ચાર મહિના પુનામાં, તો ચાર મહિના મહાબળેશ્વર ને ચાર મહિના મુંબઇમાં બિરાજે છે, તો હું પોંક પાપડીની મોસમમાં પાંચ સાત દિવસની રજા ભોગવું એમાં શું ખોટું કર્યું ? ઉતરાણના તહેવારપર ખાસ પાંચ સાત દિવસ પતંગ ઉડાડવા રજા લઇએ તેમાં નિશાળનું શું બગડી જાય ! મોટા અમલદારો રેસમાં જાય તેને કોઇ રોકે નહિ અને અમને પતંગ ઉડાડવા જેવી નિર્દોષ રમત કરતાં પણ રોકવામાં આવે !"

"તમે બીજી આડીઅવળી વાતોમાં શા માટે ઉતરો છો ? મહેતાજી વીઝીટ બુક લાવો. સાહેબે સડસડાટ શેરો લખી કાઢયો. અને ગાડીનો બંદોબસ્ત કરવાનું જણાવ્યું. સાત વાગે તેજ કાળીયા કોળીનું રથસીયું ગાડું આવ્યું જેમાં કચવાતે મને સાહેબ બેઠા અને બેસતાં બેસતાં મહેતાજીને કહેતા ગયા કે "ખર્ચનું બીલ પહેલી તારીખે મોકલી આપજો !"

"સાહેબ, અવી નજીવી બાબતમાં બીલ શું મોકલવું હતું ! એ તો અમારી ફરજ અમે અદા કરી છે." મહેતાજીએ મો મલકાવતાં કહ્યું.

"નહિ હું શિક્ષકોનું ખાવામાં રાજી નથી માટે બીલ મોકલાવશો. પણ ત્રણ માસ પછી હું ફરીથી આવું ત્યારે આવું અંધેર હશે તો સખત નસિહત કરવામાં આવશે.'

"વારૂજી" કહી મહેતાજી ઘરમાં ગયા અને ગાડું સાહેબને લઇને ચાલતું થયું. મહેતાજીએ ઘરમાં જઇને શેરો વાંચી જોયો તો કંપવાની બીમારી લાગુ પડી હોય તેમ મહેતાજી સાહેબના હોઠ ધ્રુજવા લાગ્યા....

"નિશાળનું કામ ઘણુંજ અસંતોષકારક છે. માસ્તરોએ એક અક્ષર પણ ભણાવ્યો નથી. આસિસ્ટંટ માસ્તર ચંદુભાઇ ઘણોજ ઉદ્ધત શિક્ષક છે. વિનય કે વિવેક જેવી કોઇ વસ્તુ એ માનવ પ્રાણી સમજતુંજ નથી, મહેતાજી પણ જુના જમાનાના વેદીયા ઢોર જેવા વિચારના છે. લાકડી માર્યા વગર વિદ્યા શીખવી શકાયજ નહિ એવો એમનો ચોકકસ મત છે. વ્યવસ્થા જેવું કંઇ પણ એ નિશાળમાં જોવામાં આવતું નથી. વિદ્યાર્થીઓ બધા જકકી ઘેટાં જેવા છે. શા હેતુથી સરકારે એવા દૂરના ગામે નિશાળ ઉઘાડી છે તે મારા મગજમાં ઉતરતું નથી ! આગતા સ્વાગતાની મોટી ખામી અત્રેના શિક્ષકોમાં જણાઇ ! ત્રણ માસ પછી ફરીથી પરીક્ષા લેવામાં આવશે, શિક્ષકો અને વિદ્યાર્થીઓને સુધરવાની ત્રણ માસની તક આપવામાં આવે છે; એ સમય દરમિઆન સુધારો નહિજ થાય તો પરિણામ કેવું આવશે તે અત્યારે કહેવું અશકય છે!" ડે. એ. ઈ. ની ન વાંચી શકાય એવા અક્ષરોમાં સહી ! વાંચીને કપાળે હાથ દઇ મહેતાજી ખાટલી પર બેઠા. ને પાસે બેઠેલા મિત્રને કહ્યું, મુવો મરતો ગયો અને મારતો એ ગયો

[૯]

આગળ ધપો!

આ પ્રગતિમાન જમાનામાં બસ જ્યાં જુઓ ત્યાંથી આગળને આગળ ધપવાનાજ પડઘાઓ સંભળાય છે. એટલું આટલું આગળ ધપ્યા છતાંએ બ્રીટન એશીયામાં આગળ ધપવાના ઇરાદાઓ રચે છે ત્યારે અમેરિકા યુરોપમાં ધપવાની ધારણા બાંધે છે. જાપાન ચીનમાં ધપવા ધમધમી રહ્યું છે ત્યારે રશીયા હિંદ તરફ ધપવા તલપી રહ્યું છે! પણ કબાટમાં હાડકા પ્રમાણે પેલું અફઘાન ગાડું પડયું છે! થોડાક વરસપર પેલું જરી પુરાણું યુનાન આગળ ધપી ટર્કીને સ્વાહા કરવા ડાચું પહોળું કરીને પડયુ હતું, પણ કમાલપાશાએ એવો લાકડાનો લાડુ ખવરાવ્યો કે તેને વૉમીટ કરી પાછું સ્વધામ સિધાવવું પડયું.

આ તો આપણે રાજદ્વારી વિષયમાં ઉતરી ગયા! આપણા વિચારોના ગુડસ ટ્રેનનો ડબ્બો બી. બી. ને બદલે જી. આઇ. પી. ના પાટાપર ચઢી ગયો! ભુલ્યા ત્યાંથી ફરી ગણીએ

જુઓને આપણા બાપદાદાઓ મૂછપર લીંબુ ઠરાવવા ખાતર બકરીનાં સીંગડાં જેવી મોટી મૂછો રાખી તેને આમળો દેવામાંજ નવરા ન થતાં. તેને બદલે આપણે મૂછોને સફા ચટ કરીને બારે માસ વગર સુતકે સુતક ઉતરાવ્યા જેવું કર્યું જેથી મૂછો આમળવામાં જે કીમતી ટાઇમનો ભોગ અપાતો હતો તે બચાવ્યો! પણ કોઇ કહેશે કે પથારી-માંથી ઉઠતાંજ આઇનો અસ્તરો લઇને બોડવામાં ટાઇમનો ભોગ નથી અપાતો? નહિ! હજામત કરવી એ પણ આ પ્રગતિમાન ઝમાનાની કળા છે! એટલે હાથે હજામત કરનાર દરેક કળાકાર છે. આપણા સદ્દભા-ગ્યે ઇંડીયામાં આજે એવા લાખો કળાકારો જનમ્યા છે અને તે સર્વ વિલાયતી અસ્તરાને કે સેફ્ટી રેઝરને આભારી છે. વળી એ કળાથી ડાચાંની સૌંદર્યતા વધે છે! આપણા વડીલો માથે મોટું અમદાવાદી કે સુરતી પાઘડું અને પાઘડાની છાયામાં પોષાએલી ધારી, (દેવશંકરની નહિ પણ ભમલા હજામની રચેલી ચોઅગલાં અને ખભે ખેસ વીંટાડતા તથા પગમાં લાંબી ચાંચવાળા પંજાબી પગરખાં પેહેરતા, તેને બદલે આજે કોટ પાટલુંન કે સાવ દિગંબર દેખાય એવું માનચેસ્ટરનું ધોતીયું હેટ કે ટોપી અને વિલાયતી શુઝ પહેરતા દ્રષ્ટિએ પડે છે. અને આપણી બ્હેનોના ડ્રેસમાં તો ખુબ પ્રગતિ થતી જાય છે. પોલકાની બ્હાંયો કાંડા પરથી ચઢતી ચઢતી સ્કંધ પ્રદેશ સુધી આવી ગઇ છે. વખતે એક દાયકા પછી વક્ષસ્થળ સુધી પણ આવી જાય! પણ કાલી મડમોની નકલ કરનાર કાળી મડમોની તો "લજ્જા રાખે શ્રી ભગવાન!" કારણ કે તેમના સુંદર ફ્રૉક ઉંચાં પયોધર પ્રદેશના અર્ધા ઢેળાવપર આવીને અટકયાં છે! ન કરે નારાયણ ને આ પ્રગતિમાન ઝમાનામાં એ ફ્રૉકની સરહદ આગળ વધે તે તો ધાણીના બળદ પ્રમાણે હતા ત્યાંને ત્યાંજ કહેવાઇએ! કારણ કે પાંચ હજાર વર્ષ પહેલાં નગ્નાવસ્થામાં હજારો મનુષ્યો ફરતાં હતાં તેમ આ સુધરેલા માનવીઓ પણ ફરતાં થાય! પણ એથી સ્વરાજ જલદી મળવાને સંભવ છે કારણ કે જો બધાંજ દિગંબર બને તો પરદેશી કાપડમાં જતા આપણા કરોડો રૂપીઆ બચે!

પણ હવે આ વિષયપર લાંબુ પીંજણુ ન કરતાં તમને ચોપાટી તરફ ઘસડી જવાની ઇચ્છા રાખું છું, કારણુ કે એ વિષયપર ઉહાપોહ કરવા હિંદના જાણીતા અને માનીતા વકતાઓ અને વકિતઓ એકઠાં થયાં છે તેમને સાંભળીયે, હા ચલો !

° ° ° °

આજે ચોપાટીની રેતીમાં ખાંડપર કીડીઓ ઉભરાય તેમ મનુષ્યોની મેદની જામી હતી. ટાઇમ થતાં પ્લેટફોર્મ ઉપરથી સ્વાગત કમિટિના પ્રમુખ મી. ઓટો દિલબહારે ઓકવા...અરે ! નહિ, બકવા માંડયું.

ઓટો દિલબહાર—'પ્યારા પ્રેક્ષક બંધુઓ અને પ્યારી પ્રેક્ષીકા ભગિનીઓ !

"એય મો સંભાળીને બોલ ! પરસ્ત્રીઓને પ્યારી સંબોધન ન કરાય" એક ખૂણામાંથી અવાઝ થયો.

"એ આપણી ભારતવર્ષની સ્ત્રીઓ છે માટે આપણી સ્ત્રીઓને આપણે પ્યારી કે વ્હાલી કહી શકીએ ! પરદેશી સ્ત્રીઓને પ્યારી કહેવાનો આપણો હક નથી ! ભલે ઇદોરના તુકોજીરાવ કે કાશ્મીરના હરિસીંગ જેવા એ હક ભોગવે ! પણ વિષયની શરૂઆતમાંજ પ્રેક્ષક બધુઓ તરફથી આમ ફાચરો મારવામાં આવે તો પછી સભાનું કાર્ય શી રીતે ચાલશે ? પ્રથમ આપણે આજની ગંજાવર સભાનું ગૌરવભરેલું પ્રમુખસ્થાન કોને આપવું એ વિચાર કરવો જોઇએ ! મારી મીસીઝ ઓટોમોહીનીએ કાલે મધ્યરાત્રે મારા કાનમાં એક એવી વ્યકિતનું નામ પ્રમુખ તરીકે સુચવ્યું હતું કે જે આપ સર્વે પણ કબુલ રાખશોજ. તેની તારીફ કરવાની મારામાં શકિત નથી કારણુ કે તે વ્યકિતના પ્રતાપેજ આપણે અહીં આટલાં મુલક મશહુર થઇ ગયા છીએ

"પણુ હવે જલદી ભસી નાખને કે તે કોણ વ્યકિત છે ?" એક અવાઝ થયો.

ઉતાવળા ન થાઓ કારણુ કે "ઉતાવળે આંબા પાકતા નથી !"

"પણ મુલ્તવી રાખવાના માઠાં ફળ" આવે છે એ વકતાના ધ્યાન બ્હાર નહિજ હેય." એક અવાજ

"લ્યો સાંભળો ત્યારે, તે સર્વ શકિમાન વ્યકિતનું નામ **એડવરટાઇઝમેન્ટ**! (જાહેર ખબર) પેપરેનો એ આત્મા, એડીટરોનો એ જીવ, વ્હેપારીઓનું એ ખોળીયું! એ નારી જાતી છે છતાં પેપરોની દુનિયામાં ભલભલા પુરૂષોને પાણી ભરાવે એવી એ શ્રીમતીની શકિત છે. એ પોતાની મહાકાળી જેવી શકિત વડે તાપણીનો જ્વાળામુખી, મેથી ડુંગર કે કાગનો વાઘ કરી શકે છે. જેમ પુરૂષના મોઢામાં નારી જાતી આંખ ન હોય તો તેની જીંદગી એળે જાય છે, તેમ આજની ગંજાવર સભાનું પ્રમુખસ્થાન એવી એક કેળવાએલી અને વળી જાણીતી ને માનીતી વ્યકિતને ન આપવામાં આવે તો સભાનો સમય એળે જાય! વળી જેમ આજકાલ સ્ત્રીઓને આગળ ધપાવવાનો ઝમાનો છે, તો ઝમાનાની હવા પ્રમાણે વર્તવું એ આપણી ફરજ છે. શ્રીમતી સરોજીની નાઇડુ કોંગ્રેસના પ્રમુખ બને, તો મીસ એડવરટાઇઝમેન્ટ આપણી સભાના પ્રમુખ કેમ ન બને? હું એમને આખી સભા તરફથી નમ્રતાપૂર્વક વિનંતિ કરૂં છું કે આજની સભાનું પ્રમુખસ્થાન શોભાવે!" આટલું બોલીને મી. ઓટો દિલબહાર બેસી જતાંજ તેમના અર્ધાંગના ઓટો મોહિની જરા લજવાતાં સંકોચાતાં ગણુગણુવા લાગ્યાં.

ઓટો મોહિની—સદ્‌ગ્રહસ્થો અને સન્નારીઓ! મારા હસ્બંડના ભાષણને ટેકો આપવો એ મારી ખાસ ફરજ છે. કારણ કે સુખમાં કે દુ:ખમાં પતિની સાથેજ રહેવું એ અર્ધાંગના તરીકે દરેક સ્ત્રીની ફરજ છે. રામ સાથે સીતા, નળ સાથે દમયંતિ, હરિશ્ચંદ્ર સાથે તારામતી રહી હતી, તો **ઓટો દિલબહાર** સાથે **ઓટો મોહિની** કેમ ન રહે? (હીઅર! હીઅર! ના પોકાર થયા)

વળી આજનો વિષય એવો વિસ્તૃત વિષય છે કે મીસ એડવરટાઇઝમેન્ટ એના ઉપર સારૂ અજવાળું પાડી શકશે માટે હું એમની દરખાસ્તને ટેકો આપું છું. (તાળીઓના ગડગડાટ વચ્ચે મીસ એડવરટાઇઝમેન્ટે



ઈન્સ્પેક્ટરની આફત—પાનું ૧૨૧
મુવો મરતો ગયો અને મારતોએ ગયો.

પ્રમુખસ્થાન લીધું) વધુ ટેકો ઓટો મોહીનીના દીયર ઓટો પરસ્તાને આપ્યા પછી

મીસ એડવરટાઇઝમેન્ટઃ—અક્કલમંદ પ્રેક્ષકો ને પ્રેક્ષિકાઓ, તમે મારા જેવી એક લાયક સ્ત્રીને લાયક માન આપ્યું છે તે માટે તમારી અક્કલની વાહ વાહ પેપરોમાં કર્યા વગર રહીશ નહી ! વળી બીજું એકે તમે તમારૂં ઋણ અદા કર્યું છે. કારણ કે હું નહોત તો તમે ક્યાંએ અંધારામાં પડયાં પડયાં સડી રહ્યા હોત ! જુઓને કનોજ ને લખનૌનાં સુગંધીદાર અત્તરો આજે હઝારો વર્ષ થયાં હસ્તીમાં આવ્યાં છે છતાં જેટલાં પ્રખ્યાત થયાં નથી તેટલાં આ પ્રેમાળ દંપતિ ઓટો દિલબહાર ને ઓટો મોહિની પ્રખ્યાત થયાં છે, તે મારોજ પ્રતાપ છે. ખરા હીરા કરતાં ખોટા હીરાઓને વધુ વિખ્યાત બનાવવા એ મારૂં ડાબા હાથનું કામ. ઉંટવૈદો અને નીમ હકીમોને હું મોટા ધનવંતરી કે યુનાની હકીમ સાબીત કરૂં છું. પેપરની દુનિયામાં પ્રસિધ્ધ થયેલા પેલા જાફરભાઇ જીવણભાઈ, વૈદ હરિશંકર લાધારામ, પ્રો. જેમ્સ ઇ. ને પુછી જુઓ કે તમે કોના પ્રતાપે જાહેર થયા ? ચાલો હવે તમારો કીમતી ટાઇમ ન બગાડતાં મુદ્દાના વિષય પર આવું છૂં. જાણે પ્રથમ મ્હારે એ જાણવું જોઇએ કે આજે કયો વિષય ચર્ચવા અને કયા ઠરાવો પાસ કરવા આ બધાં પ્રાણીઓ અકઠા થયાં છે ! (આવું અપમાન સહન કરવા અમે આવ્યા નથી !)મ્હારી ભુલ નથી થઇ કારણ કે મનુષ્ય એ પ્રાણીનો એક પ્રકાર છે. (વિષયનું પણ ભાન નથી ત્યારે પ્રમુખ શા માટે થયાં ?) ઘણાએ પ્રમુખોને વિષયનું ભાન હોતું નથી છતાં પ્રમુખ થાય છે ! વળી મ્હારે પ્રથમથીજ તૈયારીની જરૂરતજ રહેતી નથી ! કારણ કે ગર્ધવને ભુંકવાની પ્રથમથી તૈયારી કરવી પડતી નથી. કોયલને ટહુકવાની કે શ્વાનને ભસવાની પ્રથમથી પ્રેકટીસ કરવી પડતી નથી ! એતો સમય આવતાં આપો આપ બોલી દેવાય માટે હું સ્વાગત કમિટિના પ્રમુખને વિનંતિ નહિ પણ આજ્ઞા કરૂ છું કે તેમણે આજના વિષયની માહિતી આપવી !

મી. ઓટો દિલબહાર—શ્રીમતી આજનો વિષય **"આગળ ધપો"** એ બાબતનો છે.

મીસ એડવરટાઇઝમેન્ટ—ઘણોજ સુંદર વિષય ! " આગળ ધપો !" પણ વગર વિચાર્યે નહિ. બારીએ રહીને દુરથી દરિયાની મીઠી મોજ માણતાં આગળ ધપવાનો વિચાર કરીએ તો ફુટપાથ પર ભુકકા થઇ જવાનો ભય રહે છે ! આ ચોપાટી ઉપરથી મોટરને આગળ ધપાવીએ તો દરિયામાં પડિએ ! જુઓ આ ચોપાટીએ વગર વિચારે એકબેના ખાડામાં આગળ ધપાવ્યું તો બિચારા હાર્વે સાહેબને કેટલો પરસેવો ટપકાવવો પડયો ! આપણે મકકમતા પુર્વક વિચારવું જોઇએ કે આપણા મિયાં સાહેબો જેમ પટાવાળા કે બેલીફની નોકરીમાં ધપાવે છે ! પારસી પોરીયાંઓ પીઠાંનું કાર્ય આગળ ધપાવે છે, મારવાડીઓ એકના દસ કરવાનું ખાતું ધપાવે છે. મવાલીઓ ને ખિસ્સાંકાતરૂઓ જેલમાં આબાદી વધારવાનું કાર્ય ધપાવે છે, સાઇમન સરકસ દેશનું દલદર ફિટાડવાનું કાર્ય ધપાવે છે, ટીરાજ મજનું અને ફરહાદનું બાકી રહેલું કાર્ય ધપાવે છે, બુધ્ધ, શંકરાચાર્ય, વ્યાસ, વાલ્મિક કે ચાણુકયનું બાકી રહેલુ કાર્ય બોરીબંદરના પુરાણા પંતુજી મી. ટાઇમ્સ ઓફ ઇંડીયા ધપાવે છે, લુહારનું કામ મી૦ જોસફ રોજર્સ ધપાવે છે, મોચીનું કામ મી૦ ડાસન ધપાવે છે, યુનીવર્સલ ફીલ્મ કુંપનીના નરો પાંચ હજાર ફીટ ઉંચા પહાડ પરથી નીચે ભુસકો મારવાનું, એરોપલેનમાંથી દરીઆમાં પડવાનું ધપાવે છે; તેમ આપણે ધપાવવું જોઇએ! જરૂરી કામ પ્રસંગે ધસારાબંધ આગળ ધપતા હોઇએ; પણ રસ્તામાં કેળાંની છાલ કે કેરીનો ગોટલો પડયો હોય તેના પર પગ પડે યાને કે વેરભાવે પરમેશ્વર મળે તો ભુમિને સાષ્ટાંગ નમસ્કાર કર્યેજ છુટકો! મહાત્મા શેખ સાદીએ નવજીવનમાં ખરૂંજ કહ્યું છે કે,

"દેખ્યા વિણ ડગલું ભરીએ, ભવરણમાં ભટકી મરીએ"
(આંખે) દુરબીન લગાવી ફરીએ, નહિતર ખાડામાં પડીએ!

માટે આગળ ધપો પણ ચશ્મા ચઢાવીને! પણ હવે વખત ઘણો વહી ગયો છે જેથી બીજા વકતા વક્તિઓને બોલવાનો ચાન્સ આપું છું, નહિતર હું બોલતાં થાકું એમ નથી. દક્ષિણીઓ ગાતાં થાકે, ડોસીઓ પટપટારો કરતાં થાકે, પંતુજી ડિકટેશન લખાવતાં થાકે, ભરવાડો ઉભા ઉભા ઉંઘતાં થાકે, ગધેડું ડીફણાં ખાતાં થાકે, પીપ્યાંદાસો પી પી કરતાં થાકે, ગાંધીજી રેંટીયો તાણતાં થાકે, સોંગરની ડોસી બખીયા મારતાં થાકે, ટપાલીઓ કાગળ વહેંચતાં થાકે, શોફરો ભુંગળું વગાડતાં થાકે, મુલ્લાંઓ બાંગ દેતાં થાકે, એન્જીનો વિ'સલ મારતાં થાકે, ગાડીવાળાઓ જાએ, ચલએ સા...કહેતાં થાકે, ભુદેવો મોદક જમતાં થાકે, વાણીઓ વ્યાજ ગણતાં થાકે, માછણો લઢતાં થાકે, તો હું બોલતાં થાકું! માટે બીજાંને બોલવું હોય તે બોલે નહિતર મારે ફરીથી આરંભ ડરવો પડશે.

મી० સોડાવોટર—માન્યવર પ્રેસીડેન્ટ, સાહેબો તથા અન્ય લેડીઝ એન્ડ જેન્ટલમેન! મને ન ઓળખે એવું આ દુનિયામાં હવે કોઇ પ્રાણી નહિ હોય! મારો જન્મ થોડાંક વર્ષોનીજ થયો છે; છતાં મહાન ધર્મોપદેશકો જે કાર્ય સેંકડો વરસથી નથી કરી શકયા, તે મેં એક બે દાયકામાં કરી બતાવ્યું છે. બ્રાહ્મણો અને ભંગીયા, વાણીયા કે ઢેડ વગેરે ગમે તે જ્ઞાતિનો માણસ મારે મોઢે મોઢું વળગાડીને જાતીભેદનો ખ્યાલ રાખ્યા વગર મને ગટગટાવી જાય છે મહાત્મા ગાંધીજી યંગ ઇંડીયામાં અંત્યજોધ્ધાર કરવા લખી લખીને અને બોલી બોલીને હાડપીંજર જેવા થઇ ગયા, છતાં અંત્યજોધ્ધાર કે જ્ઞાતિ ભેદ તુટયો નહિ. તે મહાન કાર્ય મેં જોતજોતામાં બજાવી દીધું! આજના લીડરો જો મારા ચીલે ચાલી આગળ ધપે તો જરૂર ફતેહ પામે! આપણા વડિલો અને મુરબ્બીઓ જ્ઞાતી જમણમાં ખુબ ઝાપટીને પછી ઘેર આવી પેટપર હાથ ફરવી આળોટીઆં મારતા અને ચુરણના

ફાંકાઓ મારી આંતરડા કહોરાવી દેતા ત્યારે લાડું હજમ થતા. પણ હવે મારૂં આગમન થતાં તે ફીકર ટળી છે. જ્યાં મારી એકાદ બાટલી તમારા પેટમાં પડી કે પત્થર ખાધા હશે તો તે પણ હજમ થશે ! હું ડઝન બાળકોનો પિતા થયો છું છતાં મારો જોશ અજબ છે. દરેક ચળવળની શરૂઆતમાં મારો સોડા વોટરીયો જોશ દેખાવ દે છે. આગળ ધપનાર દરેક ચળવળીયાઓએ મારા જોશનું અનુકરણ કરવુંજ જોઇએ. પ્લેગ કે કોલેરાની બીમારી કરતાં પણ વધુ સ્પીડથી હું હિંદમાં ફરી વળ્યો છું અને તે પણ સહકુટુંબ ! મારા જેવું આગળને આગળ ધપનાર પંજાબ મેલ સિવાય બીજું કોઇ પ્રાણી નથી ! પણ તે તો એકજ ચીલે ચાલે છે ત્યારે હું તો ખાડા ટેકરા પર પણ ચાલી શકું છું તેથી કોઈ પ્રાચીન કવિએ કહ્યું છે કે **"જ્યાં ન પહોંચે જોડા, ત્યાં ત્યાં પેહોંચે લેમન ને સોડા !"** લેમન મારી એકની એક ધણીઆણી છે, આજકાલની ઉછંખલ છોકરીઓએ એની પાસેથી પતિસેવાનો પાઠ શીખવો જોઇએ. વધુ જે કંઇ કહેવું હશે તે એનીજ મેળેજ કહેશે.

લેમનબાઇ—"ભાઇઓ અને બાઇઓ ! અમારા જીંજરએડના બાપાના ભાષણ ઉપરથી મ્હારી ઓળાખણ થઇ હશે, મને જાહેર જીવનમાં આવવાનું ઝાઝું મન નથી, પણ પતિની આજ્ઞાને શીરોમાન્ય રાખવી એ આર્ય રમણીની ખાસ ફરજ હોવાથી આજે એમણેજ ગોખાવીને તૈયાર કરેલું ભાષણ આપ સમક્ષ બોલી રહી છું (હસાહસ) હસો નહિ. કારણકે સ્ત્રીઓને આગળ ધપવાનો ઇલાજ એકજ છે, કે પતિ કહે તે કરવું અને તેમ કરવાથીજ પુરૂષો આપણા પર પ્રસન્ન થઇને સ્વતંત્રતાના હકકો આપોઆપ આપી દેશે ! તારામતી દ્રોપદી, દમયંતી, સીતા વગેરે આદર્શ રમણીઓએ સ્વતંત્રતાના હક મેળવવા કયારે પરિષદો ભરી હતી ? આજકાલ તો આપણી બ્હેનોને બોલવાની આદત પડી ગઇ છે તે નીભાવવા સભાઓ ભરી બિચારા પુરૂષોને વગોવે છે; પણ જ્યાંસુધી આપણામાં પૈસો પેદા કરવાની શકિત આવી નથી, ત્યાં સુધી પુરુષો સામે બળવો જગાડવાથી, કંઇ વળવાનું નથી. માટે હાલતો

એગની છાયામાંજ આગળ ધપવાનું રહ્યું. આજકાલની કેળવણી કંઇ અજબ છે. જુઓને મારી પુત્રી મીસ **રાસ્બરી** આજે કેટલાં વષ થયાં જવાન થઇ છે, છતાં લગન કરવાનીજ ના પાડે છે! શું એ આજનો સુધારો? મ્હારી બ્હેનનો દિકરો ઓલ્યો બિચારો **આઇસ** (બરફ) એની સાથે લગન કરવા કેટલી કાકલુદી કરે છે; છતાં એ ગણકારતી નથી તે બિચારો એનું નામ સાંભળતાંજ પીગળી જાય છે તો પણ એતો બેપરવાઇ બતાવે છે. મારૂં કે એના પિતાનું પણ માનતી નથી. શું બાળકોને ઉંચી કેળવણી આપી આગળ ધપાવીએ તેનું આવું પરિણામ? **"હાથી દરબારે અને દીકરી ઘરબારેજ શોભે."** આવાં માતપિતાની અજ્ઞાનું ઉલંઘન કરનાર બાળકો ઉત્પન્ન કરવા કરતાં તો આજકાલના સુધારકોએ પેલી બર્થ કંટ્રોલ (સંતતિ નિયમનની) ચળવળ માથે ઉપાડી છે તે શું ખોટી?" (એક ડોસીએ અવાઝ કર્યો સો ચુએ ખાકે બિલ્લી હજકો ચલી! બાર પોરીયાં પેદા કર્યા પછી સંતતિ નીયમનની સમજ પડી!) લેમનનું લુગડું ખેંચી તેને બેસાડી દઇને **ટોનીક** ઉભી થઇ.

મીસ ટોનીકઃ—મ્હારૂં બોલવું તમને કિવનાઇન જેવું લાગશે પણ યાદ રાખજો "કડવું ઓષડ રોગને કાપે છે!" (પણ પ્રમુખ કે પ્રેક્ષકોને સંબોધ્યા વગર ભાષણ કરવા કેમ મંડી પડયાં? એક અવાઝ) હું એ પુરાણી પ્રણાલિકા સામે સવિનય ભંગ કરવા માગુ છું. આપણે ગળું દુઃખાવવું અને વળી પ્રમુખનો કે પ્રક્ષકોનો આભાર શા માટે માનવો? એજ મને તો સમજ પડતી નથી! (સમજ ન પડતી હોય તો બેસી જાઓ. પ્રમુખનો ઓર્ડર થયો) હું પહેલેથીજ કહેતી હતી કે મારા કડવા શબ્દો તમને નહિ ગમે. આજકાલ તો મોઢાપર ખુશામદ કરે અને મફતની મસ્કા પોલિસ કરે, તેને સહુ કોઇ માને! ભલે સર્વની ઇચ્છા હશે તો હું બેસી જઇશ પણ યાદ રાખજો બીમાર પડશો ત્યારે મારો ખપ પડશે! આગળ ધપવા માટે શારીરિક શકિતની ખાસ અગત્ય છે. હું તમારી માંદગીની દુશ્મન એટલે તંદુરસ્તીની

તરફેણમાં હોવાથી મારો રોષ વ્હોરી લેતાં તમે આગળ ધપતા અટકશો ! સેંકડો વરસ થયાં કરીયાતાનું પાણી પી પીને તમારાં હોજરાં બગડી ગયાં હતાં તે મેજ સુધાર્યાં છે ! ઉપકાર ઉપર અપકાર કરનાર તમે શુદ્ર પ્રાણીઓ શું આગળ ધપવાનાં હતા ? (અમે હવે વધુ અપમાન સાંખી શકતા નથી માટે બેસી જાઓ નહિતર અમારે પશુબળ વાપરવું પડશે, પ્રમુખ) તમે ઈંડીયનો વળી અપમાન ન સહન કરવાનું કયાંથી શીખ્યા ? અપમાન સહન કરી કરીને તો તમારી તાલના બાલ નીકળી ગયા ! ને વળી તમારામાં પશુબળ કે પક્ષીબળ વાપરવાની શકિત હોય તો આમ ભીખારીઓ પ્રમાણે ઝોળીઓ વાળીને સ્વરાજ માગવા ન નીકળો ? "માચ બાવા (સરકાર) હમકો સ્વરાજ દો, ખુદા તુમ્હારા ભલા કરેગા ! અંધે લુલેકી જોડી દે દાતાર ! સ્વરાજકી ઝોલીમેં દે દાતાર !" એવી તમારી હાલત છે. "સ્વરાજ અમારો જન્મસિદ્ધ હક છે" નહિ કે જન્મ ભીખ હક છે ! હું તો કહું છું કે આ દેશમાં સંતતિ નિયમનની ખાસ જરૂર છે. તેત્રીસ કરોડ માણસ જો ધારે તો પોતાની થુંકમાં આખો સિમલાનો પહાડ ડુબાવી દે; પણ થુંકવાનીએ શકિત કયાં છે ? આપણી જનનીઓ તે જનનયો નહિ પણ 'પોરીયા" પેદા કરવાનાં મશીન છે ! આવા નમાલાં પ્રાણીઓ ઉત્પન્ન કરવા કરતાં સંતતિ નિયમન શું ખોટું ? (એય વર્ણશંકર બાઇ ! હવે તારો વધુ લવારો અમે સાંભળવા માગતા નથી. તું પહેલાં ત્હારૂં ઘર સંભાળ પછી બીજાને ઉપદેશ કર. તારો બાપ બટલર ને મા મડમ, અને વળી તું હમને ભરાવે છે દમ ?" એક ખુણામાં ઝુપતાં ઘરડા કસુંબાજી મુછપર હાથ ફેરવતા બોલી ઉઠયા. બંને પક્ષો તરફથી બુમરાણ થતાં ખુબ ઘોંઘાટ થયો અંતે વોલંટીયરોની સમજાવટથી મીસ ટોનીક બેસી જતાં શાંતિ પથરાઇ.)

મી. જીંજરએલ—અધ્યક્ષિકા સાહેબા, બાઇઓ અને ભાઇઓ. મારો સ્વભાવ ગરમ છે અને તેથી કંઇ વધુ બોલાઇ જાય તો માફ કરશો અને નહિ માફ કરો તોપણ હું તો બોલવાનો છું તે બોલીશજ !

તમારા અંદર અંદરના કલહને લઇને આપણે આગળ ધપવાને બદલે પાછળ પડી રહ્યા છીએ. નવા વિચારવાળાઓ સંતતિ નીયમન કરવાનું કહે છે ત્યારે જુના વિચારવાળાઓ પોતાની બહુમતિ વધારવા ડઝનબંધી પોયરાંઓ પેદા કરવાની તરફેણમાં છે. બંનેની દલીલો ખરી છે. ત્યારે આગળ ધપવા માટે કયો રસ્તો લેવો ? એ બાબતપર કેટલા મહિના સુધી વિચાર કરીને હું તથા મારી સીસ્ટર મીસ રાસબરીએ કુંવારાં રહેવાનોજ નિશ્ચય કર્યો છે. અમારાં માતા પિતા **સોડાલેમન** અમને બંનેને પરણવા માટે ઘણું એ સમજાવે છે પણ અમે માનતાંજ નથી ! મહાત્મા કબીરના પેલા જગમશહુર કાવ્યની કેટલીક પંકતિઓ અમે અમારા હૃદયમાં વગર નસ્તરે કોતરી રાખી છે.

"પરણીને પરવશ થઇ રહેવું ને પીંજરમાં પુરાવું,
સુખમાં ફરતા સ્વતંત્ર જીવને બંધનમાં બંધાવું !"

સ્વરાજ લેવા આગળ ધપનાર મારા જેવા યુવાનને લગ્નની બેડીમાં જકડાવાની શી જરૂર ? બ્રહ્મચારી ભિષ્મનું રહેલું કાર્ય હું વાંઢો રહીને આગળ ધપાવીશ ! ગમે તેવી બાદી કે સરદી થઇ હોય તો હું પેટમાં પડતાંજ તેનો અંત આણું છું. તેમ લગ્નની પરતંત્રતાનો અંત આણવાનો પણ મેં નિશ્ચય કર્યો છે. (તમારા જેવા બિન અનુભવી યુવાનો સમય પલટાતાં પલટાઇ જાય છે અને કોઇ વાઘણ સાથે પણ સીવીલ મેરેજ કરવા તત્પર થાય છે. એક અવાઝ), હું તમારા વિશ્વામિત્ર ઋષિ જેવો ઢીલા હૃદયનો નથી કે મેનકાને જોઇ તપનો ભંગ કરૂં ! અરે ! કેટલીએ રમણીઓએ મારા હાથની માગણી કરી પણ હું તેમના તરફ જોતોએ નથી ! કારણ કે નરસીંહ મહેતા જેમ પોતાની પત્નિથી કંટાળીને ગાતા હતા કે,

"દેખો યારો કયા ઝખ મારા બીબી એસી લાય
કે જીસ્ને આતેહી મેરા દેવાલા ફુંકા હાય !"

તેમ મારે મારા તન, મન ને ધનનું દેવાળું ફુંકાવવું નથી ? માટે આવા બારિક સમયમાં આગળ ધપવાનો ઇલાજ એકજ છે અને

તે એકે અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળો યાને કે વાંઢાપણાનો વીમો ઉતરાવો ! મારા તીખા ભાષણથી તમે કંટાળી ગયા હશો તો મારી સીસ્ટર રાસ્બરી મીઠું ભાષણ કરશે. (તાલીઓના ગડગડાટ વચ્ચે બેસી જાય છે.)

મીસ રાસ્બરી—મુરબ્બી એડવરટાઇઝમેન્ટ અને અન્ય પ્રેક્ષક પ્રેક્ષિકાઓ અત્યાર સુધીના વકતાઓ કે વકતીઓ જ્ઞાનને અભાવે ગમે તેમ બકી ગયાં છે તે તરફ તમારે લક્ષ આપવાનું નથી. એ સર્વે વિષયના મુદ્દા પર લેકચર ચલાવવાને બદલે પોતપોતાની કીર્તિનાં રણશીંગા ફુંકવા મંડી પડયાં હતાં. મારે પ્રથમ મારા મતનું સ્ફોટન કરવું જોઇએ કે, હું કૌમાર્યવ્રત ગાળવાનું શા માટે પસંદ કરૂં છું ? તે પહેલાં એક પ્રશ્ન પુછું છે કે દરેક પુરૂષ અને સ્ત્રીએ કુંવારા કેમ ન રહેવું ? અનાજની આજકાલ કેટલી મોંઘવારી છે ? એમાં વળી વસ્તીની આબાદી વધતાં દુકાળમાં અધિક માસ જેવું થાય ! હું જોષી કે નજુમી નથી છતાં ભવિષ્ય ભાખું છું કે હિંદના બધા પુરૂષો ભિષ્મપિતામહ અને બધી સ્ત્રીઓ ગરગી નહિ થાય તો ઘી, દુધ ને અનાજ સ્વપ્ને પણ જોયા નહિ મળે ! હા એક અલભ્ય લાભ પ્રાપ્ત થશે અને તે એકે અપવાસનું પુન્ય ! ઓછામાં ઓછુ સ્વરાજ મળતાં સુધી તો કૌમાર્યવ્રત પાળવુંજ જોઇએ ! હવે હું બ્હેનોને કહું છું કે ઉંદરો પણ ઉંદરીયામાંથી નીકળી જવા ફાંફાં મારે છે, મરઘીઓ દરબામાંથી બ્હાર પડવા દેવદારના પાટીયાને ચાંચ મારે છે, પાળેલાં પોપટો પણ લાગ મળતાં પીંજરામાંથી પલાયન થઇ જાય છે. એ બધું શા માટે ? સ્વતંત્રતા માટે. નિશાળીઆઓ એકી કે બેકીનું બાનું કાઢી ગચ્છંતિ મારી જાય છે તે શા માટે ? સ્વતંત્રતા માટે. "નબળો માટી બૈયર પર શુરો" કેમ થાય છે ?" ત્યારે ડાઇવર્સ કેમ કરાવાય છે ? સ્વતંત્રતા માટે. મી ાંબાઇએ પરણ્યા છતાં કૌમાર્યવ્રત કેમ પાળ્યું ? સ્વતંત્રતા માટે. દુનિયામાં બધેબધ એવુંજ છે તો તમારે શા માટે પરણવું ? માતપિતા આગ્રહ કરે તો તેમના આગ્રહ સામે સવિનય ભંગ કરો ! જુઓ સંયુકતાએ શું

કર્યું ? પિતાને નગણકારતાં દિલનું ધાર્યું કર્યું, તો આજે ઇતિહાસમાં તેનું નામ પ્રસિદ્ધ છે. કેમ તમારૂં કે મ્હારૂં નામ ઇતિહાસમાં પ્રગટ થયું નથી ? રામચંદ્રજીએ પિતાની આજ્ઞા પાળી તો ચૌદ વર્ષ સુધી કેવાં કેવાં સંકટો વેઠવાં પડયાં ? એને બદલે આંખ આડા કાન કરીને ગાદી પરજ બેસી રહ્યા હોત તો લંકા સુધી પગ દુઃખાડવા પડત ? સત્રાજીત સુતા સત્યભામા અને રૂકમિણીએ પિતાની આજ્ઞાઓનો અનાદર કરીને શ્રી કૃષ્ણનો સત્કાર કર્યો; એમના એ સવિનય ભંગથી આજે મહાન સતી સ્ત્રીઓમાં એમની ગણના થાય છે ! અને પુરૂષોએ પણ તર્જની વડે કાનમાંથી મેલ કાઢીને સાંભળી લેવું જોઇએ કે પિતૃઆજ્ઞાનો ભંગ કરીને અહમદશાહ, જહાંગીર, ઔરંગઝેબ ઇ૦ મહાન સમ્રાટ કહેવાયા ! મારૂં ન માનો તો માર્સડનના ઇતિહાસના પાના ઉથલાવી જોશો ! માબાપની ગમે તેવી આજ્ઞાઓને પણ માન આપવું એ જુની સીસ્ટમને ત્યાગિ હવે આપણે આગળ ધપવું જોઇએ ! આટલી પ્રસ્તાવના પછી હવે મુદ્દાન વિષય પર વગર ફાનસે અજવાળું પાડું છું (તમે અત્યાર સુધી મુદ્દાના વિષય પર આવતાં અમારો ટાઇમ વેસ્ટ કર્યો માટે હવે પાંચ મીનીટથી વધુ બોલવાને ચાન્સ આપી શકું એમ નથી, પ્રમુખ) પાંચ મીનીટમાં તો હું એટલું બોલીશ કે આપણે પાંચસો વર્ષમાં એટલું નથી કરી શકયા ! **વળી આપણનેજ ટાઇમ વેસ્ટ કે ઇસ્ટ થવાની પરવા હોત તો આમ જુની ઘરેડમાંજ ચાલ્યા કરત ?** જુઓને આપણા બાપદાદાઓ આર્યને અનાર્યના વખતથી જે હળ વાપરતા તેમાં જરાએ સુધારો થયો છે? અત્યારે આગળ ધપેલો અમેરિકા કે યુરોપ એક બળ વડે એક દિવસમાં પાંચે હજાર એકર જમીન ખેડી શકે છે ત્યારે આપણે ત્યાં પાંચ શેર પરસેવો ટપકાવતાં ભાગ્યેજ માંડમાંડ બે એકર જમીન ખેડાતી હશે ! તે લોકો દરેક વિષયમાં કેટલા ધપી રહ્યા છે ? જુઓ કારેલાં કડવાં હતાં તે મીઠાં કર્યાં, બોરને જુદાં જુદાં ખાતરોથી પોષણ આપીને જમરૂખ જેવડાં

બનાવી દીધાં, ગુલાબના ફુલને ચાહે તે રંગમાં રંગી દીધા, આપણે ત્યાં બાળકોને સરવાળા આવડતા નથી ત્યારે ત્યાંનાં કુતરાં પણ સરવાળા ગણે છે ! આપણા ત્યાં સેંકડો વર્ષથી ગણિત વિષય ચાલે છે, છતાં કંઇ ઉકાળતા નથી ત્યારે ત્યાં બનાવટી મનષ્યો ગણિત ગણે છે ! આપણે ત્યાં હજારો વર્ષ પહેલાં ફકત રાવણને ઘેરજ પવન પાણી ભરતો, વા વાસીદું કરતો, અગ્નિ ચુલો ફુંકતો પરદેશોમાં એ તો ઘરેઘર પવન પાણી ભરે છે અને સંદેશો પણ લઇ જાય છે. ઘંટી ખેંચે છે ! અગ્નિ ચુલો પણ ફુંકે છે અને વણકરતુ, ગાડીખાનનું, દળવાનું, ઘડવાનુ ભરડવાનું વગેરે અનેક કાર્યો કરે છે. આપણે ત્યાં "બત્રીસ પુતળી"માં શામળભટે કાષ્ટનો ઘોડો ઉડાવ્યો પણ ત્યાં તો ઠેર ઠેર પલંગ ઉડે છે (એરોપ્લેન). આપણને તો પવનપાવડી ને ઉડણખાટલીની વાતો સાંભળી હતી પણ એ લોકોએ તે સિધ્ધ કરી બતાવ્યું. આપણા ત્યાં કુતરાઓને ઝેર દઇ મારી નાખવામાં કે પાંજરાપોળમાં પ્રદર્શન ભરવામાં આવે છે, ત્યારે ત્યાં સીપાઇ પેહરેગીર કે ડિટેકટિવનુ કામ કુતરાંઓ પાસે કરાવે છે. અહીંની સ્ત્રીઓ ગાતાં શરમાય છે ત્યારે ત્યાંતો નાચવું એ પણ કળા ગણાય છે ! (બસ તમારો ટાઇમ ખલાસ થયો છે માટે તમારે બેસી જવું જોઇએ. પ્રમુખ) દરેક મનુષ્ય પોતાના પગ પર ઉભું રહે છે, માટે બેસી જવું કે ન જવું એ આ આગળ ધપતા યુગમાં દરેક પોતાની મેળે સમજી શકે છે ! વળી બીજાના હુકમથી ઉઠબેસ કરવી તે કાયરતા કહેવાય ! ખરા નીશાળીયા તેજ કહેવાય કે ગુરૂની આજ્ઞા હોવા છતાં ઉઠબેસ ન કરે ! પછી ભલે પીઠના સપાટ પ્રદેશ પર ડુંગરાઓની હારમાળા દૃષ્ટે પડે ! (સોલ પડે) મનમાં દુર્વાષામુનિ પ્રમાણે જરાપણ સહનશકિત ન હોવાથી હું જરા જરા વાતમાં તપીને રાતી ચોળ થઇ જાઉં છુ ! જો હવે મને વધુ કઇપણ કહેશો તો શ્રાપ આપીશ ! (શંખણીઓના શ્રાપ લાગતાજ નથી" મી. કસુંબાજી પાઘડીનો આંટો ઠીક કરતાં કરતાં બોલ્યા !) મારૂં આવું ખુલ્લેખુલ્લું અપમાન કરનાર માનવ પ્રાણી સામે દરેકે ધિક્કારની નજરથી જોવું જોઇએ ? (હવે બહુ થયું બેસી જાઓ, એક અવાઝ)

મી. જીંજરએડ—કોણ છે ? મ્હારી ભગિનીનું આવું છડેચોક અપમાન કરનાર કોણ ? મને પ્રતિજ્ઞા કરવાની ખાસ ફરજ પડે છે કે "તે દૂષ્ટ જીવના લોહીમાં હું મારી ભગિનીને સ્નાન કરાવીશ."

સાંસસે આગ બરસાયે વોહ અઝદર હું મંય,
ઝીદમેં તુફાં તો ગુસ્સેમેં સમંદર હું મંય.
પીસ ડાલુંગા, મિટાદુંગા, ફના કરદુંગા,
યાદ રખના ઉસ્કે તગદીરકા ચક્કર હું મંય.

મી. કસુંબાજી:- (પ્રેક્ષકવર્ગમાંથી કુદી સ્ટેજ પર ધસી આવતા કડીયારી ડાંગ ઉગામી) હવે ઝા ! ઝા ! આજકાલના ઉગી નીકળેલા છોકરા ! ઉંદરડા જેવડું થઇને મોટા હાથી હામુ બાથ ભરવા તૈયાર થીયું છે ? અલ્યા તારા જેવાં મરધડાંનું મોત તો દેખસે, સમઝી ગયું ને ! (અંતે સામાસામી પક્ષે હથોહાથને બાધાબાથ યુદ્ધ આરંભવા માંડયું પણ કેટલાકની સમજાવટથી મામલો શાંત થયો)

પ્રમુખ:—આ કંઈ પાણીપતનું મેદાન નથી કે તેમાં તમે ડંડા ઉછાળો ! આ તો ચોપાટીનું મેદાન છે તેમાં તો ભાષણોજ થાય કાંતો ભૈયાનો ભેળ. પાનપટી, ગરમ મગફળી કે બે પૈસાની પ્લેટ ઉત્તમ આઇસક્રીમ વેચાય યાતો પગચંપી ને બુટ પોલીસનીજ બુમો પડાય માટે શાંત થાઓ, સભાની સડસડાટ ચાલતી સાઇકલમાં પંચર ના પાડો ! આગળ ધપવાને બદલે તમે તો જેલ તરફ ધપવાના પ્રયત્ન કરો છો ! જુઓ અંદર અંદરની ખટપટેજ આપણે આગળ ધપતા અટકયા છીએ ! રજપુતાઇ શાથી રંડાઇ ? અંદર અંદરની ખટપટથી. મુગલાઇ શાથી દંડાઇ ? અંદર અંદરની ખટપટથી. મરદાઇ શાથી મુંડાઇ ? અંદર અંદરના દેશી અસ્તરાઓથી ! જુઓ વિદુરજીએ પણ ભાજી ખાતાં ખાતાં કેટલુંએ કહ્યું છતાં ન માન્યું તો કૌરવો પાંડવો સાથે લડીને બરબાદ થયા ! માટે તમારે પણ આગળ ધપવું હોય તો શાંત થાઓ નહિતર દરિયામાં જાઓ ! (ધીમે ધીમે શાંતિ પ્રસરાઇ એટલે મુંછુ મરોડતા કસુંબાજી ખંખાર્યા.)

મી. કસુંબાજી:—આ ભાઇઓ ને બાહીઓ ! જો કે હું હવે ઘરડો થાયો શું પણ યાદ રાખજો કે ઘરડાજ ગાડાં વાળે ? (હવે તો મોટર લોરીઓથી કામ ચાલતું હોવાથી ગાડાંનું કામ પતી ગયું સે. (એક અવાજ) પણ જુનું એટલુંજ હુતું જુના સોખા વરામાં વપરાગસે, જુનો ઘણો કોમમેં આવશે ! ("પણ જુના ઢેરો પાંજરાપોળમાં જાય છે, જુના નોકરોને પેન્શન અપાય છે ! એ તો આપ જાણતાજ હશો. એક અવાઝ) મારા બેટા આતે ભાહણ હોંભળવા આયવાસે કે લડવા ? અલ્યા લડવું હોય તો મેદાને પડો એમ પરદા બીબીઓની પેઠે મોઢું સુપાવીને પસેડીમાં પાંચસેરી હું મારોસ ? (આપ વળી પાછા લડવા તૈયાર થયા છો. દિલ પર કાબુ ન હોય તો બેસી જાઓ, પ્રમુખ) અરે ! ભલી બાઇ ચોબગલાની કસો એવી તાંણીને બાંધીસે અને વળી તેના પર પસેડીની ભેટ એવી ખેંચીને બાંધીસે કે તમારું ખુલ્યું અગનગાડીનું આએ અંજીર (એંજીન) આવીને અથડાય તોયે એ મારૂં દિલ કે કલેજું જરાએ હાલે નહિ ! પણ હવે ઇ બધી વાતુંને જતી કરી કેવાનું કહી દઉંસું ! "જાણે સોરૂં કસોરૂં થાય પણ માવતર ન થાય !" આ રંગરેજી (અંગ્રેજી) સેમાડામાં તમે બધા ભલે ધમપસાડા મારો પણ દેશી ઠાંકોરોના દરબામાં તો અમારાજ માન ! જ્યાં હું ને અમારા મોટા ભઇ હુકકારાજ દરબારના ડાયરામાં બિરાજ્યા કે ઓઇ હ્યો રંગરાગ ! તમારા બાપદાદાએ પણ એ મઝા નહિ ભોગવી હોય ? પણ એનું સત્યાનાશ જાય પેલા બેવડા અને વલાયતી દારૂએ મને એકાએક પેન્સીન (પેન્શન) અપાયવું ! (સભામાં ભડભડાટ થયો અને લથડીઆ ખાતા મહાશય બેવડાજી ઉભા થયા.)

બેવડાઃ—ખ ..ખબરદાર ! બ...બુઠ્ઠા અગર એકભી શબ્દકા ઉચ્ચાર કિયાતો ભુમિકો નમસ્કાર કરના પડેગા ! એકહી ડંડેસે તુમ્હારે મસ્તકમેંસે રાસબરી નિકાલુંગા. આજકલ કે સુધરે હુવે મનુષ્ય તેરે જેસે જરીપુરાને ખચ્ચરકો હકાલતે હેં ઔર હમારા સતસંગ કરતે હેં યેહી હમારી ખુબીકા સાર્ટીફીકેટ હય ! યાદ રખના હમારે લાટ સાહબ મી. બ્રાન્ડી

ઔર મેડમ વીસ્કી કો ગુસ્સા આ ગયા તો તુ ઔર તેરા સર્વ કુટુંબ પરિવાર તેરા ભાઇ ચંદુલાજી, તેરી, માતા અફયું દેવી, ઇત્યાદિકો અંદમાં યાને કાલાપાની ભેજ દિયા જાએગા. લોગ તેરેકો નહિ ચાહતે ઉસમેં હમારા કયા દોષ હય ? તેરેમે ઇત્ની લીયાકત હોતી તો તેરેકો કયું છોડતે ? આજ રાજા મહારાજા, અમીર ગરીબ મુફલીસ ફકીર ઇ. સબકી મેહફીલમેં મે બેરોક ટોક જા સકતા હું ! બડે બડે સુધરે હુવે લીડર 'દારૂ નિષેધ" કા લેકચર કરતે હેં ઔર કબાટમેં બ્લેક એન્ડ વ્હાઇટ વ્હીસ્કીકી બોતલેં રખતે હંય ! બડે બડે સાધુ મહાત્મા "શરાબ મત પિયો" ઐસા બોધ કરતે હેં ઔર કફનીકે નીચે બગલમેં બેવડેકી બોતલ દબાએ હુવે ફીરતે હેં ! બડે બડે જેન્ટલમેન શેઠ શાહુકાર ઔર અફસર લોગ હમારી આફિસ (દારૂનું પીઠું) મેં આતે હેં ઔર સાકી (દારૂ પાના ર) સે ફરમા તે હેં

"અર્ગવાની શરાબકી યે જામ,
આજ ભરભર પિલાવો, ખિલાઓ સાકીયા !"

આજકલ ઇંડયામાં હમારે ચાહનેવાલે ઇત્ને હેં કે જીન્કી ગીનતી નહિ હો સકતી ! ખુદ મેડમ વ્હીસ્કી ભી ઉનકે ગ્રાહકાંસે ગભરા ગઇ હય ઔર કેહતી હય

"શોપમેં સબ જમ્આ હુંય, મુજકો ન પી પી કીજીએ,
આપ ઇસ બોતલકો મેરે ઘરપે વી. પી. કીજીએ !"

કવિ લોગ કવિતા રચતે વકત હમારી આરાધના કરતેં હેં ! અગર મેરી બાત ગલત હો તો કીસી નાટકવાલેસે પુછ લીજીયે ! શાઇર લોગ શએર લિખતે હેં તો હમારેહી આગોશમેં બેઠ કર ! બસ મત પુછો કે ઇસ ઇંડીયામેં હમારી કિત્ની શોહરત હય ? ઢાકા મલમલ ઔર કશમીરકી શાલ જીત્ની મશહુર નહી ઇત્ને હમ મશહુર હંય ! હમારી ઇત્ની ઇઝઝત હય કે ખુદ સરકાર હમારી ઓફીસકી હિફાઝત કરતી હય કયુંકે હમ બાદશાહી ખાનદાનકે હેં મગર હમારી

બદ કિસમતીસે તુમ્હારે પાસે આ ગયે હંય (તમે અમારા ઉપર ઘણોજ ઉપકાર કર્યો છે માટે હવે આ દેશમાંથી પેન્શન લઇને પધારો તો ઘણું સારૂં. એક અવાઝ) અગર તુમ્હારે આગે બળના હોતો હમારે સિવા એક કદમભી નહિ બળ સકતે ! અગર તુમ્હારી નાદાનીસે રોષીત હોકર હમારે લાટ સાહબ બ્રાન્ડી ઐાર મેડમ વ્હીસ્કી ઇસ ભારત વર્ષસે ચલે જાઇંગે ફીર બી મંય તો હાજીર રહુંગા કયું કે મેં તો શુધ્ધ સ્વદેશી હું ! (ભલે તમે દેશી છો પણ દેશીઓના હકમાં ઝહેર સમાન છો માટે જીવતા જીવત ડટાઇ જાઓ તોજ અમારૂં કલ્યાણ થાય ! એક અવાઝ) કૌ...ન હય ! હમારી સામને અવાઝ કરનેવાલા (કોઇને લાત મારવા જતાં જાતેજ ગબડી પડે છે !)

મીસીસ સો. ટી. (ચાહ) દેવી–લેડીઝ એન્ડ ઝેન્ટલમેન !—મને સમજ પડતી નથી કે આ સભાનો હેતુ શો છે ? આગળ ધપવાના વિષય પર પ્રકાશ પાડવાને બદલે બધાં પોત પોતાનું ચરિત્ર રજુ કરે છે ! એ શું બતાવી આપે છે ? કે આપણે આગળ ધપવાનો વિચાર કરવાને પણ લાયક નથી ! હું તમારી આવી પ્રવૃત્તિ નિહાળીને ઉકળી જાઉં છું. (કુલ્ફી મલાઇ ખાઓ એક અવાઝ) કુલ્ફી મલાઇ ખાવાથી ક્ષણિક શિતળતા પ્રાપ્ત થાય છે કંઇ કાયમની ઠંડક મળતી નથી ! (હેટના પંખાથી હવા ખાતાં) સ્ત્રીઓએ કુંવારા રહેવું કે પરણવું એ વિષય પર અનેક શાસ્ત્રો રચાયાં છે પણ મારો મત એથી નિરાળોજ છે ! હું ભગવાન કૃષ્ણજીને ચીલે ચાલું છું. તેઓ શ્રી લગ્ને લગ્ને કુંવારા હતા તેમ હું પણ લગ્ને લગ્ને કુંવારી છું ! એક ડઝનવાર અદરાઇ ચુકી છતાંએ અખંડ બ્રહ્મચારીણી છું ! જગતમાં જેને અમૃત કહેવામાં આવે છે તે હું પોતેજ છું. બાળકને ગળથુથીમાંથીજ મારી ઓળખાણ થાય છે. હું જન્મથી મરણ પર્યંત મનુષ્યને વફાદાર રહું છું. થાકેલા ને કંટાળેલા મગજો મને નિરખતાંજ પ્રફુલ્લ થઇ જાય છે. અંબાભવાની, ભદ્રકાળી, મુમા દેવી ઇ. દેવીઓ

કેટલીએ પુજા કરો છતાં તાત્કાળીક પ્ર ન્ન થતી નથી. પણ હું તો પાંચ મિનીટમાં પ્રસન્ન થઈ જાઉ છું ! અને તેથી મારા ભાવિક ભકતોએ ઠેરઠેર મ્હારાં મંદીરો સ્થાપ્યાં છે ! ટ્રેન કે આગબોટમાં પણ મ્હારી આરતી ઉતરાવે છે ! જોકે મ્હારૂં પીયર ચીન દેશમાં છે છતાં હું હવે સાસરે રહીને જીંદગી વ્યતિત કરૂં છું ! મહાત્મા ગાંધી અને એવા એવા કેટલાક અણુસમજુ ઇન્સાનો મને આ દેશમાંથી હાંકી કાઢવા પ્રયત્ન કરતા હતા; પણ મ્હારા ભાવિક ભકતોએ તો ડબલ પાવરથી મારી પ્રાર્થના કરી જેથી હું તો **યાવતચંદ્ર દિવાકરો!** અહીંજ રહેવાની ! મેરૂ ચળે પણ ચાહનો પ્યાલો ન ચળે ! કોફી એ મારી શોકય છે. તેનું પીયર અરબસ્તાન છે. જોકે તે મારા કરતાં વધુ ખુબસુરત છે, છતાં પરદાપોશ રહેવાથી તેને ઘણાં મનુષ્યો ચાહતાં નથી ! વળી બીજું એક પરદેશી પ્રાણી કોકો પણ આજકાલ પ્રગટ થયું છે તે મ્હને મ્હાત કરવાજ જાણે જન્મ્યું છે. તો પણ તમે સમજી શકો છો કે એક સુંદર યુવક તેને ચાહશે નહિ ! હું આગળને આગળ ધપી રહું છું. મારા જેવું આજકાલ દુનિયામાં કોઇ ધપ્યું નથી ! ભંગીથી લઇને રુષિમુની સુધી સર્વ મારા ભકત છે. કેટલાક કવિઓ અને સાક્ષરોએ પરલોક પહોંચીને ત્યાં પણ મારી જમાવટ કરવા માંડી જેથી વસિષ્ટ, વિશ્વામિત્ર, વાલ્મિક, ચાણકય, કાસ્યપ ઇ. પ્રાચીન પુરાણા રૂષિઓ પણ મ્હારાં દર્શન કરવાને લલચાયા. તેથી સ્વર્ગના રાજા ઇંદરે મને સ્વર્ગમાં આવવાનું આમંત્રણ કર્યું છે. ત્યાં બ્રાંચ ઓફીસ કાઢવાનો ઇરાદો છે ! એટલે હવેથી સ્વર્ગમાં પણ મારી સત્તા જામશે ! જુઓ આગળ ધપનાર દરેક વ્યકિતએ મારૂં જીવન ચરિત્ર જાણવું જોઇએ ! મારી વિરૂધ્ધ આખું સોડા વોટરનું કુંટુંબ છે; છતાં તેમનું કંઇ વળતું નથી ! સોડા, લેમન, રાસબરી, જીંજર, ટર્કી, પીકમીઅપ, રોઝ, ડેન્ડીસેન્ડી. આઇસ્ક્રીમ સોડા, ટોનીક, થર્સટો ઇ. અનેક જીવો મારી સામે માથું કૂટીને થાકયા પણ એમનું કંઇ ન ચલ્યું ! નેપોલીયનની

સત્તા આખા યુરોપ પર હતી, સીકંદરની સત્તા અર્ધા યુરોપ ને અર્ધા એશીયા પર હતી, પણ મારી સત્તા તો આખી દુનિયા પર છે! સ્વર્ગમાં બ્રાંચ સ્થપાવાની તૈયારી છે, અને મંગળગૃહના માનવીઓ પણ મને બોલાવવા માટે સંદેશ ચલાવી રહ્યા છે! (હવે તમારૂં તારીફ પુરાણ પૂર્ણ થયું કે નહિ. અવાઝ) આ તારીફ પુરાણ પણ તમારાં કલ્યાણ અર્થે રજુ કર્યું છે. આગળ ધપનારને એક દર્પણ સમાન મારૂં ચારિત્ર થઇ પડશે. મારી વધતી જતી કીર્તિને નિહાળી તહમારે અદેખાઇ નહિ પણ હરિફાઇ કરવી જોઇએ. જૂઓ મહાકવિ શેક્સપીયરે પણ મારૂં સ્વાગત કર્યું છે કેઃ—

'ભલે આવો પધારો મોઘેરા મહેમાન
પ્રીતીનાં ભોજન જમાડીએ!'

વળી શેક્સપીયરના પીતરાઇ મહા કવિ કાલીદાસે પણ મને માન-પત્ર અર્પતાં હિંદદેવીના વતી કહ્યું હતું કે **"મહેમાન થયા તમે મારાં સ્વીકારશો મહેમાની!"** (બસ હવે તમારા ભાષણથી કંટાળી ગયા છીએ. એક અવાઝ) ભલે આખો ઇંડિયા મારા આગમનથી હવે કંટાળે, છતાં હું તો અહીંથી હટવાની જ નથી, કારણકે દેશપ્રેમ મારી રગેરગમાં ભરાયો છે! જે દેશના બાળકો–"મા ચા પા" નું ભણતર ભણે તે મારાથી ગમે તેટલાં રોષે ભરાય તો પણ હું તો તેને પ્રેમ જ સમજીશ! (હવે તમે મુદ્દાના વિષય પર આવો નહિતર બેસી જાઓ. પ્રમુખ) અફસોસ! મુદ્દાના વિષયપર આટલું ભાષણ કર્યું છતાં તમને કોઇને સમજ જ પડતી નથી? (ધ્યાનમાં આવે તેમ ગોળા ગબડાવો તે શી રીતે સમજ પડે? એક અવાઝ) મારા ચરિત્ર ઉપરથી આગળ ધપવાનો પદાર્થપાઠ તમે ન શીખી શકતા હો તો કેટલાક વ્યવહારિક ઉદાહરણો આપી સમજાવીશ જાણે પીટ કલાસમાં નાટક કે સિનેમા નિરખવા ગયા ને હુલ્લડ થયું તો હનુમાન પ્રમાણે છલાંગો મારીને ઓરચેસ્ટ્રા તરફ ધપાવવું પણ દાદાગીરીની આંખ બચાવીને એ કાર્ય કરવું! વાત વાતમાં લઢવાડ થઇ, અને લાકડીઓ ઉછળી તો

આગળ ધપવાને બદલે પાછળ ધપવું યાને કે બડી બહાદુરી સાથે પાછું હઠવું! કારણ કે "મારીને નાસી જવું, અને ખાઇને સૂઇ જવું" વેદનું એ વાકય છે. જાહેર સભામાં જાએ તો વગર વિચારે આગળ ધપાવો કારણ કે પાછળ રહેશો તો વચનામૃતનો શ્રવણ નહિ થાય તદુપરાંત કોઇ લાખો માણુસો ચીનની ભીત પ્રમાણે વચ્ચે આવીને ઠસી જાય તો? (એટલામાં કંઇ ખડભડાટ થયો અને બે ત્રણ વ્યકિતઓ બેટરીની મદદથી દરેકનાં મોઢાં જોતાં જોતાં ચાહ દેવી પાસે આવી લાગ્યાં)

"લ્યો આ રહ્યાં અમારાં ભટકેલ ભાભી! આખા શહેરમાં આ તમારા દીયરજી ને ભરથારજી તમને ગોતી વળ્યા છતાં તમે તો અહીં ભાષણ કરવા મંડી પડયા છો! હવે સીધી રીતે ઘેર ચાલવું છે કે નહિ?" ચાહ દેવીની નાની નણુદી મીસ નાનખટાઇ ઉચર્યાં.

"તમારો કોઇનો મારા ઉપર અધિકાર નથી. તમારા ભાઇ સાથે મેં લગ્ન કર્યાં તેથી શું તેમની ગુલામ તો નથી બની ગઇ ને?" ચાહ દેવીએ સામો પડકાર કર્યો.

"હવે ચાલ ચાલ! ચબાલચી તારી ચાલાકી જવા દે! સીધી સીધી ઘરના રસ્તે આગળ ધપાવ નહિતર..." મી૦ બીસ્કીટ બોલતા હતા તેમને વચ્ચેથીજ અટકાવી ચાહ દેવીએ પટપટારો ચલાવ્યો.

"નહિતર તમે શું ધાડ મારવાના હતા?"

"આલ્યા કેક, શું જોઇ રહયો છે? પકડ રાંડનો ચોટલો અને ઘસડીને ઘેર લઇ ચાલ!"

મી૦ બીસ્કીટે પોતાના નાનાભાઇ કેકને ઓર્ડર કર્યો.

"આ સ્વતંત્રતાના યુગમાં એ તમારી ઝારશાહી નાહ ચાલે!" ચાહ દેવીએ સામે ટકકર લીધી.

"ચાલે કે નહિ નહિ ચાલે તે બતાવી આપીએ છીએ!" મી૦ કેક ચાહ દેવીનો ચોટલો પકડીને ઘસડવા લાગ્યા. ચાહ દેવીએ "પોલિસ! પોલિસ"ની બુમ મારી. સભામાં ભંગાણુ પડયું પછી તો શુ થયું તે હું જાણુતો નથી કારણ કે આપણે ત્યાં ઘણી સભાઓના પરિણામ

યાદવાસ્થળી જેવા આવે છે ! મોટા મોટા સાક્ષરો પણ મીટીંગોમાં અક્કે તમે કરવા લાગી જાય છે; તો પછી સાધારણ મનુષ્યોની વાતજ શી ! તમારે પણ એટલું યાદ રાખવું કે જ્યાં જ્યાં સભા કુરૂક્ષેત્ર મેદાનનુ રૂપ ધારણ કરે કે આપણે ઘરના મુઠ્ઠીઓ વાળીને આગળ ધપવા માંડવુ નહિતર નાહક પોલિસ થાણા તરફ ધપવાનો પણ પ્રસંગ સાંપડે ! હા એક વાત ભૂલી ગયો ! જો કદાચ તમારે કમનસીબે ભાષણ કરવાનો પ્રસંગ માથે આવી પડે, પણ શરૂઆતમાંજ ખોપ્રી ખજવાળતા થઇ જાઓ, અને પગમાં કંપવાની બીમારી લાગુ પડે ત્યારે શું કરવું ? પાછા હઠવું એ કાયરનું કામ છે. દેવ દેવીઓની આરાધના કરશો તો પણ તમારૂં નહિ વળે. અહીંના દેવ દેવીઓ એટલા ચાલાક નથી કે વાયરલેસ પ્રમાણે ઝટપટ તમને મદદ કરી શકે ! એવા કટોકટીના પ્રસંગે બચવાનો એકજ રસ્તો છે અને તે એકે સામા માણસોને માણસ નહિ પણ મ્યુનિસિપાલીટીનાં ફાનસ સમજીને કે પત્થરના પાળીયા સાળીયા સમજીને બોલવાનું ધપાવ્યે રાખવું એટલે કામ ફતેહ ! પછી જોજો કે છાપાઓ તમારી વાચાળ શક્તિનાં કેટલાં વખાણ કરે છે ? વળી પાછી એક મુદ્દાની વાત યાદ આવી. ડોકટરે તમને સલાહ આપી હોય કે ધીમે ધીમે બરાબર ચાવીને ખોરાક ખાવાથીજ ફાયદો થાય છે. પણ કયાંક ડીનર પાર્ટીમાં ગયા, ત્યાં ધારવા કરતાં બમણા "ઝાઝા હાથ રળીઆમણા' (?) જમણ પર ફરવા લાગ્યા; જેથી ત્રિરાશી માંડયાં વગર પણ તમે જાણી શકો કે ચાલુ સ્પીડમાં ડાચું ચલાવવાથી ½ પેટ ભરાવાનો સંભવ છે, તો બસ ડોકટરની સલાહને ક્ષણભર માટે ભુલી જઇ પંજાબ મેલની સ્પીડથી હાથ અને મોઢાંને આગળ ધપાવવું એ પણ આ સંસારની એક કળા છે ! જડ પદાર્થો આગળ ધપાવે છે તો ચેતન પદાર્થોએ કેમ ન ધપાવવું ?

[૧૦]

સ્કુલ લાઈફમાં હોય જો વાઈફ... (?)

મને ઘણી વખત એજ વિચાર થતો કે ગોખલેનું મસ્તક પણ મ્હારા જેટલું જ અને બહુ તો એના મસ્તકનો પરીઘ એકાદ બે ઇંચ મારા મસ્તક કરતાં વધારે હશે; છતાં એ આખા ત્રણ ગણિત બનાવી શકયો, અને હું ગઇ સાલ મેટ્રીકમાં ત્રણ દાખલા તો ઠીક પણ એક દાખલો ગણી ન શકયો! એ અને એવા બધાએ ગણીતવેત્તાઓના મસ્તક બહુતો મોટામાં મોટાં અમદાવાદી તરબુચ જેવાં હશે! અને મારૂં માથું પણ એ બધાથી કયાં ઉતરે એમ છે? પરમ દીવસે ટોપી ખરીદવા આખી ચોક બઝારમાં ફર્યો પણ કયાંયે મારા માથાની તૈયાર ટોપી ન મળી! લોકો કહે છે કે મોટા મસ્તકમાં બુદ્ધિ મોટી હોય છે ત્યારે હું ફેલ કેમ થયો? બ્રહ્માજીએ ભાંગની લ્હેરમાં મસ્તક તો જાણે રવિવારની છુટ્ટીના દિવસે ઘડયું હશે પણ બુધ્ધિ સોમવારની ભીડમાં બનાવી હશે નહિતર મારા જેવો મોટા મસ્તકવાળો મનુષ્ય ફેલ થાય જ કેમ? ચાકુ, છુરી તેજ કરવાનું યંત્ર સરાણ છે તેમ બુદ્ધિ તેજ

કરવાનું યંત્ર કોઇએ કેમ ન બનાવ્યું ? મહાત્મા શેખ સાદીએ પણ બોમ્બે ક્રોનીકલમાં લખ્યું છે કે:—

ઉદ્યમથી એકલો હઝારને હટાવી દીએ!"

ત્યારે હું તો દિવસના ૨૪ કલાકમાંથી અઢાર કલાક પોથાંના થોથાંમાં મગજમારી કરૂં છું છતાં એક એકલી પરીક્ષાને પણ હરાવી શકતો નથી! એનું સત્યાનાશ જાય પેલા યુકિલડને પણ શું સુજ્યું કે એના ત્રિકોણ, ખુણા ને કાટખુણાની ગુચવણમાં ગુચવાઇને મારા જેવા કેટલાએ જીવો મેટ્રીક પાસ કરવા જતાં માંદા પડયા છતાં પાસ ન જ થયા. ગુરૂ દ્રોણાચાર્યે ડેલીમેલમાં લખ્યું છે તે યોગ્ય જ છે કે:

"મેટ્રીક તો માંદા થયા, બી. એ. થયા બેહાલ;
એમ. એ. મરણ પથારીએ, એ વિદ્યાના હાલ!"

ઓલી જોમેટ્રીએ તો કેટલાએના જીવ લીધા હશે! દુર્વાસા મુનીના શ્રાપ પ્રમાણે જો વિદ્યાર્થીઓના શ્રાપ પ્રભુના દરબારમાં કબુલ મંજુર થતા હોય તો હું છાતી કુટીને કહી શકું છું કે હજારો શ્રાપને પ્રતાપે યુકિલડ સ્વર્ગ નહિ પણ પણ નર્કનો જ અધિકારી થયો હોત! અને પેલા એલજીબ્રાના રચનારને કહેવું જ શું? જ્યોર્જ જીબ્રા (આફ્રિકાનું ચટાપટાવાળું ખચ્ચર) જેવો હશે! લ્યો, તમે જ કહો કે ભીંડીબઝારમાં કે શેર બઝારમાં એનો શું ઉપયોગ થવાનો છે? સ્કુલનું કંપાઉન્ડ છોડયું કે એ અક્ષરગણિત કયાંએ કામ લાગતું નથી તો પછી ભેજાં દુઃખણુ શા માટે? હું તો કહું છું કે હાઇસ્કુલ ને કોલેજ-માંથી એલજીબ્રા ઉડાવી દઇને એને ઠેકાણે **"દાંડીયા રાસ"** રમવાનો વિષય દાખલ કરે તો શું ખોટું? આજકાલ જ્યાં હોય ત્યાં "શારીરિક સંપત્તિ સાચવો! "શારીરિક સંપત્તિ સાચવો! ઘરે ઘર ભીમ અને હેડંબાઓ પેદા કરો!" ના બુમ બરાડા સંભળાય છે. વળી આપણા મોરબ્બીઓ એમ પણ કહે છે કે "આજના યુવાનો નબળા, નિર્માલ્ય અને નિરસ છે." તો **"દાંડીયા રાસ"** ના વિષયમાં લકડી પટાનો

ઉદ્દેશ ધ્યાનમાં રાખવાથી શરીર કેળવાય, જેથી નબળા મટી સબળા થવાય અને સાથે સાથે સ્કાઉટ અને ફીઝીકલ કલ્ચરની તાલીમ પણ પરોક્ષ રીતે પ્રાપ્ત થાય! "**દાંડીયા રાસ**" માં સંગીતનો ઉદ્દેશ ધ્યાનમાં રાખવાથી રસિક થવાય છે! (છતાંએ રસિક ન થવાય તો દરેક વિદ્યાર્થી ખભે મધના શીશા ભેરવી લાવે અને અંતર બદલાતાં એક એક પી જાય તો જરૂર થોડાંક અઠવાડીઆમાં રસિક થઇ જાય! "ચારૂતરનું અમૃત બીંદુ" એ એક જ દવા અનેક રોગનો રામબાણ નહીં તો લક્ષ્મણબાણ ઇલાજ છે; તેમ "**દાંડાયા રાસ**" નો વિષય એક છે, પણ તે અનેક વિષયોની ગરજ સારે છે, અને વળી શ્રી કૃષ્ણની રાસલીલાનું અનુકરણ હોઇ પુન્યપ્રાપ્તિ થાય તે તો જુદી!" મી. ઝવેરભાઇ પોતાના ભેજાના ભંડારમાંથી અમુલ્ય ઝવેરાતને આમ વેડફી નાખતા હતા તેમને વચ્ચેથી જ અટકાવીને મીસીસ ઝવેરભાઇ યાને કે તેમનું હાફબોડી (અર્ધાંગના) વચ્ચે જ બોલી પડયું :

"તમે તો ખાટલામાં પડયા પડયા આકાશ પાતાળને એક કરવાના વિચાર કરો છો ને મારા તો દવાનું પ્યાલું ઝાલી રાખીને હાથ પણ દુઃખી ગયા. મુઇ એ તમારી **મેટરી** (મેટ્રીક) તો કોઇ દન જીવ લેશે જીવ!"

"મારો જીવ લેશે, તારો તે નહિને?"

"કેમ તે દિ તમે જ કહ્યું હતું કે બૈરી એ ભાયડાનું અર્ધું અંગ ગણાય એમ બોલ્યા કવિ કાળિદાસે લખ્યું છે. એટલે તમારા જીવ સાથે મારો પણ અર્ધો જીવ તો જાય ને?"

"જ્યારે જ્યારે હું ઉંડા વિચારમાં હોઉં ત્યારે તારે વચ્ચે લવારો કરવો નહિ!"

"અરે! બળ્યા તમારા ઉંડા વચાર! આ મેટરીની ફકરમો ને ફકરમાં શોકતઅલી જેવા હતા તે હાવ ગાંધીજી જેવા થઇ ગીયા!"

"ઓ બેખબર બૈરી! તને ભાન નથી કે અમેરિકાના કવિ શેક્સપીઅરે પણ પાંઉરોટી ચાવતાં ચાવતાં કહ્યું છે, તે સાંભળ :

"ચાતક ચકવા, ચતુરનર, પ્રતિદિન ફરે ઉદાસ;
ખર, ઘુવડ ને મુરખ નર, સુખે સુએ નજ વાસ."

પલંગમાં પડયાં પડયાં જ જુસ્સો બતાવવા જતાં મી. ઝવેરભાઇને દમ ભરાઇ આવ્યો. તેમનાં ધણીઆણીએ કેટલીવાર સુધી બરડો ચોળ્યો અને દવા પાઇ ત્યારે એકાદ કલાકે શાંતિ વળી એટલે મીસીસે વાદવિવાદનો પુનઃ આરંભ કર્યો, "તે દી ઓલ્યો પાટીયાના દસ મોઢાં લગાડીને આવેલો રામલીલાવાળો રાવણ અશોક વનને બદલે દેવદારના તુટેલા ખોખા પર બેઠેલાં સીતાજીને કહેતો હતો કે:

"ચિંતાથી ચતુરાઇ ઘટે
ઘટે રૂપ ગુણ જ્ઞાન,
ચિંતા બળી અભાગણી
ચિંતા ચિતા સમાન."

"ચિંતા અને વિચાર, એ બે જુદા વિષય છે. ચિંતા સુકકા ઘાસ સમાન છે તો વિચાર કપાસીયા સમાન છે. ભેંસને કપાસીયા ખવરાવવાથી તે ઘણું દૂધ આપે છે; તેમ વિચાર કરવાથી મનુષ્ય ઉત્તમ કાર્ય કરી શકે છે. પણ સુકકું ઘાસ ખવરાવવાથી ભેંસ ઓછું દુધ દે છે, તેમ ચિંતા કરવાથી શરીર ઓછું થઇ જાય છે!"

"એ બંધુએ ખરૂં પણ હવે લોંબા લોંબા વચાર કરવાનું મોંડી વાળો. તે દન ધનકોર માસી પણ કે'તાં ઉતાંકે ઝવેરભઇને ઝાઝો વચાર કરવા નોં દઇશ, નહિતો વખતે એમના ગબલભઇ પરમોંને ગોંડાની ઇસ્પટોલમોં જવું પડે!"

"એ ધનકોર ડોસલીને તો એવુંજ સુઝે છે. શું બધેજ એના ગબલા જેવા ધનચકકર વસે છે? ત ગાંડાની ઇસ્પીતાલમાં જાય!" એટલામાં કીકો રડે છે જેથી તેને હીંચોળવા કીકાની બા ચાલી જાય છે અને પાછા ઝવેરભાઈ વિચારમાં ગોથાં ખાય છે.

"ખરેખર ! સોક્રેટીસે કહ્યું છે કે "પરીક્ષા એ દુનિયામાં મહા ભયંકર વસ્તુ છે !" હું પણ કહું છું કે પરીક્ષા એ પ્લેગની બીમારી કરતાંએ ચઢીયાતી બીમારી છે. મેડમ મોન્ટેસોરી પણ મારા કથનનેજ ટેકો આપે છે. પણ ઓલી યુનીવર્સીટી કોઇનું કયાં સાંભળે છે ? એ રાંડને આ દેશમાં કોણે વસાવી ? બ્લોટીંગ પેપર જેમ શાહીને ચુસી લે છે, તેમ એણે લાખો યુવાનોનાં લોહી ચુસી લીધાં એની પુત્રી પરીક્ષા દેવીએ ખપ્પર જોગણીની જેમ કેટલાએ યુવાનો ને યુવતિઓને સુરદાસ કે સુરદાસણ બનાવ્યાં: મારૂં ન માનો તો ચશ્માના વહેપારીઓના ચોપડા તપાસો. રામાયણમાં મહાભારતના સમયે યુનીવરસીટી કે પરીક્ષા ન હતી; ત્યારે ચશ્મા પણ કયાં હતા ? દ્રૌપદી કે સીતા, દમયંતી કે તારામતીને કોઇએ સ્પેકટેકલ પહેરતાં ભાળ્યાં છે ? રામે ચશ્મા કે સનગોગલ્સ ચઢાવ્યા હોય એવું કયાંએ રામાયણમાં વાંચ્યું છે ? નહિંજ ! વળી અત્યારે તો બેંતાળીસને બદલે બાર વરસેજ બેંતાળાં આવી જાય છે. પણ ત્યારે વ્યાસ, વાલ્મિક, ચાણુક્ય ઇત્યાદિ દોઢસો વર્ષના ડોસાઓ પણ બેધડક નરી આંખે વાંચી શકતા. ખરે ! એ કસોટી ઉર્ફે પરીક્ષા યાને એકઝામીનેશન શબ્દજ એવો શુકનીયાળ છે ! કે એના સપાટામાં આવનાર હાથી જેવા માણસો, ઉંટ જેવા અને સાંઢ જેવા માણસ દુબળી ગાય જેવા બની જાય છે. સત્યવાદી હરિશ્ચંદ્ર ને વિશ્વામિત્ર તથા વસિષ્ઠે કસોટી પર ચઢાવ્યો ત્યારે પણ એનું વજન પુરા બગાલી અઢી મણ હતું તે મસાણમાં ચોકી કરતી વેળાએ ફકત ગુજરાતી અઢી મણ રહ્યું ! અરે ! લાઓ વિચાર શા માટે કરીએ ? આજે હિંદમાં ભીમ પાકતા નથી તેનું કારણ શું ? પરીક્ષા. આજે હિંદના નાક રૂપ કે આંખ રૂપ જે ગણો તે એક પહેલવાન **ગામા છે.** પણ જો એણે યુનીવરસીટીની પરીક્ષા પાસ કરી હોત તો દુનિયાની પહેલવાનગીરીની ચેમ્પીઅનશીપની વરમાળ એના ગળામાં ન હોત !"

"કોના ગળામાં વરમાળ ન હોત ? શું કંઇ સપણું તો નથી આવ્યું ?" બટાકા છોલતાં મીસીસ બોલી ઊઠયા.

"જો વળી પાછું મારા વિચારોમાં માથું માર્યું ! આ બૈરાંની જાતને તે કોણે ઘડી હશે ?"

"કોણે તે બ્રહ્માજીએ ઘડી હશે. અને તેમને નવરાશ નહિ હોય તો કોઇ બીજા દેવને કંટ્રાક્ટ આપ્યો હશે !"

"જા, જા, તું તારે કામે લાગ."

"મારે તે શું ઓલ્યા રાવણ જેવા વીસ હાથ છે તે બધાં કામ એકી સાથે કરૂં ! તમારી દવા વાટવાની, શાકસમારવાનું, ચટણી વાટવાની, કચરોપુંજો વાળવાનો, વાસણ ઉટકવાનાં, કીકાનું મેલું વાળવાનું, તેને ધવરાવવાનો, હીંચોળવાનો, તમારૂં ધોતીયું ધોવાનું, ફુલાફઇ પરોણા પધારવાનાં છે તેમની રસોઇ કરવાની, કીકાનું ઝબલું સાંધવાનું, ખાટલાની પાટી તૂટી ગઇ છે તે સાંધવાની, લ્યો એવાં તો હજાર કામ, તે બે હાથથી શી રીતે થાય ? ને કીકો તો બસ રડવા પર ચઢે છે તે છાનોજ રહેતો નથી !"

"તે હું શું કરૂં ? હું કંઇ મહંમદ છેલ છઉં તે છુ...ઉ... મંતર કરીને કીકાને છાનો કરી દઉં !"

"જરા ખાટલામાં પડયા પડયા ઘોડીઆની દોરી ખેંચો તો તે છાનો પણ રહે અને હું મારા કામે લાગું."

"જો દોરી ખેંચવાની પણ શાકત હાથોમાં હોય તો પછી ભૂમિતિના સિધ્ધાંત ના સિધ્ધ કરૂં ? વળી સાયન્સનો સબજેકટ તો અધુરોજ રહી ગયો છે તેની આકૃતિઓ ન દોરૂં ?"

"એ તમારા સાયણમા સબજેટને કોંસબા મોકલાવોને મ્હારી નહિ તો એ નાદાન કીકાની ખાતર તો એ તમારાં ચોપડાંનો લવારો પડતો મુકો ! આટલું વરસ પરીક્ષા નહિ આપો તો દુનિયાં શુ ઉંધી વળી જવાની હતી ?"

"પરીક્ષા પાસ કર્યા વગર નોકરી ન મળે તો ગુજારો કેમ થાય ?"

"સસરાજી શી રીતે ગુજારો કરતા હતા ?"

"દલાલી કરીને. પણ મારામાં સાચું જુઠું કરવાની શકિત નથી. વળી તેમણે મરણ પથારીમાં પડયાં પડયાં વસીયત કરી હતી કે 'મારો

વિચાર તને વકીલ બનાવવાનો હતો.' તો વકીલને બદલે એક સાધારણ ક્લાર્ક પણ મારે ન બનવું જોઇએ ! તેમ થયા વગર સ્વર્ગસ્થના આત્માને જરા પણ શાંતિ વળે એમ નથી. (સ્વર્ગસ્થ આત્માઓને તત્કાળ શાંતિ અર્પવા કાજે સ્વર્ગના રાજા ઇંદ્રિ બે ચાર આઇસ ફેક્ટરીઓ કાઢે તો કેવું ? ઘતુંજ મજેનું. પન બિચારા ઇંદ્રિને જાતેબી અપસરાઓના દેન્સમાંથી જર્રાએ નવરાસ કે ફુરસદ નહિ મલ્સે; પછી બીજો વિચાર કાંય કરે !) બાપદાદાનું જે કંઇ હતું તે તો બે ચાર વર્ષમાં ખલાસ થયું, માટે હવે તો પરીક્ષા પાસ કર્યા વગર છુટકોજ નથી."

"પણ પલંગમાં પડયાં પડયાં તે કેમ બને ?" એક પખવાડિઆ પછી ઝવેરભાઇને કંઇક આરામ થયો. એટલે અભ્યાસની જંજાળમાં પડયા.

"આ સાયન્સવાળાઓ પણ અજબ ચક્રમ છે ! આર્કીમીડીસે નગ્ન બનીને પાણી ઉપર પદાર્થો કેમ તરે છે ? અને પાણીમાં કોઇ વસ્તુને તોલવાથી તેનું વજન કેમ ઘટે છે ? કેટલું ઘટે છે ? એવી નજીવી શોધ કરી તેમાં તેની વાહવા કરવા લાગી ગયા અને આ દેશના લાખો નાગા બાવાઓ ચલમનો એકજ દમ લગાવીને એક તોલો ગાંજાના ધુમાડા ઉડાવી દે છે તેમનું કંઇજ નહિ ? હોય બા હોય "એતો ઘરનો જોગી જોગટો ને પરાયો જોગી સિધ્ધ." એટલામાં ફઇબાનો ઘાંટો સંભળાયો ને વિચારમાળાના મણકા તૂટયા.

"બેટા ઝવેરભાઇ ! લે આ કીકલાને જરા રમાડતો ! અમે બંને મગનભાઇની મામી ગઇ સાલ મરી ગઇ હતી તેને રડવા જઇએ છીએ. બહાર આંગણામાં એરંડીઉં ચોપડીને દાળ સુકવવા મુકી છે તે તરફ જોતો રહેજે, કંઇ બકરૂં ફકરૂં ખાઇ ના જાય !" ઝવેરભાઇ કંઇ ખુલાસો કરે તે પહેલાં તો તેના ખોળામાં કીકાને બેસારીને ફઇબા તથા કીકાની બા રડવા ગયાં ! ઝવેરભાઇએ ઉંચા હાથ કરી હીસ્ટરી વાંચવા માંડી. કીકાએ લાંબા હાથ કરી બિલાડી જેવો એક પંજો મારી એક બે પાના ફાડી નાંખ્યાં, ઝવેરભાઈ ગુસ્સે થયા પણ કરે શું ? "વિદ્યાર્થી અવસ્થામાં આવી જંજાળ હોવીજ ન જોઇએ ! મેં તો ડોસલીને ઘણુંએ કહ્યું

હતું. 'બાળલગ્નનાં માઠાં પરિણામ.' એ વિષેના બે ચાર નિબંધો પણ વાંચી સંભળાવ્યા હતા; છતાં મારૂં ન માન્યું અને મારા ગળે વેંગ વળગાડી તે તો નિરાંતે સ્મશાનમાં પોઢી ગઇ! હવે હું આ બારદાનને આઘે બેસાડું તો રડે છે ને ખોળામાં બેસાડું તો અભ્યાસમાં ખલેલ કરે છે; ત્યારે કરવું શું?"

વિચારો ચાલે છે અને ચેપડા મેઢા આગળ પડયાં છે. એવામાં કીકાએ નાયગરાના ધોધનો સંક્ષિપ્ત નમુનો યાને કુદરતનો પ્રવાહ ચોપડા પર છોડયો. ઝવેરભાઇ ગુસ્સે થઇ ગયા અને અજ્ઞાતપણે પણ સરસ્વતીનું અપમાન કરનાર એ નાનકડા જીવને એક ધોલ ચોઢી કાઢી. કીકાએ પણ રડવાના વિષયમાં પોતાની બધી શકિત કામે લગાડી દીધી. એને શાંત કરવા મી૦ ઝવેરભાઇએ મેટ્રીક સુધીમાં મેળવેલ બધા જ્ઞાનનો એકી વખતે ઉપયોગ કરી દીધો. છતાં કીકો તો છાનો નજ રહ્યો અંગ્રેજી પોઇટ્રી લલકારી, છતાં છાનો ન રહ્યો. અંતે ઘોડીયામાં નાખીને ગુજરાતી પહેલી ચોપડીવાળું "હાલરડું વહાલું રે હો ભાઇને હાલરડું વહાલું." નું ગીત લલકાર્યું, છતાં અસહકારના કાળમાં જન્મેલો વીર સત્યાગ્રહી કીકો છાનો નજ રહ્યો! "ભુખ્યો થયો હશે જેથી રડતો હશે." એમ વિચારી પેટીમાંથી દૂધ લાવી ચમચી વડે પીવરાવા માંડયું, પણ મોઢામાં દૂધ જતાંજ કીકો તો ઉછળવા લાગ્યો ઝવેરભાઇ વિચારમાં પડયા.

"એમદમ કીકો ઉછળ્યો એનું શું કારણ?" દૂધને સુંઘી જોયું અને પછી ચાખી જોયું તો ભારે અજાયબી વચ્ચે દૂધને બદલે છાસે દેખાવ દીધો. ગભરાટમાં ઝવેરભાઇ દૂધ ને છાસનો ભેદ ન જાણી શકયા હોય. ગભરાટમાં એમજ થાય છે. કોર્ટોમાં સાક્ષી પુરવા આવનારાઓ ગભરાટમાં કાંઇનું કંઇ બોલી જાય છે. જીવણકાકા પણ પોલીસની બુમ સાંભળી ગભરાટમાં રૈયતને બદલે મૈયત બોલી ગયા હતા. ઘણી વખતે વિદ્યાર્થીઓ કંઇ કસુર થતાં ધાકને ગભરાટમાં માસ્તરને મા......કહી દે છે! "દૂધનો દાઝયો છાસ ફુંકીને પીએ." તે પણ એમજ!

કોલંબસ હિંદુસ્તાન શોધવાં નીકળ્યો હતો તેમ મી૦ ઝવેરભાઇ ફીકાને છાનો રાખવાનો ઉપાય શોધવા આખા ગૃહસામ્રાજ્યના વિશાળ પ્રદેશમાં ઘુમવા લાગ્યા; પણ કંઇ સુઝ ન પડી. કોલંબસને તો હિંદને બદલે અમેરિકા જડયું, પણ મી૦ ઝવેરભાઇને તો ફીકાને છાનો રાખવાનો ઉપાય ન જડયો તે નજ જડયો !

એટલામાં એક ખુણામાં પોતાની પ્રસાદી કરેલી પુરાણી પોથીઓમાં નકસી કામ કરતા એક મુષક મામાને નિહાળ્યા. પુસ્તકોના પરાપુર્વના વૈરી એ મુષક મહાશયને મ્હાત કરવા પ્રાચીન ને અર્વાચીન બધાં શસ્ત્ર અસ્ત્રની શોધ કરી પણ ચટણી વાટવાના પાયા સિવાય કોઇ અન્ય સાધન નહિ મળવાથી ન છુટકે તેનો ઉપયોગ કરવાનો મનમાં ઠરાવ કર્યો. પણ એક આંગ્લ વિદ્યાર્થી, વિભુષિત થએલ મનુષ્ય આ બુઠ્ઠું શસ્ત્ર વાપરે એ ફેશનથી ખિલાફ હોવાથી તેનો ત્યાગ કરી ફુટપટ્ટીથીજ દિગ્વિજય પ્રાપ્ત કરવાનું ધાર્યું. જેવી મી૦ ઝવેરભાઇએ ફુટપટ્ટી ઉગામી, તેવાજ મુષકમામા મી૦ બોટાવાલાના બોલ પ્રમાણે તેમની નજર આગળથી છટકી ગયા, જેથી એમના વિચારોની વિકેટમાં ગાબડું પડયું. પણ તેજ વખતે "अहिंसा परमो धर्म" નું સુત્ર એમને યાદ આવ્યું, જેથી "સારૂં થયું કે મારા હાથે એક પ્રાણીનું નિરર્થક બળિદાન ન થયું !" એમ વિચારી ફીકાના ઘોડીઆ પાસે આવ્યા તો તે અટંકી વીર ધાંટો બેસી જવા છતાંએ પુર્વવત સંગીતના આલાપ વિલાપ કરી રહ્યો હતો. એટલામાં સદ્‌ભાગ્યે ફૂઇબા ને ફીકાની બા આવી લાગ્યાં.

"ઝવરા તું તો એક બાળકનો બાપો થયો છતાંએ અકકલનો બારદાન રહ્યો !" ફીકાને રૂદન કરતો નિરખીને ફૂઇબા તપ્યાં.

"દરેક મનુષ્યને પોતાનું સ્વમાન જાળવવાનો હકક છે ! તમે પચ્ચીસ ત્રીસ વરસ પહેલાં પેદા થયાં તે ફૂઇબા ગણાયાં તો ભલે પણ હવે હું બૈરીના સાંભળતાં આવું અપમાન સહન નહિ કરૂં ! એક તો આ અભાગીયે કયારનું મારા લોહીનું પાણી કરી નાંખ્યું ને વળી તમે

ઉપરથી ' દાઝયા પર ડામ ' દો એ ક્યાંની રીત ?" ઝવેરભાઇએ જવાબ વાળ્યો.

" કેમ આ બેન્ગાર ચોપડાં ગોટ... પીટ ભણ્યો એટલે મોટો ભણંકર થઈ ગયો ? જરા વાતમાં તારા બાપાની પણ હું ધુળ ખંખેરી નાખતી હતી તો તું આજકાલનું ટીચકું મને શીખામણ આપે ! ધુળી વહુ તું પણ કેવી છે? આ વેદીયા ઢોરને કંઈ શીખવ્યુંજ નથી કે મોટેરાં સાથે કેમ બોલવું ચાલવું ?"

" ફૈબા, હવે એ વાતને જતી કરોને ! એ તો જ્યારથી ઘરમાં પગ મુકે છે બસ ત્યારથીજ ચોપડામાં માથું ઘાલે છે તે ઉંચું કરતાજ નથી. આપણું સાંભળે તો આપણે કહીએ ને ! જરા કંઇ એમની ભલાઇની વાત કરીએ તો પણ પરીક્ષાનેજ વચ્ચે લાવે છે !" કીકાને માથે હાથ ફેરવી પંપાળતાં કીકાની માએ ખુલાસો કર્યો.

"ઓ ! અસત્યવાદી અબળા તું હવે ચુપ રહે તોજ સારૂં ! ત્હારી ખોપરીમાં જો અક્કલનું એક ટીપું પણ હોય તો વિચાર કરી જો કે હું જો કે ચોપડાંમાંજ માથું ઘાલી રાખું છું તો ખાઉં છું પીઉં છું શી રીતે ?" મી. ઝવેરભાઇએ પત્ની પ્રત્યે પડકાર કર્યો.

" અરે પણ ગેલી દાળનું શું થયું તે તો જુઓ ?" ફૈબા હાંફળાં ફાંફળાં બારણા તરફ દોડયાં, કારણ કે બકરી બધી દાળ આરોગી ગઇ હતી. ફૈબાએ ડીફણા વડે બકરી પાસેથી બદલો લેવાનો વિચાર કર્યો પણ ધુળી વહુએ તેમને રોકયાં, કારણ કે તે બકરી કોઇ સાધારણ માણસની નહિ પણ મવાલીઓના મુરબ્બી ઓલ્યા ખુદાબક્ષ ખાટકીની હતી. જેથી "બહીયાની રીસ ભીંચા" પર ઉતરી.

"ઝવેર ! તું તો આવાને આવોજ બેભાન રહ્યો !" ફૈબાએ પુનઃ ઝવેરભાઇને ખંખેરવા માંડયો.

"આટલી દાળ ન સાચવી શકયાં તો મેટરી શી રીતે પાસ કરશો ?" વહુએ વહુઆલા ઠરાવને ટેકો આપ્યો.

"બીફવાઇટ યુ બેવકુફ બૈરી ! ધણીના કાર્યમાં બોલવાનો બૈરીને શો અધિકાર ? અને ફઇબા હવે તમે પણ ચુપ રહો તોજ સારૂં,

કારણ કે તમારાં જેવાં અભણ માણસો સાથે વાગ યુધ્ધ કરતાં પાણી-પતનું યુધ્ધ વાંચું તેજ વધુ ઉત્તમ છે!

"પાણીપતનું યુધ્ધ વાંચ કે દુધપતનું યુધ્ધ વાંચ, પણ સમજ ઠેકાણે રાખ્યા વગર કંઇ વળતું નથી!"

"ભલે અમારૂં કંઇ ન વળે તેમાં તમારે શું? તમારે મને સંતાપવોજ છે કે અભ્યાસ કરવા દેવો છે? વધુ ટકટક કરશો તો બુધ્ધદેવ કે સરસ્વતીચંદ્ર પ્રમાણે ગૃહત્યાગ કરીશ."

"ભઇ! તું તારે સુખે રહે, હુંજ મારે ઘેર આજેને આજે જાઉં છું!" ફૂઇબા ગુસ્સામાંજ પોટલાં પાટલા બાંધવા લાગ્યાં.

"ફૂઇબા, એમના બોલ સામું કાં જુઓ છો! છોરૂં કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય!" વહુજીએ ફૂઇબાને શાંત કરવા કહ્યું.

"જા તું પણ ફૂઇબાની સાથેજ જાને!" મી. ઝવેરભાઇએ એક પત્થર મીસીસ ઉપર ફેંકયો.

"હું શા માટે જાઉં? તમે બાર વરસના બેઠા છો ને બીજાને બારણે જવાની મારે શું શી જરૂર?

"તારામાં પ્રથમ તો બુધ્ધિની કે આંખનીજ ખામી છે! જો કે હું વીસ વર્ષનો છું, છતાં મને બાર વરસનો કહેવે છે એ તારી બુધ્ધિની ખામી કહેવાય અને બાર વરસના બાળકને મુછ હોતી નથી એટલું એ ન દેખાયું એ આંખની ખામી કહેવાય, તો પણ ત્હારા જેટલું જો ફૂઇબા સમજતાં હોય તો ફુઆજી ચાર ડઝનની લગભગ ગયા છે છતાં એ બાવળની ગાંઠ જેવા પોતાને ઘેર બેઠા છે ને એમને આવા મોંઘવારીના જમાનામાં અહીં પરોણા તરિકે પધારવાની શી જરૂર? ખરેખર! મહેમાનગીરી કે પરોણા ચાકરી એ આ દેશમાં એક જબરો ચેપી રોગ છે!" ઝવેરભાઇએ ઝાટકયું.

"ઠીક દીકરા! ત્હારા જેવા સપુતને બારણે હવે મારો પગ નહિં આવે, તું તારે નીરાંતે એકલો મ્હાલજે!"

ફૂઇબા પટપટારો કરતાં પધારી ગયાં. ધુળી વહુ એમને ઘણે દુર સુધી મનાવવા ગઇ પણ પાછાં ન વળ્યાં.

"તમારે તે સંસારમાં રેહવું છે કે જંગલમાં જઇ બાવા ૮ છે ? માવતર જેવાં મમતાળા ફઇબા સાથે આમ વર્તાય ?"

"ઓ વિવેકીની દીકરી ! એ ફઇબાએ તો મારા બાપાને ફોસલા' અમારૂં ઘર માર્યું, બાકી ફુઆજીના ઘરમાં શું ઢેખાળા હતા ?"

"થવાનું થઇ ગયું. પણ હવે શા માટે ઘરડી ડોસીને સંતાપી ?"

"જા, જા, હવે મોટી દયાળુની દીકરી થઇને આવી છે તે ? ભલા બુરામાં કંઇ સમજે નહિ ને વચ્ચે ટકટક કરે છે !"

મી૦ ઝવેરભાઇએ જોશમાં ને જોશમાં હાથ લાંબો કર્યો જેથી હાથમાંની ચોપડી મીસીસના મસ્તકને ભેટી પડી. મીસીસે સામે ચોપડી ફેંકી, મી૦ ઝવેરભાઇએ ગુસ્સામાં બીજી ચોપડી મારી. એ: ફેંકા ફેંકીમાં પાંચ સાત ચોપડીઓ ફાટી ગઇ. કીકો પણ તેની બાની કેડમાં વીંઝાઇ વીંઝાઇને ઢીલો થઇ ગયો હતો તેને પણ ફેંકાફેંકીમાં એક ચોપડીની પ્રસાદી મળી. કીકાને વાગવાથી કીકાની બાનું ચઢી વાગ્યું

"ઓ દીકરા પાપી પિતાને પનારે કયાં પડયો રે !"

ફરીને ભેંકડો તાણ્યો, જેથી આડોશ પાડોશની અબળાએ મીસીસની મદદે ધસી આવી. ઝવેરભાઇની આસપાસ ઘાઘરા પલટણે ઘેરો ઘાલ્યો અને અમુલ્ય શબ્દોમાં મીસીસ ઝવેરભાઇના ભાષણને અનુમોદન અર્પવા માંડયું. ઝવેરભાઇને હથિયાર છોડી શરણે આવવું પડયું. મોઢે સહન થાય એટલું સહન કરીને દાળભાત ખાવાને બદલે એકલા ગમ ખાઇનેજ મી૦ ઝવેરભાઇ સ્કુલ ટાઇમ થતાં ફાટેલાં ચોપડાં લઇ મનમાં બડબડતા સરસ્વતીના મંદીરે સિધાવી ગયા ! "સ્વતંત્રતાના હક્ક મળતા પહેલાંજ આ અભણ ... ઓ આમ સત્તા ચલાવે છે ત્યારે હક મળ્યા પછી તો એ શું નહિ કરે ? કદાચ પોતે મદારી બન્યા વગર પુરૂષોને માંકડાં બનાવી વગર ડુગડુગીએ નચાવે પણ ખરી !" ખરેખર !

સ્કુલ લાઇફમાં હોયે જો વાઇફ;
આપઘાત કરવાને શોખો પેનનાઇફ !